# અપૂર્વ આરાધન

સરયુ રજની મહેતા

# અપૂર્વ આરાધન

સરયુ રજની મહેતા

પ્રકાશક :
શ્રેયસ પ્રચારક સભા વતી
શ્રી એ. એમ. મહેતા,
શારદુ મેન્શન, બીજે માળે,
૩૨, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૪૦૦૦૦૨.

પ્રાપ્તિસ્થાનઃ

એ. એમ. મહેતા એન્ડ કું.
શારદુ મેન્શન, બીજે માળે,
૩૨ પ્રીન્સેસ સ્ટ્રીટ,
મુંબઈ ૪૦૦૦૦૨.
ફોનઃ ૨૦૧૩૯૮૭

શ્રી જયંતિભાઈ ત્રિ. સંઘવી,
૫૦ બી, સ્થાનકવાસી જૈન સોસાયટી,
નારણપુરા રેલ્વે ક્રોસીંગ પાસે,
વાડજ, અમદાવાદ ૩૮૦ ૦૧૩.
ફોનઃ ૪૦૦૦૩૦ ; ૪૬૫૯૫૭.

ગીરીશ સી. ભીમાણી,
બી-૨, સિધ્ધાંત, બીજે માળે,
શ્રોફ રોડ, સરદાર બાગની સામે,
રાજકોટ-૩૬૦૦૦૧.
ફોનઃ ૪૪ ૬૮૨૧-૨૨૭૩૫૦

મુદ્રક :
વકીલ એન્ડ સન્સ લી. વતી
શ્રી અરુણ કે. મહેતા,
વકીલ્સ હાઉસ,
સ્પ્રોટ રોડ, મુંબઈ ૪૦૦૦૦૧.

પ્રત 3000 પ્રથમ આવૃત્તિ સન ૧૯૯૦
પ્રત ૨000 પુનર્મુદ્રણ સન ૧૯૯૫
પ્રત ૧000 પુનર્મુદ્રણ સન ૧૯૯૬
પ્રત ૧000 પુનર્મુદ્રણ સન ૧૯૯૭
પ્રત ૧300 પુનર્મુદ્રણ સન ૧૯૯૮
પ્રત ૨000 પુનર્મુદ્રણ સન ૧૯૯૯

શ્રેયસ પ્રચારક સભા
પુનર્મુદ્રણની પ્રસ્તાવના

સં. ૨૦૪૫ના પર્યુષણ પર્વ દરમ્યાન પ્રસિદ્ધ થયેલા "અપૂર્વ આરાધન" ગ્રંથને વાચકો તરફથી ખૂબ સુંદર આવકાર સાંપડયો છે.

સહુ આરાધકો તરફથી થતી આ ગ્રંથની માગણીને લક્ષમાં લઈને, તેનું પુનર્મુદ્રણ પ્રગટ કરતાં અમને ખૂબ જ આનંદ થાય છે. અને સહુ તરફથી આ ગ્રંથને યોગ્ય આવકાર મળતો રહેશે એવી ભાવના રાખીએ છીએ.

આ પુસ્તકનું પુનર્મુદ્રણ યોગ્યતાથી તથા સમયની મર્યાદા જાળવીને કરી આપવા બદલ અમે શ્રી વકીલ એન્ડ સન્સનો આભાર માનીએ છીએ.

સભા વતી
જે. બી. મોદી
(ચેરમેન)

૨જુ નવેંબર ૧૯૯૦
કાર્તકી પૂર્ણિમા, ૨૦૪૭

# પ્રસ્તાવના

શ્રી અરિહંત પ્રભુએ જ્ઞાન, દર્શન તથા ચારિત્રના સમ્યક્ આરાધનને મોક્ષમાર્ગ કહ્યો છે. આ પારિભાષિક શબ્દોના ગહનપણાને કારણે સામાન્ય જીવને મોક્ષમાર્ગનું આરાધન કઠણ લાગે છે ત્યારે શ્રી પ્રભુએ તો આ માર્ગને સરળ, સ્વચ્છ અને સુગમ જણાવી તેનું બહુમાન કર્યું છે. વાસ્તવિકતાએ મોક્ષમાર્ગ કેવી રીતે સરળ, સ્વચ્છ અને સુગમ છે તેની સમજણ લેવાનો પ્રયત્ન કર્યો છે.

રોજિંદા જીવનમાં સહજતાએ વણી શકાય તેવાં ત્રણ તત્ત્વો – પ્રાર્થના, ક્ષમાપના તથા મંત્રસ્મરણનો સહારો લઈ, તેનો ઉપયોગ કરી, કઈ રીતે સમ્યક્ જ્ઞાન, દર્શન તથા ચારિત્રનું આરાધન માનવથી થઈ શકે તે અહીં વિચાર્યું છે. પ્રાર્થના, ક્ષમાપના તથા મંત્રસ્મરણનાં સ્વતંત્ર પ્રકરણો રચી, તેને લગતી સઘળી વિચારણા એકત્રિત કરી તેમાં રજૂ કરી છે. અને પ્રાર્થનાથી સમ્યક્દર્શનનું, ક્ષમાપનાથી સમ્યક્જ્ઞાનનું અને મંત્રસ્મરણથી સમ્યક્ચારિત્રનું આરાધન કેવી રીતે થાય છે તેની સ્પષ્ટતા કરવા પ્રયત્ન કર્યો છે.

આશા છે કે વાચક સમૂહને આ ગ્રંથ યોગ્ય માર્ગદર્શનરૂપ થઈ, પ્રભુ પ્રતિની પ્રેમવૃદ્ધિમાં સહાયરૂપ થશે.

લિ. સંતકૃપા ઈચ્છુક
સરયુ રજની મહેતા.

મુંબઈ
પર્યુષણ - સં. ૨૦૪૫

## શ્રેયસ પ્રચારક સભા

અમને જણાવતાં આનંદ થાય છે કે જનસમૂહના પારમાર્થિક ઉત્કર્ષમાં કોઈ પ્રકારે ઉપયોગી અને સહાયભૂત થવાના હેતુથી શ્રેયસ પ્રચારક સભાની સ્થાપના તા. ૨૩-૧૨-૧૯૯૦ના દિને કરવામાં આવી છે.

આ સભા તરફથી અત્યાર સુધીમાં કેટલાંક પુસ્તકો પ્રસિદ્ધ થઈ ચૂક્યા છે. અને હવે શ્રીમતી સરયુબહેન રજનીભાઈ મહેતા લિખિત "અપૂર્વ આરાધન" વાચકોના કર-કમળમાં સોંપતાં અમને આનંદ થાય છે. આશા છે કે આ ગ્રંથ વાચકોને સ્વજીવનમાં ઉપયોગી જણાશે.

આ પુસ્તકના સુંદર છપાઈ કામમાં અનેકવિધ યોગ્ય સહકાર આપવા માટે અમે શ્રી વકીલ એન્ડ સન્સનો ખૂબ આભાર માનીએ છીએ.

સભા વતી
એ. એમ. મહેતા.

## અનુક્રમણિકા

### પ્રકરણ - ૧. પ્રાર્થના


પ્રારંભિક: ૧. મનુષ્ય જીવનની મહત્તા - ૧; મનુષ્યની વિવેક શક્તિ - ૩; પ્રાર્થના એટલે શું? - ૪; સંસારી સુખનું ક્ષણિકપણું - ૫; શાશ્વત સુખની ઝંખનામાંથી ઉદ્ભવતા વિચારો - ૬.

પ્રાર્થના કરવાથી થતા લાભો - ૭ : પ્રાર્થનાથી ત્વરાથી દુઃખમુક્તિ - ૭; પ્રાર્થનાથી અંતરાય કર્મ તૂટે - ૮; પ્રાર્થનાથી માન કષાય તૂટે તથા ક્રોધ, માયા, લોભ નબળાં પડે - ૧૦; પ્રાર્થનાથી જ્ઞાનાવરણ તૂટે - ૧૧; પ્રાર્થનાથી દર્શનાવરણ તૂટે - ૧૧; પ્રાર્થનાથી કર્માસ્રવ જાય - ૧૨; પ્રાર્થનામાં કર્માસ્રવ થાય તે શુભ હોય - ૧૨.

પ્રાર્થનાનું સ્વરૂપ - ૧૩ : પ્રાર્થના માટેનું ધ્યેય નિશ્ચિત કરવું - ૧૩; પ્રાર્થના કરવાનો હેતુ નિશ્ચિત કરવો - ૧૪; પ્રાર્થ્યદેવની ઉત્તમતા તપાસવી - ૧૫; વ્યવહારની અને પરમાર્થની પ્રાર્થના વચ્ચે રહેતો ભેદ - ૧૬; પ્રાર્થના કરતી વખતે મનનાં સંકલ્પવિકલ્પને સંકોચવા - ૧૮; એક જ આરાધ્યદેવ હોવા જરૂરી - ૧૯; પ્રાર્થનામાં કોઈનું પણ અકલ્યાણ ઇચ્છવું નહિ - ૨૧; પ્રાર્થનાની રીત - ૨૨; ઇષ્ટદેવની સ્મૃતિ લેવી - ૨૨; ઇષ્ટદેવના ગુણોની સ્તુતિ કરવી અને ઇચ્છિતની માગણી કરવી - ૨૨; પ્રાર્થનાની સફળતા વિશે અવિકલ્પ થવું - ૨૪; વીતરાગપ્રભુને પ્રાર્થવું શ્રેષ્ઠ - ૨૬.

પ્રાર્થનાના નમૂનાઓ -૨૭: સદ્‌ગુરુની પ્રાપ્તિ કરી ધર્મ આરાધન કરવા માટે - ૨૭; અંતરાયકર્મના ક્ષય માટે તથા સદ્‌ગુણોની જાળવણી માટે -૨૯; જ્ઞાનાવરણ કર્મ તોડવા માટે - ૩૨, ૩૩; દર્શનાવરણ કર્મના નાશ માટે - ૩૫; સત્સંગની પ્રાપ્તિ માટે - ૩૬, ક્ષાયિક સમકિત મેળવવા માટે - ૩૭; મનના અંકુશ માટે - ૩૯; શુદ્ધાત્માના અનુભવ માટે -૪૦; શ્રેણિ માટે -૪૩; પૂર્ણ શુદ્ધિ મેળવવાના અંતિમ પુરુષાર્થ વખતે વિઘ્ન ન આવે તે માટે -૪૫, કુટુંબ કલેશથી મુક્ત થવા માટે -૪૯; દુર્વ્યસની નિવારવા માટે -૫૩; નિરોગીપણું જાળવવા માટે -૫૫; કુટુંબની અશાંતિથી છૂટવા માટે -૫૭; સંચિત કરેલું પુણ્ય પરમાર્થે વાપરવા માટે - ૬૨; વ્યાપારી તરીકે - ૬૪; ડોક્ટર તરીકે- ૬૪, દવાના ઉત્પાદક અને વિક્રેતા તરીકે - ૬૫; ઇજનેર તરીકે - ૬૬; વકીલ કે ન્યાયાલયના સંબંધિત તરીકે - ૬૭; શિક્ષક તરીકે - ૬૭; ખેડૂત તરીકે - ૬૮; ગૃહિણી તરીકે - ૬૯; ઉત્પાદક તરીકે - ૭૦; નિવૃત્તિ કષ્ટરૂપ નીવડે નહિ તે માટે -૭૨; ભાવિના દુઃખપ્રસંગો ટાળવાર્થે - ૭૩; ભયસંજ્ઞા નિવારવા અર્થે - ૭૫; મનની નબળાઈથી મુક્ત થવા - ૭૭; અન્ય કષ્ટમુક્ત થાય તે માટે - ૭૮.

## પ્રકરણ ૨. ક્ષમાપના

પ્રારંભિક - ૮૧; ઝડપી કર્મનિર્જરા - ૮૧; તે માટે પશ્ચાત્તાપ ઉપકારી - ૮૨, નવીન બંધની અલ્પતા - ૮૩.

ક્ષમાપના કરવાથી થતા લાભ: ૮૩: લાંબા કાળ પછી ઉદિત થવાવાળું કર્મ વર્તમાનમાં ભોગવી શકાય - ૮૩; કર્મનું સ્વરૂપ રૂપાંતરિત થઈ શકે - ૮૩; કર્મનું વ્યાજ અટકતું અટકે છે - ૮૪; ઉદિત કર્મ સાથે સત્તાગત કર્મ ક્ષીણ કરી શકાય છે - ૮૪; નવા કર્મબંધની અલ્પતા - ૮૪; સ્વદોષદર્શન શક્ય - ૮૪; બીજા પર આળ ચડાવતો

અટકે છે - ૮૪; ક્ષમાપના મોક્ષમાર્ગનું જરૂરી અંગ - ૮૫; પ્રતિક્રમણનું બીજું રૂપ તે ક્ષમાપના - ૮૬; 'મોક્ષમાળા'માં લેવાયેલી ક્ષમાપના નમૂનારૂપ - ૮૮, 'મોક્ષમાળા'નો છપ્પનમો પાઠ - ૯૦.

ક્ષમાપનામાં આત્માનાં છ પદનો સમાવેશ - ૯૧; પહેલું પદ: આત્મા છે - ૯૨; બીજું પદ: આત્મા નિત્ય છે - ૯૨; ત્રીજું પદ: આત્મા કર્તા છે - ૯૩; ચોથું પદ: આત્મા ભોક્તા છે - ૯૩; પાંચમું પદ: મોક્ષ છે - ૯૪; છઠ્ઠું પદ: મોક્ષનો ઉપાય છે : ૯૫.

ક્ષમાપનામાં નવ તત્ત્વનો સમાવેશ - ૧૨૪: જીવ તથા અજીવ તત્ત્વ - ૧૨૫; પાપ તથા પુણ્ય તત્ત્વ - ૧૨૬; આસ્રવ તથા સંવર તત્ત્વ - ૧૨૭; નિર્જરા તત્ત્વ - ૧૨૮; બંધ તત્ત્વ - ૧૨૯; મોક્ષ - ૧૩૦.

ક્ષમાપનામાં ચૌદ ગુણસ્થાનનો સમાવેશ - ૧૩૨: પહેલું મિથ્યાત્વ ગુણસ્થાન - ૧૩૨; બીજું સાસ્વાદન ગુણસ્થાન - ૧૩૨; ત્રીજું મિશ્ર ગુણસ્થાન - ૧૩૩; ચોથું અવિરતિ સમ્યક્દૃષ્ટિ ગુણસ્થાન - ૧૩૪; પાંચમું દેશવિરતિ સમ્યક્દૃષ્ટિ ગુણસ્થાન - ૧૩૮; છઠ્ઠું સર્વવિરતિ સમ્યક્દૃષ્ટિ ગુણસ્થાન - ૧૪૦; સાતમું અપ્રમત્ત ગુણસ્થાન - ૧૪૩; આઠમું નિવૃત્તિબાદર ગુણસ્થાન - ૧૪૬; નવમું અનિવૃત્તિબાદર ગુણસ્થાન - ૧૪૭; દશમું સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાન - ૧૪૮; અગ્યારમું ઉપશાંતમોહ ગુણસ્થાન - ૧૪૯; બારમું ક્ષીણમોહ ગુણસ્થાન - ૧૫૦; તેરમું સયોગી કેવળી ગુણસ્થાન - ૧૫૧; ચૌદમું અયોગી કેવળી ગુણસ્થાન - ૧૫૧; ક્ષમાપનામાં આ ગુણસ્થાનની આવલિકા - ૧૫૨.

ક્ષમાપનામાં છ આવશ્યકનો સમાવેશ - ૧૫૮; પ્રતિક્રમણ - ૧૫૮; સામાયિક - ૧૫૯; વંદન - ૧૫૯; લોગસ્સ - ૧૬૦; કાયોત્સર્ગ - ૧૬૧; ચૌવિહાર - ૧૬૨; ક્ષમાપના કરવાની પ્રાર્થના - ૧૬૩.

## પ્રકરણ : ૩. મંત્રસ્મરણ

પ્રારંભિક -૧૬૬; વારંવાર થતી ભૂલને લીધે આત્મશુદ્ધિ વધતી નથી - ૧૬૭; આત્મશુદ્ધિ માટે સદ્ગુરુના શરણની આવશ્યકતા - ૧૬૭; પ્રાર્થના દ્વારા સંવર - ૧૬૮, ક્ષમાપના દ્વારા સકામ નિર્જરા - ૧૬૯; મંત્રસ્મરણ એટલે શું ? - ૧૭૦; મંત્રમાં આત્માના ગુણનો સમાવેશ - ૧૭૧.

મંત્ર કરવાથી થતા લાભ - ૧૭૨. મંત્રસ્મરણથી વિચારની હારમાળા રોકી શકાય છે - ૧૭૨; આત્મજાગૃતતા આવે છે - ૧૭૩; આત્મજાગૃતતામાં અસંખ્યગણો કર્મક્ષય - ૧૭૩; મંત્રસ્મરણથી કર્મનો સંવર થાય છે - ૧૭૩; સહજાનંદ પ્રગટે છે - ૧૭૪; શાંત પરિણામ થાય છે - ૧૭૫; આત્મવિકાસ સહજ અને સુલભ થાય છે - ૧૭૬.

મંત્રદાન તથા મંત્રગ્રહણ કરવા માટેની પાત્રતા - ૧૭૭; સદ્ગુરુની અગત્ય - ૧૮૦; સદ્ગુરુના ગુણો - ૧૮૧; મંત્રોનું વૈવિધ્ય તથા સંકુળપણું - ૧૮૨; કૃપાળુદેવને સિદ્ધ થયેલો મંત્ર - ૧૮૩; મંત્રસિદ્ધિનું મહાત્મ્ય - ૧૮૬; જુદા જુદા આરાધકને જુદી જુદી મંત્રસિદ્ધિ - ૧૮૮; સદ્ગુરુની પ્રાપ્તિ વિના મંત્ર કેમ મળે ? - ૧૮૯.

નમસ્કાર મહામંત્ર - ૧૯૦; પહેલું અરિહંત પદ - ૧૯૨, બીજું સિદ્ધપદ - ૨૦૨; ત્રીજું આચાર્યપદ - ૨૦૪; ચોથું ઉપાધ્યાયપદ - ૨૦૬; પાંચમું સાધુસાધ્વી પદ - ૨૦૯; ફૂલશ્રુતિ - ૨૧૧; મંત્ર વિધિ - ૨૧૩.

## પ્રકરણ-૪. જ્ઞાન, દર્શન, ચારિત્રનો ત્રિવેણીસંગમ

પ્રારંભિક - ૨૧૬; પ્રાર્થના અને સમ્યક્દર્શન - ૨૧૮, ક્ષમાપના અને સમ્યક્જ્ઞાન - ૨૧૮; મંત્રસ્મરણ અને સમ્યક્ચારિત્ર - ૨૧૯.

પરિશિષ્ટ ૧: સમ્યક્જ્ઞાન તથા સમ્યક્દર્શનમાં પ્રથમ સ્થાન કોનું ?

# ૧

## પ્રાર્થના

નાનામાં નાનાં જંતુથી માંડીને મહોન્મત્ત હાથી સુધીનાં સર્વ તિર્યંચો, માનવીઓ, દેવદાનવો, એ બધાંની સ્વાભાવિક ઇચ્છા સુખ અને આનંદ મેળવવાની જોવામાં આવે છે. એથી તેઓ બધાં સુખ મેળવવા માટે સતત પ્રયત્નશીલ દેખાય છે. પરંતુ વિવેકબુદ્ધિના ઉદય વિના, તથા યથાર્થ માર્ગદર્શન વિના તેમની બુદ્ધિ ભ્રમિત થઈ ક્ષણિક સુખની માયાજાળમાં ફસાયેલી રહે છે. પરિણામે ચતુર્ગતિના પરિભ્રમણનું ચક્ર સતત ચાલ્યા કરે છે.

તિર્યંચ, મનુષ્ય, દેવ અને નરક એ ચાર ગતિઓમાં પરિભ્રમણ કરતાં કરતાં અમુક વિશિષ્ટ પ્રકારની કર્મસ્થિતિ સર્જાય છે ત્યારે જ જીવને મનુષ્ય ગતિ મળી શકે છે. આયુષ્ય કાળમાં જે વખતે બીજા ભવના આયુષ્યનો બંધ જીવને પડે છે તે સમયે જીવનાં ખાતામાં રહેલાં પાપકર્મ અને પુણ્યકર્મનાં પલ્લાં લગભગ સમાન હોય તો જ તે જીવને મનુષ્ય ગતિનો ઉદય તે પછીનાં જીવનમાં પ્રાપ્ત થાય છે. નવા આયુષ્યનો બંધ પડે તે વખતે જો પાપકર્મનું પલ્લુ નમતું રહે તો જીવને તિર્યંચ કે નરક ગતિનો ઉદય આવે છે; અને જો પુણ્યકર્મનું પલ્લુ નમતું રહે તો તેને દેવગતિનો ઉદય મળે છે. વળી, આયુષ્યના બંધ સમયનું જ્ઞાન

જીવને શરીર ન હોવાને લીધે પાપપુણ્યના પલ્લાને સમાન કરવા અત્યંત કઠણ થઈ જાય છે. જો જીવની શુભ પરિણતિ વિશેષતાએ ચાલે તો પુણ્યનું પલ્લુ નમી જાય, અને જો અશુભ પરિણતિ વિશેષતાએ ચાલે તો પાપનું પલ્લુ નમી જાય. પરિણામે મનુષ્ય ગતિ આવે નહિ. આ તરફનો વિચાર કરતાં સમજી શકાય છે કે જીવને મનુષ્ય ગતિ મળવી ઘણી દુર્લભ છે.

દુર્લભતાએ મળેલા મનુષ્ય જીવનમાં આત્મકલ્યાણ કરવા માટે અનેક અંતરાયો વર્તે છે. જીવ ગર્ભમાંથી જ હણાયો હોય, જન્મતાં કે બાળવયમાં જ આયુષ્ય પૂરું થયું હોય, પાંચ ઈન્દ્રિયમાંથી એકાદ ઈન્દ્રિયની પૂરી ખોટ હોય, સંજ્ઞા પૂરી ખીલેલી ન હોય, વગેરે આત્મકલ્યાણ કરવામાં નડતરરૂપ થતાં બાહ્ય વિઘ્નો છે. સાથે સાથે જીવન જીવવાની સુવિધા ન હોય, પ્રતિકૂળ ક્ષેત્ર હોય વગેરે પણ ઉપર જણાવ્યા વિઘ્નોને સહકાર આપે છે. ત્યારે કલ્યાણ કરવાની રુચિ જ ન હોય, સવિવેક આત્મકલ્યાણનો માર્ગ નક્કી ન કરી શકે, સમજણ ઘટતા પ્રમાણમાં વધારી ન શકે વગેરે આત્મકલ્યાણ કરવામાં વિઘ્નરૂપ થતાં આંતર તત્ત્વો ગણી શકાય. આવી આવી અસુવિધાઓ સાથેના મનુષ્ય જન્મ સ્વકલ્યાણ કરવા માટે બળવાન સાધરૂપ થઈ શકતા નથી. તેમ છતાં મનુષ્ય જન્મ જ કલ્યાણ કરવા માટે ખૂબ ઉપકારી છે. ચારે ગતિઓમાં મનુષ્ય ગતિ એ જ ગતિ એવી છે કે જેમાં સૌથી વિશેષ વીર્ય ખીલી શકે છે. અને ખીલેલી શક્તિનો ઉપયોગ કરી તે જીવ કર્મના ઉદયની સામે પડીને કર્મોનો ક્ષય પોતાની ઈચ્છા અનુસાર કરી શકે છે. સર્વ પ્રકારના સર્વ કર્મોનો સંપૂર્ણ ક્ષય કરવો હોય તો તે સુલભ્ય માત્ર એક મનુષ્ય ગતિમાં જ

મેળવી શકે છે. અન્ય ત્રણ ગતિઓમાં આ શ્રેષ્ઠ ફળ મેળવવું જીવના માટે શક્ય નથી. તે અવસ્થામાં - તે ગતિઓમાં જીવ કર્મને વશ વર્તી કર્મથી અમુક જ પ્રમાણમાં નિવૃત્ત થઈ શકે છે. સંપૂર્ણતયા કર્મક્ષય એક માત્ર મનુષ્ય ગતિમાં જ સંભવિત છે, એ હકીકત મનુષ્ય જન્મની અનિવાર્યતા સાબિત કરવા પૂરતી ગણી શકાય.

મનુષ્ય પોતે પોતાને કલ્યાણરૂપ તથા અકલ્યાણરૂપ તત્ત્વની સમજ લઈ, પોતાને મળેલી શક્તિને ખીલવી કલ્યાણરૂપ તત્ત્વને સ્વેચ્છાએ સ્વીકારી શકે છે, અકલ્યાણરૂપ તત્ત્વને સ્વ ઈચ્છાથી ત્યાગી શકે છે અને એ દ્વારા પોતાની પવિત્રતાને પામી શકે છે. જે મનુષ્ય હેય, ઉપાદેયના આ વિવેકને વેગળો કરી જીવન વીતાવે છે તેનો મનુષ્ય જન્મ નિષ્ફળ ગણાય છે. અને કલ્યાણ કરવા માટે ફરીથી મનુષ્ય જન્મ પ્રાપ્ત થાય ત્યાં સુધી થોભવું પડે છે. આ પરથી સમજી શકાય છે કે પાંચે ઈન્દ્રિયની પુરી ખીલવણી તથા અન્ય સુવિધાઓ સાથે મળેલા મનુષ્ય જન્મનો સદુપયોગ કરવો કેટલો આવશ્યક છે. પરંતુ દુર્ભાગ્યની વાત તો એ છે કે મોટા ભાગના મનુષ્યોને, મળેલી શક્તિનો, મળેલા અમૂલ્ય મનુષ્ય જન્મનો સદુપયોગ કરી લેવો ઘટે એવી સમજણ હોતી નથી, અથવા એવી આવડત હોતી નથી. તેથી મનુષ્યોનો મોટો હિસ્સો ઉદિત કર્મોને વશ વર્તી, સ્વચ્છંદે નિર્ણયો કરી, હેય ઉપાદેયની યોગ્ય સમજણને વેગળી રાખી વર્તતો હોય છે. પરિણામે પૂર્વની ભૂલોનો ભોગવટો કરતાં કરતાં અયોગ્ય ભાવો તથા આચરણ કરી, નવાં કર્મોની વણઝાર બાંધી ભવિષ્યની માઠી ગતિ અને દુઃખની પરંપરાને આમંત્રી બેસે છે. આમ અમૂલ્ય જન્મને વેડફી નાખી, જે દેહમાં વસીને સંસારક્ષયનું

પ્રાર્થના

ઉત્તમ ફળ મેળવી શકાય, તે જ દેહમાં રહ્યા રહ્યા સંસારવૃદ્ધિનું અનિચ્છનીય ફળ મેળવે છે. આ પ્રકારની દુઃખદ સ્થિતિમાં, દુઃખ દૂર કરવાની ભાવના કંઈક જીવોને ઉત્પન્ન થાય છે. તે જીવો પોતાની ભાવના સાકાર કરવા પોતપોતાની મતિ અનુસાર મથી રહે છે. તેમાંના કોઈક વિરલા જીવને જ આ દુઃખદ સ્થિતિમાંથી બહાર નીકળવાનો મહામાર્ગ અર્થાત્ પરમાર્થ મૌક્તિક લાધે છે.

અનંત પ્રકારનાં દુઃખથી ભરેલા આ સંસારથી મુક્ત થવાના ભાવ જ્યારે જીવને જાગૃત થાય છે ત્યારે તેની દૃષ્ટિ, સુખી કોણ છે તથા તે સુખ કેવી રીતે મળે તે જાણવા તરફ વળે છે. પોતાની દૃષ્ટિએ જે જીવ સુખી જણાય તેનો અનુનય કરી, તેની પાસેથી સુખની ચાવી મેળવી લેવા તે ઉત્સુક થાય છે. પોતાને જે જોઈએ છે તે આપનાર જે છે, તેના સમક્ષ તે લેવા માટે યાચના કરવામાં "પ્રાર્થના" સમાય છે. સાદા શબ્દોમાં કહીએ તો 'પ્રાર્થના' એટલે 'પોતાને જે જોઈએ છે તે મેળવવા માટે તેના ધારક સમક્ષ તેનું દાન કરવા વિનંતિ કરવી.'

સામાન્યપણે જીવને બાહ્યદૃષ્ટિ પ્રવર્તે છે, તેથી જીવ બાહ્યસમૃદ્ધિમાં સુખ સમાયેલું છે તેવી માન્યતામાં રાચે છે. તેથી જે જીવ નિર્ધન હોય તે ધનપ્રાપ્તિમાં સુખ માને છે, સત્તા ન હોય તેવો જીવ સત્તાપ્રાપ્તિ માટે તડપે છે, કુટુંબ ન હોય અથવા તો એકાકી હોય તે કુટુંબ વૃદ્ધિમાં પોતાનાં સુખની સીમા ગણે છે વગેરે. તેથી જીવ જેની પ્રાપ્તિ કરવા માગતો હોય, તેની પ્રાપ્તિ અર્થે તેના ધારકની સેવા કરી, તેની પ્રાપ્તિ કરી સુખી થવાની કલ્પનામાં પોતાનું જીવન વ્યતીત કરતો હોય છે. આ જાતની સાંસારિક પ્રાર્થના કરતા રહેવાનો મહાવરો જીવને સંસારના પરિભ્રમણ દરમ્યાન સતત મળતો રહે છે.

બાળક, બાલપણમાં માતાપિતાને આધીન વર્તી, તેની જરૂરિયાત સંતોષતું રહે છે, અભ્યાસકાળ દરમ્યાન શિક્ષક આદિને વશ રહી ઇચ્છિત પ્રાપ્ત થાય તે માટે મથતું રહે છે, યુવાનીમાં વ્યવહારિક ડાહ્યાઓના માર્ગદર્શન નીચે જીવ પોતાનું ઘડતર કરતો રહે છે, ત્યારે વૃદ્ધાવસ્થામાં પોતાની જરૂરિયાતની પૂર્તિ અર્થે તે સંતાનોને વશ રહેતાં શીખી જાય છે. આ પ્રકારની પરાધીન હાલત અન્ય ગતિઓમાં પણ જોવા મળે છે. આ રીતે, જીવે જેમાં સુખ માન્યું છે, તે સુખ મેળવવા માટે તે જીવ કોઈ તથા કોઈને વશ જીવનભર વર્ત્યા કરે છે, અર્થાત્ મનમાન્યા સુખના દાતારની પ્રાર્થના કરતો રહે છે. કેટલાક વખત જીવ મનુષ્યને થતી પ્રાર્થનાથી અસફળપણું અનુભવીને, જેમના બાહ્ય સામર્થ્યની સમજણ આવી છે એવા દેવદેવીઓની પ્રાર્થના તથા સેવા કરી, તેમની પાસેથી સહાય અને સમૃદ્ધિ મેળવવાની ભાવના કરતાં દેખાય છે. પરંતુ આ બધી સાંસારિક પ્રાર્થનાઓમાં એક જાતનું ક્ષણિકપણું રહેલું છે. આ પ્રાર્થના દ્વારા કેટલીક વાર ઇચ્છિતની પ્રાપ્તિ થતી નથી, કેટલીક વાર તે પ્રાપ્ત થાય છે પણ ટકતું નથી, તો ક્યારેક ઇચ્છાનુસાર મળ્યા પછી, અને ટકે છતાં તેમાંથી સુખની અનુભૂતિ જાગતી નથી. આમ જીવને વારંવાર અનિત્યતા અને ક્ષણિકતાના અનુભવમાંથી પસાર થવું પડે છે. આવા પ્રકારની સ્થિતિ લાંબા ગાળા સુધી ચાલુ રહે ત્યારે કોઈક વિરલા જીવને, ટકે એવું સુખ કેવી રીતે મળે, સંસારના અનંત પ્રકારનાં દુઃખમાંથી કેવી રીતે છૂટાય, છૂટવા માટે કયો માર્ગ સહાયકારી થાય, એ પ્રકારની ભાવના મનુષ્યના હૃદયમાં મંથન કરતી જાય છે. પારમાર્થિક પ્રગતિ માટે આ આરંભની અવસ્થા છે. કેટલાક વખત, કોઈ સત્પુરુષનાં અનુભવવચનો જીવને સપ્રમાણ

પ્રાર્થના

જણાતાં દુઃખાર્ત અને શોકાર્ત સંસારથી છૂટવાના ભાવો માનવ મનમાં સ્પષ્ટ થાય છે. આમ દુઃખરંગ અથવા સત્સંગને કારણે જીવને વૈરાગ્ય અથવા સંસારથી છૂટવાના ભાવો જાગૃત થાય છે. વૈરાગ્યની ઉત્પત્તિનાં કારણો જણાવતાં શ્રીમદ્ રાજચંદ્રે "લોકપુરુષ" કાવ્યમાં લખ્યું છે કે :-

> ગુરુ ઓળખવા ઘટ વૈરાગ્ય, તે ઉપજવા પૂર્વિત ભાગ્ય,
> તેમ નહિ તો કંઈ સત્સંગ, તેમ નહિ તો કંઈ દુઃખરંગ.

સંસારનાં સર્વ પ્રકારનાં દુઃખથી છૂટી શાશ્વત સુખ મેળવવાની સાચી ભાવના જેમ જેમ જીવમાં જાગતી જાય છે, તેમ તેમ નીચે જણાવેલા વિચારો તેના અંતરંગમાં આકાર ધારણ કરતા જાય છે.

૧. આ સંસાર દુઃખથી ભરેલો છે. તેમાં જણાતું સુખ પણ દુઃખથી ગ્રસાયેલું છે.
૨. આવા દુઃખોથી પર એવી સુખમય સ્થિતિ સંભવિત છે.
૩. સુખદુઃખનો અનુભવ કરનાર, દેહથી ભિન્ન આત્મા છે.
૪. ક્ષણિક સુખદુઃખથી પર રહી, અનંત સુખને માણનાર આત્માઓ છે.
૫. સર્વ દુઃખથી છોડાવી, પરમ સુખમાં લઈ જનાર માર્ગ હોવો જોઈએ.
૬. સુખના તે માર્ગનું આરાધન કરી, જીવોને સન્માર્ગ બોધી, તે સુખ પ્રાપ્ત કરવામાં માર્ગદર્શક બની શકે તેવા સમર્થ જીવો આ સંસારમાં પ્રવર્તતા હોવા જોઈએ.
૭. સ્વપર ઉપકારક આવા સમર્થ આત્માના સાનિધ્યની મને આવશ્યકતા છે.
૮. આવા સમર્થ આત્માના સાનિધ્યમાં રહીને, તે સન્માર્ગનું જાણપણું કેળવીને, સ્વકલ્યાણાર્થે એ માર્ગનું આરાધન મારે કરવું છે.

સંસારથી છૂટવાના ભાવ જ્યારે જીવમાં ઉદ્ભવે છે, ત્યારે આ વિચારોના અંશો તેનામાં પ્રગટ થાય છે. તેના સ્વીકાર વિના સંસારથી છૂટવાના ભાવ સ્પષ્ટ થતાં નથી. એમ બની શકે ખરું કે પોતે એનો સ્વીકાર કરે છે તેવું સ્પષ્ટ ભાન તેને ન હોય. જેમ જેમ સંસારથી છૂટવાની ભાવના જીવમાં સ્પષ્ટ તથા બળવાન થતી જાય છે તેમ તેમ આ વિચારો પ્રગટપણું ધારણ કરે છે, અને તેનું યથાર્થપણું જીવને ખુલાસાથી સમજાતું જાય છે. વળી આ સંસારમાં જે પ્રવૃત્તિ તેણે ભવોભવ દરમ્યાન કરી છે – જે વસ્તુ મેળવવાની ઇચ્છા હોય તે જેની પાસે હોય તેની સેવના કરી તેનું દાન લેવાની યાચના કરવી – તે અભ્યાસ આ વળાંકકાળે તેને ઉપયોગી થાય છે. પોતાને જે જાતનું સુખ મેળવવું છે તે આત્મસુખ જેમની પાસે છે તેની સેવના કરી, તે મેળવવાની રીત તેને સહેલાઈથી આવડી શકે છે. આ ભક્તિમાર્ગ છે.

પ્રાર્થના કરવાથી થતા લાભો.

સંસારથી પર થવાના ભાવો જ્યારે જીવના મનમાં ઘૂંટાય છે ત્યારે તેના મનમાં શ્રદ્ધા હોય છે કે આ પ્રકારે છૂટેલા આત્માઓ છે ખરા. જે માર્ગનું આરાધન કરી તેઓ છૂટ્યા છે, તેની જાણકારી પોતાને મળે તો પોતાનું કાર્ય ઘણું સહેલું થઈ જાય અને સફળતા સહેલાઈથી આવે. માર્ગની જાણકારી તથા માર્ગદર્શકની ખોટ પૂરવામાં પ્રાર્થના ખૂબ મદદરૂપ થાય છે. સંસારમાં પરિભ્રમણ દરમ્યાન દુઃખથી નિવૃત્ત થવાના પોતાના અનેક પ્રયત્નો હોવા છતાં, અનંતકાળ વ્યતીત થયે પણ દુઃખનિવૃત્તિ થઈ નથી તે જ દુઃખમુક્તિનો માર્ગ મેળવવા માટેનું દુર્ઘટપણું પુરવાર કરે છે. કેટલાયે વખત

પ્રાર્થના

સ્વચ્છંદે માર્ગપ્રાપ્તિ કરવા જતાં વિઘ્નોની માત્રા અમણાપણાને કારણે વધી જવાના પ્રસંગો પણ બનતા રહે છે. આને બદલે જીવ જ્યારે સત્પુરુષના આશ્રયે રહી દુઃખથી નિવૃત્તિ માગે છે ત્યારે તેના પ્રયત્નના પ્રમાણમાં બે, ચાર કે છ ભવમાં દુઃખથી પૂર્ણ નિવૃત્તિ પામી શકે છે. આ હકીકત પ્રાર્થનાના બળને તથા તેનાથી થતા લાભને પ્રત્યક્ષ કરી બતાવે છે. શ્રી પ્રભુની સહાય વિના, નિજ છંદે ચાલી, કાર્ય સફળ કરવા જીવ મથ્યા કરે તો અનેક લબ્ધિ સિદ્ધિ કે સમૃદ્ધિરૂપ લાલચો વિઘ્નરૂપ બની, જીવને આર્ત તથા રૌદ્રધ્યાનમાં ગૂંચવી મારી અનંતકાળ સુધી મુક્તિથી વિમુખ રાખી શકે છે. આ કારણે ભવાટવી પાર કરવા માટે સત્પુરુષરૂપ ભોમિયાની અને મોક્ષમાર્ગરૂપ કેડીની પ્રાપ્તિ આવશ્યક છે. ભોમિયાના સાથથી ગમે તેવી ભયંકર અટવી ભૂલા પડ્યા વિના સહેલાઈથી પાર કરી શકાય છે, તે પ્રમાણે સત્પુરુષના સાથથી અને કૃપાથી અતિ ભયાનક ભવાટવી સહેલાઈથી પાર કરી શકાય છે. શ્રી સત્પુરુષના હૃદયમાં "સહુનું કલ્યાણ થાઓ" એ ભાવ મૂર્તરૂપે વસતા હોવાથી જે કોઈ તેમની સહાય માગે તેને તેઓ સાથ આપે છે. આમ છતાં 'અપાત્રે દાન'ના દોષથી બચવા તેઓ વણમાગ્યો સાથ આપતા નથી. ઉત્તમ આત્માઓના છૂટવા માટે હૃદયથી સાથ માગવો એ સાચી પ્રાર્થના છે અને 'મુક્તિ' એ પ્રાર્થનાનું ફળ છે.

આ સંસારમાં સમર્થની પ્રાર્થના કરતા રહેવાનો અભ્યાસ જીવને વારંવાર કરતા રહેવું પડે છે. પ્રજા રાજાની સેવા તથા પ્રાર્થના કરે છે, સેવક શેઠની સેવા અને પ્રાર્થના કરતો રહે છે, નબળો સબળાની સેવા તેમજ પ્રાર્થના કરવામાં પોતાનું સફળપણું માને છે. આમ સેવ્ય સેવકના પાઠ ભજવાયા જ કરે છે. બધા જ જીવોને સેવ્ય કરતાં સેવક થવાના પ્રસંગો વધારે આવ્યા હોય છે –

પરિભ્રમણ કાળ દરમ્યાન. આ હકીકતના આધારે સમજી શકાય કે જીવે અનાદિકાળથી જે રીતિનો અભ્યાસ કર્યો છે તેનો અવળો ઉપયોગ તેણે કરવાનો છે. બીજી રીતે સફળતા મેળવવા કરતાં ભક્તિમાર્ગે (પ્રાર્થનાના આશ્રયે) ભવકટિ કરવાનું આથી સહેલું બને છે.

શ્રી સર્વજ્ઞપ્રભુને, શ્રી સત્પુરુષને કે જ્ઞાનીપુરુષને પ્રાર્થતાં જીવ તે આત્માનું પોતા કરતાં ઉત્તમપણું માન્ય કરે છે, સાથે સાથે તેમનું શરણ પણ માન્ય કરે છે, એ સદ્કાર્યની સફળતા પૂરતું અને કાર્ય પૂરતું શરણ સ્વીકાર્ય બને છે. આ શરણાને લીધે, પૂર્વકાળમાં આવા ઉત્તમ આત્માઓ માટે જે કંઈ દોષદૃષ્ટિ જીવથી સેવાઈ હોય, અંતરાય બંધાઈ હોય, તે તોડવાનો ઉત્તમ અવકાશ મળે છે. વ્યવહારમાં જો કોઈનો અપરાધ થયો હોય તો તેનું ચૂકવણું તેમના તરફથી દુઃખ ભોગવીને થતું હોય છે, તેવે વખતે જો એ જીવ સમક્ષ પશ્ચાત્તાપ પૂર્વક પ્રાર્થના કરી ક્ષમા માગવામાં આવે છે તો ઘણીવાર માફી પામી, દુઃખના ભોગવટાથી બચી જવાય છે. આ જ પ્રમાણે, અણસમજમાં, અજ્ઞાનવશ, ઉત્તમ આત્માઓની અશાતના કરી જીવ ભગવાન અંતરાય બાંધી બેઠો હોય છે, વળી તે અશાતનાના ફળ રૂપે તે જીવ સન્માર્ગ અને શાશ્વત સુખથી વંચિત બની સંસારમાં પરિભ્રમણ કર્યા કરે છે, તેવે પ્રસંગે તે જીવ ઉત્તમ આત્માના શરણે આવી, પોતાના પૂર્વકર્મોની ક્ષમા મેળવવા જ્યારે તેમને પ્રાર્થે છે ત્યારે તેમના સહજ ઉત્તમ શુભ ભાવોના પ્રભાવથી જીવે બાંધેલી અંતરાયો ઓગળી જાય છે. પરિણામે તે જીવને બાકીના ઘાતીકર્મોનો નાશ કરવાની પ્રેરણા તથા શક્તિ સહજપણે પ્રાપ્ત થાય છે. પૂર્વે બાંધેલી સર્વ અંતરાયો તોડવા માટે, સદ્દેવને યથાર્થ પ્રાર્થના કરવા સિવાય બીજો કોઈ સહેલો, સરળ અને ટૂંકો માર્ગ નથી. જેટલા પ્રમાણમાં અંતરાય કર્મ ક્ષય થાય,

તેટલા પ્રમાણમાં અન્ય ઘાતીકર્મોનો ક્ષય કરવાની સમજણ તથા શક્તિ જીવને મળતાં જાય છે.

આ પ્રસંગે કોઈને વિચાર આવે કે સદ્ગુરુ મળ્યા પછી તેમના જ સહારે કર્મકૃતિ કરીએ તો? સર્વજ્ઞ પ્રભુને પ્રાર્થવાની શી જરૂર? જરા ઊંડાણમાં ઉતરતાં સમજાય છે કે સદ્ગુરુ આપણને સાથ તો જ આપી શકે, જો કેવળીપ્રભુ - સર્વજ્ઞપ્રભુ એમને એ પ્રકારે પ્રેરણા કરે; કારણ કે સદ્ગુરુનાં મન, વચન અને કાયાની સોંપણી તો શ્રી સર્વજ્ઞપ્રભુને થઈ હોય છે. શ્રી સર્વજ્ઞપ્રભુ છે પરમાર્થ માર્ગના પ્રણેતા; તે માર્ગના પ્રચારક અને પ્રસારક છે શ્રી સદ્ગુરુ. જે મહામાર્ગ શ્રી પ્રભુએ તેમના શિષ્યો સમક્ષ પ્રગટ કર્યો છે તે મહામાર્ગને તે શિષ્યો સદ્ગુરુ સ્વરૂપે લોકો સમક્ષ પ્રકાશે છે. શ્રી સદ્ગુરુ તેમના પ્રત્યક્ષપણાને લીધે લોકોને ઉપકારનું બળવાન નિમિત્ત છે, અને તેમના પ્રેરણાદાતા છે શ્રી સર્વજ્ઞદેવ. શ્રી સર્વજ્ઞદેવ તરફથી આવતો કલ્યાણસ્રોત અટકી જાય તો શ્રી સદ્ગુરુ નિષ્ક્રિય થઈ જાય. આમ સદ્ગુરુનો સાથ એ કેવળીપ્રભુનો જ સાથ કહી શકાય. વળી શ્રી સદ્ગુરુ ભાવિમાં કેવળીસ્વરૂપ પ્રાપ્ત કરવાના જ છે; તેથી ભાવિનયગમનયથી કહી શકીએ કે શ્રી સદ્ગુરુની સ્તુતિ તે શ્રી કેવળીપ્રભુની જ સ્તુતિ છે.

શાશ્વત સુખની પ્રાપ્તિ અર્થે જ્યારે જીવ શ્રી પ્રભુને પ્રાર્થે છે ત્યારે તે પોતાની અપૂર્ણતા અને પ્રભુની પૂર્ણતાનો હૃદયથી સ્વીકાર કરે છે. પોતા કરતાં વિશેષ સામર્થ્યવાળા શ્રી પ્રભુ પ્રતિ લક્ષ કેંદ્રિત થતાં જીવનો માનકષાય હણાય છે. શ્રી પ્રભુનાં અગણિત ગુણોનો વિચાર થતાં તેનામાં નમ્રતા તથા વિનયગુણનો વિકાસ થાય છે. તેનો લાભ લઈ જીવ અતિ બળવાન ગણાતાં મોહનીય કર્મને હણવા શક્તિમાન થાય છે. વળી, વિનમ્રતા તથા

વિનયથી થતા લાભોની જાણકારી માર્ગદર્શકના આકારે આવતાં, જીવનાં નમ્રતા અને વિનયની અભિવ્યક્તિ અમુક જ વ્યક્તિ પૂરતી મર્યાદિત ન રહેતાં, અન્ય અનેક વ્યક્તિઓ સુધી વિસ્તરે છે. જેના પરિણામે ક્રોધ, માયા અને લોભ કષાય સંકોચાય છે. આમ વારંવાર ઉત્તમ ભાવનાથી પ્રાર્થના કરતા રહેવાથી મહાબળવાન મોહનીય કર્મને નબળું પાડવાનું અને ક્ષય કરવાનું ઉત્તમ કાર્ય જીવ સહેલાઈથી કરી શકે છે. જે અન્ય ઘાતી કર્મો હણવા કરવામાં મદદરૂપ થાય છે.

જીવે બાંધેલાં અંતરાય તથા મોહનીય કર્મ નબળાં થવાથી, તેનાં જ્ઞાનાવરણ તથા દર્શનાવરણ કર્મનાં પાયા ઢીલા પડી જાય છે. જીવની મોહબુદ્ધિ ઘટતાં તેની પરપદાર્થોમાંની સુખબુદ્ધિ ઓછી થાય છે એટલું જ નહિ પણ અન્ય જીવોનો ઘાત ન થાય તેની સાવચેતી રાખવાની વૃત્તિ વધતી જાય છે. જો કોઈ પદાર્થનો તીવ્ર મોહ જીવને હોય તો તેમાંથી જન્મતી સુખબુદ્ધિ પણ તીવ્ર બને. પરિણામે જોરદાર જ્ઞાનાવરણ બંધાય. એથી ઊલટું મોહ તૂટતાં, સુખબુદ્ધિ મંદ થાય, પરિણામે જ્ઞાનાવરણ નબળું બંધાય. વળી, તીવ્ર સુખબુદ્ધિ હોય ત્યારે તે બુદ્ધિને પોષવા જીવ પોતાના સમગ્ર વીર્યનો ઉપયોગ કરી, એક થી ચાર ઈન્દ્રિયોવાળા જીવોનો ઘાત કરતાં પણ અચકાતો નથી. અને આ હિંસાના તીવ્રપણાને કારણે બળવાન દર્શનાવરણ કર્મ બાંધે છે. પરપદાર્થના ભોગવટાની સુખબુદ્ધિ જેમ જેમ અલ્પ થતી જાય છે તેમ તેમ તેની હિંસાપ્રવૃત્તિ સંક્ષેપ પામે છે અને બંધાતું દર્શનાવરણ કર્મ મંદ હોય છે. આમ જ્યારે શ્રી સર્વજ્ઞપ્રભુને અથવા તો શ્રી સત્પુરુષને અંતરંગથી પ્રાર્થના થાય છે ત્યારે જીવનાં અંતરાય તથા મોહનીય તૂટવા સાથે જ્ઞાનાવરણ તથા દર્શનાવરણ કર્મનાં બંધનમાં નોંધપાત્ર ઘટાડો થાય છે. સાથે સાથે પૂર્વ નિબંધિત કર્મો પણ ક્ષય થતાં જાય છે.

જીવ જ્યારે ઉત્તમ આત્માને પ્રાર્થના કરે છે ત્યારે તેનાં હૃદયમાં નમ્રતાવાળા શુભભાવો ચાલતા રહે છે. આ પ્રસંગે ચારે પ્રકારનાં ઘાતીકર્મો નબળાં પાડી જીવ અવર્ણની લાભ કેવી રીતે મેળવે છે તે આપણે જોયું. આ પ્રકારની પ્રાર્થનામાં રત, જ્યારે જીવ હોતો નથી ત્યારે તે જીવ પૂર્વકર્મને વશ વર્તી, સ્વચ્છંદે ચાલી, અનેક પ્રકારનાં વિનાશક ભાવો કરી બેસે છે. અમુક પ્રમાણની આત્મશુદ્ધિ થઈ ન હોય ત્યાં સુધી જીવ ભાવ કર્યા વિના રહી શકતો નથી; તેથી શુભભાવની પરિણતિ ચાલતી ન હોય ત્યારે જીવ અશુભ પરિણતિના સકંજામાં સહેલાઈથી સપડાઈ જાય છે. પરિણામે અનેક પ્રકારે દુઃખદાયી, એવા આયુષ્ય વર્જિત સાતે કર્મના પાશમાં તે જીવ બંધાય છે. પરંતુ તે જીવ જો પ્રાર્થના કરતો રહે તો આવા અનેક અનિચ્છનીય બંધનથી બચી જાય છે. પ્રાર્થના કરતી વખતે નમ્રતાવાળા શુભભાવોનું ઘૂંટણ જીવને રહેતું હોવાથી, જે ઘાતીકર્મો બંધાય છે તે સર્વ હળવા પ્રકારનાં હોય છે અને જે અઘાતી કર્મો બંધાય છે તે સર્વ શુભ પ્રકારનાં હોય છે. આવા હળવા તથા શુભ કર્મબંધ ભોગવવા જીવને કષ્ટરૂપ થતાં નથી, એટલું જ નહિ એના ઉદયનો ઉપયોગ તે વિશેષ કર્મક્ષય કરવા માટે પણ કરી શકે છે.

પ્રાર્થના કરવાથી એક વિશેષ લાભ પણ જીવને મળે છે. પ્રાર્થના વારંવાર કરતા રહેવાથી, તે ભાવનાનું ઘૂંટણ વારંવાર થતું હોવાથી એ કર્મબંધ બળવાન થાય છે, અને જલદીથી ફળ આપે છે. ઉ.દા. સંસારથી છૂટવાની તાલાવેલીવાળો જીવ પ્રાર્થના કરે ત્યારે તેની પ્રાર્થનામાં છૂટવાના શુભભાવોનું ઘૂંટણ વારંવાર થાય, અને તેના તે ભાવો વિશેષતાએ બળવાન થતા જાય, એટલે એ કાળ દરમ્યાન તેના સંસારીભાવ ઘટતા જાય, પરિણામે અંતરંગ સ્થિતિને અનુરૂપ કર્મબંધ થતાં હોવાથી છૂટવા માટેનું તેનું કર્મ બળવાન થાય છે.

આ નિકાચિત કરેલાં કર્મનો જ્યારે ઉદય થાય છે ત્યારે તે જીવ આત્મા પર છવાયેલા કર્મનાં દળને, પ્રાર્થના કરતી વખતે માગેલા પ્રભુના સાથની સહાયતાથી સરેલાઈથી તોડી શકે છે, અને ત્વરાથી પોતાની શુદ્ધિ વધારી શકે છે. પોતાની રીતે વર્તવાથી અતિ કષ્ટરૂપ લાગતું કર્મ તોડવાનું કાર્ય શ્રી પ્રભુના સાથથી જીવ સરળતાથી, સરેલાઈથી અને સહજતાથી કરી શકે છે.

આ મુદ્દાઓ વિચારતા પ્રાર્થનાનું મહાત્મ્ય તથા મહત્ત્વ સમજી શકાય છે. તેથી પ્રાર્થનાને ફળીભૂત કરવા માટે તેનું સ્વરૂપ સમજવું પણ એટલું જ આવશ્યક ગણી શકાય.

## પ્રાર્થનાનું સ્વરૂપ

જે પ્રાર્થનાનું આટલું મહાત્મ્ય છે અને આટલું મિષ્ટ ફળ છે, તે પ્રાર્થના યથાવિધિ અને યોગ્ય રીતે થાય તો તેનો ઉત્તમોત્તમ લાભ જીવને મળે. જો પ્રાર્થનામાં એકાદ અંગ નબળું રહી ગયું હોય તો તેનો શ્રેષ્ઠ લાભ મળી શકે નહિ તે દેખાતું છે. તેથી પ્રાર્થના કરવાનો અધિકારી કોણ, આરાધ્યદેવ કોણ જોઈએ, પ્રાર્થના ક્યારે કરવી, કેવી રીતે કરવી, શું કરવી એ વગેરે તત્ત્વ વિશેની જાણકારી મેળવવી જરૂરી બને છે.

જીવ પાસે કોઈ પદાર્થ કે તત્ત્વ ન હોય અને તેને તે મેળવવાની બળવાન ઈચ્છા હોય તો તે જીવ હૃદયપૂર્વકની ઊંડાણભરેલી પ્રાર્થના કરી શકે છે. સાથે સાથે જેને પ્રાર્થવામાં આવે તેના પ્રતિ પૂજ્યભાવ તથા શ્રદ્ધા પણ જરૂરી છે, તે વિના જીવનું કાર્ય આગળ વધી શકતું નથી. તત્ત્વપ્રાપ્તિની બળવાન ભાવના એ પ્રાર્થના કરવાનો અધિકાર આપે છે, કારણ કે તત્ત્વની અપ્રાપ્તિ એ તત્ત્વપ્રાપ્તિમાં અંતરાય સૂચવે છે. જ્યાં સુધી અંતરાય

તૂટે નહિ ત્યાં સુધી તેની પ્રાપ્તિ સંભવે નહિ. આ અંતરાય તોડવા માટે તીવ્ર તાલાવેલી, ઝૂરણા તથા સત્પુરુષનું શરણું એ બળવાન નિમિત્તો છે. જો તાલાવેલી તીવ્ર ન હોય તો જીવ, તત્ત્વની અપ્રાપ્તિ વિશે અમુક અંશે તટસ્થ રહે છે અને ઝૂરણા વેદતો નથી. પરિણામે અંતરાય તૂટતો નથી. અને ઈચ્છિતની પ્રાપ્તિ દૂર ઠેલાય છે. આમ અપ્રાપ્ત તત્ત્વને મેળવવાની બળવાન ભાવના તથા તેના અનુસંધાનમાં આવતી ધગશ એ પ્રાર્થના કરવા માટે પહેલું અને અગત્યનું તત્ત્વ છે.

તત્ત્વ મેળવવાની પોતાની ભાવના બળવાન કરવા માટે, પ્રાર્થીકે પ્રાર્થના કરવાનો હેતુ પહેલાં નિશ્ચિત કરવાની જરૂર છે. પોતે જે મેળવવા ઈચ્છે છે તેની શી અગત્ય છે, તેનાથી પોતાને શા શા લાભ છે, તે ન મળે તો શા શા નુકશાન છે, વગેરેની જાણકારી તેને હોવી જરૂરી છે. એ ન હોય તો પ્રાર્થના કરનારમાં ઈચ્છાનું બળવાનપણું કે જોઈતાં ધગશ તથા ઉત્સાહ આવી શકતાં નથી. જેમકે કોઈ જીવનું પ્રાર્થના કરવાનું ધ્યેય સંસારથી મુક્ત થવાનું છે, તો તે મુક્તિ મેળવવા માટે પ્રાર્થના કરે છે. પ્રાર્થનામાં સજીવનપણું લાવવા માટે મોક્ષપ્રાપ્તિથી થતા લાભ, સંસારભ્રમણથી થતા ગેરલાભો, સંસારી પદાર્થોનું તુચ્છપણું, આત્મસુખનું ઉત્તમપણું વગેરે તેને સમજાવાં જોઈએ. તે વિના સંસારના ક્ષણિક સુખો તેને એવાં આકર્ષી જાય કે સંસારથી છૂટવા માટેની યોગ્ય ભાવવાળી પ્રાર્થના કરી શકે નહિ, તેના ભાવો પ્રાર્થના કરતાં કરતાં પણ સંસારી પદાર્થોના ભોગવટામાં જ રમતા રહે. તેથી પ્રાર્થનાનું ઉત્તમ સુંદર ફળ અનુભવવા મળે નહિ. આટલું તો સ્પષ્ટ જ છે કે બળવાન ઈચ્છા જીવને અન્ય પદાર્થો પ્રતિ આકર્ષાતા રોકી મૂળભાવનું દૃઢત્વ કરાવે છે.

આ પ્રમાણે પ્રાર્થના કરનારે સૌ પ્રથમ પોતાની યોગ્યતા વધારવી રહે છે. તે પછી જેમના કારણે રહી પ્રાર્થના કરવાની છે તે આરાધ્યદેવની પાત્રતા સમજવી ઘટે છે. જો કોઈ એક તત્ત્વની માંગણી દાતા પાસે કરીએ તો તે તત્ત્વ દાતા પાસે હોવું જરૂરી છે. જેમકે ધનની યાચના ધનિક પાસે કરવાથી સફળ થાય, નિર્ધન પાસે કરવાથી નિષ્ફળતા જ સાંપડે. વિદ્યાની પ્રાપ્તિ વિદ્વાન પાસેથી જ થઈ શકે, અન્નની પ્રાપ્તિ અન્નદાતા પાસેથી જ થઈ શકે વગેરે. એ જ પ્રમાણે જ્ઞાનની પ્રાપ્તિ જ્ઞાની સિવાય ન થઈ શકે, આત્મશાંતિ કે આત્મશુદ્ધિ તેની અનુભૂતિવાળાં પાસેથી જ મળી શકે, જન્મ જરા અને મૃત્યુનાં કષ્ટથી છૂટવા આપ્તપુરુષના આશ્રયે જ જવું પડે, તે સિવાયનો સર્વ પુરુષાર્થ રેતીમાં ખેતી કરવાની જેમ નિષ્ફળ નીવડે. આમ ઇચ્છુકની જે જરૂરિયાત છે તે તેના દાતા પાસે હોવી અનિવાર્ય છે. સાથે સાથે પોતાની પાસે જે સંપત્તિ છે તેનું દાન કરવાની ભાવના દાતામાં હોવી અગત્યની છે. જો સંપત્તિવાનને સંપત્તિનું દાન કરવાની ભાવના જ ન હોય તો તેને કરવામાં આવેલી પ્રાર્થના ફળવાન થતી નથી. ઉદા. ત. ધન મેળવવા માટે ધનિકને પ્રાર્થવા જોઈએ એટલું જ નહિ એ ધનિકને ધનદાન કરવાની ભાવના પણ હોવી ઘટે. જ્ઞાન જ્ઞાની પાસેથી જ મળી શકે જો જ્ઞાનીની જ્ઞાનદાનની ભાવના વર્તતી હોય તો. આવું જ શાંતિ, દયા, ક્ષમા, શુદ્ધિ, સમતા, વિદ્યા વગેરે ગુણોની પ્રાપ્તિમાં પણ સમજવું ઘટે છે. તેથી પ્રાર્થના કરનારે પોતાની યોગ્યતાની ચકાસણી કર્યા પછી એ નિર્ણય કરવાનું રહે છે કે જેને તે આરાધવા માગે છે તેની પાસે સંપત્તિ તથા સંપત્તિદાનની ભાવના છે. આમાનાં કોઈ એક તત્ત્વનો અભાવ દાનકાર્ય થવા દેતાં નથી. ટૂંકમાં કહીએ તો અયોગ્યતારહિત

પ્રાર્થના

વ્યક્તિ સમક્ષ યોગ્ય વ્યક્તિએ કરેલી પ્રાર્થના સફળ થાય છે.

સંસારમાં મોટાભાગની વ્યક્તિઓ સંપત્તિના અભાવથી અથવા સંપત્તિદાનની ભાવનાના અભાવથી પીડાતી હોય છે. વળી તેમાં પ્રાર્થકની અયોગ્યતા સંસારાર્થે થયેલી પ્રાર્થનાને સહેલાઈથી નિષ્ફળ બનાવે છે. બંને પક્ષની યોગ્યતાને આધારે જ પ્રાર્થનાનું સફળપણું સંભવે છે. સંસારાર્થે આ રીતે સફળ થયેલી પ્રાર્થનાથી ક્ષણિક સુખની જ પ્રાપ્તિ થાય છે, શાશ્વત સુખની પ્રાપ્તિ અસંભવિત જ છે. કારણ કે સર્વ સંસારી પદાર્થો નાશવંત છે, ક્ષણિક છે. સંસારીભાવો સદાય પરિવર્તનશીલ છે.

પરમાર્થે થતી પ્રાર્થનામાં આ પ્રકારથી થોડુંક જુદાપણું જોવા મળે છે. યોગ્ય પ્રાર્થક યોગ્ય દાતા પાસે શાશ્વત સુખ મેળવવા માટે પ્રાર્થના કરે તો તે પરિપૂર્ણ થાય જ છે. પરમાર્થદાન ન કરવાની ભાવના કોઈપણ સત્પુરુષ કે જ્ઞાની-પુરુષમાં સંભવી શકતી નથી. તેથી માત્ર પ્રાર્થકની યોગ્યતા પર સફળતાનો આધાર રહે છે. શ્રી સર્વજ્ઞપ્રભુ - કેવળીપ્રભુ સમક્ષ અથવા તેમની ગેરહાજરીમાં તેમના આશ્રયે આગળ વધેલા સત્પુરુષ કે જ્ઞાનીપુરુષ સમક્ષ પૂર્ણ આત્મશુદ્ધિ મેળવવાની અભિલાષાથી પ્રાર્થના કરવામાં આવે તો તે અવશ્ય ફળવાન થાય છે; કારણ કે શ્રી પ્રભુમાં સર્વ પ્રકારની સમર્થતા ખીલેલી હોય છે, તે ઉપરાંત એ સમર્થતા સહુ જીવોમાં આવે તે પ્રકારના ભાવ તેમણે સર્વજ્ઞપણું પ્રગટાવતાં પહેલાં બળવાનપણે સેવ્યા હોય છે. તે ભાવની પૂર્ણતા અર્થે તેઓ પોતાની 'કેવળલક્ષ્મી'નું દાન નિઃસંકોચતાથી કરતા રહે છે. તેમના આ પરોપકારને સત્પુરુષો તથા જ્ઞાનીપુરુષો સતત ગ્રહણ કરતા રહે છે. શ્રી સર્વજ્ઞ પ્રભુના કૃપાધોધમાં સદૈવ તરબોળ રહેવા તેઓ ઉત્સુક હોય છે, તેથી

તેઓ પણ પોતાના પુરોગામીના શિક્ષણ અનુસાર પોતાને પ્રાપ્ત થયેલી અધ્યાત્મ સંપત્તિનું દાન, શ્રી પ્રભુ પ્રતિ અહોભાવ સેવતાં સેવતાં પૂરી ઉદારતાથી કરતા રહે છે. શ્રી સત્પુરુષ પૂરેપૂરા સભાન હોય છે કે પોતાની પાસે જે કંઈ જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપી સંપત્તિ છે તેનું મૂળ શ્રી વીતરાગભગવંતની કૃપાદૃષ્ટિના ધોધમાં સમાયેલું છે. કૃપાના સતત વહેતા ધોધને ચાલુ રાખવામાં પોતે એક નિમિત્ત છે. ઉપરથી વરસેલા જ્ઞાનધોધમાં તરબોળ બની એ જ્ઞાન બીજાને પસાર કરતા રહેવાથી કૃપાનું વહેણ ચાલુ રહે છે. જો એ જ્ઞાન તથા કૃપા બીજાને આપવામાં ન આવે તો પોતાનાં જ્ઞાન, દર્શન તથા ચારિત્રની જાળવણી કરતો શ્રી પ્રભુનો કૃપાધોધ પણ સ્થગિત થઈ જાય છે. તેથી શ્રી પ્રભુની કૃપાને પાત્ર અવિરત-પણે રહેવું હોય તો શ્રી પ્રભુ જેવીજ નિષ્કારણ કરુણાબુદ્ધિ પોતે સેવવી ઘટે. આમ પોતાની પૂર્ણતા કેળવવાના હેતુથી પણ શ્રી સત્પુરુષ શ્રી પ્રભુ જેવી જ નિષ્કારણ કરુણાબુદ્ધિથી વર્તે છે. આ બુદ્ધિમાં જો સત્પુરુષ વિક્ષેપ આણે તો તેમની કેવળલક્ષ્મી પ્રાપ્ત કરવાની પ્રવૃત્તિમાં અવશ્ય વિઘ્ન આવે છે. તેથી કોઈ પણ આત્માર્થી પુરુષ તેમની સંપત્તિનું દાન કરવાની ભાવનામાં ક્યારેય ઓટ આવવા દેતા નથી. જો પરમાર્થદાનમાં કોઈ જીવ ખંચકાટ અનુભવે તો તે જીવ પરમાર્થ માર્ગમાં નથી એવું કડક વચન શ્રી પ્રભુએ પ્રકાશ્યું છે. તેથી સંપત્તિ હોવા છતાં સંપત્તિદાનની ભાવના ન હોય તેવું પરમાર્થ ત્રિકાળમાં પણ બનનાર નથી.

શ્રી સત્પુરુષોની આ પરમાર્થ પ્રવૃત્તિથી આકર્ષાઈને તેમના શરણમાં જવાના ભાવથી જ્યારે તેમની ખોજ કરવામાં આવે છે ત્યારે તેમના યોગનું દુર્લભપણું અત્યંત અનુભવાય છે.

પ્રાર્થના

સમગ્ર સંસારમાં આવા ઉત્તમ આત્માઓની સંખ્યા અતિ અલ્પ છે. અને તેમાં પણ તેઓ પોતાની પાત્રતા સ્વમુખે જણાવે નહિ, અર્થાત્ તેઓ કોઈને કહે નહિ કે 'હું સત્પુરુષ છું' અથવા તો 'હું જ્ઞાની પુરુષ છું.' તેથી ગ્રાહક જીવોએ તેમનાં વાણી, વર્તન, તથા ભાવનું અવલોકન કરીને નક્કી કરવું પડે છે કે આ જીવાત્મા સત્પુરુષ છે કે નહિ. પરિણામે તેમના વિવિધ કર્મોદયના ફાંસલામાં સત્પુરુષની ઓળખાણ મેળવવી ખૂબ કઠણ થઈ જાય છે. વળી કેટલાક બાહ્ય ચમત્કારો હાંસલ કરનાર જીવો, મોહવશ, માનપૂજાના ભાવથી પોતાને સત્પુરુષ તરીકે ઓળખાવતા હોય છે. આવા જીવોની આ પ્રકારની પ્રવૃત્તિ સત્પુરુષની ઓળખ કરવામાં વિશેષ કઠણાઈ લાવે છે તે સમજાય તેવું છે. કેટલીકવાર તેવા જીવોની બાહ્યસમૃદ્ધિ તથા ક્ષુલ્લક ચમત્કારોથી આકર્ષાઈ સામાન્ય જીવ તેને સત્પુરુષ સમજી, તેમની આજ્ઞાએ પ્રવર્તી, ભોળે ભરાઈ પોતાનું અકલ્યાણ નોતરે છે. આવું મોટું ભયસ્થાનક પ્રત્યેક જીવને સદ્ગુરુની શોધ કરતી વખતે પાર કરવું પડે છે. તે ભયસ્થાનને ઓળંગવાનો ઉપાય આગળ ઉપર સમજાશે.

વિશેષમાં પ્રાર્થના કરતી વખતે જીવે મનમાં ચાલતા સંકલ્પ તથા વિકલ્પરૂપ વિભાવભાવનો ત્યાગ કરી એ પ્રકારની શ્રદ્ધા કેળવવાની રહે છે કે પોતાના આરાધ્યદેવ પ્રાર્થના સાંભળીને ઈશ્વરની પ્રાપ્તિ કરવામાં જરૂર સહાયભૂત થવાના છે. જ્યાં સુધી જીવ આ શ્રદ્ધાન કેળવતો નથી ત્યાં સુધી તે પ્રાર્થનાની સફળતાની બાબતમાં આશંકિત રહ્યા કરે છે. વિકલ્પોના આ વમળ પ્રાર્થનાથી થતા સંકલિત બળને છિન્નભિન્ન કરી નાખે છે. જો એ સંકલિત થતા બળને તૂટવા દેવું ન હોય તો આરાધ્યદેવ પ્રતિ પ્રેમ, શ્રદ્ધા તથા અર્પણભાવનું સિંચન કરવું ઘટે. આરાધ્યદેવ

પાસે ઈષ્ટ સંપત્તિ તથા સંપત્તિદાન કરવાની ભાવના હોય છતાં એ પ્રાર્થકમાં પૂરતાં પ્રેમ અને શ્રદ્ધાનો અભાવ હોય તો કાર્યકારી ઈષ્ટફળ સંભવી શકતું નથી. પ્રેમ તથા શ્રદ્ધાનો અભાવ પ્રાર્થનામાં આવતાં ભાવનાં ઊંડાણને રોકે છે, અને પ્રાર્થના શુદ્ધ રીતે થઈ શકતી નથી, તેથી ઈષ્ટદેવ પ્રતિથી આવતું દાન તે સરળતાથી સ્વીકારી શકતો નથી. તે અંતરંગ ખચકાટ સાથે તેને સ્વીકારતો હોવાથી અનેક ખામીઓ ઊભી થાય છે. ભાવનાના ઊંડાણના અભાવવાળી સ્થિતિમાં તે જીવનું ચિત્ત, પ્રાર્થનાકાળે અન્ય ભૌતિક સ્થળોએ સહજતાએ ખેંચાઈ જાય છે, તેના ફળ રૂપે આવતા દાનમાં સ્વમતિકલ્પનારૂપ સ્વચ્છંદ ભળી જાય છે. પરિણામે જીવ વિપરિતા કારણથી મુક્ત થઈ શકતો નથી. વળી યથાર્થ શ્રદ્ધાનનો અભાવ હોવાને કારણે તે સ્પષ્ટપણે અથવા અસ્પષ્ટપણે આશંકા સેવે છે કે 'મારી પ્રાર્થના સફળ થશે?' 'તત્ત્વની માંગણી યથાર્થ પ્રમાણમાં પુરી નહિ થાય તો?' વગેરે. અને આવી આશંકાઓમાં રમત રહી પોતાના સ્વચ્છંદને જીવ મજબૂત કરે છે. તે સ્વચ્છંદના પ્રભાવથી તે જીવ એક જ પ્રાર્થ્ય દેવને ન આરાધતાં અન્ય અન્ય સમક્ષ શ્રદ્ધાનના ઊંડાણ રહિત પ્રાર્થના કરતા રહી, બાવાના બેય બગડે એ ન્યાયે ક્યાંયથી પણ સત્‌ની પ્રાપ્તિ કરી શકતો નથી. તે બાહ્યથી ધર્મારાધન કરતો દેખાતો હોવા છતાં ધર્મવિમુખ જ રહ્યા કરે છે. આ વાત ઉદાહરણથી સમજીએ. એક જીવ પોતાની ઈચ્છાપૂર્તિ માટે શ્રી કૃષ્ણની પ્રાર્થના કરે છે. તેમાં તાત્કાલિક સફળપણું ન અનુભવાતાં, શ્રી કૃષ્ણ માટે અધુરપ વેદી, તેના સામર્થ્ય વિષે આશંકિત થઈ સફળતા આવતાં પહેલાં જ શ્રી કૃષ્ણને છોડી તે શ્રી ગણપતિને પ્રાર્થવા લાગે છે. તેમાં પણ એ જ અધીરજ અને અધુરપ વેદી સ્થિર

થતો નથી, અને થોડા જ કાળમાં શ્રી વીતરાગ દેવને એ જ રીતે ભજતો દેખાય છે. વીતરાગદેવ પાસે પણ અંતરંગના આશંક-પણાને કારણે ન ટકતાં તે બ્રહ્મા, વિષ્ણુ, શંકર, અંબામા, દુર્ગા આદિ અનેક દેવદેવીઓ સમક્ષ પ્રાર્થના કરતો ફરી વળે છે. આમ અનેક સમર્થ દેવદેવીઓનું આરાધન તે બાહ્યથી કરી ચૂકે છે, પણ ક્યાંય ઠરીઠામ થતો નથી. પરિણામે ક્યાંય પણ સાચું શ્રદ્ધાન કર્યું ન હોવાને કારણે કોઈ પણ દેવ કે દેવીને ઇચ્છાપૂર્તિનું દાન કરવાની જવાબદારી રહેતી નથી, તેથી તે બધેથી નિષ્ફળતા પામે છે. વ્યવહારના ઉદાહરણથી આ વાત વિશેષ સ્પષ્ટ થશે. એક સેવક દાનની વાંછાથી જુદા જુદા અનેક ધનિકની વારાફરતી સેવા કરે છે. થોડા દિવસ એક જગ્યાએ કામ કરી, લાલચમાં બીજી જગ્યાએ જાય છે, વળી થોડા દિવસમાં ત્રીજી જગ્યાએ જાય છે. તેથી કોઈ પણ ધનિક તેની જવાબદારી લેતા નથી, જેટલા દિવસ કામ કરે તેટલા દિવસના ગણતરીના પૈસા આપી તેઓ છૂટી જાય છે. પરિણામે તેની ધનની જરૂરિયાત પૂરી થતી નથી. પરંતુ જો એ જ સેવક કોઈ પણ એક વ્યક્તિ - ધનિકને પકડી તેની તનમનથી સેવા કરતો રહે છે તો જરૂર પડ્યે તે ધનિક તેની બધી જવાબ-દારી ઉઠાવે છે. જેમકે માંદગી વખતે દવા વગેરેના વધારાના પૈસા ખર્ચવા, તેની શારીરિક સુવિધા જળવાય તે જોવું, તેના કુટુંબમાં કોઈ પ્રસંગ આવે તો પ્રસંગ ઉકેલવા પૂરતા પૈસા આપવા, વસ્ત્રાદિની જરૂરિયાત પૂરી પાડવી વગેરે. આ પરથી સમજાય છે કે કોઈ એક જીવ એક પછી એક એમ અનેક દેવદેવીઓની આરાધના કરતો રહે તો ક્ષણિક અને તુચ્છ સંસારસુખ સિવાય તે કંઈ જ પામી શકતો નથી. તેના પૂર્ણ કલ્યાણની જવાબદારી કોઈ લેતું નથી. પરંતુ જો એક સાચા વીતરાગદેવને શ્રદ્ધી, તેની તનમનથી સેવના કરે

તો શ્રી વીતરાગદેવ તે જીવને જન્મ, જરા અને મૃત્યુના દુઃખથી પર એવા શાશ્વત મોક્ષસ્થાન સુધી લઈ જવા પોતાના અમૂલ્ય એવા કેવળધનનો વારસો તેને આપે છે. આ પરથી ઉત્તમ પાત્રતા મેળવવાની અગત્ય સ્પષ્ટ થશે.

પ્રાર્થના કરતી વખતે પ્રાર્થક એ લક્ષ રાખવો ઘટે છે કે પ્રાર્થનામાં કોઈનું પણ અકલ્યાણ સંભવે એવા ભાવનું ગૂંથન થવું ન ઘટે. પ્રાર્થનામાં તો સ્વપર કલ્યાણની ભાવના જ ગૂંથાવી જોઈએ. કોઈને પણ અશાંતિ થાય, અકલ્યાણ થાય એવા ભાવનું સિંચન અજાણપણે પણ પ્રાર્થનામાં આવી જાય તો તેનું અફળપણું સંધાઈ જાય છે, કારણ કે શ્રી વીતરાગદેવને કોઈનું પણ અકલ્યાણ અભિપ્રેત નથી. તેઓ સહુનું કલ્યાણ ઈચ્છે છે અને કલ્યાણ કરે છે. તેમના આ ગુણને આધારે તો તેમને સર્વજ્ઞપણું પ્રગટ્યું છે. ભગવાન કલ્યાણરૂપ આત્મા પાસે જો કોઈના પણ અકલ્યાણની ભાવના કરવામાં આવે તો તે સફળ ન જ થાય, એટલું જ નહિ પણ આ પ્રકારનું ચિંતવન કરનારની અશાંતિ અને અશુભના ઉદયો વધી જાય છે. કારણ સમજાય તેમ છે. જીવ જ્યારે કોઈનું પણ અશુભ ચિંતવે છે ત્યારે તે જીવ એને અનુરૂપ કર્મના પરમાણુઓ પોતાના આત્માના પ્રદેશો પર ગ્રહણ કરે છે. અને તે કર્મનો ઉદય થાય છે ત્યારે તેના પરિપાકરૂપ બેવડું કષ્ટ અશુભ ચિંતવનાર પામે છે. જે જીવ પ્રાર્થનામાં શુભ ચિંતવે છે, સ્વપર કલ્યાણના ભાવ કરે છે તે જીવ શુભ પરમાણુ કર્મરૂપે ગ્રહણ કરે છે તેથી તે વખતે તો શાતા વેદે છે, ઉપરાંત તેના પરિપાકકાળે બેવડી શાતા પામે છે. આ પરથી એ તારણ કાઢી શકાય કે પ્રાર્થનામાં પોતાનાં સુખની વૃદ્ધિની માંગણી સાથે કોઈની પણ કષ્ટવૃદ્ધિ થાય તેવી માંગણી થવી ન જોઈએ.

એ એમ થાય તો જીવને સુખને બદલે દુઃખ મળે છે. આ ચેતવણી ન સમજનારા જીવો અશુભ તત્ત્વોનું આરાધન કરી, બીજાને કષ્ટ પહોંચાડવાની પ્રવૃત્તિ આદરી, પોતા માટે ભાવિનું અપરંપાર દુઃખ ઊભું કરે છે. મુક્તિ ઈચ્છનાર જીવે આ પ્રકારના દોષથી બચવા સતત જાગૃત રહેવું જોઈએ.

આટલી જાણકારી મેળવ્યા પછી, પ્રાર્થના કઈ રીતે કરવી જોઈએ તેની સમજણ લેવી પણ જરૂરી છે. પ્રાર્થના કરતાં પહેલાં જીવે મનમાં ઈષ્ટદેવની સ્મૃતિ લઈ વિનમ્રભાવ આણવો જોઈએ. તે દ્વારા જીવનો માનભાવ દબાય છે, અને સફળતાને આંબવા પાત્રતા તૈયાર થાય છે. જો અશુભનો ઉદય વેદાતો હોય તો તેના કારણે અન્ય શુભ વસ્તુનો લાભ ગ્રહી શકાતો નથી. વિનમ્રભાવ આણ્યા પછી ઈષ્ટદેવના ગુણોની સ્તુતિ થોડીવાર કરવી જરૂરી છે. જે ગુણોનો અભાવ પોતામાં છે તેનો સદ્ભાવ શ્રી વીતરાગદેવમાં છે તેની સ્મૃતિ બળવાન થતાં, તે ગુણો પ્રાપ્ત કરવાની, વિકસાવવાની તાલાવેલી જીવને જાગે છે, અને જીવનું ભાવનું ચળવિચળપણું ઘટે છે. વળી જે ગુણોની સ્તુતિ થાય છે તે ગુણોથી મળતા લાભનું જાણપણું પણ જીવમાં આવે છે. અને તેના પુનરાવર્તનથી તે સર્વ પ્રાપ્ત કરવા માટેનું દૃઢત્વ બળવાન થાય છે. પરિણામે ઈચ્છિતની પ્રાપ્તિ સહેલી થાય છે. જેમ ભાવનું ઊંડાણ તથા બળવાનપણું વિશેષ તેમ તેનો પરિપાક ત્વરાથી મળે છે એવો કર્મસિદ્ધાંત છે. શ્રી પ્રભુના ગુણની સ્તુતિના અનુસંધાનમાં પોતાના દોષો અને ભૂલોને કારણે આવા ગુણોથી પોતે વંચિત રહ્યો છે તેનું ભાન જીવને ભૂલોનો પશ્ચાત્તાપ કરવા પ્રતિ દોરી જાય છે. એટલે કે એક જીવ કોઈ ઈચ્છિત પ્રાપ્ત કરવા પ્રવૃત્ત થાય ત્યારે પોતાના પૂર્વના દોષને કારણે વર્તમાનમાં

તેનાથી વંચિત રહ્યો છે તે સમજી, પૂર્વના પાપદોષથી નિવૃત્ત થવા પશ્ચાત્તાપ પૂર્વક શ્રી પ્રભુની સાક્ષીએ ક્ષમા માગે છે. આ પશ્ચાત્તાપમાં પૂર્વનાં પાપો અમુક અંશે ધોવાઈ જાય છે, આત્મા એટલા પ્રમાણમાં હળવાશ અનુભવે છે. હળવાશવાળી આ પળોમાં જે ભાવ કરવામાં આવે છે તે સહેલાઈથી ફળવાન થાય છે. આ પળોમાં પૂર્વકૃત દોષોનું પુનરાવર્તન પોતાનો આત્મા કરે નહિ તેવી ભાવના પણ ભાવવી ઘટે છે, કારણ કે દોષના પુનરાવર્તનના કારણે પ્રાપ્તિ દૂર ઠેલાઈ જાય છે. વિવેકપૂર્વક આ કાર્ય કર્યા પછી પોતાની માગણીઓનું અનુસંધાન કરવાથી પ્રાર્થનાની સફળતા સુલભ બને છે.

આટલી પૂર્વભૂમિકા તૈયાર કર્યા પછી ઇષ્ટદેવ સમક્ષ પોતાનું અંતિમ ધ્યેય પ્રગટ કરવું જોઈએ, અને તેની સફળતાના પ્રથમ સોપાન તરીકે પોતાની વર્તમાન અવસ્થામાં વિકાસક્રમનું એક ડગ આગળ વધારવા વિનંતિ કરવી. પછીથી જેમ જેમ સફળતા મળતી જાય તેમ તેમ સફળતા આપવા માટે ઇષ્ટદેવનો યોગ્ય શબ્દો અને ભાવથી ઉપકાર માની, તે પછીથી વિકાસ કરાવવા માટે વિનંતિ કરતા જવી. મળેલી સિદ્ધિ બદલ જો ઉપકાર માનવામાં આવે નહિ તો પ્રાર્થક નગુણો જણાય. ઉપકારીનો ઉપકાર તેના મનમાં વસતો નથી એવો આભાસ થાય. વળી, ઉપકાર માનતા રહેવાથી જીવની કૃતજ્ઞતા પ્રગટ થાય છે અને શાતાનું દાન કરનારને વિશેષ સહાયરૂપ થવા નિમિત્ત મળે છે. અમુક અંશે પ્રાપ્તિ થવા છતાં ઉપકાર માન્યા વિના તે પછીના વિકાસની માગણી કરવાથી ઉપકારીનો ઉપકાર ઓળવવા જેવું થાય છે, વિનય ચૂકાઈ જાય છે. જો આવું અયોગ્ય વર્તન હોય તો દાતાએ અપાત્રે દાન કર્યું છે તેવું ચિત્ર ઉપસી આવે છે. આ અપાત્રેદાનના પ્રસંગથી

બદલા, પ્રાર્થક ભાવપૂર્વક ઉપકાર માનવો હિતાવહ છે. આમ ઉપકાર માની ગ્રહણ સ્વીકારવાથી જીવને ગુણવૃદ્ધિ કરવાનો અવકાશ ઘણો વધી જાય છે. જીવના કષાયો - માન, માયા, લોભ આદિ તોડવા નિમિત્ત બને છે.

અહીં જણાવેલી રીત પ્રમાણે નિયમિતપણે પ્રાર્થના કરવાનું ચાલુ કર્યા પછી પણ કેટલીકવાર પૂર્વકર્મના પ્રાબલ્યને કારણે એવું બને છે કે થોડા કાળમાં પ્રાર્થનાનું સફળપણું અનુભવવા મળતું નથી. એવા સંજોગોમાં જીવ વિવિધ પ્રકારના વિકલ્પમાં સપડાઈ જાય છે. 'પ્રાર્થના હજુ સુધી ફળી નહિ, હવે ક્યારે ફળશે?' 'આ પ્રાર્થના સફળ થશે કે નહિ?' વગેરે. આ જાતના આર્તધ્યાનાત્મક વિચારમાં જવું યોગ્ય નથી, કારણ કે આ વિચારોથી નવી અંતરાયો બંધાઈ જાય છે. આ પ્રકારના વિચારોમાં પ્રભુ પ્રતિની અશ્રદ્ધા પ્રગટ થાય છે. 'પ્રભુએ હજુ પ્રાર્થનાનું ફળ આપ્યું નહિ' એવા ભાવ જાગે ત્યારે પોતાનો પુરુષાર્થ ફળ પ્રાપ્તિ માટે પૂરતો છે એવી અપ્રગટ સમજણ જીવમાં હોય છે, વળી પ્રભુનું ન્યાયતંત્ર ખામીવાળું છે જેથી ફળ મળ્યું નથી એવો ધ્વનિ આવા ભાવમાં સંભળાય છે. અને એ દ્વારા શ્રી સર્વજ્ઞ પ્રભુનો દોષ જીવ આડકતરી રીતે જુએ છે તે પ્રભુની અશાતના કરવા બરોબર હોવાથી નવા કર્મબંધમાં તે જીવ ફસાઈ જાય છે. આવો દોષ પ્રાર્થના કરવા જતાં પોતામાં આવી ન જાય તેની સાવચેતી રાખવા યોગ્ય છે. જીવે તો જ્યાં સુધી સફળતા ન મળે ત્યાં સુધી પ્રાર્થનાની એકાગ્રતા અને શ્રદ્ધાનું ઊંડાણ વધારતા જવાનાં છે. કર્મનું જેટલું બળવાનપણું હોય તેનાથી વિશેષ પ્રાર્થનાનું બળવાન-પણું કરવામાં આવે ત્યારે જ તે કર્મ પરાભવ પામે છે. તેથી જો સફળતા જોઈતી હોય તો કર્મનું સ્વરૂપ સમજી તેના માપે પોતાની

પ્રાર્થનામાં ભાવનું ઊંડાણ અને સંયમમર્યાદા વધારવાથી લાભ થાય છે. શ્રી પ્રભુનો સાથ હોવાથી ગમે તેવા બળવાન કર્મને પણ પરાસ્ત કરી શકાય છે એ શ્રદ્ધાન ક્યારેય છોડવા યોગ્ય નથી. વળી, જ્યાં સુધી સફળતા ન મળે ત્યાં સુધી પ્રભુદત્ત ધીરજગુણ વધારતા રહી આત્માને બળવાન કરતા જવાનો છે. આ રીતિ અપનાવવાથી કાં ઇચ્છિતની પ્રાપ્તિ થાય છે અને કાં પ્રભુમાં રહેલા અપાર ધીરજગુણની પ્રાપ્તિ પ્રાર્થકને થતી જાય છે. આમ કોઈ પણ સ્થિતિમાં પ્રાર્થકને લાભ જ છે.

પ્રાર્થનાને લગતા વિવિધ અંગોની જુદી જુદી અપેક્ષાએ વિચારણા કર્યા પછી આત્માર્થે ક્રમથી આગળ વધતા જીવો કેવા કેવા ભાવ તથા કેવી કેવી પ્રાર્થના વિવિધતાએ કરી શકે છે તેની વિચારણા આનંદદાયક તથા ઉપયોગી થશે.

જીવને સંસારમાં અનુભવવા પડતા અનિત્યતા અને ક્ષણિકતાના પ્રસંગોમાંથી સતત પસાર થતા રહેવું પડે છે. તેમાંથી કોઈક વિરલા જીવને આ ક્ષણભંગુર સંસારથી મુક્ત થઈ શાશ્વત સુખ લેવાની મહેચ્છા જાગે છે. અન્ય જીવો વગર વિચાર્યે આ ઘટમાળમાંથી પસાર થયા કરે છે. તેઓ માને છે કે 'આમ જ હોય.' વિશેષતાએ કષ્ટ લાગે ત્યારે અંતરંગ કષાયભાવને વશ થઈ તે કષ્ટના નિમિત્ત બનનાર પર દોષનો ટોપલો ઓઢાડી, તેની સાથે વેર બાંધે છે, અને ભાવિની અશાંતિ નિશ્ચિત કરે છે. આ સુખદુઃખની ઘટમાળમાંથી જીવો ચક્રવત્ પસાર થયા જ કરે છે, સંસાર ચાલ્યા કરે છે. તેથી જ અનાદિ કાળથી ચાલતો સંસાર અનંતકાળ સુધી રહેવાનો છે એમ શ્રી પ્રભુએ જણાવ્યું છે. જે જીવ વિચારક છે, શાશ્વત સુખ મેળવવાની ઝંખનાથી ભૂષિત છે તે સંસારની જંજાળથી મુક્ત થવા પુરુષાર્થ ઉપાડે છે. તે જીવને આ ઝંખના પૂર્ણ કરવામાં સહાયરૂપ થાય તેવા માર્ગદર્શકની જરૂર લાગે છે. માર્ગદર્શકની અપ્રાપ્તિ તેને મૂંઝવે છે. વળી સાચા માર્ગદર્શકની ખોજ પોતાની રીતે

કરવી તેને ખૂબ કઠિન લાગે છે. તેને પોતાની પાત્રતા એટલી બળવાન નથી લાગતી કે બીજા અનેકની પરીક્ષા કરી, યોગ્ય માર્ગદર્શકની પરખ કરી, તેની આશ્રયે પોતાનું અનુસંધાન કરી શકે. બીજી બાજુ જો કોઈ અયોગ્ય માર્ગદર્શક ભેટી જાય, ત્યાં અજ્ઞાન થઈ જાય તો લાભને સ્થાને મહા નુકશાન થઈ જાય; કારણ કે મહામૂલ્યવાન મનુષ્યભવ વેડફાઈ જાય, કલ્યાણ કરવાનો અમૂલ્ય અવસર ચૂકાઈ જાય. ફરીથી મનુષ્યભવ તથા અનુકૂળ સંજોગો આવે ત્યાં સુધી કલ્યાણ લંબાઈ જાય. તેથી કોઈ પણ અયોગ્ય વ્યક્તિના કારણે પોતાનો આત્મા જાય નહિ તેની કાળજી કરવી તે છૂટવા ઈચ્છતા જીવ માટે અત્યંત આવશ્યક છે.

અયોગ્ય દોરવણીને કારણે લાભને બદલે નુકશાન થાય તેવું આ સંસારમાં ઘણી વાર બને છે, તેથી તેવું ન થાય તે માટેની કાળજી સેવવામાં આવે છે બાળકને સારું શિક્ષણ મળે તે માટે ઉત્તમ ગણાતી શાળામાં તેને મૂકવાની તજવીજ માતાપિતા કરતા હોય છે, સારી રીતે સંતાન દ્રવ્યોપાર્જન કરી શકે એવી ભાવનાથી તેને લગતી પ્રસિદ્ધ સંસ્થાઓમાં શિક્ષણ મળે તે માટે ભરપૂર પ્રયત્નો કરનાર માતાપિતા તથા વડિલોનો આ જગતમાં તૂટો નથી. સારાંશ કે પચાસ થી સો વર્ષના આયુષ્ય દરમ્યાન કષ્ટો ન આવે તે માટેની જાતજાતની કાળજી આ સંસારમાં લેવામાં આવે છે; તો પછી જ્યાં અનંતકાળનું દુઃખ ટાળવાનું છે, જન્મમરણના ફેરામાંથી મુક્ત થવાનું છે, શાશ્વત સુખ ઉપાર્જન કરવાનું છે, તે મહાન કાર્યની સફળતા માટે યોગ્ય માર્ગદર્શક મેળવવા માટે વિશિષ્ટ તકેદારી રાખવી જોઈએ એ સહજ છે. ટૂંકી જિંદગી, લાંબા જંજાળ, વિપરીત સંજોગો, કર્મોદયની વિચિત્ર વણઝાર, ઉત્તમ માર્ગદર્શકોનું અત્યંત અલ્પપણું વગેરે પરિસ્થિતિમાં સહજતાએ કેવી રીતે માર્ગદર્શક મેળવવા તે વિશે સર્વ જિજ્ઞાસુઓ અત્યંત મુંઝવણ વેદે છે. એ દશામાં પુરોગામી સત્પુરુષોએ પ્રકાશેલો બોધ જિજ્ઞાસુની મદદે આવે છે. તેમના જણાવ્યા પ્રમાણે જે આત્માએ વિશુદ્ધપણું પ્રગટાવ્યું છે,

જેમનું વીતરાગપણું નિર્વિવાદપણે પ્રસિદ્ધ છે એવા શુદ્ધાત્મામાં શ્રદ્ધા રાખી, તેમને વિનમ્રતાથી નિયમિતપણે પ્રાર્થના કરવાથી યોગ્ય માર્ગદર્શક આત્મશુદ્ધિ અર્થે મેળવવામાં સફળતા પ્રાપ્ત થાય છે. તેવો જિજ્ઞાસુ જીવ શ્રી વીતરાગ પ્રભુને આ પ્રમાણે પ્રાર્થી શકે....

"શ્રી અરિહંત વીતરાગ ભગવંત! આપ સંસારના સર્વ પ્રકારનાં દુઃખથી મુક્ત બની, અનંત સુખસ્વરૂપ એવા મોક્ષમાં બિરાજમાન છો. આપ આત્માના અનંત ગુણોનું સ્વામીપણું અને સુખ માણી રહ્યા છો, અને એ દ્વારા પ્રગટ થતી અપાર શાંતિને ચોમેર ફેલાવી રહ્યા છો. આ શાંતિ, આ પરમાનંદ, આ શાશ્વત સુખ મેળવવાના અને માણવાના મને ખૂબ જ અભિલાષ છે. વળી, આપે પ્રકાશિત કરેલા માર્ગદર્શનથી મને સમજાયું છે કે સત્પુરુષ- સદ્‌ગુરુરૂપી પ્રત્યક્ષ ભોમિયા વિના આ ધ્યેય સિદ્ધ કરી શકાતું નથી. તો મારા પર બળવાન કૃપા કરી, આ સંસારસમુદ્રને તરી પાર કરવામાં ઉપકારક થાય તેવા પ્રત્યક્ષ સદ્‌ગુરુનો યોગ મને ત્વરાથી આપો. પ્રભુ! મને અનુભવમાં આવે છે કે અહીં વસતા અનેક મનુષ્યોમાં સ્વબળે સદ્‌ગુરુની શોધ કરવામાં સફળ થવું તે અશક્ય નહિ તો પણ અત્યંત કઠણ તો છે જ. મારામાં ગુણો અલ્પ છે, તેથી બાકીના અનંત દોષો સદ્‌ગુરુપ્રાપ્તિનું સુખ મેળવવામાં અંતરાયરૂપ નીવડે છે. હું આ બધા દોષોની તથા બાંધેલા અંતરાયોની આપની સાક્ષીએ પશ્ચાત્તાપ-પૂર્વક ક્ષમા માગું છું. મારા પર અત્યંત કૃપા કરી, ઉદિત અંતરાયોથી મને છોડાવી, મારા ઉપકારક પ્રત્યક્ષ સદ્‌ગુરુના યોગમાં મને લઈ જાઓ. શ્રી ગુરુરાજની સહાયથી મારા દોષોથી મુક્ત થવાનો બળવાન પુરુષાર્થ મારે જગાડવો છે, જેથી આપની અને ગુરુદેવની કૃપા માણવાનો હું અધિકારી બની શકું. પ્રભુ! મારા આ અંતરંગ અભિલાષને લક્ષમાં લઈ, સદ્‌ગુરુપ્રાપ્તિનો યોગ મને ત્વરાથી આપો. જે કાળ એ પ્રાપ્તિ પહેલાં મારે વીતાવવાનો હોય તે કાળ આપના પ્રણીતેલા ઉત્તમ વચનોના

આરાધનમાં વ્યતીત કરું એવી સદ્‌બુદ્ધિ અને આપશો. આપની કૃપાથી સંસારથી મુક્ત થવાની જે ઉત્તમ અભિલાષા મારામાં જાગૃત થઈ છે તે માટે આપનો ખૂબ ખૂબ ઉપકાર માની આપના નિષ્પાપી ચરણારવિંદમાં સવિનય વંદન કરું છું"

ૐ શાંતિ:

આ પ્રકારની ભાવવાહી પ્રાર્થના નિયમિતપણે ધીરજથી કરવાથી સદ્‌ગુરુ પ્રાપ્તિનો યોગ સુલભ થાય છે. શ્રી સર્વજ્ઞ ભગવાન 'સર્વ જીવનું કલ્યાણ થાઓ' એવા ભાવ બળવાનપણે કર્યા પછી જ સર્વજ્ઞપણું પામ્યા હતા. તેથી સર્વ જીવો જ્યાં સુધી સન્માર્ગે ન વળે ત્યાં સુધી આ ભાવ અધૂરા રહ્યા ગણાય. તેથી સર્વ જીવની કલ્યાણ વાંછતી શુભ ભાવનાના પરમાણુઓ આ જગતમાં ફરતા રહે છે. જ્યારે ભક્તજન પ્રાર્થના કરે છે ત્યારે તે કલ્યાણભાવના પરમાણુઓ આ પ્રાર્થનામાં ભળી જાય છે, અને તેથી જીવની અંતરાયો તૂટે છે. અંતરાય તૂટવાથી તથા શુભબંધ દ્વારા જીવની પાત્રતા તૈયાર થવાથી તે જીવને શ્રી સદ્‌ગુરુનો યોગ થાય છે. અને અતિ કઠિન જણાતું સદ્‌ગુરુપ્રાપ્તિનું કાર્ય સાવ સુલભતાએ પાર પડે છે. કદાચિત્ બળવાન કર્મોદયના કારણે પ્રાપ્તિમાં વિલંબ થાય તો ધીરજ, વિવેક, સમતા આદિ ગુણો વધારતા રહી પ્રાર્થના ચાલુ રાખવાથી કેવું સુંદર ફળ મળે છે તે ઉદાહરણ સાથે સમજીએ.

એક બાળક પોતાની માતા પાસે સવિનય માગણી કોઈ વસ્તુ માટે કરે છે. માતા તે બાબત પર ધ્યાન આપ્યા વિના પોતાના કાર્યમાં રત રહે છે. થોડા સમય પછી બાળક એ જ શ્રદ્ધા તથા શાંતિ અને ધીરજથી પોતાની માગણી ફરીથી કરે છે. માતા દાદ આપતી નથી, છતાં બાળક ધીરજ ગુમાવ્યા વિના શાંતિ અને શ્રદ્ધાપૂર્વક વારંવાર વિનંતિ કરતું રહે છે. પરિણામે માતા બાળકના ગુણોથી પ્રભાવિત થઈને બેત્રણ દિવસમાં જ બાળકની ઈચ્છા પૂરી કરે છે. આ દરમ્યાન માતાને બાળક

પ્રતિ ઘણો પ્રેમભાવ વધ્યો હોય છે, કારણ કે બાળકના સદ્‌ગુણો તેને રસતરબોળ બનાવે છે. જો એ જ બાળક, એ જ ચીજની માગણી તેની માતા સમક્ષ અયોગ્ય રીતે મૂકતું હોય એટલે કે તે બાળક રડીને, જીદ કરીને, કજીયા કરીને, જમીન પર આળોટીને વસ્તુની માગણી કરતું હોય તો માતા તેના પર અકળાઈ જાય છે. માતા તેને શિક્ષા કરે છે, વઢે છે, અને જીદ પૂરી ન કરવાના હેતુથી તે વસ્તુથી બાળકને વંચિત રાખે છે. અયોગ્ય માર્ગ ગ્રહણ કરવાને લીધે બાળક ઈચ્છિત વસ્તુ પામી શકતું નથી અને માતાના પ્રેમની ખોટ વધારામાં અનુભવવી પડે છે. તેની સામે બાળક યોગ્ય અને વિવેકી માર્ગ અપનાવે તો ઈચ્છિત વસ્તુ અને માતાના પ્રેમની વૃદ્ધિ એમ બંને પામે છે. સારાંશ કે સાધન અને સાધ્ય બંનેની શુદ્ધિ આવશ્યક જોઈએ. આ જ પ્રાર્થકને પણ લાગુ પડે છે. પ્રાર્થક સર્વજ્ઞ પ્રભુનું સંતાન છે. તે સંતાન પ્રેમ, શ્રદ્ધા, ધીરજ, વિનય, વિવેક સાથે શ્રી સર્વજ્ઞ વિભુને પ્રાર્થે તો પ્રત્યેક પ્રાર્થના વખતે કોઈ ને કોઈ ગુણની વર્ધમાનતા અમુક અંશે તો મેળવે જ છે.

જિજ્ઞાસુ આત્મા વિવેકી બની, ધીરજ કેળવી, શાંતભાવથી શ્રી પ્રભુને પ્રાર્થના કરે છે ત્યારે તેને શ્રી સત્પુરુષનો યોગ થાય છે. તેમની પાસેથી તે જિજ્ઞાસુને આત્મશુદ્ધિ કરવા માટે માર્ગદર્શન મળતું જાય છે. તે અનુસાર તે જીવ આરાધન કરતો રહે છે. આ પ્રવૃત્તિ કરતાં કરતાં, સમકિત પ્રાપ્તિમાં વિઘ્નરૂપ અંતરાય કર્મનાં ક્ષય અર્થે તથા સદ્‌ગુણોની ખીલવણી અર્થે, તે શ્રી સદ્‌ગુરુના સૂચન અનુસાર આ જાતની પ્રાર્થના શ્રી પ્રભુને કરી શકે છે :—

"હે સર્વજ્ઞ ભગવાન! આપને આ બાળકના સવિનય કોટિ કોટિ વંદન હોજો. આપ પ્રભુ સર્વ જીવોનું કલ્યાણ ઈચ્છી, અનેક જીવોનું કલ્યાણ કરી, સિદ્ધભૂમિમાં બિરાજમાન થયા છો. સહુ જીવોના કલ્યાણની આપની ભાવનામાં મારો પણ સમાવેશ થયો, તે માટે હું

આપનો આભાર માનું છું. આપે કરેલી આ કૃપાના કારણે જ મારામાં કલ્યાણ મેળવવાના ભાવ જાગ્યા છે. અને આપની કૃપાથી સદ્ગુરુનો પ્રત્યક્ષ યોગ મને સાંપડ્યો છે. તે માટે આપનો જેટલો ઉપકાર માનું તેટલો ઓછો છે. હે પ્રભુ! મારા પર એવી વિશેષ કૃપા કરો કે મળેલા યોગનો હું યથાર્થ લાભ લઈ શકું. પ્રત્યક્ષ યોગને પ્રમાણિત કરી, ગુરુજીના દાખવેલા માર્ગે ચાલી, ભક્તિ કરવા કટિબદ્ધ થઈ શકું. આપની કૃપાથી જે સુંદર યોગ મને મળ્યો છે, તેનો વિશેષ વિશેષ લાભ લઈ મારા દોષો ટાળી શકું અને તેનાથી ઉત્પન્ન થતા વિઘ્નો ક્ષય કરી શકું. પ્રભુજી! મારા પૂર્વકાલીન દોષો તથા અંતરાયોની આપની સાક્ષીએ ક્ષમા માગું છું. એ સર્વ અશુભનો નાશ કરવા માટે મને સતત સાથ આપશો. આપશ્રી મને સત્પુરુષની કૃપાને પાત્ર તથા તેમના અંતરંગ સ્વરૂપને પામી શકું એવો બનાવશો, એ વિનંતિ સાથે આપને ખૂબ ભાવપૂર્વક સવિનય વંદન કરું છું."

ૐ શાંતિ.

અહીં દર્શાવ્યા સમાન ભાવથી ભરેલી પ્રાર્થના જે મુમુક્ષુ જીવ નિયમિત રીતે કરે તો તેનામાં શાંતિ, દયા, ધીરજ, ક્ષમા આદિ ગુણો ક્રમે ક્રમે ખીલતા જાય છે; તે સત્પુરુષના આશ્રયે અને માર્ગ-દર્શન સાથે સમકિત પ્રાપ્ત કરવા ભાગ્યશાળી થાય છે. જેમ જેમ મોહ તૂટતો જાય છે તેમ તેમ ગુણો વિશેષતાએ ખીલતા જાય છે. તેથી વિશેષ ભાવના ઊંડાણવાળી પ્રાર્થના કરવાની શક્તિ તથા ભક્તિ જાગે છે. મોહનીય કર્મ હળવું બનતાં પ્રભુનાં દર્શન કરવાની, મોક્ષમાર્ગ વિશે યોગ્ય સમજણ મેળવવાની ઝંખના તેને થાય છે. પરંતુ તે કેમ કરવું તેની સ્પષ્ટતા તેને લાગતી નથી. સમજણનો અભાવ તેને મહેસૂસ થાય છે. ત્યારે તેને ખ્યાલ આવે છે કે જ્ઞાનાવરણ કર્મે તેને પીડા પહોંચાડી રહ્યું છે. આ કર્મ તોડવા શ્રી સદ્ગુરુના આશ્રયે શ્રી સર્વજ્ઞ

પ્રભુને પ્રાર્થના કરી સુવિધા પામી શકે. તે વિનવી શકે કે :—

"શ્રી સર્વજ્ઞ વીતરાગ ભગવંત ! આપે મારા પર કરેલા અનંતાનંત ઉપકારને અભિનંદુ છું. આપની કૃપા અને સતત અનુભવવા મળે તેવી વિનંતિ કરું છું. આપ પ્રભુ સર્વ પદાર્થને યથાર્થપણે જાણો છો; સર્વ ઈચ્છુક જીવોમાં એ શક્તિ પ્રગટ થાય તેવા શુભાશયથી આપે ઝળહળતો મોક્ષમાર્ગ કોઈ પણ પ્રકારના બદલાની આશા વિના પ્રકાશ્યો છે. તે મોક્ષમાર્ગને સમુચિતપણે હું જાણી શકું, તેનો ઉપયોગ કરી આત્માની પવિત્રતાને પૂર્ણતા સુધી પહોંચાડી શકું એવી ભાવના સિદ્ધ કરવા હું ઈચ્છું છું. આ સિદ્ધિમાં, પૂર્વ કાળે અણસમજમાં બાંધેલા આવરણો મને વિઘ્નરૂપ થાય છે. તે કરેલાં સર્વ દોષો તથા આવરણો માટે આપની સાક્ષીએ પશ્ચાત્તાપપૂર્વક ક્ષમા માગું છું. આપ સમર્થ પ્રભુ મારાં આવરણો તોડવામાં તથા પર પદાર્થોના ભોગવટામાં રહેલી સુખબુદ્ધિ ઘટાડવામાં કરુણા કરી મને સાથ આપો. આપની એ અસીમ કૃપાથી મારાં જ્ઞાન તથા સમજણ દિન પ્રતિદિન વધતાં જશે અને હું યથાર્થ રીતે મોક્ષમાર્ગનું આરાધન કરવા ભાગ્યશાળી થઈ શકીશ. જેના ફળ રૂપે આપની જેમ અતૂટ અને અપાર પરમાનંદ તથા સુખ સ્વામી થવા હું સમર્થ બની શકીશ. આપે કરેલા અને ભાવિમાં કરવાના ગુણનો સ્વીકાર કરી, ખૂબ ભાવથી વંદન કરું છું."

ૐ શાંતિ

કેટલીકવાર એવું બને છે કે જીવ શ્રી સદ્ગુરુ આજ્ઞાએ આરાધન કરે છે ત્યારે ગુરુજી શિષ્યને સમજણ અર્થે શાસ્ત્રાધ્યયન, અમુક પદો કે વચનો મુખપાઠ કરવા જણાવે છે. તે પાછળ ગુરુનો આશય એવો હોય છે કે માર્ગની સમજણ વધારવા માટે શ્રી સત્પુરુષોના વચનો, પદોનું અધ્યયન ઉપકારી થાય છે. ઉપરાંત

પ્રાર્થના

વિશેષ ઉપકારી થાય તેવાં ગદ્યખંડો કે પદ્યપંક્તિઓ કંઠસ્થ કરવાથી તકના સમયે તે સ્મૃતિમાં આવી યોગ્ય વર્તન કરવા માટે મદદરૂપ થઈ પડે છે. આ આશયને લક્ષમાં લઈ શિષ્ય જ્યારે અધ્યયન કરે છે ત્યારે ઘણીવાર તેને એવો અનુભવ થાય છે કે એ વચનોના લક્ષ્યાર્થ કે ગૂઢાર્થ સમજવવા છતાંય યથાર્થ સમજાય નહિ, કદાચ એ વખતે સમજાય પણ ફરીથી વાંચે ત્યારે ભૂલાઈ ગયું હોય, પ્રિય પદ્યપંક્તિઓ કે સુવચનો કંઠસ્થ કરવા પ્રયત્ન કરે છતાં તે સર્વ વારંવાર સ્મૃતિમાંથી સરી જાય, ગુરુજનો બોધ સાંભળે ત્યારે ખૂબ અસર થાય અને તેને સ્મૃતિમાં ધારી રાખવા પ્રયત્નશીલ થવા છતાં થોડા જ કલાકોમાં વિસ્મૃતિનું વાદળું ફરી વળે, એટલું જ સ્મૃતિમાં રહે કે જે સત્સંગમાં મેં સાંભળ્યું હતું તે ખૂબ ઉપયોગી હતું, ..... આવું આવું અનેકવાર બને ત્યારે એ જીવને ખૂબ ખિન્નતા અને ગ્લાનિ અનુભવવા પડે છે, કારણ કે ઈચ્છિત અને ઉપયોગીનો વિયોગ વેદવો પડે છે. કેટલીકવાર જિજ્ઞાસુને એવો અનુભવ પણ થાય છે કે સુંદર બોધ સાંભળે ત્યારે તે ખૂબ આનંદ વેદે, તેને લાગે કે મને બધું સમજાય છે, સ્મૃતિમાં પણ ધારાયું છે; તેની સાતા પણ વેદે. આમ છતાં અન્ય પાત્ર જીવ પાસે તેની અભિવ્યક્તિ કરવા જાય ત્યારે અનુભવાય કે પોતે લીધેલી સમજણ એ પાત્ર જીવ સમક્ષ યોગ્ય રીતે રજૂ થતી નથી. પરિણામે પાત્ર જીવને આત્માર્થે આનંદ આપી પોતાનો આનંદ બેવડાવવાની તેની તમન્ના છિન્ન-ભિન્ન થઈ જાય છે અને તે ગ્લાનિની અનુભૂતિમાં સરી પડે છે. આવી વિવિધ રીતે વેદવી પડતી જ્ઞાન સંબંધી અનેક મર્યાદાઓ (જેમકે સત્પુરુષોનાં વચનોના ગૂઢાર્થ સમજવાની ઈચ્છા હોવા છતાં ક્યારેક વાચ્યાર્થ પણ ન પકડાય; વાચ્યાર્થ મળે તો ગૂઢાર્થ ન સમજાય; કોઈ ગૂઢાર્થ સમજાવે ત્યારે લાગે કે સમજાયું છે, પણ

તેની સ્મૃતિ ન રહે; કદાચિત સ્મૃતિ રહે અને બીજા સમક્ષ પ્રગટ કરવા જાય ત્યારે નિષ્ફળતા સાંપડે; યોગ્ય પદ્યપંક્તિઓ કે સુવાક્યનો કંઠસ્થ કરવાની ઇચ્છા હોવા છતાં, વારંવાર પ્રયત્ન કર્યા પછી પણ સ્મૃતિગ્રસ્ત ન થાય; અતિ પ્રયત્ને કંઠસ્થ થાય તો થોડા જ કાળમાં ફરીથી વિસ્મૃત થઈ જાય વગેરે વગેરે.) આરાધક જીવને આવા પ્રસં-ગમાં અંતરવેદના આપે છે, મુંઝવણમાં ડૂબાડે છે અને તેના ઉત્સાહને તોડવામાં સાથ આપે છે. જ્યારે આ પરિસ્થિતિ માટે વિચારણા કરીએ છીએ ત્યારે સમજાય છે કે આ બધો ઉત્પાત જીવે બાંધેલા જ્ઞાનાવરણીય કર્મને આભારી છે. પરપદાર્થમાં સુખબુદ્ધિ કેળવી જીવ જ્ઞાનની અશાતના કરે છે ત્યારે આ કર્મની જાળમાં ફસાઈ ઉપર વર્ણવેલા કોઈ ને કોઈ સ્થિતિમાં જકડાઈ જાય છે. પ્રત્યેક જીવને એક યા બીજી અવસ્થાએ આ અજ્ઞાન પરિષહ સમભાવથી વેઠવાનો તથા તેનો જય કરવાનો પુરુષાર્થ કરવો પડે છે. વાંચન, મનન, ચિંતન, નિદિધ્યાસન વગેરે પરિષહ જયના સાધનો સાથે શ્રી પ્રભુને કરેલી પ્રાર્થના એ પણ બળવાન સાધન છે. આવી ભીડ સર્જાય ત્યારે જિજ્ઞાસુ શ્રી પ્રભુને આ પ્રમાણે પ્રાર્થી શકે:-

"શ્રી સર્વજ્ઞ વીતરાગ! આપ પ્રભુ સર્વ તત્ત્વની સમય સમયની ત્રિકાલિક વાત જાણી રહ્યા છો. આપનું એ નિરાવરણ જ્ઞાન મારામાં આપના પ્રતિ ખૂબ અહોભાવ પ્રગટાવે છે. તેના અનુસંધાનમાં મારો વિચાર આવે છે કે આપનાં કંઈક બોધવચનો મને સમજાતાં નથી, સમજાય છે તો ઉત્તમ રહસ્યાર્થ પકડાતો નથી, કદાચિત કોઈ વાક્યાર્થ સહ રહસ્યાર્થ સમજાવે તો તેની સ્મૃતિ રહેતી નથી, સ્મૃતિ રહે તો ઝાંખી હોય છે, વળી એ રહસ્ય ખોલી અન્ય સાથે આનંદ માણી શકાતો નથી; આમ અનેક પ્રકારની મારી જ્ઞાનની અપૂર્ણતા મને, આપના જ્ઞાનના

સંપૂર્ણપણા પ્રતિ આશ્ચર્ય મીટ મંડાવે છે. આપના જેવી નિરાવરણ સ્થિતિ મેળવવાની મારી ઉત્સુકતા વધતી જાય છે. પરિણામે ભૂતકાળમાં જે જે અ-શુભ ભાવ તથા વર્તન કરી આવરણવાળી સ્થિતિ મેં ઊભી કરી છે તેના માટે પશ્ચાત્તાપનો દરિયો ઘૂઘવવા લાગ્યો છે. પશ્ચાત્તાપના પુનિત વહેણમાં સ્નાન કરી, વિશુદ્ધ બની હું આપના બોધવચનોનો રહસ્યાર્થ સહિત વિશાળ-તાથી અર્થ સમજવા તથા સમજાવવા ભાગ્યશાળી બની, મારી જ્ઞાનપિપાસા છીપાવી શકું એવી કૃપા મારા પર વરસાવો. મારી સ્મૃતિ એટલી બળવાન કરો કે કોઈ અયોગ્ય ભાવ કે પ્રવૃત્તિ પ્રતિ મારો જીવ ખેંચાય ત્યારે આપના અનુપમ બોધવચનો મને સાચો આધાર આપી વિપરિણામથી મને બચાવી લે. આપની કૃપાના અવિરત ધોધમાં મહાલવાના અભિલાષ સાથે, નિર્મળ જ્ઞાનભરિત આપને અવિનય વંદન કરી કૃતાર્થતા અનુભવું છું."

ૐ શાંતિ.

અહીં વ્યક્ત કરેલા ભાવાનુસાર શ્રી જિનેશ્વર પ્રભુને જો નિયમિત પ્રાર્થવામાં આવે તો કાળાનુક્રમે તે જીવનાં આવરણો તૂટે અને તેને બોધ પ્રાપ્તિ, બોધની અર્થપ્રાપ્તિ, તેની સ્મૃતિ વગેરે વધતાં જાય. મળેલા બોધનું દૃઢત્વ થાય, આરાધન વધારવા માટે પ્રેરણારૂપ થાય, વિશુદ્ધિ પામવા માટે ઉત્સાહીત થવાય તે પ્રકારનાં દર્શનનો લાભ મળતો હોય તો સોનામાં સુગંધ ભળવા જેવું થાય. શ્રી જિનેશ્વર પ્રભુનાં, સિદ્ધ ભગવાનનાં, જિન મંદિરના, સદ્ગુરુના, આત્માના પ્રતિકરૂપ પ્રકાશનાં, ઉજ્જ્વળ રત્નોનાં, વગેરે શુભ તત્ત્વોનાં ભાસમાં દર્શન થાય તો આત્મામાં શાંતિ તથા શીત-ળતા રેલાય છે, એટલું જ નહિ પણ પોતે આદરેલા પુરુષાર્થને શ્રી ગુરુએ તથા શ્રી જિનપ્રભુએ સ્વીકાર્યો છે તેવી પ્રતીતિ પણ આવે છે; તે પ્રતીતિ તેના પુરુષાર્થને વેગવાન કરવામાં સાથ આપે છે. દર્શનાવરણ કર્મ જ્યારે ઉદયમાં હોય છે ત્યારે આરાધક આ પ્રકારના દર્શનલાભથી વંચિત બને છે. કદાપિ દર્શન થાય તો તે અત્યંત ઝાંખા હોય છે, જેની સ્મૃતિ

રહેવી કઠણ પડે છે. આવા શુભ દર્શનોથી વંચિત કરનાર પીડાકારી દર્શનાવરણ કર્મને હળવું કરવા જીવે પ્રયત્નવાન થવું જોઈએ. તે કર્મથી અકળામણ પામતો જીવ શ્રી સદ્‌ગુરુ આશ્રયે શ્રી પ્રભુને વિનવી શકે કે:-

"હે નીરાગી ભગવંત ! આપના સહજ શુદ્ધ નીરાગીપણાને મારા કોટિ કોટિ વંદન હો. પૂર્ણ વીતરાગપણું કેળવીને આપ પ્રભુ સમસ્ત લોકાલોકનું પ્રત્યક્ષ દર્શન સમયે સમયે કરી રહ્યા છો. આપના અનંત દર્શનને ધન્ય છે. આપની સરખામણીમાં મારી દૃષ્ટિ અત્યંત મર્યાદિત છે, તેનું કારણ મારું સરાગપણું છે. મારી રાગવૃત્તિ જગતના પદાર્થોમાં રહ્યા કરે છે, અને તે વૃત્તિને પોષવા મારાથી જે કોઈ પ્રવૃત્તિ થાય છે તેમાં એક થી પાંચ ઈન્દ્રિય સુધીનાં જીવો મારાથી દુભાય છે, કંઈકની મારાથી હિંસા થઈ જાય છે, અને મારો આત્મા દર્શનાવરણ કર્મના પંજામાં ભીડાય છે. આ પ્રકારની પ્રવૃત્તિથી થતાં બંધન મને આપના પવિત્ર દર્શનથી વિમુખ રાખે છે; એનું ભાન મને પશ્ચાત્તાપની જ્વાળામાં ખેંચી જાય છે. મારામાં ઉત્પન્ન થયેલી આ જ્વાળા મારી રાગવૃત્તિને, તેનાથી જન્મતી અશુભ પ્રવૃત્તિઓને બાળી નાખે એવી આપ સમર્થ પ્રભુ કૃપા કરો. હવેથી જગત પ્રતિની મારી લાલસા તૂટતી જાય, મારાથી કોઈને કષ્ટ પહોંચે નહિ એવું નિર્દોષ વર્તન મને પ્રાપ્ત થાય, અને શ્રી સત્પુરુષના આશ્રયે પરમાર્થ માર્ગમાં સતત આગળ વધતો રહું એવી અંતઃકરણથી પ્રાર્થના કરી, અત્યંત વિનમ્રતાથી આપને વંદન કરું છું."

ૐ શાંતિ.

કેટલીક વખત એવું બને છે કે સત્સંગના યોગથી અથવા સત્પુરુષના સાન્નિધ્યમાં રહીને જીવની સન્માર્ગમાં સમજણ વધે છે, તેના પરમાર્થ ભણીના નિર્ણયો બળવાન થાય છે, એ રસમાં તરબોળ રહેવાના ભાવ દૃઢ થાય છે, અને કર્મનો એવો જોરદાર ઝપાટો લાગે છે કે તે જીવ આ સુયોગથી ફેંકાઈ જાય છે. તેવે વખતે સત્સંગ અને સત્પુરુષનો વિયોગ

પ્રાર્થના

તેને અકળાવે છે, બેચેન બનાવે છે; આ સ્થિતિમાં આર્તધ્યાનમાં સરી ન પડાય તથા ઉદિત થયેલા વિપરીત સંજોગોથી જલદીથી છૂટી જવાય તેવા હેતુથી જીવ પ્રાર્થનાનો આશ્રય લઈ સ્થિરતા મેળવી શકે છે. ઘણી વખત પ્રત્યક્ષ સત્સંગના યોગનો આનંદ જીવને એવો અવર્ણનીય લાગે છે કે તેનાથી કદાપિ વિમુખ ન થવું પડે તો સારું એવા ભાવનું ઘુંટણ તેને આવે છે. તે હેતુ પૂર્ણ કરવા શ્રી પ્રભુને પ્રાર્થી શકાય કે :—

"હે ભગવંત! અત્યાર સુધીમાં આપે મારા પર અનેક ઉપકાર કર્યા છે તે માટે હું આપનો ખૂબ આભાર માનું છું. આપની જ કૃપાથી સંસાર પાર કરવાની મહેચ્છા મારામાં ઉદ્ભવી છે, સત્પુરુષ તથા સત્સંગનાં માહાત્મ્ય મને સમજાયાં છે, મળેલો મનુષ્ય જન્મ સફળ કરવાનો નિર્ણય થયો છે અને તે અર્થે આરાધન કરવાની તત્પરતા મારામાં જાગી છે. તે સર્વ ઉપકારાર્થે વંદન કરું છું અને આપને વિનંતિ કરું છું કે મને સત્પુરુષ તથા તેમના સત્સંગનો લાભ નિરંતર મળ્યા કરશે, તેમના થકી થતા અગમ્ય લાભનો અહોભાવ મને સદાય વર્તશે. એ સત્સંગમાં વસી મારા સર્વ દોષો હું ટાળતો રહું, મોક્ષમાર્ગની ઝીણવટભરી ખૂબીઓ હું અવલોકતો રહું એ ભાવના પૂર્ણ કરશે. આ અભિલાષા સાકાર થવામાં મારાં પૂર્વનાં જે જે કર્મો, અંતરાયો, મોહ, વિપરિતાચરણો વિઘ્નરૂપ થતાં હોય તે સર્વની આપની સાક્ષીએ પશ્ચાત્તાપપૂર્વક ક્ષમા માગું છું. મારાં તે પાપ નિષ્ફળ થાઓ. તે સર્વ વિઘ્નકર્તા દોષોથી મને બચાવો, સત્સંગરૂપી પરમ સૌભાગ્ય મને તથા સહુ આત્માર્થી જીવોને મળતું રહો એવી સદ્બુદ્ધિ સાથે આપને પરમ શ્રદ્ધાથી વંદન કરું છું. મારા વંદન સ્વીકારશો."

ૐ શાંતિઃ

આમ જરૂરિયાત પ્રમાણે વિવિધ કર્મોને ટાળવામાં સહાય-રૂપ થાય તેવી પ્રાર્થના કરતા રહેવાથી અનેકવિધ લાભ થાય છે.

પ્રાર્થના દરમ્યાન મન શુભભાવમાં રોકાતું હોવાથી અશુભ કર્મોનો આશ્રવ રોકાય છે. ક્ષમાપના કરવાથી એકત્રિત થયેલો કર્મનો જથ્થો હણાય છે અને ક્રમે કરી તે જીવ સમ્યક્દર્શન પ્રાપ્ત કરવા ભાગ્યશાળી થાય છે. તેને લગતી સમજણ તથા પ્રતીતિ શ્રી ગુરુ પાસેથી મળતાં વધારે આગળ વધવા તે જીવ ઉત્સાહિત થાય છે. શ્રી ગુરુના માર્ગદર્શન નીચે તે પોતાનો ક્ષાયિક સમકિત મેળવવાનો પુરુષાર્થ આદરે છે. અને ગુરુની દોરવણી અનુસાર લગાતાર આ પ્રકારની પ્રાર્થના, અન્ય ઉપાયો કરવા સાથે, તે આડાં આવતાં કર્મોને હઠાવવા કરતો રહે છે :—

"અહો! શ્રી વીતરાગ પ્રભુ! મોહસ્વયંભૂરમણ સમુદ્ર તરીને પાર કરતાં સિદ્ધ થયેલા પરમ વીતરાગતાને મારા સવિનય વંદન હો. આપ આ વીતરાગતા સહિત મારા હૃદયમાં બિરાજમાન હો. મારા હૈયામાં વસો, આપની વીતરાગતાને ફેલાવી મારા કર્મોનો નાશ કરવામાં મને સાથ આપો. કર્મનો ક્ષય કરવાનો પુરુષાર્થ કરતાં મને સમજાય છે કે એક બાજુ બળ કરી એક કર્મને કાઢવા જાઉં છું ત્યાં બીજી બાજુથી બીજું કર્મ ચુપકીદીથી પ્રવેશી જાય છે. અને જ્યાં નવાં આવતાં કર્મોને રોકવા જાઉં છું ત્યાં પૂર્વે સંચિત કરેલાં કર્મો મને પીડા આપતાં જરા પણ અચકાતાં નથી. આવી કર્મોથી ઘેરાયેલી અવસ્થામાં મને આપનો એકનો જ આધાર છે. સર્વ કર્મોનો ક્ષય કરવામાં આપે કેવું બળવાન પરાક્રમ દાખવ્યું છે તેનું ભાન મારી પામરતા ટાળવા માટે મને ખૂબ ઉત્સાહિત કરે છે. એથી જ આપની પાસે વીતરાગતાનું દાન માગું છું. એ વીતરાગતાના અંશો મેળવી હું મારા અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ તથા દર્શનમોહની ત્રણે પ્રકૃતિ ક્ષય કરવા ઈચ્છું છું. આપ સદૈવ મારા હૃદયપ્રદેશમાં સદાકાળ બિરાજો, મને પ્રેરણા આપો, આપની નિસ્પૃહતા ગ્રહણ કરી શકવા ભાગ્યશાળી બનાવો, જેના ફળરૂપે મારાં અનંતાનુબંધી કષાય અને મિથ્યાત્વ નાશ પામી જાય. વિઘ્નરૂપ બનતાં મારા સર્વ દોષોની આપની સાક્ષીએ

ક્ષમા માગું છું. આ પ્રકારના દોષો મારાથી ભવિષ્યમાં ન થાય તે માટે પ્રેરણા તથા શક્તિ માગી આપને ખૂબ ભાવથી વંદન કરું છું."

ૐ શાંતિ:

પ્રાર્થના, સત્સંગ, ધ્યાન, મનન, ચિંતન વગેરે સદુપાયો કરતાં કરતાં જીવથી ક્ષાયિક સમકિત લેવાનું પરાક્રમ થઈ જાય છે. તેમાં શ્રી સદ્‌ગુરુનો સાથ અને પ્રેરણા અવિસ્મરણીય છે. એ સાથ અને પ્રેરણા ઝીલવાની ભાવના તથા બોધાનુસાર વર્તવાનું નિશ્ચયબળ એ જીવનાં પોતાનાં છે. તે પાત્રતા વિના સદ્‌ગુરુનાં સાથ અને સહકાર કાર્યકારી થતાં નથી. તેથી પોતાની વિશુદ્ધિ કરવાની ભાવના અને પાત્રતા દિન પ્રતિદિન વધતાં રહે તેવી ભાવના જીવે વારંવાર કરવી ઘટે છે. ખીલતી પાત્રતાને આધારે પ્રાર્થનામાં વૈવિધ્ય પ્રસરે છે. એ વખતે જીવને સમજાય છે કે પોતાનું આત્યંતિક બૂરું કરવામાં મુખ્ય ફાળો સ્વચ્છંદનો છે, જેને વશ તે અનાદિકાળથી રહેતો આવ્યો છે. પોતે પોતાની મેળે જે મારાતારાપણા વિશે નિર્ણયો કર્યા છે અને તેને જ અનુસરીને જે બેફામ વર્તન ચલાવ્યું છે તે સ્વચ્છંદ છે. આ સ્વચ્છંદને કારણે જીવને અનંતાનંત કર્મો બંધાયા છે, તાત્પર્ય કે સંસાર સંચાલનનો મુખ્ય પાયો જ સ્વચ્છંદ છે. તેથી સંસારક્ષયની ઈચ્છા સેવનારે સ્વચ્છંદને ત્વરાથી દબાવવો જોઈએ, તોડવો જોઈએ. વિચારકને શ્રી સદ્‌ગુરુના પ્રસાદથી સમજાય છે કે સ્વચ્છંદ એ મનના વિભાવ ભાવોનું પરિણામ છે, તેથી મનને અંકુશમાં લેવાથી સ્વચ્છંદ સહજતાએ દબાય છે. આ સમજણને આધારે તે ઈચ્છે છે કે નિરંકુશ એવા મારા મનનો શ્રી સદ્‌ગુરુ અંકુશ લે તો સારું. સ્વચ્છંદથી છૂટી હળવાશનો સુંદર અનુભવ લેવા તે શ્રી પ્રભુને પ્રાર્થે છે કે:—

"પરમ શાંતરસમાં નિમગ્ન રહેનાર શ્રી પ્રભુ! આપને પ્રાપ્ત થયેલી અપાર શાંતિને અહોભાવથી વંદન કરું છું.

મન, વચન તથા કાયામાં મારાપણાનો અભાવ થવાથી આપને સર્વ-કાલીન અપાર શાંતિનો પ્રસાદ પ્રાપ્ત થયો છે, તેવી સમજણ મને શ્રી સદ્ગુરુની કૃપાથી લાધી છે. તેવી શાંતિ માણવાની અભિલાષા મને પણ જાગી છે. મારા મનમાં ચાલતા વિવિધ તોફાનોના કારણે ડહોળાયેલી શાંતિનો અનુભવ મને નિશદિન થયા કરે છે. મારા આ અશાંત મનને શાંત કરવા, તેમાંથી મારા-પણાંનો ભાવ મૂકવા હું આપના શરણે આવ્યો છું. મન, વચન અને કાયામાંથી મારા-પણું મૂકવા બળ આપો. મન, વચન તથા કાયાનાં સ્વચ્છંદી પ્રવર્તન કરવાથી હું મુક્ત થાઉં અને શ્રી ગુરુજીના બતાવેલા માર્ગે યથાર્થ ચાલી શકું એવી કૃપા મને પ્રાપ્ત થાઓ. આપની સતત વરસતી કૃપાને ઝીલી તેનો સદુપયોગ કરી શકું એવી પાત્રતા મને આપો. પ્રગટાવેલી અપાત્રતા દૂર કરવામાં જે જે નિમિત્ત સહાયક છે તેના આશ્રિત રહી, અપાત્રતાને સાથ આપનાર સર્વ પાપકર્મની આપની સાક્ષીએ પશ્ચાત્તાપપૂર્વક ક્ષમા માગું છું. મારાં તે પાપકર્મ નિવૃત્ત થાઓ અને આપની કૃપાથી મારી યોગ્યતા સદાય વર્ધની રહો એ ભાવ સાથે આપને સવિનય વંદન કરું છું."

ૐ શાંતિ

સ્વચ્છંદ નિરોધ થવાથી મન, વચન તથા કાયા સાથેનું અભિન્નપણું પ્રગટતું જાય છે. અને એક કાળે જીવ મન, વચન, કાયા સાથેનું એકત્વ-મમત્વ ત્યાગી શ્રી સદ્ગુરુના શરણમાં પૂર્ણતયા આવ્યો જાય છે. એ કાળ પછીથી તેનામાં વિશેષતાએ ગુરુની આજ્ઞાનું આધીનપણું આવે છે. શ્રદ્ધાનાં મૂળ વિશેષ ઊંડા જાય છે. પરિણામે તેનું વર્તન શુદ્ધ ચારિત્રવાળું તથા ઘટતી મતિકલ્પનાવાળું થતું જતું હોવાથી નવાં કર્મોનો આસ્રવ ઓછો થતો જાય છે. પછી પણ જ્યારે જ્યારે મતિકલ્પના સહિત કે સ્વચ્છંદ સહિતનું વર્તન હોય ત્યારે ત્યારે

લેટલા પ્રમાણમાં કર્માસ્રવ થાય છે, બાકીના સમયમાં કર્મનાં સંવર તથા નિર્જરા તેને વર્તતાં હોય છે. તેથી આત્મા આ અવસ્થાએ વિશેષ હળવાશ તથા ઉલ્લાસનું વેદન કરે છે. આ પ્રમાણે પ્રક્રિયા થતી હોવાથી, ચોથા ગુણસ્થાન કરતાં પાંચમા ગુણસ્થાને કર્મબંધ ઓછા તથા કર્મનિર્જરા વિશેષ થાય છે, એ જ પ્રમાણે પાંચમા ગુણસ્થાન કરતાં છઠ્ઠા ગુણસ્થાને કર્મબંધ ઓછા તથા કર્મનિર્જરા વધારે થાય છે. કર્મનાં આવા હળવાપણાને કારણે તથા ગુરુને આધીનપણું કર્યું હોવાના કારણે જીવને સદ્‌ગુરુકૃપાથી મોક્ષમાર્ગ અને તેનાં રહસ્યોનું ઊંડાણ પ્રાપ્ત થાય છે. શાસ્ત્રોમાં સમાયેલા ભેદરહસ્યો તેની પાસે ખુલતાં જાય છે, અને તેમાંથી પ્રગટે છે પોતાને નડતાં કર્મોને તોડવાની ચાવી. એ ચાવીનો ઉપયોગ કરી તે પોતાનું જીવન તથા વર્તન સુધારતો જાય છે અને વિશેષ વિશેષ ઊંડાણભર્યાં રહસ્યો મેળવતો જાય છે. તે દ્વારા પ્રભુની આજ્ઞામાં વિશેષતાએ રહેતાં તે શીખી જાય છે. તેથી શુદ્ધાત્મા પ્રગટાવવાનું તથા તેની સાથે એકરૂપ થવાનું તેનું લક્ષ બળવાન થતું જાય છે. વારંવાર શ્રી ગુરુ તથા શ્રી પ્રભુના શુદ્ધાત્મા સાથે એકાકાર થવાના ભાવ ઘૂંટાય છે. જ્યાં સુધી આ ભાવનાની સિદ્ધિ થતી નથી, ત્યાં સુધી તે સિદ્ધિ મેળવવા માટે તેના હૃદયમાં પ્રાર્થના થયા કરે છે. કર્મસંહારમાં સાથ મળે તેવી પ્રવૃત્તિ કરતાં તે પ્રાર્થે છે કે: —

"અનન્ય શરણના આપનાર શ્રી વીતરાગ દેવ! આપનામાં લોકાલોક પ્રકાશક જ્ઞાન સાથે રહેલી પૂર્ણ વીતરાગતાને ધન્ય છે. તે સાથે આપે પ્રગટાવેલ અનંતવીર્યનો વિચાર કરતાં સાનંદ અહોભાવથી આપના શરણમાં મારું મસ્તક નમી પડે છે. આપનાં એ જ્ઞાન, એ વીતરાગતા અને એ વીર્યને અનુભવવા માટે મારો આત્મા આતુર થઈ રહ્યો છે. આપની અવર્ણનીય કૃપાના અનુભવથી મારી માર્ગ સંબંધી સમજણ વધી છે, અને તેનો આનંદ વેદતાં વેદતાં એવા

ભાવ વર્ત્યા કરે છે કે આપનાં અનંત જ્ઞાનાદિને વેદવા માટે આપની સાથે ત્વરાથી એકરૂપ થઈ જઉં. મારા તારાના ભેદથી પર બની હું આપમાં સમાઈ જઉં. મારો આ અભિલાષ પૂર્ણ થવાનો જ છે એ શ્રદ્ધા આપના પ્રતિના મારા અહોભાવમાં અત્યંત વધારો કરે છે. આપની સાથે એકરૂપ થવાના ભાવનું ઘુંટણ કરતાં કરતાં આનંદમાં વૃદ્ધિ થયા જ કરે છે. એ આનંદને મૂર્તરૂપ કરવા આપ જલદીથી એકતા આપો, મારું નિર્વિચારપણું પ્રગટાવવામાં સહાય કરો. અનંતકાળથી જેની પ્રાપ્તિ થઈ નથી, તેની પ્રાપ્તિમાં કેવી અદ્‌ભુતતા સમાયેલી છે તે સમજણને સાક્ષાત્‌ અનુભવમાં લઈ જવાની સમર્થતા આપો. સર્વ પરભાવથી દૂર થઈ, સ્વમાં એકરૂપ બની - શુદ્ધસ્વરૂપમાં લીન થઈ, જગતસાથેનું સર્વ પ્રકારે અસંગ-પણું પ્રગટાવવામાં જે જે કર્મો તથા દોષો અંતરાયરૂપ તથા વિઘ્નરૂપ નીવડે તેમ છે તે સર્વની હૃદયના આરાધન સાથે ક્ષમા ઇચ્છી શુદ્ધ થવાના ભાવ કરું છું. આ શુભ કાર્યમાં અવશ્ય આપનો સાથ મળવાનો જ છે, આપ સાથેની એકતા પ્રગટવાની જ છે એ શ્રદ્ધા તથા અહોભાવથી આપને સવિનય વંદન કરું છું."

ૐ શાંતિ

અનાદિકાળથી જે જે નહોતું મળ્યું તેવું આત્મતત્ત્વ આ ભવમાં મળતું ગયું તેનો આનંદ માણતાં માણતાં, જે જે મેળવવાનું બાકી છે તેની માગણી પ્રાર્થના દ્વારા કરતા રહી, જીવ શુદ્ધિના માર્ગમાં વિકાસ કરતો રહે છે. જે જે શુભ તત્ત્વો મળ્યાં છે તે માટેનો ઉપકાર માનવાનું તે ચૂકતો નથી. સાથે સાથે પોતાને પ્રાપ્ત થયેલી વિશુદ્ધિને કારણે ભાવિનું સ્પષ્ટ ચિત્ર તાદૃશ કરી, તે દૃશ્યનો આનંદ માણતાં માણતાં, તે ચિત્રનું વાસ્તવિકરણ કરવા તે પ્રભુને આરજૂ કરતો રહે છે. આમ રમતાં રમતાં કર્મકટિ કરવાની આવડત

જીવમાં આવતી જાય છે. સાથે સાથે પ્રભુમાં એકરૂપ થવાનો મુખ્ય અનુભવ મળ્યા પછી એ અનવરત વૃદ્ધિ પામતાં, તેનાં વર્તમાન જીવનમાં તથા બાહ્ય જીવનમાં આનંદ છવાયેલો રહે છે. આ રીતે જીવ ગુણસ્થાન ક્રમમાં આગળ વધતો રહે છે. પ્રભુ સાથે એકાકાર થવાનો - નિર્વિચાર થવાનો અનુભવ વારંવાર કરતા રહેવાથી તેનો સંસારરસ તૂટતો જાય છે, સંસારી ભાવોથી તેનું અલિપ્તપણું વધતું જાય છે, ચારિત્રની ખીલવણી થતી જાય છે અને તેના દ્વારા શ્રેણિ માંડવાની તેની આંતરિક તૈયારીઓ વધતી જાય છે. શ્રી ગુરુના માર્ગદર્શનને કારણે તેને જાણપણું હોય છે કે બારમા ગુણસ્થાનના અંત સુધી શ્રી પ્રભુનું અવલંબન અનિવાર્ય છે. આ અવલંબનને ત્યાગી પોતાની રીતે વિશુદ્ધિ માટે જીવ પ્રયત્ન કરે તો પ્રવેશેલા સ્વચ્છંદને કારણે તે ક્ષપક શ્રેણિના સ્થાને ઉપશમ શ્રેણિના પગથિયાં ચડતો જાય છે, તેના અનિવાર્ય અંગરૂપે તે અગ્યારમા ગુણસ્થાન સુધી વિકાસ કરી અવશ્ય પતન પામે છે. છઠ્ઠા, ચોથા કે પહેલા ગુણસ્થાન સુધી તે નીચે ઉતરી આવે છે. નવાં કર્મબંધન વધવાને કારણે તેની સંસારવૃદ્ધિ થાય છે અને તેનાથી છૂટવા માટે ફરીથી બધો પરિશ્રમ ઉઠાવવો પડે છે. આવી બધી પુનરાવર્તનની જંજાળમાંથી પસાર થવું ન પડે તથા તેને સંસારનો સંગ લાંબા કાળ માટે વેઠવો ન પડે તે માટે, શ્રેણિ માંડ્યા પૂર્વેની અવસ્થામાં તે વિશિષ્ટ ભાવો કરતો રહે છે કે જેના ફળરૂપે, શ્રેણિમાં બારમા ગુણસ્થાનના અંત સુધી શ્રી પ્રભુનું અવલંબન એક સમય માટે પણ છોડવા જેટલું દુષ્કૃત્ય તેનાથી સંભવે નહિ, સતત આજ્ઞાધીન રહી સમગ્ર ઘાતીકર્મોનો ક્ષય કરી તેરમા ગુણસ્થાનને પ્રાપ્ત કરે. પોતે સેવેલા આ ધ્યેયને સિદ્ધ કરવા વિશુદ્ધિ પ્રતિ ડગ ભરતો ભરતો તે આત્મા લગભગ

આ પ્રકારના ભાવોમાં રમતો રહે છે :-

"જ્ઞાન, દર્શન, તથા ચારિત્ર સંયુક્ત શ્રી વીતરાગ દેવ! આપની અવર્ણનીય અવ્યાબાધ સ્થિતિને મારા સમય સમયના વંદન હો. આપની અનુપમેય વિશુદ્ધિ મારા હૃદયના અદ્ભુત આકર્ષણનો વિષય બની ચૂકેલ છે. એ વિશુદ્ધિને પાત્ર થવા તથા સંપૂર્ણતાએ પ્રાપ્ત કરવા હું આનંદ પુરુષાર્થી બન્યો છું. વર્તમાનની વિશુદ્ધિ સુધી આપે પ્રગતિ કરાવી તે કૃપા ઋણ સંબંધે સ્વીકારી આનંદથી ઉપકાર માનું છું અને ઉલ્લાસ સાથે કહું છું કે આપે કરાવેલા વિશુદ્ધિના પાનને કારણે જ હું આપની અલૌકિક સ્થિતિને માણવા અને અંશે માણવા ભાગ્યશાળી બન્યો છું. આ આંશિક સાહજિક એકતા સર્વ-કાલીન એકતામાં પરિવર્તિત થશે જ એવી ભૂતકાળના અનુભવથી દૃઢ થયેલી શ્રદ્ધા મારામાં પુરુષાર્થી થવા માટે પ્રબળ ઉત્સાહ પ્રેરી રહેલ છે. મારા આત્માને યથાયોગ્ય દોરવણી આપી, ક્ષપક શ્રેણિ તરફ વાળી આપ અને તમારી સાથેની પૂર્ણ એકતા સુધી લઈ જશો જ એ નિશ્ચય ભાવ આપ પ્રતિ અહોભાવથી મને ઝુકાવે છે. તે નિશ્ચય મારા વિચારને એ પ્રમાણે સ્થિર કરે છે કે આપની આ અપૂર્વ સહાયને કારણે પૂર્ણતા પામવાનો મારો અંતિમ પુરુષાર્થ એટલો ભવ્ય બનશે કે શ્રેણિ દરમ્યાન એક સમય માટે પણ મારો આત્મા પ્રમાદ કરી શકશે નહિ. પ્રત્યેક સમયે આત્મા વિશુદ્ધિ વધારતો વધારતો અંતસમયે આપ સાથે એકરૂપ બની જશે. પૂર્ણ વીતરાગતાની આ દશાએ પહોંચવામાં પૂર્વનાં જે જે દોષો, વિચારો, કાર્યો વગેરે અંતરાયરૂપ - વિઘ્નરૂપ બની શકે તેમ હોય તે તે સર્વની આપની, શ્રી અરિહંત ભગવંતની, શ્રી કેવળી પ્રભુની તથા શ્રી સર્વજ્ઞ સિદ્ધ પરમાત્માની સાક્ષીએ, અંતઃસ્થલના ઊંડાણ સુધી પશ્ચાત્તાપ કરીને ક્ષમા માગું છું. તે સર્વનો ક્ષય કરવામાં મને

સહાયરૂપ થઈ, મારા પુરુષાર્થને કાર્યાન્વિત કરો. એ સર્વ પૂર્વકર્મોની, ઉદીરણા કરાવી, એ પ્રકારે ભોગવટો કરાવો કે તેમાંના કોઈ અંતિમ પુરુષાર્થ રૂપે વિઘ્નરૂપ બની શકે નહિ. વળી, હવેનું મારું વર્તન આપની સહાયથી એવું નિર્મળ થશે કે શ્રેણીના કાળમાં વિઘ્નરૂપ થાય તેવું એક પણ નવું કર્મ બંધાય નહિ. અત્યાર સુધી આપની સાથે અનુભવેલી આંશિક એકતાની સ્મૃતિ એક ક્ષણ માટે પણ વિસરાય નહિ, એ અનુભવ પૂર્ણતા પામતા સુધી વધતો રહે અને તેમાં વિઘ્નકર્તા કોઈ પણ ભાવ કે પ્રવૃત્તિ મારાથી થાય નહિ, તેનો લક્ષ મને સતત આપશો. સકળ મંગળતા પ્રાપ્ત કરવા માટેના આશીર્વાદ માગું છું. સકળ પરિભ્રમણ દરમ્યાન સદ્ગુરુ સત્પુરુષોએ જે જે સાથ આપ્યો છે તેનો પરમ વિનયભાવથી ઉપકાર માનું છું. અને ગ્રહણ કરેલા એ અનન્ય ઋણની ચૂકવણી, પરમ નિસ્વાર્થ બુદ્ધિથી પાત્ર જીવોને કલ્યાણ માર્ગે વાળતાં કરી શકું એવી ભાવના અંતરંગમાં આકાર કરતાં કરતાં, આપનાં સર્વને અભય આપનાર નિર્દોષ અને નિષ્પાપી ચરણકમળમાં સર્વસ્વ ન્યોછાવર કરી સવિનય વંદન કરું છું."

ૐ શાંતિ

આત્મશુદ્ધિના માર્ગમાં આગળ વધ્યા પછી કેટલીક વાર પૂર્વે જે અગણિત ભૂલો સ્વચ્છંદથી કરી છે તેનું ભાન જીવને ખૂબ અકળાવે છે અને તે ભૂલો માટે પશ્ચાત્તાપનો ધોધ તેનામાં વહેવા લાગે છે, અને તે વખતે થોડા જુદા પ્રકારનાં ભાવ વ્યક્ત કરતી પ્રાર્થના તેનામાં સંસ્કરણ પામે છે. પૂર્વે જગત સાથે જે એકતા અનુભવી છે તેના પશ્ચાત્તાપ રૂપે પ્રભુ સાથેનું એકપણું અને જગત સાથેનું અલિપ્તપણું તેની ઝંખનાનો વિષય બને છે. તેથી જગતમાં લિપ્ત કરતા સર્વ પ્રકારના સંગને ત્યાગવાની તેની

ભાવના ઉત્કટતાએ પહોંચે છે. તેને અંતરફ પ્રભુનાં વીતરાગતા, સર્વજ્ઞપણું તથા સર્વદર્શીપણું કેવું ભવ્ય છે તેની સ્મૃતિ ફેલાયેલી લાગે છે. તેના અનુસંધાનમાં શ્રી પ્રભુને તે પ્રાર્થી ઊઠે છે કે :—

હે રત્નત્રયના ધારક વીતરાગ પ્રભુ! તમારા ત્રિકાલિક જ્ઞાનને મારા સમય સમયના વંદન હો. તમારું સમયે સમયનું નિર્વિઘ્ન અખંડ આત્મરમણ સમજવાનો અને માણવાનો મને યોગ આપો. એ યોગ મેળવવા માટે જગતના સર્વ પદાર્થોથી નિરભિલાષતા તથા અલિપ્તપણું માગું છું. પૂર્વનાં ભાવો તથા કૃત્યોના ફળરૂપે જે જે પુદ્‌ગલ પદાર્થોનો સંયોગ થયો છે, તે સર્વનું મૂકવણું કરી ત્વરાથી નિજઉપયોગમય દશામાં હું વર્તું એ જ ભાવના છે. કેવળજ્ઞાન, કેવળદર્શનને જે કર્મ આવરણ કરી રહ્યાં છે તેને નિઃશેષ કરવા માટે મારું વીર્ય પ્રગટાવવામાં મને સહાય કરો. એ માટે આપની અપાર શક્તિનું મને દાન આપો. તે દાન મારા આ રુચક પ્રદેશો સ્વીકારી બાકીના સમસ્ત પ્રદેશો પર ફેલાવી, વિજયી બની સર્વ ઘાતીકર્મોથી મુક્ત કરવા મને ભાગ્યશાળી બનાવે એ જ વિનંતિ છે.

"મારો આત્મા પૂર્ણતા મેળવી, જે કોઈને પૂર્ણતા પામવાની ઈચ્છા હોય તેને સહાયરૂપ બની શકે એવું અભયવચન હે વીતરાગ ભગવંત! આપની પાસે માગું છું. અત્યાર સુધીમાં આવા શુભ ભાવોથી મારો આત્મા જે જે કાળે વંચિત રહ્યો છે તે તે સર્વ કાળ માટે હું ખૂબ પશ્ચાત્તાપી છું. એ પશ્ચાત્તાપ ઉગ્રતાએ મારાથી વેદાય છે, પણ કરી શકાતો નથી. તેથી હે સર્વજ્ઞ વિભુ, એ વેદનને સમજીને, બાળ જીવોનું ભલું ઈચ્છ્યા વગરની જે જે ક્ષણો ગઈ છે તે નિષ્ફળતાને ધોવા માટે પશ્ચાત્તાપનાં પુનિત ઝરણાંને ફળવાન કરો. મને એવી શક્તિ આપો કે એવી એક પણ ક્ષણ હવેથી ન જાય કે

જે કાળે સ્વપર કલ્યાણની ભાવના આત્મામાં રમતી ન હોય, કદિ પણ મારાથી બીજાને અશાતા પહોંચે નહિ, સહુને શાતા આપવાના ધ્યેય સાથે જ મારું શેષ આયુષ્ય વ્યતીત થાઓ. સાચી વીત-રાગતા વિનાનો મનુષ્ય દેહ નિષ્ફળ લાગે છે તો શુદ્ધ વીતરાગતા મારામાં ત્વરાથી પ્રગટ થાઓ, કોઈ દેહ નિષ્ફળ જવા દેવો નથી. હવે તો સહુને શાતાના નિમિત્ત આપી, આત્મમાર્ગે સહાયરૂપ થઈ, પવિત્રતાની શ્રેણિએ આગળ વધારી સિદ્ધભૂમિના હકદાર બનાવવા ભાવના છે. તે ભાવના ભાવી અત્યાર સુધી સેવેલા સર્વ અશુભ ભાવોને ધોઈ નાખવા છે. જે કોઈ જીવ માટે મારા આત્માએ ભૂત-કાળમાં અશુભ ભાવો સેવ્યા હોય તે સહુને બદલા રૂપે એવી શાતા પ્રદાન કરો કે તેઓને સન્માર્ગ મળે, આત્માનંદ મળે અને ભાવિમાં સ્વપરનું કલ્યાણ કરવા તેઓ ભાગ્યશાળી બને.

"હે વીતરાગ ! હવે હું તારા શરણમાં વસુ છું. તારી સાથે મને કોઈ ભેદભાવ ન હો. જે સ્વભાવમાં રહેવાની ઉત્તમ ભાવના તને મળી છે તેનું વેદન હું પ્રત્યેક સમયે કરી શકું એ જ મહેચ્છાથી મારાં મન, વચન, કાયા તથા ભાવની એકતા કરી તને સોંપી દઉં છું. મને નિજઉપયોગ-મગ્ન કરી ઉત્કૃષ્ટ શુદ્ધિ તથા સિદ્ધિ સુધી લઈ જા."

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

આ પ્રકારે વિવિધતા સભર પ્રાર્થના કરતા રહેવાથી, ઉત્તમતાએ શ્રેણિ પૂર્ણ કરવા માટે જે આરાધન કરવાનું હોય છે, તેને ખૂબ વેગ મળે છે. મોક્ષમાર્ગના ચાલવાના આરંભકાળથી તે જીવ શ્રી સત્પુરુષ તથા શ્રી સર્વજ્ઞ પ્રભુના અવલંબનનો સ્વીકાર કરી સફળતા પૂર્વક આગળ વધતો રહે છે. આ પ્રગતિ કરતાં કરતાં બારમા ગુણસ્થાનના અંત સુધી શ્રી પ્રભુનું અવલંબન ત્યાગવાનું

નથી, તેમ છતાં સ્વચ્છંદને કારણે જો કોઈ જીવ સત્પુરુષનું અવલંબન છોડે તો તેની પ્રગતિ રુંધાય જ છે, અને જો સ્વચ્છંદનું પ્રાબલ્ય હોય તો તેની પીછેહઠ પણ થાય છે. એ જ રીતે શ્રેણિમાં જો સત્પુરુષના અવલંબનનો ત્યાગ કરવામાં આવે તો તે જીવ શ્રેણિથી ચ્યુત થઈ અવશ્ય નીચેના ગુણસ્થાને આવી જાય છે. તેથી લીધેલું સત્પુરુષનું શરણું કદી પણ છૂટે નહિ તેની અવિશેષ કાળજી રાખવી યોગ્ય છે.

જીવ સંસારસુખ મેળવવાની ભાવનાને બદલે આત્મસુખ મેળવવાની ભાવના કરે, તે કાળથી શરૂ કરી પૂર્ણ વિશુદ્ધિ મેળવવાના ભાવ કરે ત્યાં સુધીની જુદી જુદી અવસ્થાએ પોતાનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ અનુસાર કેવા કેવા પ્રકારની ભાવના સેવે છે અને તે માટે શ્રી પ્રભુને કેવી રીતે પ્રાર્થના કરે છે તે આપણે સંક્ષેપમાં જોયું. તેનો સારાંશ લઈએ તો કહી શકાય કે પૂર્ણ વીતરાગ પ્રભુનો સાથ લઈ, જે કંઈ શુભ પ્રાપ્ત થયું છે તે માટે પ્રભુનો ઉપકાર માની, જે કંઈ પ્રાપ્ત કરવું છે તેની ક્રમિક વિનંતિ કરી, તે પ્રાપ્તિના યોગમાં જે કંઈ વિઘ્નકર્તા થાય તેમ છે તે સર્વ પૂર્વનાં પાપદોષોની ક્ષમાપના લેતા જવાથી અને આવા દોષો ફરીથી ન કરવાનો નિર્ણય કરતા જવાથી, આત્મશુદ્ધિનાં સોપાનો એક પછી એક ક્રમથી ચડાય છે. અલબત્ત, પ્રાર્થના સાથે ક્ષમાપના, મંત્રસ્મરણ, શાસ્ત્રવાંચન, ધ્યાન, તપ વગેરે અનેક સાધનો આત્મશુદ્ધિના કાર્યમાં બળવાન સાથીદાર બની રહે છે તે ભૂલવા યોગ્ય નથી.

અહીં સુધી પરમાર્થ માર્ગે થતી પ્રાર્થના, તેની જરૂર, તેની અનુકૂળતા આદિનો આપણે વિચાર કર્યો. તેના પરથી કોઈ એવું તારણ કાઢે કે માત્ર આત્માર્થે જ પ્રાર્થનાઓ ઉપકારી છે તો તે તેમ નથી. સંસારમાં ઘણી વખત જોવા તથા અનુભવવા મળે છે કે સંસારના બળવાન વિક્ષેપો જીવને પરમાર્થમાર્ગમાં ખૂબ વિઘ્ન કરે છે,

એવી સ્થિતિમાં એ જ પદ્ધતિ અનુસાર પણ થોડા જુદા સ્વરૂપની પ્રાર્થના કરતા રહેવાથી સંસારકષ્ટમાં ઘણી રાહત થાય છે, તેવા પરચા વારંવાર અનુભવવા તથા જોવા મળે છે. સંસારની કેટલીક કષ્ટકારી સ્થિતિમાં કઈ રીતે પ્રાર્થના કરી શકાય તે વિચારીએ.

કોઈક જીવને પરમાર્થ પ્રવૃત્તિ કરવાના ભાવ છે, પરંતુ કુટુંબમાં એટલો ક્લેશ અને ધર્મની અરુચિ પ્રવર્તે છે કે ધર્મપ્રવૃત્તિ કરવી તેના માટે અસંભવ જેવી થઈ જાય છે. વળી, એ જીવ પરમાર્થ પ્રવૃત્તિ ત્યાગી સંસારમાં રત રહે તો આ વિષમ સંજોગોથી મુક્ત થવું અઘરેલાઈથી બને નહિ. કારણ કે અશુભ કર્મોના ઉદય ભોગવતી વખતે શ્રી પ્રભુનાં શરણ અને સાથ વિના જીવ અનેક વખત આર્ત તથા રૌદ્રધ્યાનમાં આવ્યો જાય છે, પરિણામે અઢળક નવાં અશુભ કર્મો બંધાય છે અને તેનું અશાંતિમય બાહ્ય જીવન નિર્માઈ જાય છે. તે જીવ બાજુ રીતે, વિપરીત સંજોગોમાં રહીને શાંત પરિણામ જાળવી શકતો નથી અને પરમાર્થ પ્રવૃત્તિ કરી શકવા જેટલી સાનુકૂળતા પણ તેને મળતી નથી. આવા સંજોગોમાં તે જીવ શ્રી પ્રભુનું શરણ સ્વીકારી, શ્રદ્ધા કેળવી, પોતાનાં અવળાં કર્મો સવળાં કરવા પ્રાર્થના કરે તો તેને લાભરૂપ થાય. જેમકે :-

"હે ભગવાન! હું આપનું બાળક છું. આપ મારા પર કૃપા કરો. આપ તો કરુણાના સાગર છો. સહુને સાંત્વન આપવા આપ સદાય તત્પર રહો છો. મારા સ્વચ્છંદને કારણે તથા મારી ઉન્મત્તતાને કારણે આપની આ નિષ્કારણ કરુણાની કદર મેં કરી ન હતી, અને તેથી સહુ જીવોને દુઃખ આપવાની પ્રવૃત્તિ અવિચારી-પણાથી મેં જારી રાખી હતી. સહુની શાંતિનો ભંગ થાય એવાં ક્રુર વર્તનો મેં અનેક વખત કર્યાં હશે, જેના પરિણામે તે સહુ પીડિતજનો મારી આસપાસમાં આવી, મારાં ગેરવર્તનનો બદલો લેતાં હોય તે

રીતે મને કષ્ટ તથા પીડા પહોંચાડી રહ્યા છે. અને વળી અશાંતિમાં તેમને આનંદ મળતો હોય તેવું દેખાય છે. હે દયાનિધિ! આવી કષ્ટકારી સ્થિતિ મારાથી સહન થતી નથી. પરવશપણે તે સ્થિતિ સહન કરતાં કરતાં ભૂતકાળમાં મેં ચલાવેલા ગેરવર્તનનો, કરેલા સદોષ અહંભાવનો મને ખૂબ જ પશ્ચાત્તાપ થાય છે. અને થાય છે કે પીડા પહોંચાડતી વખતે તે જીવોને કેવું કષ્ટ થતું હશે તેનો લક્ષ મેં શા માટે રાખ્યો નહિ? શા માટે મેં વિચાર્યું નહિ કે આ પ્રકારની પીડા મારે ભોગવવાની હોય તો મારું શું થાય? કરુણાનિધિ! શબ્દોથી વર્ણવી ન શકાય એવા પશ્ચાત્તાપ સાથે હું આપના શરણમાં આવું છું. મને ખૂબ સાથ આપો. અશુભથી મારું રક્ષણ કરો. જે જે પાપો પૂર્વકાળે મેં કર્યાં છે, અવિચારીપણે જે જે જીવોને અત્યંત પીડા મેં પહોંચાડી છે તેના ફળરૂપે આજની કષ્ટદાયી સ્થિતિ ઉદયમાં આવી છે; તે સર્વ પાપો અને અવિચારી વર્તનથી થયેલા દોષોની આપની સાક્ષીએ ક્ષમા માગું છું. તે સર્વ અસત્કૃત્યો આપનાં શરણમાં રહી, બહુલતાએ નવાં કર્મો બાંધ્યા વિના નિવૃત્ત કરી શકું એવાં શક્તિ, બળ અને માર્ગદર્શન મને આપો. અસદ્‌વર્તનની માયાજાળથી મને છોડાવી, સદ્‌વર્તનની છાયામાં મને લઈ જાઓ કે જેથી આવા ઉન્માર્ગે હું કદી પણ જાઉં નહિ. મારા આ શુભ નિર્ણયમાં ટકી રહેવા માટે મને સાથ આપો તથા આપના જ શરણમાં રહી આત્મશાંતિ મેળવવા માટે આરાધન કરી શકું એવી સુવિધા આપો.'

"હે દીનાનાથ! જે જે જીવોને મેં અત્યંત પીડા પહોંચાડી છે તે સહુને મારી વિનંતિથી એટલાં શાંતિ તથા સુખ આપો કે તે જીવો તેના ફળરૂપે મારા પાપદોષોની ક્ષમા આપવા ઉત્સાહીન બને અને મારી સાથેની વેરબદલાની વૃત્તિથી નિવૃત્ત થઈ જાય. હે વિભુ! મારાં અશુભ કૃત્યોને શુભમાં પરિણમાવવા માટે મને યોગ આપો.

પ્રાર્થના

મારા પર એવી કરુણા વરસાવો કે મારા હૃદયમાંથી દયાનો ઝરો વહેવા માંડે, તે સતત વહેતો રહે, જેથી ભાવિમાં અન્ય કોઈ પણ જીવને સકારણ કે અકારણ ત્રાસ આપવારૂપ દુષ્કૃત્ય મારાથી થાય નહિ. હું સહુને શાંતિ તથા શાતાનું નિમિત્ત બની શકું, જેથી આપનું બાળક થવું મને શોભારૂપ થાય. દુઃખી જનના બેલી! આપની કરુણાની અમૃતપ્રસાદી પામવા માટે અંતરની આસ્થા સાથે આપને ખૂબ ખૂબ ભાવથી ભક્તિસહિત વંદન કરું છું. સન્માર્ગમાં મને ઉત્સાહિત રાખશો એ જ વિનંતિ."

ૐ શાંતિઃ

અશુભ કર્મના બળવાન ઉદયો ચાલતા હોય ત્યારે આ પ્રકારે સહૃદયતાથી શ્રી પ્રભુને પ્રાર્થના કરવામાં આવે તો જીવને ઘણા ફાયદા થાય છે. અશુભ કર્મના ઉદય વખતે થતા આર્ત તથા રૌદ્ર પરિણામોથી પ્રાર્થનાને કારણે જીવ બચી જાય છે. પ્રાર્થનામાં વેગ પકડાતાં, પશ્ચાત્તાપને કારણે ઉદયગત કર્મોની સાથે સત્તાગત રહેલાં અનેક કર્મો પણ ઓગળીને ખરી જાય છે, તેથી દુઃખનો ગાળો સંકોચાઈને નાનો થઈ જાય છે. સાથે સાથે જે જીવોને પીડા પહોંચાડી હોય તેમના માટે શુભ કલ્યાણના ભાવો થતા હોવાથી, તેમની સાથે શુભ બંધ બંધાય છે, અને તે બંધ ઉદયમાં આવે ત્યારે સુખ તથા શાતાનું વેદન પશ્ચાત્તાપી જીવને અનુભવવા મળે છે. વળી, સ્થપાયેલા શુભ સંબંધને કારણે વિસ્તૃત થતું વેર નિર્મૂળ થાય છે. પ્રાર્થક આત્મા કર્મ નિવૃત્તિ થતાં આત્મશુદ્ધિના માર્ગે આગળ વધે છે, અને તેના શુભ ઋણાનુબંધીઓ તેનાથી દોરવાઈ કલ્યાણમાર્ગ સ્વીકારવા તથા સંસારમુક્ત થવા ભાગ્ય-શાળી બની શકે છે. આવી શુભની પરંપરા સર્જાતાં જે પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે તેના ફળરૂપે પ્રાર્થક જીવ આત્મવિશુદ્ધિ પામવામાં બમણો વેગ કેળવી શકે છે.

જીવનનિર્વાહ માટે પ્રત્યેક મનુષ્યને ધનની આવશ્યકતા છે. જ્યારે નિર્વાહ પૂરતા ધનનો અભાવ હોય, પ્રયત્ન કરવા છતાં ધનપ્રાપ્તિને બદલે ધનવ્યય તરફ તે જીવ ઘસડાતો હોય તેવા સંજોગોમાં તેને નિર્ધનાવસ્થા ખૂબ અકળાવી મૂકે છે. તેને સતત ધન મેળવવા માટેના વિચારો આવ્યા કરે છે. તેમાં કોઈ સહાયરૂપ ન થયું હોય તેનો દોષ, કોઈએ કંઈ વિઘ્નરૂપ વર્તન કર્યું હોય તો તેના દોષ તે મનમાં મનમાં વાગોળ્યા કરે છે અને સમય આવ્યે બદલો લેવાના, તેને બતાવી દેવાના ભાવોમાં ખોવાઈ જાય છે. આવા અનેક મંદ તથા તીવ્ર વિકલ્પોરૂપ આર્ત તથા રૌદ્ર ધ્યાન સેવી તે વર્તમાન ધનના દુઃખની સાથે માનસિક પીડામાં પણ ઘણો વધારો કરે છે. વળી આર્ત તથા રૌદ્ર ધ્યાનવાળા કાળમાં અનેક નવાં અશુભ કર્મો બંધાય છે કે જે ભાવિમાં વેરવૃત્તિ, ઇષ્ટ અપ્રાપ્તિ અને અનિષ્ટ પ્રાપ્તિવાળું ફળ આપે છે. આમ વર્તમાન દુઃખમાં અશુભ ભાવસહિત પ્રવર્તવાથી ભાવિના દુઃખની પરંપરા સર્જાઈ જાય છે. આવી દુઃખદ સ્થિતિમાં જો તે જીવને સમજાવવામાં આવે કે શાંતભાવે ભોગવીને આ કર્મ નિવૃત્ત કરો, તો તેનાથી તે પ્રમાણે વર્તી શકાતું નથી, એટલું જ નહિ પણ આ જાતની સલાહ આપનાર પ્રતિ તેને અણગમો ઉત્પન્ન થાય છે. તેને લાગે છે કે, 'મારા જેવી કઠણાઈમાંથી પસાર થાઓ તો ખબર પડે કે એ કેવું દુષ્કર કાર્ય છે. સલાહ તો બધા આપી શકે, પાલન કરો તો ખરા!' વગેરે. આથી આ સલાહ યોગ્ય હોવા છતાં સામા જીવને અશુભ બંધનમાં જકડવાનું સાધન બની જાય છે. વળી, એ પણ સત્ય છે કે અનુભવમાંથી પસાર થતી વખતે જે સમજાય છે તે સાંભળવાથી સમજાતું નથી.

એક પ્રસિદ્ધ સર્જન રોજના નાનાં મોટાં કેટલાયે સફળ ઓપરેશનો કરતા હતા. સાચવણી માટે એ સર્જન રોજ દરદીનાં ખબર અંતર પૂછવા જતા. દરદી પોતાને થતી અત્યંત પીડાની વાત તેને

કરવા આતુર રહેતા - આશ્વાસન મેળવવાની અભિલાષાથી. પરંતુ સઘળા દરદીઓના મુખથી આ જ પ્રકારની વાતો સાંભળીને તે સર્જન માનસિક રીતે અકડાઈ જતાં અને દર્દીને તોછડાઈથી જણાવતાં કે, "શરીરમાં આટલી કાપકૂપ કર્યા પછી પીડાને બદલે શેની અપેક્ષા રાખો છો ? થોડા દિવસમાં ઠીક થઈ જશો. તમારી તબિયત સારી છે. શાંતિથી પડયા રહો." સર્જનની વાઢકાપની હોંશિયારીને કારણે દરદીઓ હમદર્દીને સ્થાને મળતી તોછડાઈ ચલાવી લેતા, પરંતુ તેમનું મન અત્યંત ખાટું બની જતું. બનવા કાળ તે એ જ સર્જનને મોટા વાઢકાપમાંથી પસાર થવાનો પ્રસંગ આવ્યો. ઓપરેશન પછીની વેદના તેમનાથી સભાન અવસ્થામાં સહન થઈ શકી નહિ, તેઓ વેદનાથી ચિત્કારી ઊઠયા. એ વેદનામાં શાતા મળે તે માટે તડપતા રહ્યા. બેએક દિવસ પછી તેમને દર્દમાં ઘણી રાહત થઈ, તેમનાં વિચારશક્તિ અને સમજશક્તિ કામે લાગી ગયાં. પોતે સર્જન તરીકે દરદીઓના દર્દની પીડા સમજી શક્યા ન હતા, પરંતુ પોતે દરદી બન્યા ત્યારે જ એ વેદના સમજી શક્યા તે બાબત તેમને ઘણો પસ્તાવો થયો. દર્દમય દશામાં કેવાં હમદર્દી અને સાંત્વનની જરૂર રહે છે તે તેઓ સ્વાનુભવે શીખ્યા. જ્યારે તેઓ પૂર્ણ તંદુરસ્ત થઈ કામે લાગ્યા, તે પછીથી ક્યારેય કોઈ દરદીને તેમની પૂર્વકાલીન તોછડાઈનો અંશ પણ અનુભવવો પડયો ન હતો. બલ્કે બધાંને તેમના તરફથી ઊંડી સહાનુભૂતિ મળતી હતી. પરિણામે તેઓ અતિ નામાંકિત સર્જન બન્યા.

શ્રી પ્રભુ આવા સર્જન કરતાં અનેકગણા ગુણોથી ભરેલા અને સમર્થ છે. સર્જનનાં હોંશિયારી અને સહાનુભૂતિ અનેકગણાં બનીને શ્રી પ્રભુમાં સમાય છે. તેથી શ્રી પ્રભુ વિપરીત સંજોગોને સહી લેવા માટે પ્રાર્થનાનો આશ્રય કરવાનો ઉત્તમ ઉપાય બતાવે છે. અસાતાના કાળમાં જીવને યોગ્ય પ્રાર્થના કરવાનું સૂચવવામાં આવે તો તે જીવ સહેલાઈથી તેમાં ચિત્ત જોડી શકે છે, અને આર્ત તથા રૌદ્રધ્યાન રૂપ

ક્લેશથી બમણી થાય છે. સાથે સાથે દુઃખના દોષનો ટોપલો બીજા પર ઓઢાડીને, નિમિત્તને દોષ આપીને જે વેરસંબંધ વધારે છે તેનાથી પણ બમણી થાય છે. પરિણામે ઉદિત અશુભ કર્મ પ્રાર્થનાકાળ દરમ્યાન પૂર્ણતાએ વેદના આપી શકતું નથી એટલું જ નહિ પણ નવાં અશુભ બંધન માટે યથાર્થ નિમિત્ત થઈ શકતું નથી. એટલે કે ઉદિત અશુભ કર્મના ભોગવટા વખતે પશ્ચાત્તાપ સહિતની પ્રાર્થના સકામ નિર્જરાને બળવાન કરે છે અને દુઃખકાળ ઘટતો જાય છે. આ પ્રકારે પ્રાર્થનાથી થતા ફાયદા જાણનાર શ્રી પ્રભુને શરણે જઈ વિનવે છે કે :—

"હે દીનબંધુ ! દીનદયાળ ! આપને મારા કોટિ કોટિ વંદન હોજો. અંતરબાહ્ય સમૃદ્ધિની મધ્યમાં વસવા છતાં જળવાતી આપની વીતરાગતાને ધન્ય છે. એ વીતરાગતાના અનુસંધાનમાં આવતી અદ્‌ભુત શાતા મારા આપના માટેના આકર્ષણનો મુખ્ય વિષય છે, કારણ કે વર્તમાનમાં મને અત્યંત અશાંતિ પ્રવર્તી રહી છે. હું હાલમાં ધનના અભાવરૂપ અતિ કફોડી અવસ્થામાંથી પસાર થાઉં છું, તે આપથી અજાણ્યું નથી. તે સંબંધી વિચારણા તથા ચિંતવણા મારા દુઃખમાં સતત વધારો કરતાં રહે છે. હે જગસ્વામી ! આ સ્થિતિમાં મારું રક્ષણ કરો. આવેલી અનિશ્ચિત દશાથી મુક્ત થવામાં મને સહાય કરો, કારણ કે અશુભ ઉદય તથા ભાવોની વચ્ચે પીસાતો મારો આત્મા આભવ તથા ભાવિ ભવ બંને માટે દુઃખની પરંપરા ખડી કરે છે. મને સમજાય છે કે પૂર્વકાળમાં અજ્ઞાનવશ ઉન્મત્ત બની, સ્વચ્છંદથી વર્તી મેં કેટલાય જીવોના ધનભાગ્યનો ક્ષય કરવા પ્રવૃત્તિ કરી હશે, અંતરાયો નાખ્યા હશે, જેના ફળરૂપે આ ભવે નિર્ધનાવસ્થાની દારુણ વેદના મારે ભોગવવી પડે છે. તે સર્વ પીડિત આત્માઓની આપની સાક્ષીએ પ્રબળ પશ્ચાત્તાપ સાથે ક્ષમા માગું છું. તથા તે સહુ પીડિત આત્માઓ આપની કૃપાથી શાંતિ તથા શાતા વેદે એવી પ્રાર્થના કરું છું. મારા આ

પ્રાર્થના

દુઃખદાયક કર્મથી નિવૃત્ત થવાના પુરુષાર્થને સાથ આપો. વર્તમાન ભવે જે જે જીવો મારી પીડા જોઈ ખુશ થાય છે તે જોઈ મારી આવી પૂર્વ વર્તનાનો મને લજ્જા થાય છે, તેના પશ્ચાત્તાપથી મારું મસ્તક ઝૂકી પડે છે. હવેથી આવા પ્રકારનું અણછાજતું વર્તન હું કરું નહિ તેવી સદ્‌બુદ્ધિ મને આપશો. સહુને પાપ પ્રવૃત્તિથી નિવૃત્ત થવા નિમિત્ત આપી સન્માર્ગે વાળજો એ જ વિનંતિ કરું છું. જે જે જીવો પર મેં વેરવૃત્તિ કરી હોય તેમને એટલાં સુખ અને શાંતિ આપજો કે તેઓ વેરવૃત્તિમાં રાચતા અટકી જાય. તેમની સાથે હું શુભ સંબંધો સ્થાપી શકું અને આપની કૃપાથી હું નિર્વેરી બની, સદાચાર સેવી, આત્મારાધનમાં નિમગ્ન થવાનો સુયોગ મેળવી શકું. સંસારી કષ્ટોને સમતાએ પાર કરવા માટેની શક્તિ મેળવવા, અર્પણભાવથી આપના શુદ્ધાત્માને વંદન કરું છું."

ૐ શાંતિઃ

કુટુંબ તથા ધનાદિની સુવિધા ભોગવનારને કેટલીક વખતે દેહ અત્યંત પીડાકારી નીવડતો હોય છે. જુદા જુદા રોગો શરીરમાં વેદનાનો એવો જમાવ કરે છે કે તે જીવથી સહન થવું અતિ દુષ્કર બની જાય છે. વળી વેદનાના બળવાન ઉદયને લીધે જે શારીરિક અશક્તિ ઉત્પન્ન થાય છે તેને લીધે પોતે ઈચ્છેલી બીજી અનેક પ્રવૃત્તિઓ પણ તે કરી શકતો નથી. તેમાંથી જન્મતી અશાંતિ તેની માનસિક પીડામાં વધારો કરે છે. પરિણામે તેના આશ્રિતોને તથા કુટુંબીજનોને તે કષ્ટકારી લાગે છે. ઉપરાંત પરિસ્થિતિ જન્ય અશુભભાવો ક્લેશ તથા અશાંતિમાં વધારો કરે છે. તેવા સંજોગોમાં રોગી પોતાને વર્તતી અશાંતિના દોષનો ટોપલો ડોક્ટર, સેવા કરનાર, કુટુંબીઓ, સ્નેહીજનોમાંના કોઈક પર ઢોળી તેનાં કષાયોને પોષણ તથા ઉત્તેજન આપે છે એ દ્વારા અશુભને

ઉત્તેજન મળે છે, અને તેની વેદના તથા અશાંતિનો ગાળો લંબાય છે. આ પ્રકારના વિપરીતાચરણથી બચાવનાર તથા શાતા પ્રતિ દોરનાર પ્રાર્થના છે. રોગી જો શ્રદ્ધાળુ હોય તો તેને સમજાય છે કે આવી રોગોત્પત્તિનું કારણ પોતાની પૂર્વકાળની ભૂલો જ છે. આવી ભૂલો ફરીથી કરવી ન હોય તો, વિષમ સંજોગોમાં થતા આર્તધ્યાનથી બચવું હોય તો અને અશુભ ઉદયકાળને નબળો પાડવો હોય તો શ્રી પ્રભુને શુદ્ધ હૃદયથી પ્રાર્થના કરવા જેવો ઉત્તમ ઉપાય જાણે નથી. પૂર્વકાળમાં અજ્ઞાનવશ, અણસમજમાં સ્વચ્છંદે કરેલી ભૂલોનો આ રીતે પશ્ચાત્તાપ કરી શકાય :—

"દેહરહિત શુદ્ધાવસ્થાને પ્રાપ્ત થયેલા વિભુ! આપના શરણમાં આવેલા અનેક જીવો, આપની કરુણા પામીને, આરાધન કરી પરમ શાંતિપદને માણવા ભાગ્યશાળી બન્યા છે. અનેકવિધ અશાંતિથી ભરપૂર એવા મને શાંતિ પામવાના ભાવ થયા છે. તો આપ પ્રભુ મને શરણમાં લઈ મુક્તિમાર્ગે જવા સહાય કરો. વર્તમાને આ દેહમાં વર્તતા રોગોથી જે અસહ્ય પીડા મને થાય છે તેમાં સમભાવ કેળવવા માટે મને સાથ આપો. પરમાત્મા! ભૂતકાળમાં અણસમજથી કષાયવશ બની અગણિત એકેંદ્રિયાદિ જીવોની હિંસા કરી તેને દુભવ્યા છે. વળી માનને વશ બની કરેલી ભૂલોનો એકરાર તથા પશ્ચાત્તાપ કર્યા વિના અત્યાર સુધીનો કાળ મેં વ્યતીત કર્યો છે. મારા એ અસદ્ વર્તનના પરિણામે તે જીવો એકત્રિત બની, રોગના જીવાણુઓ રૂપે મારા દેહમાં દાખલ થઈ, વેરનો બદલો લેવા મને અત્યંત પીડા પહોંચાડી રહ્યા છે. આ ભૂલ મારા હૃદયને કોરી ખાય છે. જે જે જીવોને મેં ભૂતકાળમાં દુભવ્યા છે તે તે સહુની આપની સાક્ષીએ પશ્ચાત્તાપ સહિત ક્ષમા માગું છું. મારાં તે પાપ નિવૃત્ત કરાવો. બદલામાં તે જીવોને એવાં શાંતિ અને સુવિધા આપો કે તેઓ વિકાસ પામી વેરવૃત્તિથી વિરમી જાય. હું મારાં કર્મો

પ્રાર્થના

સમભાવથી ભોગવી, નવીન બંધો વધાર્યા સિવાય નિવૃત્ત કરી શકું એ માટે આપની કૃપા માગું છું. મારી રોગિષ્ટ અવસ્થામાં મારી અશાતા હળવી બનાવવામાં સહાયરૂપ થનાર સહુ જીવો આત્મકલ્યાણના માર્ગે વિકાસ કરે એવી મારી ભાવના સફળ કરો. પ્રભુ! આ દેહપીડા જેમ મને અપ્રિય લાગે છે તેમ સહુને અપ્રિય લાગે તે મને હવે સમજાય છે તો સહુ જીવો આપના અદ્‌ભુત માર્ગદર્શનને પામી પીડારહિત અને સુખસહિત જીવન માણવા ભાગ્યશાળી બનો એવી ભાવના ભાવું છું. હવે પછી આવી પીડાના ભોગ થવું ન પડે તે માટે સહુ જીવોને નિર્ભયતા તથા અભયદાન આપી શકું એવી સમર્થતા આપની કૃપાથી ઇચ્છી આપને અવિનય વંદન કરું છું."

ૐ શાંતિ.

જે પ્રકારનાં કષ્ટમાંથી જીવ પસાર થાય છે તે કષ્ટ આવવા માટે તે જીવનાં પૂર્વકર્મો જવાબદાર છે. તે કર્મો ભોગવાઈને નિવૃત્ત થતાં તે કષ્ટનો અંત આવે છે. ઉદયમાં આવેલું કર્મ જીવને ભોગવવું તો પડે જ છે, પરંતુ પ્રાર્થના દ્વારા તેનાં કાળ અને તીવ્રતામાં મંદપણું લાવી શકાય છે. જે પ્રકારનું કષ્ટ હોય તેને અનુરૂપ પ્રાર્થના કરવાથી મિષ્ટ ફળ મેળવી શકાય છે.

કંઈક જીવોને કૌટુંબિક અશાંતિમાંથી પસાર થવું પડે છે. જીવ કુટુંબના સભ્યોની સેવા માટે, તેમને સુખ મળે તેવા હેતુથી પોતાના સુખસાધનોનો ત્યાગ કરી અનેક રીતે પ્રયત્નશીલ રહે છે, છતાં કુટુંબના સભ્યોને તેની કદર થતી નથી, એટલું જ નહિ પણ આ તો કરવું જ જોઈએ ને! એમ વિચારી વધારે અને વધારે અપેક્ષાઓ તેની પાસે રાખતા જાય છે. પરિણામે કુટુંબના સભ્યો તરફથી અન્યાય તથા બેદરકારીનો અનુભવ તેને વારંવાર કરતા રહેવો પડે છે. આવી દશામાં તેને મનમાં વેદના થયા કરે છે. કુટુંબીજનોનું અન્યાયી વર્તન તેને ખેદમાં

ખેંચી જાય છે, અને અનેકવાર તે શત્રુને શિક્ષા કરવાના ભાવ પણ તે કરી લે છે. તેની બાહ્ય સ્થિતિ ખુલ્લો વિરોધ કરી શકવા જેવી ન હોવાને કારણે તે મનમાં ને મનમાં બળ્યા કરે છે, અયોગ્ય વર્તાવ કરનાર ખૂબ દુઃખિત થાય તેવા ભાવ વારંવાર સેવે છે, અને સંસારમાં પોતે અત્યંત દુઃખી છે તેવી લાગણીને અંતરમાં ઘુમાડયા કરે છે. આમ તે જીવ સતત આર્તધ્યાનમાં કાળ ગાળે છે. પરિણામે તેની સ્થિતિમાં સુધારાને બદલે બગાડો નોંધાય છે. કદાચિત્ લાંબા ગાળે તે કર્મ નિવૃત્તિ પામે તો પણ તેની દશા એનો આનંદ માણી શકે તેવી રહેતી નથી. આ ઉપરાંત સતત આર્તધ્યાનવાળી દશાના ફળરૂપે ભાવિની અશાંતિ નિશ્ચિત થઈ જાય છે, પરિણામે તેને વેરવિરોધવાળી સ્થિતિમાંથી ફરીથી પસાર થવું પડે છે. આ રીતે સર્જાયેલી વેરની પરંપરા ચાલુ રહી, જીવને શાંતિ આકાશકુસુમવત્ કરી મૂકે છે. આ વિષચક્રથી છૂટવા માટે પ્રાર્થનાનો આશ્રય કરી શુભનો સંચય કરતા જવો યોગ્ય છે. પ્રાર્થી શકાય કે :—

"સંસારસમુદ્રને પાર પામવામાં મહાપરાક્રમ દાખવનાર શ્રી વીરસ્વામી ! આપને અત્યંત ભક્તિથી કોટિ કોટિ વંદન હો. પ્રભો ! પૂર્વકાળમાં મેં સાચા ભાવથી આપની ભક્તિ કરી નહિ હોય, આપનાં નિષ્પાપી ચરણનું સેવન સદ્ભાવનાથી કર્યું નહિ હોય, કારણ કે શુદ્ધભાવથી આપના નામનું સ્મરણ કર્યું હોય તો આપત્તિ રૂપી સર્પિણી મને આ રીતે હેરાન કરી શકે નહિ. મારા વર્તમાન જીવન પર દૃષ્ટિપાત કરતાં જણાય છે કે જીવનમાં ચોતરફથી અશાંતિ વરસી રહી છે. કુટુંબના સભ્યો સાથે વેરનાં ઉદયો ભોગવતાં ખૂબ ભેદોની ભોગવવી પડે છે. તેમના પ્રત્યે હિતબુદ્ધિથી કરેલાં કાર્યો પણ અશાંતિ ઉત્પન્ન કરનારા નીવડે છે. પ્રભુ ! આ સર્વથી મારું રક્ષણ કરો. હું તમારા જ શરણે છું. તે સહુ જીવોને મારા

આત્માએ જે કંઈ પીડા પહોંચાડી હોય તેની પશ્ચાત્તાપપૂર્વક આપની સાક્ષીએ ક્ષમા માગું છું. મારાં તે સર્વ પાપકર્મોનો ક્ષય કરાવવામાં ઉપકારી થાઓ. તેઓ સાથેના અશુભ બંધને શુભમાં પલટાવવા માટે યોગ્ય પુરુષાર્થ કરવા મને ઉત્સાહ આપો. મારી સહનશક્તિ વધારવા મને મદદ કરો. મારા શુભ ભાવને એટલા પ્રબળ બનાવો કે ઉદિત અશુભકર્મો મારા આત્માની સ્થિરતાને ચલિત કરવામાં સફળ થાય નહિ. તે સહુ જીવોના કલ્યાણના ભાવ હું આત્માથી સેવી શકું એવી હિતબુદ્ધિ મને આપો. મારે હવે જગતના કોઈ પણ જીવ સાથે અશુભ સંબંધ જોઈતા નથી, તેથી મને હૃદયમાં એવો પશ્ચાત્તાપ આપો કે તેની જ્વાળામાં સર્વ અશુભ કર્મો જલી જાય, શેષ રહ્યાં જે કંઈ ઉદયમાં આવે તે સહુને સમભાવે નિવૃત્ત કરવા હું ભાગ્યશાળી બનું. અત્યાર સુધી આપે કરેલી સર્વ પ્રકારની સહાય માટે આપનો ખૂબ ખૂબ ઉપકાર માની આપને ભક્તિ સમેત વંદન કરું છું."

ૐ શાંતિ.

જે પાપકર્મના કારણે કષ્ટ આવ્યું છે તે પાપકર્મની ક્ષમા માગવાથી જીવને હળવાશનો અનુભવ થાય છે. અને એ પ્રકારના દોષ ફરીથી ન થાય તે માટેની સાવચેતી રાખવા તે તત્પર થાય છે. પ્રાર્થનાના સમય દરમ્યાન જીવ આર્તધ્યાનથી છૂટી સમભાવ વેદે છે તેથી નવા બંધાતા કર્મનું મંદપણું થાય છે. આ પ્રમાણે પોતાની કે સ્વજનની માંદગી, ધનની તકલીફ, સામાજિક કે રાજકીય મુશ્કેલી, કૌટુંબિક અશાંતિ, ભાગીદારો સાથે અણબનાવ, મિત્રો સાથેના સંઘર્ષ, વગેરે વેરના વિષચક્રમાંથી જાગતી કષ્ટમય દશામાંથી પસાર થવાનો પ્રસંગ આવે ત્યારે તેની નિવૃત્તિ માટે સહૃદય પ્રાર્થના, કરેલા પાપકૃત્યોની ક્ષમાપના અને આત્મરમણતામાં

લઈ જતું સ્મરણ એ બળવાન સાધનો છે. તે ત્રણેના આરાધનથી જેમ જેમ અશાંતિ ઘટતી જાય, શાંતિ તથા સાતા વધતાં જાય તેમ તેમ જીવે સંસારમાં લુબ્ધ થવાનો અભ્યાસ છોડતા જવાનો છે. વધતી સુવિધાઓનો લાભ લઈ જીવે પરમાર્થ પ્રવૃત્તિ વધારવાની છે, તે દ્વારા આત્મશુદ્ધિ વધારી, મોક્ષપ્રાપ્તિની તૈયારી આ મનુષ્ય જન્મમાં કરી લેવાની છે. તે તૈયારીની નિષ્ફળતા ચક્રવર્તીપણા સાથેના માનવ દેહને પણ નિષ્ફળ કરે છે તે લક્ષમાં રાખવા યોગ્ય છે.

સામાન્ય રીતે જે જે પ્રવૃત્તિ જીવ સંસારમાં રહીને કરે છે, તે સર્વનું કર્તાપણું તે અનુભવે છે. એ દ્વારા અહમ્‌ને પોષી તે કષાયયુક્ત રહ્યા કરે છે. પોતાના વ્યવસાયમાં રાગદ્વેષ સહિત પ્રવર્તી, કષાયયુક્ત બની કર્મબંધ કર્યા કરે છે. આ પ્રવૃત્તિઓ શુભ તથા અશુભ એમ બંને પ્રકારની હોય છે. શુભનું ફળ શાતા તથા અશુભનું ફળ અશાતા રૂપે જીવ વેદે છે. તે બંનેથી પર થાય ત્યારે જ જીવ શુદ્ધ થાય છે.

અશુભ પ્રવૃત્તિના ફળરૂપે વિવિધ દુઃખો જીવે ભોગવવાં પડે છે. તેનાથી બચવા માટે પ્રાર્થના તથા ક્ષમાપના એ ઉત્તમ સાધનો છે. તેથી જીવને અશુભ પ્રવૃત્તિમાંથી બળપૂર્વક પાછો વાળી પ્રાર્થના આદિમાં જોડવો જોઈએ. શુભ પ્રવૃત્તિના ફળરૂપે શાતા વેદનીયનો ઉદય જીવને મળે છે. અન્યનું કલ્યાણ થાય તેવા ભાવો, બીજાને શાતા મળે તેવા ભાવો અને તે માટેની પ્રવૃત્તિ, જેવી કે ધનદાન, આજ્ઞાદાન, વસ્ત્રદાન, વિદ્યાદાન, સેવાદાન, વગેરે શુભ પ્રવૃત્તિ છે. એજ પ્રમાણે વ્રત નિયમ ધારણ કરવા, ધર્મક્રિયાઓ કરવી, સદ્‌ગ્રંથો વાંચવા વગેરે શુભ પ્રવૃત્તિ છે. તેનાથી પુણ્યોપાર્જન થાય છે. તે પુણ્યનો ભોગવટો મનુષ્ય લોકનાં રાજરાજેશ્વર જેવાં સુખો કે ચક્રવર્તિના સુખો માણવાથી, ઋદ્ધિ સુખ કે દેવલોકનાં દિવ્ય સુખો માણવાથી, નવ ગ્રૈવેયક સુધીનાં

પ્રાર્થના

અનુપમ સુખો માણવાથી થાય છે. જેટલું પુણ્યોપાર્જન વધારે તેટલી ઉત્કૃષ્ટતાએ અને તેટલા લાંબા ગાળા માટે શાતાનો ભોગવટો જીવને મળે છે. એ પુણ્ય પરવારતાં ફરીથી દુઃખનાં ચક્રો ગતિમાન થાય છે. જીવ જ્યારે શુભ પ્રવૃત્તિ કરવા નીકળે છે ત્યારે સામાન્ય રીતે તેના હૃદયમાં કીર્તિ મેળવવાના, ધન મેળવવાના, સત્તા મેળવવાના, નામાંકિત કુટુંબ મેળવવાના, દેવલોકનાં સુખ મેળવવાના વગેરેમાંના કોઈક અભિલાષ વર્તતા હોય છે. જીવ આ ભાવોને પંપાળતો રહે છે, કેમકે ભૌતિક સુખોથી પર એવા અલૌકિક આત્મિક સુખનો એને પરિચય નથી. કેટલીકવાર આત્મસુખની સામાન્ય સમજણ હોય તોપણ ભૌતિક અને લૌકિક સુખોનું આકર્ષણ એટલું બળવાન હોય છે કે તેના સાણસામાંથી તે જીવ છૂટી શકતો નથી. પરિણામે જેટલા પ્રમાણમાં તેણે પુણ્ય ઉપાર્જન કર્યું હોય તેના પ્રમાણમાં પ્રાપ્ત થઈ શકે તેટલું સંસારસુખ તે પામે છે, પુણ્ય ક્ષય થાય છે, અને નવું પુણ્ય થાય નહિ ત્યાં સુધી દુઃખની ઘટમાળ ચાલુ રહે છે. આમ હોવાથી જીવ સદૈવ ચાલતી સુખદુઃખની ઘટમાળમાંથી છૂટી શકતો નથી. આમાંથી છૂટવાનું તો જ બને જો જીવ સંસારસુખના આકર્ષણના સ્થાને મોક્ષ માટે આકર્ષણ વેદતો થાય અને તેની પ્રાપ્તિ માટે પુણ્યસંચય કરે. વ્યવહારિક દૃષ્ટાંતથી પણ આ વાત સમજી શકાય. એક જીવને રૂપિયા પચીસ હજારમાં મળતું ટી.વી. લેવાના ભાવ છે, તેનાથી મળતો આનંદ તે તેનું ધ્યેય છે. આટલું દ્રવ્ય એકઠું કરવા તે જીવ પ્રયત્નશીલ થાય છે. દ્રવ્યોપાર્જન માટે કઠિન પરિશ્રમ કરે છે ત્યારે અનિવાર્ય ખર્ચ કર્યા પછી મહિના દિવસે હજાર રૂપિયા બચાવે છે. બેચાર હજાર રૂપિયા એકઠા થાય ત્યાં બીજી કોઈ વસ્તુમાં મોહી તે દ્રવ્ય વાપરી નાખે છે, અને ફરીથી રૂપિયા એકઠા કરવા લાગે છે. આ પ્રમાણે વારંવાર બનતું રહે તો પંદર વર્ષે પણ તે ટી.વી. લેવા

થાય નહિ. પરિણામે તેણે ઈચ્છેલો આનંદ તેનાથી દૂર જ રહે. પરંતુ જો એ જીવ સમજણપૂર્વક અન્ય ચીજોમાં ખોટયા વિના દ્રવ્ય સંકલન કરતો રહે તો અઢી ત્રણ વર્ષમાં પોતાની ભાવના પૂરી કરી શકે. આ જ પ્રમાણે જીવ જો પોતે કરેલી પુણ્યકમાણીને સંસારના ભૌતિક સુખો મેળવવામાં ખર્ચી ન નાખે તો, સંકલિત પુણ્યના પ્રભાવથી મોક્ષના પહેલા પગથિયા રૂપ સમ્યક્દર્શનને મેળવવા ભાગ્યવાન થઈ શકે. અલબત્ત, એમ થવા માટે સમકિત પ્રાપ્તિની તાલાવેલી જોઈએ, પોતે ઉપાર્જન કરેલું પુણ્ય સન્માર્ગે વપરાય તેવી ભાવના જોઈએ તથા પુણ્ય ઉપાર્જન થાય તેવાં સદાચાર તથા પ્રવૃત્તિઓ જોઈએ. મોક્ષપ્રાપ્તિના અભિલાષથી જેમ જેમ જીવ પુણ્યોપાર્જન વધારતો જાય છે તેમ તેમ વિશુદ્ધિના એક પછી એક પગથિયાં ચડતો જાય છે અને છેવટમાં મોક્ષનાં અવ્યાબાધ સુખને મેળવે છે. ભવોભવથી લૌકિક લાભોમાં વપરાતા પુણ્યને પરમાર્થે વાપરવાની આવડત કેળવવા માટે જીવ શ્રી પ્રભુને આ પ્રમાણે પ્રાર્થના કરી શકે છે:-

"શ્રી સર્વજ્ઞ વીતરાગ ભગવંત! આપ અનંત સુખ સ્વરૂપ એવાં જ્ઞાન, દર્શન તથા ચારિત્રને માણી રહ્યા છો. તેમાંથી નિષ્પન્ન થતા પરમાનંદને મારા સમયાત્મક વંદન હો. જે ઉત્તમોત્તમ નિમિત્ત પામીને આપે આ સુખ મેળવ્યું છે તે જ નિમિત્ત લેવાની મારી અભિલાષા છે. નીરાગી પરમાત્મા! આપની કૃપાથી તેમ કરવા માટેની સમજણ મારામાં જાગતી જાય છે, તે માટે આપનો ખૂબ ખૂબ આભાર માનું છું. એ સમજણને આધારે અન્ય જીવોને શાંતિ તથા શાતા મારા નિમિત્તે પ્રાપ્ત થાય તે માટેનાં મારા પ્રયત્નો ચાલુ છે. એ પ્રયત્નમાં જતાં મારામાં કર્તાપણાના ભાવ તથા તેના અનુસંધાનમાં યશકીર્તિ, ધનસમૃદ્ધિ, સત્તા, વૈભવ આદિ લૌકિક સુખ મેળવવાની વૃત્તિ જોર કરી જાય છે.

પ્રાર્થના

આ દશામાં મને ભય વેદાય છે કે આ સરાગ અવસ્થા મારાં બધાં પુણ્યને ખાઈ જશે અને લૌકિક સુખમાં ડૂબાડી ઉત્તમ આત્મશાંતિથી મને વંચિત કરી દેશે. પ્રભુ! આવી દયાજનક સ્થિતિથી મારું ખૂબ ખૂબ રક્ષણ કરો. મારી સરાગ અવસ્થાથી મને છોડાવી, નીરાગ શ્રેણિ પ્રતિ મને દોરતા રહો. હું આપને આધીન જ છું. તમારી સહાય વિના મને સફળતા દેખાતી નથી. જગતના પદાર્થોની લાલચ ભલભલા મુનીશ્વરોને અખાવવા સમર્થ છે, તો મારું શું ગજુ? લોકોત્તર પુરુષ! આપની કૃપાદૃષ્ટિમાં શું અલભ્ય છે? તેથી પરમ વિનયભાવથી વિનંતિ કરું છું કે અન્ય જીવોને શાતા આપવાના કાર્યમાં વૃદ્ધિ કરવા છતાં, મને ભૌતિક સુખોનું આકર્ષણ નડે નહિ તેવી મારા પર કૃપા કરો. મારે તો આપની નીરાગ શ્રેણિ આચરી, તેનાથી મળતાં પુણ્યાનુબંધી પુણ્યનો લાભ લઈ મોક્ષનાં સુખને માણવા છે. ચોસઠ ઈંદ્રના પૂજનિક દેવ! આપની જે કંઈ મેં સહૃદયતાથી ભક્તિ કરી હોય, અન્ય જે કંઈ શુભ પ્રવૃત્તિ કરી હોય તેનું પરિણામ મને આત્મશુદ્ધિ તથા આત્મશાંતિની વૃદ્ધિથી પ્રાપ્ત હોજો. સંસારી શાતા વધારવાની જે કંઈ ભાવના મારામાં ઊંડે ઊંડે પણ રહી ગઈ હોય તો તેનાથી મને નિવૃત્તિ અપાવજો. આપે કરેલા સર્વ ઉપકારનો ત્રઋણી બની, પરમપ્રેમથી આ ત્રઋણની ચૂકવણી કરવા અન્ય પાત્ર જીવોને સહાય કરતા રહેવા હું તત્પર રહીશ. આવા નિશ્ચય સાથે આપને સવિનય વંદન કરું છું."

ૐ શાંતિ

જીવનમાં પૂર્વે કરેલાં અશુભ કર્મબંધના ઉદય આવે ત્યારે તેની નિવૃત્તિ માટે કેવા કેવા પ્રકારની પ્રાર્થના યોજી શકાય છે તે આપણે જોયું. અગમચેતી વાપરી, શ્રી પ્રભુમાં શ્રદ્ધા રાખી, શાતાના ઉદયો ટળી ન જાય તથા સત્તામાં રહેલા

અશાતાના કર્મો ઉદિત ન થઈ શકે તે માટે પણ જો પ્રાર્થના કરતા રહેવામાં આવે તો મોટેભાગે અશુભ કર્મો ઉદય થતાં નથી, અથવા થાય છે તો ઘણા નાના સ્વરૂપે દેખા દે છે. આથી કષ્ટ હોય વા ન હોય તો પણ પ્રભુને હૃદયથી પ્રાર્થના કરવામાં આવે તો રોજિંદા જીવનમાં આત્માર્થે તથા સંસારાર્થે મોટો લાભ થાય છે.

કર્મભૂમિના પ્રત્યેક મનુષ્યે જીવનકાળ દરમ્યાન વિવિધ પ્રવૃત્તિ કરતા રહી જીવન વ્યતીત કરવાનું હોય છે. ભૂતકાળમાં કરેલી ભૂલો તોડવામાં જેમ પ્રાર્થના સહાયરૂપ થાય છે તેમ ભવિષ્યમાં થવા યોગ્ય ભૂલોને એ જ પ્રાર્થના દ્વારા અટકાવી શકાય છે. વ્યવહારમાં વર્તતી વખતે જે જે સંભવિત ભૂલોનો લક્ષ આવે તે ભૂલોથી બચાવવા જો શ્રી પ્રભુને વિનવવામાં આવે તો શ્રી પ્રભુ કૃપા કરી એ દોષમાં પડતાં અટકાવે છે. તે દ્વારા આરાધકને બહુ મોટો લાભ થાય છે. કર્મભૂમિમાં જીવનના નિર્વાહ માટે વિવિધ વ્યવસાયો કરવામાં આવે છે જેમકે કોઈ વ્યાપારી થાય છે, કોઈ શિક્ષક થાય છે, કોઈ ડોક્ટર થાય છે, કોઈ ઇજનેર બને છે, કોઈ બાંધકામનું કાર્ય કરે છે, કોઈ દવા બનાવે છે, કોઈ ખેતીનું કાર્ય કરે છે, કોઈ વિવિધ માલસામાન બનાવે છે, કોઈ સોની, લુહાર, દરજી, કુંભાર વગેરેમાંનો કારીગર બને છે, કોઈ ગૃહકાર્ય કરે છે વગેરે. પોતે સ્વીકારેલા વ્યવસાયમાં સુવિધા રહે, વિઘ્નો ન આવે તથા છેવટે ઇચ્છવા યોગ્ય એવા મોક્ષસુખને મેળવવાનો પુરુષાર્થ ચાલુ રહે તેવી ભાવનાથી પોતાના વ્યવસાયને અનુરૂપ એવી પ્રાર્થના વારંવાર કરતા રહી જીવ મોટા લાભને મેળવી શકે છે. સ્વીકારેલો વ્યવસાય કરતાં કરતાં આશ્રવ કરતાં સંવર નિર્જરા વધે એ માટે પ્રાર્થના સાથ

આપી જીવને ઉત્સાહીત કરે છે.

અનેક લોકો જીવનનિર્વાહના સાધન રૂપે વ્યાપારને પસંદ કરે છે. ઇશ્વરની કામનાવાળા પોતાના વ્યાપાર પ્રસંગમાં ન્યાય અને નીતિયુક્ત રહેવા ઈચ્છે છે. પ્રવૃત્તિ કરતાં અલ્પાંતિઅલ્પ બંધ થાય તેવી પોતાની વર્તના રાખવા તેઓ પ્રભુને પ્રાર્થે છે :-

"સર્વ કળાઓમાં શ્રેષ્ઠ પ્રભુ ! આપને મારા વિનય સહિત વંદન હોજો. આ કર્મભૂમિમાં મારે વેપારનો ઉદય વર્તે છે. મારી વૃત્તિ મુક્ત થવા લાગીની છે, પરંતુ ગૃહસ્થાશ્રમના કર્તવ્યરૂપે વેપારાદિ પ્રવૃત્તિ અનિવાર્ય છે, તેથી તે પ્રવૃત્તિ કરતાં મારો જીવ કોઈ તીવ્ર બંધનમાં સપડાય નહિ એવી નિર્દોષ વર્તના મને આપો. દયાળુ દેવ! મને એવી સન્મતિ આપો કે મારું કાર્ય હું નીતિ તથા પ્રમાણિકતાથી કરું, અન્ય કોઈ સાથે વેરસંબંધમાં આવું તેવી પ્રવૃત્તિ મારાથી થાય નહિ, દ્રવ્યનું અયોગ્ય આકર્ષણ મને સંભવે નહિ, અને જે દ્રવ્યોપાર્જન થાય તેનો અમુક ભાગ બાજની શાતા તથા સુખાકારી માટે હું વાપરી શકું. જે જે ગ્રાહકોના સંપર્કમાં મારે રહેવાનું થાય તેમની સાથે સદૈવ શુભ ઉદયો રહે એ જ ઈચ્છું છું. તેમની સાથે અશુભના ઉદયો આવે તેવા જે કોઈ પાપકર્મ મેં ભૂતકાળમાં કર્યા હોય તેની આપની સાક્ષીએ ક્ષમા માગું છું. તે દુષ્કૃત્યો નિષ્ફળ કરવામાં મને સાથ આપો, જેથી ઉદિત થતાં પહેલાં જ તેનો ક્ષય કરી શકું. આપે અત્યાર સુધી અનેરો સાથ આપી મારું રક્ષણ કર્યું છે, તેવી રક્ષા ભાવિમાં પણ કરશો એ જ ભાવના સાથે, ઉપકાર માની વિનમ્રભાવે વંદન કરું છું."

ૐ શાંતિ.

વ્યવસાયે ડોક્ટર હોય તે મનુષ્ય જન્મને સફળ કરવાના અભિલાષ સાથે શ્રી પ્રભુને પ્રાર્થના કરી શકે કે :-

"કર્મનાં સમસ્ત દળને પરાસ્ત કરવામાં અતિ ઉગ્ર પરાક્રમ દાખવી, આત્માની ઓજસ્વિતા પૂરવાર કરનાર હે પ્રભુ! આપ કર્મરૂપી મહારોગને મટાડનાર મહાન વૈદ્ય છો. સહુને કર્મરોગ ક્ષય કરવા માટે આપની સહાય નિરંતર મળતી રહો. દેવેશ્વર! મારા ભાગ્યે દેહના દર્દમાં શાતા આપવાનો પ્રયત્ન કરનાર વૈદ્ય થવાનું લખાયું છે. તો આપશ્રી મારા પર એવી કૃપા કરો કે હું શુભભાવ વધારતો રહી, દર્દીઓને રોગમુક્ત થવામાં મદદરૂપ થઈ શકું. જે જે રોગીઓ મારી પાસે શાતા ઓળવવાના હેતુથી આવે તેઓ સંબંધી આપની કૃપાથી મને એવા ઉપાયો સૂઝતા રહો જેથી તેમને રોગમુક્ત થવાનો લાભ મળે. એમની સેવા હું નિસ્પૃહભાવથી કરી શકું એ જ માગું છું. એ સર્વ દર્દીઓ સંબંધી મારા આત્માએ જે કોઈ અશુભભાવો પૂર્વકાળમાં સેવ્યા હોય તો તેની આપની સાક્ષીએ ક્ષમા ચાહું છું. મારા પૂર્વનાં અશુભભાવો એ જીવને રોગમુક્ત થવામાં અંતરાયરૂપ ન નીવડે એ જ ભાવના છે. તે સહુ જીવો રોગમુક્તિ સાથે ભવમુક્તિ પણ પામી શકે એવી આદર્શ વર્તના મને આપશો. આપની અનંત કરુણામય કૃપા ઈચ્છી, ઉપકાર માની, ખૂબ ભાવથી વંદન કરું છું."

ૐ શાંતિઃ

દવાઓ બનાવનાર તથા વેચનાર આ પ્રકારના ભાવો કરી શકે:-

"શ્રી કૃપાળુ ભગવંત! ભવરોગ ટાળવાની ઉત્તમ દવા આપનાર વિભુ! મને સદાય આપનું શરણું હોજો. જે જે નીતિ, નિયમો અને સિદ્ધાંતને આધારે આપ ભવરોગ ટાળવા માટે ઔષધિ આપો છો, તે તે નીતિ, નિયમો અને સિદ્ધાંતો હું સમજી શકું, એટલું જ નહિ પણ એ અનુસાર દેહરોગ ટાળવા માટેની ઔષધિ હું બનાવી શકું એવો સેવાભાવ અને સદ્બુદ્ધિ મને આપજો. મારા થકી એવા

પ્રાર્થના

પ્રકારની ઔષધિ નિર્માણ કરાવજે કે તે ગ્રહણ કરનાર વિપરીત અસર વેઠ્યા વિના રોગમુક્ત થાય. જે જે રોગીઓ એ દવા લેવાના હોય તેમના સંબંધી મેં જે કોઈ પણ પ્રકારે પૂર્વે અપરાધ કર્યા હોય તો તેની આપની સાક્ષીએ પશ્ચાત્તાપપૂર્વક ક્ષમા માગું છું. મારા તે અપરાધ ક્ષય થાઓ. હે વિશ્વસ્વામી ! જે જે જીવોની મારાથી દુભવણી થઈ છે તે સહુને સંસારે શાતા તથા આત્માર્થે વિકાસ, મારા પાપના પ્રાયશ્ચિતરૂપે આપશો એ જ મારી વિનંતિ છે. આપને ખૂબ પ્રેમભાવથી વંદન કરું છું."

ૐ શાંતિ

ઈમારતોનું બાંધકામ કરનાર ઈજનેર આ પ્રતના ભાવો કરી શકે :-

"મહા વીર્યવાન પ્રભુ! સર્વ ભવ્ય જીવોને શાશ્વત ઘરની પ્રાપ્તિ કરવા માટે મહા કલ્યાણકારી માર્ગ આપે આપ્યો છે. સાથે સાથે શાશ્વત ઘરની પ્રાપ્તિ કરવા જતાં કોઈ નવીન બંધ વધે નહિ એવો નિર્દોષ પુરુષાર્થ પણ આદર્યો છે. એ સામે મારા વ્યવસાયની તપાસણી કરતાં મારી પામરતા અનુભવાય છે. વ્યવહારે વસવાટયોગ્ય બાંધકામ કરવાનો મારો ઉદ્યોગ છે. તે કાર્ય કરવા જતાં મારો આત્મા પાંચે પ્રકારના એક ઇન્દ્રિય તથા અમુક ત્રસ જીવોના ઘાત કરવાના પાપમાં પડે છે. હે વિભુ! આ દોષો માટે હું ખૂબ પશ્ચાત્તાપી રહું છું. વિશ્વવિધાતા ! મારા નિમિત્તે હણાયેલા સહુ જીવોની આપની સાક્ષીએ ક્ષમા માગું છું, અને આપને વિનવું છું કે કૃપા કરી તેઓનું પરિભ્રમણ મર્યાદિત થાય તેવી સ્થિતિમાં તેમને લઈ જજો. વળી, જે જે જીવોને આ જગ્યામાં વસવાનો યોગ હોય તેમને આપની કૃપાથી વ્યવહારની તથા પરમાર્થની સુવિધા મળો અને નાશવંત ગૃહમાં વસી શાશ્વત ગૃહે જવાનો પુરુષાર્થ સાંપડો. મારી દોષમય દષ્ટિને વિશુદ્ધ કરવાના ભાવથી આપને અર્પણભાવથી વંદન કરું છું. મારા થકી કોઈ જીવ અશાંતિ પામે નહિ તેવા નિર્મળ ભાવ અને વર્તન કેળવવાની જિજ્ઞાસાથી વાંદુ છું."

ૐ શાંતિઃ

વકીલ હોય અથવા ન્યાયાલયને લગતા વ્યવસાયમાં ગૂંથાયેલા હોય તે શ્રી પ્રભુને આ રીતે પ્રાર્થના કરી શકે:—

"ઉત્તમોત્તમ ન્યાયમાર્ગનું ઉદ્‌બોધન કરનાર પ્રભુ! સદાકાળ ન્યાયસંપન્ન પ્રવૃત્તિ કરવાનો બોધ આપે આપ્યો છે. કોઈને લેશમાત્ર અન્યાય કે દુઃખ પહોંચે નહિ તેની કાળજીવાળો બોધ આપે આપ્યો છે અને પાળ્યો પણ છે. આપના આ ગુણને તથા વર્તનને ખૂબ ભક્તિથી વંદન કરું છું. અને ઇચ્છું છું કે આપની કૃપાથી મારામાં પણ આ ગુણ તથા વર્તન સમાવેશ પામો. તેના આધારે મારા વ્યવસાયનો દુરુપયોગ કરતાં હું અટકી જાઉં. ભૌતિક સંપત્તિની લાલસાને કારણે જેમના જીવનમાં કુલેશ વર્તે છે તેઓ સાંત્વનાર્થે મારી પાસે આવે છે અને ન્યાયાલય સુધી લડવા વિચારે છે. પ્રભુ! મારા પર એવી કૃપા કરો કે જેથી અસીલોએ મૂકેલા વિશ્વાસને અપાત્ર નીવડું નહિ. ન્યાયયુક્ત વર્તન કરી તેમના કુષાયોને શાંત કરવા ભાગ્યશાળી બનું. આ પ્રકારના શુભ કાર્યો દ્વારા વિશ્વશાંતિ સ્થાપવાના શ્રી સત્પુરુષોના પ્રયત્નોને હું અનુમોદી શકું એ જ મારી ભાવના છે. અસીલો તથા સહ વ્યવસાયીઓ સંબંધી મારા થકી જે જે પાપદોષ થયા હોય તે સર્વની આપની સાક્ષીએ હૃદયના ઊંડાણથી ક્ષમા માગું છું. તે સહુ સાથે એવા શુભ સંબંધો આપો કે ન્યાયમાર્ગના અટલ સિદ્ધાંતોને અનુસરી આપની કૃપાના સાથથી મુક્તિદ્વાર સુધી અમે જઈ શકીએ. સહુ જીવના કલ્યાણની ઉત્તમ ભાવનામાં રહેવાના આશયથી આપને પંચાંગી નમસ્કાર કરું છું"

ૐ શાંતિ.

શિક્ષણકાર્યમાં વ્યસ્ત રહેતા જીવાત્માઓ શ્રી પ્રભુને આમ પ્રાર્થે: —

"જ્ઞાનસમ્રાટ પ્રભુ! આપના અગાધ ગંભીર જ્ઞાનને વંદન હો. આપમાં ત્રણે લોકનું, ત્રણે કાળનું, સમય સમયનું જ્ઞાન

પ્રાર્થના

પ્રકાશે છે, તે અદ્‌ભુત જ્ઞાનને સમય સમયના વંદન હો. કરુણાનિધિ! આપ અત્યંત કરુણા કરી સતત જ્ઞાનધારા વરાવી રહ્યા છો, તે ઝીલવાની મને પાત્રતા આપો. આપની જ્ઞાનધારા ઝીલી, જગતનાં કલાકૌશલ્યનું જ્ઞાન મેળવતાં મેળવતાં આત્મશુદ્ધિ વધારવાની મારી મહેચ્છા છે. આપના પ્રસાદથી એની પ્રાપ્તિ કરી, આપનાં શરણે રહી, એ જ્ઞાનની લહાણી સહુ જિજ્ઞાસુ જીવોમાં કરવાની મારી નેમ છે. જે જે વિદ્યાર્થીઓ જ્ઞાનપિપાસા સાથે મારી પાસે આવે તેમને શુદ્ધ કલ્યાણબુદ્ધિથી વિશદ માર્ગદર્શન આપી શકું એવી કૃપા મારા પર કરશો. એ જ્ઞાન અવધારી તેઓ ઉત્તમ નાગરિક બની, જગતને આત્મકલ્યાણના માર્ગે આગળ વધારવામાં નોંધ-પાત્ર ફાળો આપી શકે. આ ઉત્તમ કાર્ય બજાવવાની તક મને દેતા રહી, મારા જીવનની ઉજ્જ્વળતામાં વધારો કરવા વિનંતિ કરી, સવિનય દંડવત્ પ્રણામ કરું છું."

ૐ શાંતિ

કૃષિક્ષેત્રમાં જીવન વીતાવનાર પ્રભુને વિનવી શકે કે :-

"જગતઆધાર જગસ્વામી! સવિનય પ્રણામ હો. આપ પ્રભુ આત્માને સબળ અને વીર્યવાન બનાવવા માર્ગદર્શન આપી રહ્યા છો તે ધન્ય છે. મારા જીવનમાં જીવના દેહને આધાર રૂપ થાય તેવું અન્ન ઉત્પાદન કરવાનું કાર્ય મહત્ત્વનું થયું છે. આ અન્ન ઉત્પાદન કરવામાં કેટલાયે કુદરતી તત્ત્વો પર આધાર રાખવો પડે છે. તે સહુ વેળા વેળાની છાયા આપ્યા કરે અને સાનુકૂળ સંજોગો મને મળતા રહે તો ધાન્યની ઉત્પત્તિ સુંદર રીતે કરી શકું. મારાં ભાવ તથા વર્તન આપની કૃપાથી એવાં રહેજો કે બાહ્યાંતર તત્ત્વોની સાનુકૂળતા મને મળતી રહે. વળી, જે ધાન્ય ઉત્પન્ન થાય તેને ખાનાર જીવાત્માઓની વૃત્તિ સદાચાર

ભાગી વળી, આત્મકલ્યાણને ભજતી થઈ જાય. ઉત્પન્ન થયેલું ધાન્ય જેના ઉદરમાં જાય તે દુષ્કૃત્ય તથા કુમતિ કરતાં અટકી જાય તેવી કૃપા હે પ્રભુ! આપ કરતા રહેશો. ધાન્યોત્પત્તિ માટે જે જે પ્રક્રિયા મારે કરવાની રહે છે તેમાં અઢળક એકેંદ્રિય જીવોની તથા સંખ્યાત ત્રસ જીવોની હિંસા થાય છે. તે સર્વ પાપકર્મ માટે ખૂબ જ પસ્તાવો મને થાય છે. પંચેન્દ્રિયની સેવા કરવા જતાં અન્યનો થતો ઘાત મને ખૂબ પીડા પહોંચાડે છે. હે વિધાતા! તે સર્વ જીવોને શુભ ભાવોમાં લપેટી વિકાસ ક્રમમાં આગળ વધારશો, જેથી મારાથી પહોંચેલી પીડામાં તેમને શાતા મળે. સર્વ જીવોનું કલ્યાણ માગવા આપના શરણમાં નમું છું, નમું છું, નમું છું."

ૐ શાંતિ.

ગૃહિણી અથવા ગૃહકાર્યમાં ગૂંથાયેલ જીવાત્મા ભાવી શકે કે :-

"હે નીરાગી મહાત્મા! સરાગી અવસ્થામાં પૂર્વકાળે સેવેલા ભાવોને લીધે વર્તમાનમાં ગૃહકાર્યની બજાવણી મને મળી છે. મારા આ કાર્યને હું ખૂબ ન્યાયપૂર્વક, પૂર્વકર્મની નિવૃત્તિ અર્થે તથા નવીન કર્મબંધ અતિ અલ્પતાએ થાય એ રીતે કરતી રહું એવી મારી ભાવના છે. રસોઈ બનાવી કુટુંબીજનોના ઉદરને પોષણ આપવું એ મારું કર્તવ્ય છે. તો એ કાર્યને વ્યવસ્થિત રીતે, ઓછામાં ઓછી હિંસા કરીને, બગાડ કર્યા વિના, કરવાની ભાવનાને પૂરી કરવા મને સહાયરૂપ બનજો. મારી આ પ્રવૃત્તિ કોઈને પણ વિઘ્નરૂપ ન થાય તેવી કૃપા કરજો. મારાથી બનેલી રસોઈ સહુને સ્વાદિષ્ટ લાગે, જે જીવો તે રસોઈને ગ્રહણ કરે તેમને તે પ્રમાદરૂપ ન થાય, ભુક્ત અન્ન સ્થૂળતા પરિણમાવે નહિ, ગ્રહણ કરેલા ખોરાકથી તેમને શાતા ઉપજે અને તેમાંથી લોહી તથા શક્તિ ઉત્પન્ન થાય તેવી અસર કૃપા કરી આપજો જેથી રસોઈ ખાનાર સંબંધી અશુભ બંધ મને પડે

પ્રાર્થના.

નહિ. વળી, આ રસોઈ કરતાં પાંચે પ્રકારના એકેંદ્રિય જીવો તથા ક્યારેક અસંજ્ઞી ત્રસ જીવોની હિંસા મારાથી થઈ જાય છે તેનો મને ખૂબ જ પશ્ચાત્તાપ થાય છે. આપની આજ્ઞાએ તે સહુ હણાયેલા જીવોની ક્ષમા માંગી આપને વિનંતિ કરું છું કે મારા તે દોષોને સર્વથા નિષ્ફળ કરવા તે જીવોનો વિકાસ કરો અને મારા પ્રતિની તેઓની વેરવૃત્તિનો તેમના વિકાસાર્થે ત્યાગ કરાવો. આ ભાવનાથી સર્વ કાર્યોનું કર્તૃત્વ છોડી અકર્તાપણું સેવવું છે. જેથી મારા સંપર્કમાં આવનાર સહુ જીવો સન્માર્ગ સન્મુખ થવા ઉત્સુક થાય. ઘરની સાફસફાઈ કરતી વખતે મને ઉપયોગની એવી તીક્ષ્ણતા આપો કે મારા થકી ત્રસ કે સ્થાવર જીવો હણાય નહિ, તેમને મારા થકી અભયદાન મળતું રહે. કદાચિત કોઈ સૂક્ષ્મ જીવ હણાય તો તેમનો વિકાસ ઇચ્છી, તેમની ક્ષમા માગી, આપની આજ્ઞાએ વર્તવાના ભાવ કરી, આપને અવિનય વંદન કરું છું."

ૐ શાંતિ

નાના મોટા ઉદ્યોગોમાં વ્યસ્ત રહેતા જીવાત્મા પ્રાર્થી શકે કે :—

"હે દયાનીધિ! આપની દયાનો અમને નિરંતર પરિચય મળતો રહો. લોકોને રોજિંદા જીવનમાં ઉપયોગી થાય તેવી વસ્તુઓનું ઉત્પાદન કરવાની પ્રવૃત્તિ મને મળી છે. પ્રભુ! મને એવી કૃપામાં રાખો કે એમાંથી જન્મતી આવકનું મને અભિમાન આવે નહિ તથા તેનો દુરુપયોગ કરી દ્રવ્યોપાર્જન કરવાનું સ્વપ્નામાં પણ વિચારું નહિ. ઉત્પન્ન કરેલા વસ્તુઓ લોકોને શાતાનું નિમિત્ત થાય તેવી ભાવના મને સતત વર્તતી રહો. મારી જીવન જરૂરિયાત જેટલું જ ગ્રહણ કરી, વધારાની કમાણી હું સન્માર્ગે વાપરતો રહું એ ભાવના દૃઢ કરાવશો. મારામાં એવી કુમતિ ક્યારેય ન થવા દેશો કે લોકોની લાચારીનો લાભ લઈ, મારા સ્વાર્થે તેમને પરેશાની તથા અશાંતિમાં ધકેલી દઉં. તેમની સાથેની એવી

વેરવૃત્તિમાં હું ક્યારેય ન જઉં તેવી સન્મતિ આપશો. લોકોપયોગી પદાર્થ ઘડતાં ઘડતાં આત્માનું ઉર્ધ્વીકરણ થાય તેવા મંગલકારી ભાવ અને વર્તન આપશો એ જ વિનંતિ સાથે આત્મભાવથી વંદન કરું છું"

ૐ શાંતિઃ

આ પ્રમાણે પોતાના વ્યવસાય અનુસાર જે જે જીવોના સંપર્કમાં આવી તેમને દુભવવાનું બનતું હોય તે તે જીવોની કરી પ્રભુની સાક્ષીએ ક્ષમા માગવાથી, તથા દુભાએલા આત્માઓનાં કલ્યાણ થાય તેવી ભાવના બળવાન કરવાથી જીવના પાપકર્મમાં નોંધપાત્ર ઘટાડો થાય છે. વારંવાર આ પ્રાર્થના કરવાથી શુભભાવ તથા શુભપ્રવૃત્તિ કરવા માટેના યોગ અને નિમિત્ત મળતાં રહે છે તેનો ઉપયોગ કરી જીવ બળવાન પુણ્ય ઉપાર્જન કરે છે અને તેને આત્મશાંતિ તથા આત્મશુદ્ધિ અર્થે વાપરી શકે છે.

વ્યવહારમાં વસીને કર્મનાશ કરવા માટે તથા આત્મશુદ્ધિ વધારવા માટે કેવી કેવી પ્રાર્થનાઓ થઈ શકે તે આપણે જોયું. આ સાથે વ્યવહારથી નિવૃત્ત થઈ આત્મપ્રવૃત્તિ વધારી શકીએ તે માટે પણ પ્રાર્થના કરવી જરૂરી છે. જો નિવૃત્તિ ન આવે તો વ્યવહાર સાચવવામાં જ આયુષ્ય વ્યતીત થઈ જાય અને જ્યાં સુધી વ્યવહાર છે ત્યાં સુધી કષાયના નિમિત્તો છે, અને જ્યાં સુધી તીવ્ર કે મંદ કષાય વર્તે છે ત્યાં સુધી કર્મબંધન સંભવે છે. તે કર્મનિવૃત્તિ કરવા સંસાર સેવવો પડે છે. આમ આત્માર્થે વ્યવહાર નિવૃત્તિ અગત્યની છે. સાથે સાથે એ પણ જરૂરી છે કે મળેલી નિવૃત્તિ પચાવવાની અને આત્માર્થે વાપરવાની શક્તિ પણ જીવમાં પ્રગટવી જોઈએ. શક્તિ વિના આવેલી નિવૃત્તિ જીવનાં શાંતિ અને સમતા ભરખી જાય છે; એ નિવૃત્તિ જીવને બેબાકળો બનાવી આક્રોશ પરિણામમાં લઈ જઈ તીવ્ર બંધનમાં બાંધે છે. આવી સંભવિત સ્થિતિમાં મૂકાવું ન પડે તે માટે પાણી પહેલાં જ પાળ બાંધી લેવી.

પ્રાર્થના

"પરમ શાંતરસમાં સદાય નિમગ્ન રહેનાર જિનદેવ! આપને ખૂબ જ શાંત પરિણામને અર્થે વંદન કરું છું. આ સંસારની પ્રવૃત્તિ કરતાં કરતાં અનંતકાળ વ્યતીત થયો છતાં તેનાથી નિવૃત્તિ થઈ નથી, તેની તે જ બંધન પ્રવૃત્તિ ચાલ્યા કરે છે. આપની કૃપાથી ઉપાધિરૂપ આ જવાબદારીઓમાંથી નિવૃત્તિ જોઈએ છે. અને એ નિવૃત્તિ તમે એ પ્રકારે આપશો કે ત્યારે સંસારભાર પણ અતિ ક્ષીણ થઈ ગયો હોય, જેથી મારા અંતરમાં કોઈ સંઘર્ષ સંભવે નહિ. નિવૃત્ત જીવનમાં કોઈ પણ પ્રકારનો શૂન્યાવકાશ સર્જાય નહિ. ઘણા જીવો સંબંધી એવું બને છે કે નિવૃત્તિ લીધા પછી તેઓ પોતાને અનુકૂળ પ્રવૃત્તિમાં ગૂંથાઈ શકતા નથી અને આર્તધ્યાન સેવી, કુટુંબીજનો તથા સ્નેહી-જનો સાથે સંઘર્ષમાં તથા દ્વેષભાવમાં સરી પડે છે. હે કરુણા-સાગર! આવી સ્થિતિથી મારું રક્ષણ કરજો. મારે તો એ પ્રકારે નિવૃત્તિ જોઈએ છે કે તે સમયનો હું સ્વપર કલ્યાણાર્થે સદુપયોગ કરી શકું. આ શુભ પ્રવૃત્તિમાં મને શુભ ઋણાનુબંધીઓનો સહકાર પ્રાપ્ત થાઓ કે જેથી તેમના પ્રતિનું ઋણ ચૂકવવા માટે તેમને વિકાસ કરવામાં મદદરૂપ થઈ શકું. ભાવિમાં પ્રાપ્ત થનારી વ્યવહારથી નિવૃત્તિ મારી તથા અન્યની આત્મશાંતિ તથા આત્મશુદ્ધિ વધારવાના પુરુષાર્થથી ભરપૂર થજો. આ શુભ ભાવના સાકાર કરવામાં મારા પૂર્વના જે જે દોષો અંતરાયરૂપ નીવડે તેમ હોય તે સર્વની પશ્ચાત્તાપપૂર્વક ક્ષમા માગી, આપના ચરણારવિંદમાં નમસ્કાર કરી કૃતાર્થ થાઉં છું."

ૐ શાંતિ:

આ સંસારમાં વારંવાર એવું જોવા મળે છે કે જ્યારે જીવનમાં કોઈ તકલીફ ઊભી થાય ત્યારે તેનું શમન કરવા માટે બીજો કોઈ માર્ગ મળે નહિ ત્યારે પ્રભુના શરણે જઈ, જીવ તે

કષ્ટથી છોડાવવા પ્રભુને વિનવે છે. પ્રભુનું શરણું લઈ, તેમના દાખવેલા માર્ગે ચાલે છે, અને શ્રદ્ધાથી વિચારે છે કે હવે પછી હું આ માર્ગ ત્યાગીશ નહિ. પરંતુ જ્યાં એ મુશ્કેલી શમે છે, જીવનની ઉપાધિઓ ઘટે છે ત્યારે જગતનાં અન્ય પદાર્થો, બંધાયેલા પુણ્યને કારણે પોતાની માયા વિસ્તારી તે જીવને લલચાવે છે. તે જીવનું સંસાર પ્રતિનું આકર્ષણ વધારવા વિવિધ સુખ સ્વરૂપે દેખા દઈ જીવને નિમંત્રે છે... છેવટે તે પદાર્થો જીવ પર આકર્ષણ જમાવી સુખ માર્ગ છોડાવી લાલચમાં પછાડે છે. આવી સ્થિતિમાં જીવ સ્વચ્છંદી બની અનેક નવાં કર્મોની જાળમાં સપડાય છે. આ વ્યવસ્થાનને પાર કરવું સન્માર્ગી માટે અત્યંત આવશ્યક છે. કબીરજી કહે છે કે :–

દુઃખમેં સુમિરન સબ કરે, સુખમેં કરે ન કોઈ,
જો સુખમેં સુમિરન કરે, દુઃખ કાહેકો હોય.

આ દુહામાં જીવની વૃત્તિ સમજાય છે જીવને દુઃખ નથી જોતું, પરંતુ દુઃખ ઉપાર્જન થાય તેવા ભાવ છોડવા પણ નથી. આવી હાલત મોટા ભાગના સંજ્ઞી પંચેન્દ્રિય જીવોની છે. અપવાદરૂપ જીવો જ દુઃખમાંથી પાર ઉતર્યા પછી, સુખાનુભવમાં આવ્યા પછી, ફરીથી દુઃખ દાયક સ્થિતિમાં જવું ન પડે તેવો પ્રભુના શરણમાં રહી પ્રાર્થના, ક્ષમાપનાનો માર્ગ અખંડ રાખે છે. તેવા જીવો માર્ગના દૃઢત્વ અર્થે, આપત્તિ રહિત બનતાં શ્રી પ્રભુને પ્રાર્થના કરે છે કે: –

" કરુણાના ભંડાર ! આપની કરુણાનો કોઈ પાર નથી. ભયંકર દુઃખ આપનાર કર્મો મેં અણસમજમાં બાંધ્યા હતા. તે કર્મો સક્રિય બનતાં અસહ્ય પીડામાંથી મારે પસાર થવું પડયું. તેનાથી છૂટવા બીજો કોઈ ઉપાય જણાયો નહિ ત્યારે ડૂબતો માણસ તરણું ઝાલે એવી બુદ્ધિથી હું આપના શરણમાં આવ્યો. એવા સમયે પણ મારો તિરસ્કાર ન કરતાં મને સ્વીકાર્યો, માર્ગદર્શન આપ્યું અને

પ્રાર્થના

કર્મને પરાજિત કરવા ખૂબ જ પ્રેરણા તથા બળ આપી ઉત્સાહીત કર્યાં. કર્મને નાસવું પડયું. આપે કરેલા આ ઉપકાર માટે હું આપનો ખૂબ જ ગણી છું. આપને હૃદયથી વિનંતિ કરું છું કે વ્યવહારની કષ્ટદાયક સ્થિતિ હાય થયા પછી પણ, અને જીવનની અનેકાનેક સુવિધાઓ વધ્યા પછી પણ હું આપનું શરણું ત્યાજું નહિ, તે સંભાળજો. સંસારી પદાર્થો મોહજાળમાં મને લપેટી ન લે તે માટે યોગ્ય પુરુષાર્થ કરાવી મારું રક્ષણ કરજો. વધતી સુવિધા ઓમાં આત્મપ્રવૃત્તિ વધારતો રહું એ જ મારી અભિલાષા છે. અત્યાર સુધીનું જે કંઈ મારું ગણાયું છે તે તમને સોંપી, કર્તૃત્વના ભારથી મુકત થઈ, આપની આજ્ઞાએ સતત ચાલી, સર્વ દુઃખનાં નિમિત્તો તોડવાની અભિલાષાથી આપને આત્માનંદની અનુભૂતિ સહિત વંદન કરું છું. જગતનું આ ભયાનક સ્વરૂપ જોયા અને અનુભવ્યા પછી એ ભણી જોવા અને જવા ઇચ્છા નથી. હવે તો સતત તમારા શરણનું સેવન કરી, સ્વપર કલ્યાણના માર્ગમાં વસી, મોક્ષભૂમિમાં ત્વરાથી પહોંચવું છે. યોગ્ય અવસર આપશો એ વિનંતિ સહ મારા વંદન સ્વીકારશો."

ૐ શાંતિ.

જીવ જન્મથી મૃત્યુ સુધીની સફર કરે છે ત્યારે યથાર્થ જ્ઞાન અને આરાધનાના અભાવને લીધે જાતજાતના ભયના વેદનમાંથી પસાર થાય છે. જીવને સંસારની અનેક જાતની સુવિધાઓ જોઈએ છે, તેમાં અનિત્યપણું રહેલું હોવાથી તે સુવિધાઓ નહિ મળે તો, અથવા મળેલા સુવિધાઓ ચાલી જશે તો? આવા શારીરિક, માનસિક, આર્થિક, સામાજિક, રાજકીય ઇત્યાદિ અસુવિધાના ભય જીવને વેદવા પડે છે. તે ઉપરાંત જીવ સૌથી મોટો ભય વેદે છે તે મૃત્યુનો. જીવની પોતાની દુઃખ કે અશાંતિ સહન કરવાની તૈયારી

હોતી નથી, અને પૂર્વનાં અશુભ કર્મો ઉદયમાં આવે તો સફળતાથી તેને પાર કરવા જેટલો પુરુષાર્થ નથી હોતો. આવી દુઃખમય સ્થિતિમાં જીવ બળવાનપણે ભયનું વેદન કરે છે. તે ભયથી છૂટવા તેણે પોતાની વિચારણામાં થોડો ફેરફાર કરવો જરૂરી છે. પૂર્વની ભૂલ હોય તો જ કષ્ટ આવે છે, દોષ વિના કષ્ટ સંભવતું નથી. આ સિદ્ધાંતનું દૃઢપણું સેવી, ભૂલો માટે પશ્ચાત્તાપી બનવાથી ભયની માત્રા ઘટતી જાય છે. આવા પ્રસંગો પ્રાર્થના વિશેષ મદદરૂપ થાય છે. વ્યવહારમાં જેમ પોતાની વેદના સ્વજન સમક્ષ વ્યક્ત કરતાં, તેને જવાબદારી સોંપતા હળવાશ અનુભવાય છે તેમ પ્રભુ આપણો સૌથી મોટો રક્ષણહાર હોવાથી તેને સ્વજન સમજી જવાબદારી સોંપતા આપણું લગભગ કાર્ય થઈ જાય છે, મોટાભાગનું બીકણપણું નાસી જાય છે. તે માટે શ્રી પ્રભુને પ્રાર્થી શકાય છે કે:—

"શ્રી વીતરાગ ભગવંત! આપ સર્વ પ્રકારે અભય બની, જગતના તમામ જીવોને અભયદાન આપવામાં સર્વોત્તમ રહ્યા છો. ભયસંજ્ઞા વધવાના નિમિત્તરૂપ જે જે ભાવો છે તેનો ક્ષય કરી, અમને તે પ્રકારના ભાવોનો નાશ કરવા માટે સતત પ્રેરણા આપી મદદ કરી રહ્યા છો. આપના એ ગુણને અહોભાવથી વંદન કરું છું. એ તરફ લક્ષ આપ્યા વિના અત્યાર સુધી મેં મતિકલ્પનાથી બેફામ ભાવો કરી અમાપ ભયસંજ્ઞા ઊભી કરી છે. તે ભયસંજ્ઞાના ઉદય થતાં મારો આત્મા જાતજાતના ભયની ભયંકર વેદનાની વચ્ચે સતત ફફડાટ અનુભવે છે. અને જે કષ્ટો હજુ આવ્યાં નથી તેની કલ્પના કરી, તેનું આગમન વિચારી મારો આત્મા સતત ચિંતિત રહે છે, અને કર્મના આશ્રવને નિમિત્ત આપે છે. વાસ્તવિક કષ્ટની ગેરહાજરીમાં પણ આત્મા કષ્ટમાંથી પસાર થતો હોય તેવી વેદના ભોગવે છે. આ અસહ્ય સ્થિતિમાંથી હે જીવનાધાર પ્રભુ! મને મુક્ત કરો. સર્વ

પ્રકારનાં દુઃખથી છૂટવાના ભાવ જ્યારથી બળ કરી રહ્યા છે ત્યારથી આ સ્થિતિ અત્યંત ત્રાસરૂપ થઈ ગઈ છે. મારે તો આપની કૃપાથી સર્વથા નિર્ભય થવું છે. જિનદેવ ! મને એવી સન્મતિ આપો કે કોઈ ખોટી વિચારણામાં અટવાઈને મારો આત્મા ભયસંજ્ઞા વધારે નહિ, પૂર્વની ભૂલોનો સતત પશ્ચાત્તાપ કરે, ભૂલોનો ભોગવટો સમર્થતાથી કરવા બળવાન બને અને આપના આશ્રયે આવું નિર્ભયપણું પ્રગટાવી અન્યને અભયદાન આપવા જેટલો સદ્‌ભાગી બને. દીનાનાથ ! પૂર્વ નિબંધિત કર્મોને સમભાવથી ખપાવવા જેટલું આત્મબળ આપો, સુખ દુઃખની કપોલકલ્પિત માન્યતાથી અસાતપણું આપી સત્ય નિર્ભય-પણા સુધી પહોંચવા માટે સાનિધ્ય આપી વીર્ય પ્રગટાવવામાં સહાય કરો. પૂર્વ સંચિત સર્વ દોષોની ક્ષમા માગી આપના એ અભયદાનને સાચી શરણાગતિથી સવિનય વેદન કરું છું"

ૐ શાંતિ.

અશુભ કર્મો હોય તો જ કષ્ટ આવી શકે, તે સિવાય કષ્ટો આવી શકતાં નથી, અને સન્માર્ગે પ્રભુઆજ્ઞાએ વર્તતા રહેવાથી અશુભ કર્મો બંધાતાં નથી. આ સમજણને દૃઢ કરતા જવાથી જીવની ભયસંજ્ઞા તૂટતી જાય છે બીજી બાજુ અન્ય જીવોને અભયદાન આપવાની ટેવ પાડતાં જવાથી પોતાનું નિર્ભયપણું વધતું જાય છે. શ્રી મહાવીર પ્રભુના વિદ્યમાનકાળે શ્રેણિક રાજા થઈ ગયા એવાળા મતિએ કૃત્યો કરતાં સાતમી તમતમપ્રભા નામક નરકમાં તેત્રીસ સાગરોપમ સુધીના લાંબા કાળ માટે અતિઘોર ભયંકર દુઃખો વેદવા પડે તેવું બળવાન કર્મ તેમનાથી બંધાયું. કરેલા કૃત્યના ભયંકર ફળનો પણ તેમને ખ્યાલ આવ્યો. તેવી સ્થિતિમાં ફળના અસહ્ય ભયંકરપણાથી ભયભીત થયા વિના કે ચિંતિત થયા વિના તેઓ સન્માર્ગે બળવાન પુરુષાર્થી બન્યા. શ્રી મહાવીર પ્રભુ જેવા ઉત્તમ

સત્પુરુષના શરણે જઈ આત્મશોધનાર્થે બળવાન પુરુષાર્થ તેમણે ઉપાડયો. કર્મબંધનના વિચારો કરી કરી, તેના વિકલ્પમાં રમ્યા વિના સત્ય પુરુષાર્થ કરવામાં જ તેઓ લાગી ગયા. પરિણામે તે જ જન્મમાં તેત્રીસ સાગરોપમ ચાલે એવડા મોટા કર્મને માત્ર ચોરાશી હજાર વર્ષમાં પૂરું થઈ જાય તેટલું ટૂંકાવી શકયા. સાથે સાથે સાતમી નરકની અતિ અતિ તીવ્ર વેદનાનું રૂપાંતર પહેલી નરકની નમ્ર વેદનામાં કરી શકયા. એટલેથી ન અટકતાં તેઓ સન્માર્ગે ભવ્ય પુરુષાર્થ કરી, આત્મદશામાં આગળ વધી તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરવા જેવું અદ્દભુત ફળ પણ મેળવી શકયા. ધન્ય છે તેમના એકાવતારીપણા સુધી લઈ જતા અતિઉગ્ર અને ભવ્ય આત્મશુદ્ધિના પુરુષાર્થને શ્રી પ્રભુના સાથથી કેવા ભયંકર કર્મને શ્રેણિક મહારાજા કેટલું હળવું કરી શકયા ! જે જીવ પ્રભુશરણે રહી આવો ઉગ્ર પુરુષાર્થ કરે તે આવું મિષ્ટ ફળ મેળવે જ, એ સમજણના આધારે પ્રભુના સાથથી ઉગ્ર પુરુષાર્થ કરી ભયને જ ભયભીત કરવો તેમાં સહુ મુમુક્ષુ જનની શોભા છે.

કેટલાક વખત પરિચિત વ્યક્તિના જીવનમાં વર્તતા દુઃખ તથા કષ્ટો જોતાં જોતાં જીવ એવી કલ્પનામાં ચાલ્યો જાય છે કે મને આ પ્રકારની મુશ્કેલી આવે તો મારા શા હાલ થાય ? મનમાં વર્તતી આ ભયભીત દશા કે મનની નબળાઈથી મુક્ત થવા શ્રી પ્રભુને વિનવી શકાય કે :—

" હે સુખના સિન્ધુ ! સુખસ્વામી ! આ પ્રકારનું કષ્ટ મારે જોઈતું નથી. કદાચિત્ આ પ્રકારનું કષ્ટ આવે એવાં મારાં પૂર્વ પાપકર્મો હોય તો તેની હૃદયના પશ્ચાત્તાપપૂર્વક આપની સાક્ષીએ ક્ષમા માગું છું. મારાં તે પાપ તથા પાપજનિત ભયનો નાશ કરાવો. કદાચિત્ આપના જ્ઞાનમાં એમ જણાતું હોય કે મારે આ પ્રકારનાં દુઃખનાં વેદનામાંથી

પસાર થવાનું જ છે, તો કૃપા કરી મારા આત્માને એવો વીર્યવાન બનાવો કે તે નિમિત્તે મને કોઈ પ્રકારનું આર્તધ્યાન થાય નહિ, નવીન બંધન થાય તેવો કોઈ પ્રત્યાઘાત મારા આત્મામાં આવે નહિ. સમભાવ પૂર્વક એ કર્મ નિવૃત્ત કરી શકું તેવી કૃપા રાખશો. આપના આ સાથ તથા ઉપકારને ખૂબ ખૂબ ઓળખાવવાથી સ્તવીને આપને શુદ્ધ ભક્તિભાવથી અતિનમ્ર વંદન કરું છું."

ૐ શાંતિ

વર્તમાનમાં કોઈ કષ્ટદાયક સ્થિતિ ઉપસ્થિત ન હોય, આત્મા સુવિધાઓમાંથી પ્રવર્તતો હોય, એવી દશામાં પણ જીવને કોઈ નિશ્ચિંતતા નથી હોતી કે ભાવિમાં દુઃખ આવશે જ નહિ. દુઃખ તથા મૃત્યુની તલવાર જીવ પર સતત તોળાયેલી જ રહે છે. આવા સંજોગોમાં જીવને અણગમતા પ્રસંગો કે દુઃખો બીજાના જીવનમાં જોવા મળે છે ત્યારે તે સન્માર્ગી હોવાથી સહજતાએ પ્રાર્થનામાં સરી જાય છે. તે ઇચ્છે છે કે :—

"હે પ્રભુ! આ જીવ આવી મુશ્કેલીભરી તથા અકળાવનારી વેદનામાંથી પસાર થાય છે, તો તે જીવને વેદનાથી નિવૃત્તિ આપી શાતા કરશો. હું પણ મારા શુભ ભાવોને આધારે તેને મદદરૂપ થઈ શકું તો તેમ કરવા મારી ભાવના છે. વિભુ! આ પ્રકારની વેદના જન્માવે એવાં દુષ્ટ કર્મપરમાણુઓ જો મારા આત્માએ ગ્રહણ કર્યાં હોય તો તે સર્વ પાપદોષની આપની સાક્ષીએ પશ્ચાત્તાપ સહિત ક્ષમા માગું છું. મારાં તે કૃત્યો પશ્ચાત્તાપની બળવાન આગમાં આપના પ્રસાદથી ભસ્મીભૂત થાઓ, એ જ માગું છું. આપની કૃપાથી સહુ સાથે બળવાન શુભ ઉદય આવે એવી પ્રવૃત્તિ સન્માર્ગે કરતો રહુ એવા શુદ્ધ ચારિત્રની પ્રાપ્તિ અર્થે લઘુત્વભાવથી વંદન કરું છું."

ૐ શાંતિઃ

આ પ્રકારે વિવિધ સંજોગોમાં આધારરૂપ થાય એ જાતની ક્ષમાપના મિશ્રિત પ્રાર્થના શ્રી પ્રભુને કરવાથી ઘણા ઘણા પ્રકારથી હળવાશ મેળવી શકાય છે. કારણ કે તેમ કરવાથી જૂનાં કર્મો વિશેષ ઝડપથી ખરે છે, નવાં અશુભ કર્મો એ કાળ દરમ્યાન બંધાતા નથી, તથા સ્વજન સાથે દિલ ખોલીને વાત કરતા હોઈએ એ રીતની વાત-ચીત પ્રભુ સાથે પ્રાર્થનામાં ચાલતી હોવાથી જીવને એકલતા, બીજાથી પરપણું, વગેરે ભોગવવાં પડતાં નથી. આ હળવાશનો યોગ્ય માર્ગે ઉપ-યોગ કરવાથી અનેક પ્રકારની શક્તિઓ તથા શુદ્ધિનો આત્મા સ્વામી બને છે. આ જાણવા છતાં કેટલાકને મોહબુદ્ધિના પ્રભાવથી એવા ભાવ થાય કે અમારે શું આખો દિવસ પ્રાર્થના જ કરવાની? એક પછી એક પ્રાર્થના જ કરતા રહીએ તો બાહ્ય પ્રવૃત્તિઓ તથા આનંદવિનોદનું શું? ...આ પ્રશ્નાવલિના અનુસંધાનમાં જીવ આર્તધ્યાનમાં ગરકી જાય. પરંતુ જો ધીરજથી તેના પર વિચારણા કરવામાં આવે તો આવો કોયડો થાય જ નહિ.

મૂળભૂત તત્ત્વ તરીકે સંસારચક્રથી છૂટવાના ભાવ જીવે શ્રી પ્રભુના આશ્રયે બળવાનપણે કરવાના છે. તેમ કરતાં કરતાં જીવ જ્યારે વિભાવ બાજુ ખેંચાય ત્યારે જે પ્રકારના વિભાવો હોય તેને તોડનાર પ્રાર્થના કરતાં શીખવાનું છે. અહીં દર્શાવેલ પ્રાર્થનાઓ નમૂનારૂપ છે. પ્રત્યેકને રોજેરોજ કરવાનો ઉદ્દેશ તેમાંથી ફલિત કરવાનો નથી. વળી એ પણ લક્ષ રાખવું ઘટે છે કે જેટલું વિઘ્ન બળવાન હોય તેટલું જ બળ તેને તોડ-વા માટેની પ્રાર્થનાનું હોવું જોઈએ, નહિતર પ્રાર્થનાની અસર ધાર્યા પ્રમાણમાં થતી નથી. જેમ દર્દ જેટલું બળવાન હોય તેટલી તીવ્ર દવા આપવામાં આવે છે – દર્દને નાબૂદ કરવા માટે, તે જ પ્રમાણે કર્મરોગ જેટલો તીવ્ર હોય, તેના પ્રમાણમાં એટલી જ તીવ્ર તેની ઔષધિ જોઈએ અર્થાત્ પ્રાર્થનારૂપ તીવ્ર પુરુષાર્થ જોઈએ. આ પ્રમાણભાન જળવાય નહિ તો ઇષ્ટફળ મેળવી શકાતું નથી. જેમ સંસારમાં ધનપ્રાપ્તિ કે અન્ય

પ્રાર્થના

ઈચ્છિત સફળતા મેળવવા માટે જીવ અવિરત પુરુષાર્થ આદરે છે તેમ જ જન્મમરણના ફેરાથી છૂટવારૂપ અત્યંત મહત્વનું ફળ મેળવવા માટે વિકલ્પરૂપ વિભાવભાવ વેદ્યા વિના અવિરત પુરુષાર્થ આદરવો યોગ્ય છે તે સહેજે સમજાય તેવું સમાધાન છે. વળી જ્યાં સુધી આત્મા સ્થિરભાવમાં હોય છે ત્યાં સુધી પ્રાર્થના કરવી અનિવાર્ય નથી. જ્યારે આત્મા સ્થિરભાવમાંથી વિભાવભાવમાં ગમન કરે ત્યારે તેને તેમાંથી પાછો વાળવા માટે પ્રાર્થના કરવી જરૂરી બને છે. પ્રાર્થના દ્વારા જીવનાં આર્તપરિણામને અટકાવી, પાછો તેને ધર્મધ્યાનમાં સ્થાપી શકાય છે. આ જ ભાવથી શ્રી પ્રભુને પ્રાર્થું છું કે :-

"હે વિશ્વસ્વામી ! હે સકલ વિશ્વવંદ્ય! આપનાં વીતરાગતા તથા સર્વજ્ઞપણાના બળવાન મિશ્રણને ખૂબ જ ભાવથી વંદન કરું છું. આપની અસીમ કૃપાથી સહુ ભવ્ય જીવો પ્રાર્થના, ક્ષમાપના તથા સ્મરણને ઊંડા હાર્દ સાથે સમજી, તેનું ભાવપૂર્વક આરાધન કરી જન્મ, જરા તથા મૃત્યુના પંજામાંથી છૂટકારો પામો. એ સહુના સાથમાં મારો આત્મા આપમાં એકરૂપ બની જઈ ઉત્તમ ક્ષેત્રે સ્થિર થવા મહા ભાગ્યશાળી થાય, એ વિનંતિ કરતાં કરતાં પૂર્વકૃત સર્વ અયોગ્ય કૃતની ક્ષમા યાચવા માટે ભક્તિભરેલા હૈયાથી પશ્ચાત્તાપના પાવનકારી વેદન સાથે વંદન કરું છું."

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

# ૨

## ક્ષમાપના

જીવ જ્યારે સંસારના પરિભ્રમણથી છૂટવાના ભાવ કરે છે ત્યારે તેના અનુસંધાનમાં તે પરિભ્રમણ શાથી થાય છે તેની વિચારણા તેને જાગે છે. વિચારણા કરતાં કરતાં તેને અત્યાર સુધીની પરિભ્રમણ વધારનારી જે જે ભૂલો પોતે કરી છે તેની સમજ મળતી જાય છે. તેથી તેવી ભૂલો કરતાં અટકવાનું તે નક્કી કરે છે. સંસારની વૃદ્ધિ થાય તેવાં કાર્યો કરતાં અટકવાથી કર્મનો સંવર થાય છે, પરંતુ તેનાથી પૂર્વમાં બાંધેલાં કર્મોની નિર્જરા થતી નથી. જો એક પછી એક ઉદયમાં આવતાં કર્મને ભોગવીને ખપાવતાં જવાનો માર્ગ ગ્રહણ કરવામાં આવે તો બાંધેલા સર્વ કર્મની નિવૃત્તિ કરતાં ઘણો કાળ પસાર થઈ જાય. એ સમય દરમ્યાન જીવ જો અવળું વર્તન કરી બેસે તો ઘણાં નવાં કર્મો બંધાઈ જાય. સામાન્ય રીતે બધા જીવોના સંબંધમાં આવું જ બનતું હોય છે. ઉદિત થતાં જૂનાં કર્મો ભોગવતાં જાય અને નવાં અનેક કર્મો વધારતાં જાય, આ પ્રમાણે સંસારની ઘટમાળ ચાલ્યા જ કરે. પરિણામે સંસાર પરિક્ષીણપણાને પ્રાપ્ત થાય નહિ. આ રીતે વધતા જતા સંસારને ક્ષીણ કરવા માટે શ્રી વીતરાગ પ્રભુએ સુંદર રાહ દર્શાવ્યો છે. ઉદયમાં આવતાં કર્મોને ભોગવીને ખેરવતાં જવાં, નવાં કર્મો વિશેષતાએ ન બંધાય તે માટેની કાળજી વધારતા જવી, સાથે સાથે જૂનાં સત્તાગત કર્મો વિશેષ ઝડપથી ખરે તે માટે કર્મ

વધારનારી ભૂલોનો એકરાર કરી, પશ્ચાત્તાપ પૂર્વક ક્ષમા માંગતાં જવી.
આ પ્રકારે પશ્ચાત્તાપ કરવાથી જે ભૂલો ભૂતકાળમાં થઈ છે તે બાબતનું દુઃખ જીવ અંતરંગમાં વેદે છે. આ વેદના ભોગવતી વખતે જે કર્મપરમાણુઓ અન્ય રીતે અશાતા આપવાના હતા તે રૂપાંતરિત થઈ પશ્ચાત્તાપરૂપ અશાતા આપી ખરી જાય છે. એટલે કે કર્મનાં જે પરમાણુઓ ભાવિમાં ઉદિત થઈ અશાતા આપવાના હતા, તેને પોતાના ભાવથી અને પોતાની શક્તિથી જીવ વર્તમાનકાળમાં તીવ્ર પશ્ચાત્તાપરૂપે વેદી લે છે. આમાં વિશેષ ફાયદો એ છે કે જીવ પૂર્વે બાંધેલા અશુભ કર્મને પોતાની અગવડતાએ, પોતાની શક્તિના પ્રમાણમાં સરળતાઈથી ભોગવી શકે છે. ભાવિકાળે જ્યારે એ કર્મ ઉદયમાં આવે ત્યારે એનું સ્વરૂપ અને સામર્થ્ય કેવાં હશે, જીવની પરિસ્થિતિ એ પ્રસંગે કેવી હશે તેની અટકળ થઈ શકતી નથી. જો જીવનું સામર્થ્ય એ વખતે યથાયોગ્ય ન હોય અને કર્મનું પ્રાબલ્ય અવિશેષ હોય તો એ વખતે જીવ પરવશપણે વર્તી, અકળ કર્મની વૃદ્ધિ કરી નાંખે છે. સમજીને પશ્ચાત્તાપથી ક્ષમાપના કરતા રહેવાથી આ પ્રકારની કર્મવૃદ્ધિના ભયથી જીવ બચી જાય છે. પોતાની શક્તિ ખીલી હોય ત્યારે જ જીવ પોતાના દોષ જોઈ શકે છે અને સાચો પશ્ચાત્તાપ કરી શકે છે, જેથી કર્મ નબળું અથવા તો હળવું થાય છે. વળી જો આ રીતે કર્મને નબળું પાડ્યું ન હોય અને લાંબા ગાળા પછીથી એ કર્મ ભાવિમાં ઉદયમાં આવે તો તેટલા કાળ સુધીનું ચક્રવૃદ્ધિ વ્યાજ ચડે છે અર્થાત્ એ કર્મનું સ્વરૂપ અમુક પ્રમાણમાં મોટું થાય છે. પશ્ચાત્તાપ કરી કર્મને હળવાં કરતાં રહેવાથી કર્મની વૃદ્ધિ કરનાર વ્યાજથી બચી જવાય છે, અને જો પશ્ચાત્તાપ અતિ ઉગ્ર હોય છે તો મુદ્દલરૂપ કર્મની ચૂકવણી પણ થતી જાય છે. આ સાથે વિશેષ અગત્યની વાત તો તે છે કે જીવ જેટલા સમય માટે

ક્ષમાપના કરતો રહે છે, પશ્ચાત્તાપ વેદતો રહે છે તેટલા સમય માટે તે બાહ્ય શુભાશુભ ભાવોથી પર રહી શકે છે. એટલે કે એ સમય દરમ્યાન નવીન કર્મબંધ અતિ અલ્પ પ્રમાણમાં થાય છે અને જે થાય છે તે શુભ પ્રકારનાં હોય છે. આમ સહૃદય પશ્ચાત્તાપથી એક બાજુ નિર્જરા અને બીજી બાજુ અબંધ દશા, એવો દ્વિવિધ લાભ જીવને થાય છે. પરિણામે આત્માને કર્મના બોજના અનુભવમાં હળવાશ વર્તાય છે. પશ્ચાત્તાપની વેદી પરથી પસાર થવાથી આત્માને શાંતિ તથા હળવાશનું વેદન થાય છે તેનાં કારણો અહીં સમજમાં આવી શકશે.

ક્ષમાપના કરવાથી થતા લાભ

યોગ્ય પશ્ચાત્તાપપૂર્વક ક્ષમાપના કરવાથી જીવને ઘણા ફાયદા થાય છે. યથાર્થ વિચારણા કરવાથી નીચે જણાવેલા મુદ્દાની સમજણ સ્પષ્ટ થશે.

લાંબા ગાળા પછી ઉદયમાં આવવાનું હોય તેવું કર્મ, જીવ પશ્ચાત્તાપ કરીને વર્તમાનમાં ખેરવી શકે છે, એ પ્રકારના વારંવારના પ્રયોગ દ્વારા જીવ પોતાનું સંસાર પરિભ્રમણ ટૂંકાવી શકે છે.

પશ્ચાત્તાપપૂર્વક હૃદયથી ક્ષમાપના કરવાથી કર્મના સ્વરૂપને રૂપાંતરિત કરી શકાય છે. લાંબા સમય સુધી ભોગવવું પડે તેવું કર્મ પશ્ચાત્તાપ અને ક્ષમાપના દ્વારા ટૂંકા ગાળામાં ખપાવી શકાય છે. અતિ તીવ્રતાએ ભોગવવું પડે તેવું કર્મ, મંદસ્વરૂપે ભોગવાય તેટલું હળવું કરી શકાય છે. શારીરિક, સામાજિક, આર્થિક, રાજકીય અશાતારૂપે ભોગવવું પડે તેવું કર્મ પશ્ચાત્તાપ રૂપી માનસિક વેદન દ્વારા નિવૃત્ત કરી શકાય છે, અથવા બાહ્યરૂપને લઘુ કરી શકાય છે. એટલે કે મહત્ કર્મને અંતરમાં મુખ્યતાએ વેદી બાહ્યમાં નાના સ્વરૂપનું કરી

શકાય છે.

જે કર્મ ભાવિકાળમાં ભોગવવાનું છે તેને ક્ષમાપના દ્વારા વર્તમાનમાં ખેંચીને ભોગવી લેવાથી, તેના પર ચડતા વ્યાજની ચૂકવણી-થી બચી જવાય છે. એ રીતે ભાવિમાં થનાર મોટા રૂપને અટકાવી દઈ શકાય છે.

ક્ષમાપના કરવાથી વર્તમાનમાં ઉદિત કર્મો સાથે સત્તાગત કર્મો પણ ખરતાં જતાં હોવાથી આત્મા વધારે ઝડપથી હળવો બને છે. પરિણામે ટૂંકા ગાળામાં વધારે કર્મો નિર્જરી જાય છે.

ક્ષમાપના કરતી વખતે પશ્ચાત્તાપની વેદી પર જીવ તપે છે એ વખતે જીવને એ કાળ માટે પર પરિણતિનો ત્યાગ વર્તતો હોવાથી નવાં કર્મબંધન અતિ અલ્પ પ્રમાણમાં થાય છે. પૂર્વકર્મ ભોગવતી વખતે જો પશ્ચાત્તાપ જીવને વર્તતો ન હોય તો, તેને અનેક પ્રકારની કર્મબંધક વિચારણા ચાલતી હોય છે અને તેથી જૂનાં કર્મો ખરવાંની સાથે કેટલાંય નવાં કર્મો બંધાતા હોય છે. આ નુકશાન ક્ષમાપનાના માર્ગે ચાલી નિવારી શકાય છે.

જીવ જ્યારે ક્ષમાપના કરે છે ત્યારે સહજપણે પોતાની ભૂલનો સ્વીકાર કરે છે. આ સ્વદોષદર્શન કરવાની વૃત્તિ આવતાં તેનો માનકષાય સ્વયં દબાવા લાગે છે, અને પરમાર્થ પ્રવૃત્તિ કરવાની યોગ્યતા તેનામાં વધતી જાય છે.

જીવ જ્યારે સ્વદોષદર્શન કરતાં શીખે છે ત્યારે બીજા પર પોતાની આકુળતાના દોષનો ટોપલો ઓઢાડતાં પહેલાં ખૂબ વિચાર કરતો થાય છે. અને પરનાં ગુણોનું દર્શન કરવાની વૃત્તિ પણ તેનામાં ક્રમે ક્રમે જાગૃત થતી જાય છે. પોતાને જે કંઈ મુશ્કેલી આવી છે તેનું કારણ નિમિત્ત કરતાં પૂર્વમાં પોતે કરેલી ભૂલો જ (ઉપાદાન) વિશેષ જવાબદાર છે એમ તેને સમજાય છે તેથી તે

કરેલી ભૂલોની ક્ષમાપના કરવા તૈયાર થાય છે. અને પોતાનું માન મોડી, વિનમ્ર બની, ક્ષમાપના કરી તે ભૂલના અશુભ પરિણામને ખૂબ મંદ કરી શકે છે. ટૂંકમાં કહીએ તો બીજા લાભો મેળવવા સાથે જીવ નિર્માનીપણું અને વિનમ્રતાના ગુણો ક્ષમાપના કરતાં કરતાં વિશેષતાએ ખીલવી શકે છે.

ઉપર જણાવ્યાં અનેક કારણોને લીધે કરેલી ભૂલોની 'પશ્ચાત્તાપપૂર્વક ક્ષમા માગવાને' શ્રી તીર્થંકર પ્રભુએ મોક્ષમાર્ગના એક આવશ્યક અંગ તરીકે ઓળખાવ્યું છે. જે જીવના નિમિત્તે દોષ કરી જીવ અપરાધી થયો હોય, માર્ગપ્રાપ્તિ માટે અંતરાય બાંધી હોય, તે અંતરાય ક્ષમા મેળવ્યા વિના બીજી રીતે તૂટી શકતી નથી. જેનો અપરાધ કર્યો હોય તેની સાચા દિલથી પ્રભુની સાક્ષીએ ક્ષમા યાચના કરવાથી બાંધેલી અંતરાય તૂટે છે. પ્રત્યેક જીવે પોતાની સ્વરૂપપ્રાપ્તિને લગતી અંતરાય, શ્રી વીતરાગ સર્વજ્ઞ ભગવાન, શ્રી સત્પુરુષ અથવા શ્રી જ્ઞાનીપુરુષની અશાતના કરવાને લીધે બાંધી હોય છે. આ અંતરાય જ્યાં સુધી શ્રી સર્વજ્ઞપ્રભુની સાક્ષીએ, સર્વ સિદ્ધ પરમાત્મા, અરિહંત ભગવાન, કેવળી ભગવાન, સત્પુરુષ તથા જ્ઞાનીપુરુષની સપશ્ચાત્તાપ ક્ષમા માંગવામાં ન આવે ત્યાં સુધી તૂટતી નથી. વળી, જ્યાં સુધી અંતરાય કર્મ નાશ પામે નહિ ત્યાં સુધી જીવ મોહનીય, કે જ્ઞાનાવરણ કે દર્શનાવરણ કર્મનો નાશ કરવા સમર્થ થઈ શકતો નથી. આમ માર્ગપ્રાપ્તિ માટે અંતરાય કર્મ તોડવું અનિવાર્ય છે. તે કર્મ સદ્‌ગુરુના શરણમાં રહી, શ્રી સર્વજ્ઞ પ્રભુની સાક્ષીએ સર્વ આત્માર્થી બંધુઓની કરેલી ભૂલો માટે હૃદયથી પશ્ચાત્તાપપૂર્વક ક્ષમા માંગવાથી તૂટે છે તે આપણે જોયું. આથી જીવ માટે ક્ષમાપના કરવી તે મોક્ષમાર્ગની પ્રાપ્તિ માટે અત્યંત જરૂરી અંગ છે તેમ કહી શકાય.

અહીં જણાવેલા હેતુઓને કારણે શ્રી તીર્થંકર પ્રભુએ દરેક શ્રાવક તથા મુનિજનોને દિવસમાં ઓછામાં ઓછું બે વખત ક્ષમા માગવાનું કર્તવ્ય બતાવ્યું છે. જે જે સંભવિત દોષો જીવ દિવસ તથા રાત્રિ દરમ્યાન કરે છે તેની યાદી કરી, તે તે દોષોની ક્ષમાપના શ્રી સિદ્ધ પરમાત્મા તથા તીર્થંકર ભગવાનની સાક્ષીએ લેવાની વાત તેમાં કરી છે. સર્વ સંભવિત દોષોની યાદી સાથેની ક્ષમાપના એ જ "પ્રતિક્રમણ." પ્રતિક્રમણ એટલે સામે પૂરે તરવું. આખો જનપ્રવાહ કર્મ બંધનના રસ્તે જતો દેખાય છે. મોક્ષમાર્ગી તેનાથી વિરુદ્ધ દિશામાં એટલે કે કર્મરહિતના રસ્તે જાય છે. જનપૂરથી વિપરીત માર્ગે કલ્યાણાર્થે જવું એટલે પ્રતિક્રમણ. મોક્ષમાર્ગમાં પ્રતિક્રમણ એ અત્યંત આવશ્યક અંગ ગણાયું છે. તે અંગનું આરાધન જેટલા વિશેષ પ્રમાણમાં થાય તેટલા વિશેષ પ્રમાણમાં મોક્ષ નજીક આવે છે.

સમર્થ શ્રી મહાવીર પ્રભુએ લોકોને પ્રતિક્રમણ તેમના સમયની લોકભાષા અર્ધમાગધીમાં કરવા સૂચવ્યું હતું. બોલચાલની લોકભાષામાં ક્ષમાપના કરવાનું એટલા માટે જણાવ્યું જણાય છે કે રોજિંદા જીવનની ભાષામાં જીવના મનોભાવ વિશેષ જોડાય છે, અને ભાવનું વેદન તથા ઊંડાણ વધારે આવી શકે છે; તે કાર્યની સફળતા આપવામાં અત્યંત જરૂરી તત્ત્વ છે. આ પ્રતિક્રમણમાં જીવથી થતા લગભગ બધા જ સંભવિત પાપકર્મોની ક્ષમા યાચી છે, એટલું જ નહિ પણ સર્વ ક્ષેત્રના એકેંદ્રિયથી પંચેન્દ્રિય સુધીના તમામ જીવોની ત્રિકાળમાં કરેલી અશાતનાની ક્ષમા માગી છે. તેથી તે પ્રતિક્રમણ વિસ્તૃત બને તે સહજ અને સ્વાભાવિક છે. વળી, રાત્રિ સંબંધી કરેલા દોષોની ક્ષમા યાચના રાઈય પ્રતિક્રમણથી કરવાની, દિવસ સંબંધી કરેલા દોષોની ક્ષમાયાચના દેવસીય પ્રતિક્રમણથી કરવાની, તેમાંથી બચીને એકઠા થતા દોષોની ક્ષમાયાચના પાક્ષિક પ્રતિક્રમણથી

કરવાની, તેમાંથી શેષ રહેતા દોષોની ક્ષમાયાચના એક માસને અંતે માસિક પ્રતિક્રમણથી કરવાની, તેમાંથી પણ ગળાઈને રહી ગયેલા દોષોની ક્ષમાયાચના છ માસિક પ્રતિક્રમણથી કરવાની, અને તેમ કરતાં પણ જે કંઈ દોષો બચી ગયા હોય તેની ક્ષમાપના વિસ્તૃત સાંવત્સરિક પ્રતિક્રમણથી કરવાની ભલામણ શ્રી પ્રભુએ કરી છે. જીવને વર્તતા દોષો ટાળવા માટે પ્રતિક્રમણમાં ભાવોનો વિસ્તાર તથા ઊંડાણ વધારતા રહેવા શ્રી પ્રભુએ સૂચવ્યું છે. આમ જીવે સેવેલા પાપકર્મથી નિવૃત્તિ પામવા રાઈય, દૈવસાય, પાક્ષિક, માસિક, છમાસિક અને સાંવત્સરિક પ્રતિક્રમણ કરતી વખતે ઊંડાણ તથા વિસ્તાર વધારતા જવાનો છે કે જેથી વિશેષ વિશેષ સૂક્ષ્મ દોષો પણ ટાળતા જવાનો અવકાશ જીવને મળે.

આ બધા ઉપરાંત આયુષ્યના અંતકાળે સૌથી ઉત્તમ પ્રતિક્રમણ જીવે કરવાનું જરૂરી છે એમ શ્રી પ્રભુએ બતાવ્યું છે. આ ક્ષમાપના લેતી વખતે જીવે, સમસ્ત જીવો સાથેના વેરભાવને ત્યાગી મૈત્રીભાવ સ્વીકારવાનો રહે છે. એટલું જ નહિ પણ આખા જીવન દરમ્યાન જે જે શુભ કે અશુભ પ્રવૃત્તિઓ કરી હોય તે સર્વનું કર્તાપણું ત્યાગી દેવાનું હોય છે. એટલે કે કરેલી પ્રવૃત્તિમાં રહેલો પોતાપણાનો ભાવ સર્વથા છોડી દેવો જોઈએ. પ્રભુએ આ ભલામણ ખૂબ જ વિચારપૂર્વક અને ઉપકારબુદ્ધિથી કરેલી જણાય છે.

સમજવા અર્થે એક ઉદાહરણ વિચારીએ. કોઈ જીવ બિમાર જીવોને શાતારૂપ થાય તેવી ઔષધિઓ ઉત્પાદન કરવા માટે મોટું કારખાનું શરૂ કરે છે. એમાં બનતી ઘણી ઔષધિઓ દર્દીઓને ખૂબ રાહતનું નિમિત્ત થાય છે. બીજી બાજુ આ ઔષધિઓને બનાવવામાં કેટલીક હિંસા પણ સમાયેલી હોય છે. આથી જે શુભ કાર્ય છે તેનું ફળ અને હિંસાદિનું અશુભ કાર્ય છે તેનું ફળ પણ સ્થાપકને

મળે છે, એટલે કે પુણ્ય અને પાપ બંનેના બંધ તે કાર્ય શરૂ કરનારને પડયા કરે છે. જો માલિક કારખાનામાંથી નિવૃત્ત થઈ જાય પરંતુ તેના કાર્યના કર્તાપણાના ભાવ જો તેને છૂટી ન ગયા હોય તો તેને નિવૃત્તિ લીધા પછી પણ તે કારખાનામાં ચાલતી શુભાશુભ પ્રવૃત્તિ અનુસાર પુણ્યપાપના બંધ પડયા કરે છે. કદાચિત્ તે કર્તાપણું છોડયા વિના દેહ ત્યાગી જાય તો પરલોકમાં ગયા પછી પણ તે પુણ્યપાપના બંધ ચાલુ રહે છે. એટલે કે કર્તાપણાના ભાવથી જે કોઈ પ્રવૃત્તિ ચાલુ કરી હોય તેના પુણ્યપાપનાં ફૂળ જીવને એ કર્તાપણું છૂટે નહિ ત્યાં સુધી લાગ્યાં જ કરે છે. આ પ્રકારે જીવને જો ક્ષમાપના કરતો ન રહે તો જૂનાં કાર્યોનાં નવાં નવાં બંધ અને નવી પ્રવૃત્તિનાં બંધ એમ બેવડા દોરે બંધ પડયા કરે છે. આવી સ્થિતિથી બચવા માટે પ્રભુએ આત્માથી કર્તાપણાનો ભાવ છોડી દેવાથી, કર્મબંધથી બચી જવાય છે એવો સુંદર માર્ગ બતાવ્યો છે. તેથી જ વર્તમાન દેહત્યાગ કરતાં પહેલાં સહુ જીવોની સાચા અંતરથી ક્ષમા માગવાની અને જે કંઈ શુભાશુભ પ્રવૃત્તિ સમગ્ર જીવન દરમ્યાન જીવથી થઈ હોય તેના કર્તાપણાના ભાવ આત્માથી ત્યાગી દેવાની પધ્ધતિને શ્રી પ્રભુએ કલ્યાણાર્થે વખાણી છે. આમ કરવાથી આ ભવનાં કૃત્યોનાં વ્યાજરૂપ બંધ પરભવમાં પડતાં અટકી જાય છે. આવું ઉત્તમોત્તમ મહાત્મ્ય શ્રી પ્રભુએ ક્ષમાપના માટે આપણને દર્શાવ્યું છે.

વર્તમાન પંચમ આરાથી ગ્રસિત કાળમાં ક્ષમાપનાનું આ મહાત્મ્ય લોકોથી વિસરાઈ ગયું છે. દીર્ઘ દૃષ્ટિથી વર્તવાને બદલે ટૂંકી દૃષ્ટિથી વર્તતા જીવો એ સૂક્ષ્મતાથી અને હૃદયના ઊંડાણથી ક્ષમાપના કરી શકતા નથી. પ્રભુએ વખાણેલું ભાવનું ઉત્કટપણું, સુષુપ્ત બનેલા અર્ધમાગધી ભાષામાં લોકો અનુભવી

શકતા નથી, તેને બદલે એમના કિસ્સામાં એવું બને છે કે હોઠથી એ અર્ધમાગધી શબ્દો ઉચ્ચારાય અને અંતરંગમાં વિવિધ વિપરિણામો ચાલ્યા કરે. આથી કરેલું પ્રતિક્રમણ યાંત્રિક બની જાય છે. પરિણામે યથાર્થ ભાવવાહી તથા ફળદાયક ક્ષમાપના તેમનાથી થઈ શકતી નથી. માત્ર ઓઘસંજ્ઞાએ પ્રતિક્રમણરૂપ ક્ષમાપના તેમનાથી થયા કરે છે. આવી પરિસ્થિતિમાં લોકો પ્રતિક્રમણ કરવાનું જ કેટલીકવાર માંડી વાળે છે અને પોતાને ભયંકર અન્યાય કરી બેસે છે

આ કૃત્યથી પ્રાપ્ત થતા દુર્ભાગ્યથી બચાવવા શ્રીમદ્ રાજચંદ્રે[1] નમૂનારૂપ એક ક્ષમાપના લોકભોગ્ય ગુજરાતી ભાષામાં તેમના "મોક્ષમાળા" નામના ગ્રંથમાં આપી છે. શ્રીમદ્ રાજચંદ્રે "મોક્ષમાળા" માં જૈનધર્મનું તત્ત્વજ્ઞાન સમજાવતાં ૧૦૮ પાઠની રચના કરી છે. શ્રી અરિહંત ભગવાન, શ્રી સિદ્ધ પરમાત્મા, શ્રી આચાર્યજી, શ્રી ઉપાધ્યાયજી તથા શ્રી સાધુસાધ્વીજીના ગુણોનો સરવાળો ૧૦૮ થાય છે...તેને લક્ષમાં રાખીને કૃપાળુદેવે આ સંખ્યા રાખી જણાય છે. તેમાં છપ્પનમો પાઠ "ક્ષમાપના" વિશે છે. આ પાઠમાં સાધક જીવ પ્રભુને ઉદ્દેશી પોતાના દોષોની કબુલાત કરે છે; તેનો પશ્ચાત્તાપ કરે છે અને તે દ્વારા શુદ્ધ થવાનો પુરુષાર્થ ઉપાડે છે. આમ ક્ષમાપનાનું માહાત્મ્ય સ્થાપન કરનાર આ પાઠની રચના એવી સુંદરતાથી અને સરળતાથી થયેલ છે કે તેમાં ૧) મોક્ષમાર્ગનું દૃઢત્વ કરાવનાર આત્માનાં છ પદ; ૨) મોક્ષનાં હેતુભૂત નવ તત્ત્વ; ૩) આત્મવિકાસનાં સોપાન સૂચવતાં ચૌદ ગુણસ્થાન અને ૪) મોક્ષમાર્ગના આરાધન રૂપ છ આવશ્યકનું ગૂંથન થયેલું જોવા મળે છે. માત્ર સોળ વર્ષની લઘુવયે કરેલી આ રચના તેની ઉત્તમતાને કારણે આપણને શ્રીમદ્ રાજચંદ્રના શુદ્ધ અંતઃકરણની, ઉગ્ર પુરુષાર્થની તથા તેમણે સેવેલા બળવાન કલ્યાણભાવની આપણને પ્રતીતિ આપે છે.

# ક્ષમાપના

હે ભગવાન ! હું બહુ ભૂલી ગયો, મેં તમારાં અમૂલ્ય વચનને લક્ષમાં લીધાં નહીં. તમારાં કરેલાં અનુપમ તત્ત્વનો મેં વિચાર કર્યો નહીં. તમારાં પ્રણીત કરેલાં ઉત્તમ શીલને સેવ્યું નહીં. તમારાં કરેલાં દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા મેં ઓળખ્યા નહીં.

હે ભગવન્ ! હું ભૂલ્યો, આથડયો, રઝળ્યો અને અનંત સંસારની વિટંબનામાં પડયો છું. હું પાપી છું. હું બહુ મદોન્મત્ત અને કર્મરજથી કરીને મલિન છું.

હે પરમાત્મા ! તમારાં કરેલાં તત્ત્વ વિના મારો મોક્ષ નથી. હું નિરંતર પ્રપંચમાં પડયો છું, અજ્ઞાનથી અંધ થયો છું, મારામાં વિવેકશક્તિ નથી અને હું મૂઢ છું, હું નિરાશ્રિત છું, અનાથ છું.

નીરાગી પરમાત્મા ! હું હવે તમારું, તમારા ધર્મનું અને તમારા મુનિનું શરણ ગ્રહું છું. મારા અપરાધ ક્ષય થઈ હું તે સર્વ પાપથી મુક્ત થઉં એ મારી અભિલાષા છે. આગળ કરેલાં પાપોનો હું હવે પશ્ચાત્તાપ કરું છું. જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ઊંડો ઊતરું છું, તેમ તેમ તમારા તત્ત્વના ચમત્કારો મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે. તમે નીરાગી, નિર્વિકારી, સતચિદાનંદસ્વરૂપ, સહજાનંદી, અનંતજ્ઞાની, અનંતદર્શી અને ત્રૈલોક્યપ્રકાશક છો. હું માત્ર મારા હિતને અર્થે તમારી સાક્ષીએ ક્ષમા ચાહું છું. એક પળ પણ તમારાં કરેલાં તત્ત્વની શંકા ન થાય, તમારા કરેલા રસ્તામાં અહોરાત્ર હું રહું, એ જ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ !

હે સર્વજ્ઞ ભગવાન ! તમને હું વિશેષ શું કહું ? તમારાથી કંઈ અજાણ્યું નથી. માત્ર પશ્ચાત્તાપથી હું કર્મજન્ય પાપની ક્ષમા ઈચ્છું છું.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

(મોક્ષમાળા પાઠ ૫૬)

આ ક્ષમાપના દિવસમાં ઓછામાં ઓછી બે વખત કરવાનું, જે કોઈ માર્ગદર્શન માગે તેને શ્રી કૃપાળુદેવ કરવા સૂચવતા હતા. તેમને અનુસરીને, તેનું મહાત્મ્ય જાણ્યા અને માણ્યા પછી પ્રભુશ્રી ( શ્રી લઘુરાજ સ્વામી ) તથા અન્ય મુમુક્ષુઓએ પણ આ ક્ષમાપના વારંવાર કરવા સતત ભલામણ કરી છે. જે જીવો સમજીને, ભાવથી આ સુંદર ક્ષમાપના કરે છે તેઓ તેના મહત્ ફળને મેળવે છે.

ક્ષમાપનામાં આત્માનાં છ પદનો સમાવેશ.

જીવને સમકિત અને તે પછીથી અવસ્થાઓની પ્રાપ્તિ થવા માટે આત્માનાં છ પદનું યથાર્થ શ્રદ્ધાન થવું જોઈએ એમ શ્રી તીર્થંકર ભગવાને બોધ્યું છે. એક વખત આ છયે પદનું સમ્યક્ શ્રદ્ધાન થાય ત્યારે જીવ સમકિત ગ્રહણ કરીને ચોથા ગુણસ્થાને આવે છે અને જેમ જેમ તે શ્રદ્ધાન ઊંડું અને શુદ્ધ થતું જાય છે તેમ તેમ તે પછીની ઉત્તમ અવસ્થાઓ તેને પ્રાપ્ત થતી જાય છે. શ્રી પ્રભુએ દર્શાવેલા આત્માનાં છ પદ આ પ્રમાણે છે : (૧) આત્મા છે.

(૨) આત્મા નિત્ય છે.

(૩) આત્મા કર્તા છે.

(૪) આત્મા ભોક્તા છે.

(૫) મોક્ષ છે.

(૬) મોક્ષનો ઉપાય છે.

શ્રી કૃપાળુદેવ રચિત આ ક્ષમાપનાનો જ્યારે અભ્યાસ કરીએ છીએ ત્યારે સમજાય છે કે આ છયે પદના શ્રદ્ધાનનો સમાવેશ તેમાં થઈ ગયો છે. એ પરથી નક્કી કરી શકાય કે જે જીવ શ્રદ્ધાનપૂર્વક અને ભાવપૂર્વક આ ક્ષમાપના નિયમિત રીતે કરે તે જીવ સમકિત પ્રાપ્ત કરવાની યોગ્યતા તથા સમકિતને પ્રાપ્ત કરી શકે.

પહેલું પદ: "આત્મા છે."

પુદ્ગલ પદાર્થો જે રીતે જોઈ શકાય છે તે રીતે આત્મા જોઈ શકાતો ન હોવાથી ઘણા જીવોને આત્માના અસ્તિત્વ વિશે શંકા રહ્યા કરે છે. પરંતુ તે પદાર્થોનો જોનાર અને જાણનાર કોણ છે, તેની વિચારણા કરનારને આત્માના અસ્તિત્વને સમજવાનો અવકાશ ઊભો થાય છે. ક્ષમાપનાનું પહેલું જ વચન છે કે "હું બહુ ભૂલી ગયો." આ વચન વિચારતાં સમજાય છે કે "હું" એટલે કોણ? અને "શું" ભૂલી ગયો? "હું"નો વિચાર કરતાં, "હું" એટલે દેહાદિ પુદ્ગલ પદાર્થોથી ભિન્ન એવો આત્મા જણાય છે. તે આત્મા પોતાના સ્વરૂપને ભૂલીને દેહ તથા અન્ય પુદ્ગલ પદાર્થોમાં મારાપણું કરવા લાગ્યો છે તે "બહુ ભૂલી ગયો" શબ્દોથી સમજાય છે. આ વિચારણા સુધી પહોંચતા જીવથી "આત્માના અસ્તિત્વનો" સ્વીકાર થઈ જાય છે.

બીજું પદ: "આત્મા નિત્ય છે."

આત્માનાં અસ્તિત્વને સ્વીકાર્યા છતાં, પદાર્થોની ક્ષણે ક્ષણે પલટાતી અવસ્થાના પડદામાં જીવને આત્માનું નિત્યપણું જણાતું નથી કે અનુભવાતું નથી. તેથી ઘણા જીવો આત્માને ક્ષણિક માને છે. આત્મા દ્રવ્યરૂપે નિત્ય છે અને પર્યાયથી ક્ષણિક છે તે સમજણ જીવને "હું ભૂલ્યો, આથડ્યો, રઝળ્યો અને અનંત સંસારની વિટંબનામાં પડ્યો છું" એ વચનથી મળે છે. જીવ જ્યારે પશ્ચાત્તાપ કરતાં શ્રી પ્રભુને કહે છે કે "હું ભૂલ્યો, આથડ્યો, રઝળ્યો....." ત્યારે તે પોતાનું - આત્માનું અસ્તિત્વ ભૂતકાળમાં હતું તેમ સ્વીકારે છે, કારણ કે ભૂલ તો ભૂતકાળમાં થઈ હતી. તે ભૂલોની ક્ષમાપના વર્તમાનમાં જીવ માગે છે એટલે વર્તમાનમાં તે અસ્તિત્વ સ્વીકારાયેલું જ છે. આથી જે આત્મા ભૂતકાળમાં હતો અને વર્તમાનમાં છે તે ભવિષ્યમાં રહેશે જ એમ કહી શકાય. આ વચનનો અર્થ એ થયો કે આત્મા ત્રણેકાળ રહેવાવાળો છે, અર્થાત્

નિત્ય છે. વળી એ જ ક્ષમાપનામાં જીવ આગળ ઉપર કરે છે કે "અનંત સંસારની વિટંબનામાં પડયો છું." આ વચનથી સૂચવાય છે કે જે ભૂલ કરવાને કારણે ભૂતકાળમાં ભમવું પડયું, વર્તમાનમાં વેદવું પડે છે, તે ભૂલ ચાલુ રહે તો, તે ભૂલના અનુસંધાનમાં અનંતકાળ સુધી ભવિષ્યમાં સંસારમાં રહેવું પડે તે પણ આત્માના ત્રણેકાળ રહેવાપણાની અર્થાત્ આત્માના નિત્યપણાની સાક્ષી પૂરે છે.

ત્રીજું પદ : "આત્મા કર્તા છે."

કર્તા એટલે કરનાર. આત્મા જ્યારે સ્વભાવમાં સ્થિર થાય છે ત્યારે સ્વભાવનો કર્તા બને છે, અને પરભાવમાં વસે છે ત્યારે તે પરભાવનો કર્તા કરે છે. આ કરવાપણું - કર્તાપણું આ ક્ષમાપનામાં ગૂંથાયેલું જોવા મળે છે. "મેં તમારાં અમૂલ્ય વચનને લક્ષમાં લીધાં નહિ. તમારાં કહેલાં અનુપમ તત્ત્વનો મેં વિચાર કર્યો નહિ." વગેરે વચનો સિદ્ધ કરે છે કે જીવે મોક્ષમાર્ગમાં પ્રવર્તવાનો લક્ષ રાખ્યો નહિ, અને બાજુ પરપરિણતિમાં રાચતો રહ્યો. આ સ્થિતિ જીવનું પરભાવનું કર્તાપણું સિદ્ધ કરે છે. એ જ રીતે "એક પળ પણ તમારાં કહેલાં તત્ત્વની શંકા ન થાય, તમારા કહેલા રસ્તામાં અહોરાત્ર હું રહું....." એ વચન સ્વભાવમાં સ્થિર રહેવાની ભાવના રજૂ કરી સ્વભાવનું કર્તાપણું દેખાડે છે. આ પ્રકારે ત્રીજા પદની યથાર્થતા જોવા મળે છે.

ચોથું પદ: "આત્મા ભોક્તા છે."

જીવે જાણતાં અજાણતાં જે કંઈ ભાવ અથવા કાર્યો કર્યાં છે તેનાં પરિણામ તેણે ભોગવવાં જ પડે છે. કરેલાં કર્મનાં ફળનું ભોગવવાપણું તે જ આત્માનું ભોક્તાપણું અથવા ચોથું પદ. "હું ભૂલ્યો, આથડયો, રઝળ્યો અને અનંત સંસારની વિટંબનામાં પડયો છું" આ વચન સૂચવે છે કે જે પ્રકારે કર્મો બાંધ્યાં હતાં તે પ્રકારે, કર્મના ધક્કાનુસાર જીવ ચારે ગતિમાં ધકેલાયો, ભમ્યો,

રખડયો, ભટક્યો વગેરે..... એટલે કે તેણે બાંધેલાં કર્મનાં ફળને ભોગવ્યાં. વળી જો આ ભૂલની પરંપરાનો અંત ન આવે તો, ભૂલના ભોગવટા રૂપે અનંતકાળ સુધી સંસારમાં રહેવું પડે છે તે ભાવની સિદ્ધિ "અનંત સંસારની વિટંબનામાં પડયો છું" એ વચનમાં જોઈ શકાય છે. આ સમજ સમગ્રપણે લેતાં આત્માનું ત્રિકાલિક ભોક્તાપણું કેવી રીતે છે તે જણાય છે. અનાદિકાળથી ચાલ્યા આવતા પરભાવને ત્યાગી જ્યારે જીવ સ્વભાવનો કર્તા થાય છે ત્યારે તેને સ્વભાવનું ભોક્તાપણું પ્રાપ્ત થાય છે. આ ભોક્તપણું "તમે નીરાગી, નિર્વિકારી, સત્ચિદાનંદસ્વરૂપ, સહજાનંદી, અનંતજ્ઞાની, અનંતદર્શી અને ત્રૈલોક્યપ્રકાશક છો" એ વચનમાં વ્યક્ત થાય છે.

પાંચમું પદ: "મોક્ષ છે."

પરપરિણતિના કર્તા તથા ભોક્તાપણે આત્મા સતત પ્રવર્ત્યા કરે તો તેના સંસારનો કદાપિ અંત આવે જ નહિ. પરંતુ પરપરિણતિથી અલગ સ્થિતિરૂપ સ્વપરિણતિમાં આત્મા વસે તો સંસારના કર્તા તથા ભોક્તાપણાથી આત્મા છૂટી જઈ શકે. અનંત કાળ માટે આવી સ્થિતિમાં વસવું એ "મોક્ષ છે." તે સ્થિતિમાં જન્મ નથી, મૃત્યુ નથી, ખેદ નથી, શોક નથી, પરિભ્રમણ નથી; છે એક અનંત અવ્યાબાધ આત્મિક સુખ, અનંતજ્ઞાન તથા અનંતદર્શનનું ભોક્તાપણું. આ મોક્ષપદના અસ્તિત્વનો લક્ષ ક્ષમાપનાના આ વચન દ્વારા મળી રહે છે: "તમે નીરાગી, નિર્વિકારી, સત્ચિદાનંદસ્વરૂપ, સહજાનંદી, અનંતજ્ઞાની, અનંતદર્શી અને ત્રૈલોક્યપ્રકાશક છો." આ મોક્ષમાં બિરાજીત શુદ્ધાત્માની સ્થિતિનું વર્ણન છે. શુદ્ધ થયેલો આત્મા મોક્ષભૂમિમાં અનંતકાળ માટે એક સમયના પણ ખેદ વગરના આત્મસુખને માણે છે, તે આનંદમાં મગ્ન રહે છે. આ અવસ્થાનું અસ્તિત્વ જ મોક્ષપદનું અસ્તિત્વ પ્રગટ કરે છે.

છઠ્ઠું પદ: "મોક્ષનો ઉપાય છે."

આત્માનાં અસ્તિત્વ, નિત્યત્વ, કર્તૃત્વ તથા ભોક્તૃત્વ સમજ્યા પછી જીવને જ્યારે સ્વપદની અણકારી રૂપ "મોક્ષપદ"ની સમજણ મળે છે ત્યારે તે પદ મેળવવા માટેનો ઉપાય જાણવા તલપાપડ થઈ જાય છે. એ જ આત્માનું છઠ્ઠું પદ. જ્યાં સુધી આ ઉપાય જાણવા મળતો નથી ત્યાં સુધી પહેલાં પાંચ પદ જાણ્યાનું ઈષ્ટફળ મળી શકતું નથી, આથી એ અપેક્ષાએ આ પદ ખૂબ જ અગત્યનું ગણી શકાય.

આત્માનાં છઠ્ઠા પદનાં અસ્તિત્વનો વિચાર કરતાં સમજાય છે કે ક્ષમાપનાનો આ આખો પાઠ "મોક્ષપદના ઉપાય" રૂપે વિચારી શકાય તેમ છે. બીજી રીતે કહીએ તો આ આખી ક્ષમાપનામાં મોક્ષનો ઉપાય વણાયેલો જોઈ શકાય છે. તેથી આ પદની વિચારણા કરતી વખતે ધીરજથી આખી ક્ષમાપના સમજવી ઘટે છે.

"હે ભગવાન ! હું બહુ ભૂલી ગયો. મેં તમારાં અમૂલ્ય વચનને લક્ષમાં લીધાં નહિ. તમારાં કહેલાં અનુપમ તત્ત્વનો મેં વિચાર કર્યો નહિ. તમારાં પ્રણીત કરેલાં ઉત્તમ શીલને સેવ્યું નહિ. તમારાં કહેલાં દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા મેં ઓળખ્યાં નહિ."

જીવ જ્યારે સંસારના પરિતાપોથી તથા પરિભ્રમણથી છૂટવાના ભાવ કરે છે ત્યારે તેને સંસારમુક્ત શ્રી પ્રભુનો લક્ષ થાય છે. તેમનું ઐશ્વર્ય જોઈ પોતાને પણ એવા ઐશ્વર્ય મેળવવાના ભાવ જાગે છે. તેથી તે પૂર્ણસ્વરૂપ પ્રભુ સમક્ષ પ્રાર્થના કરે છે. પ્રભુના અઢળક ઐશ્વર્ય સામે પોતાની પામરતાનો ખ્યાલ તેને આવે છે. વળી, આ પામરતા સુધી ઘસડી જનાર ભૂલો તેના લક્ષમાં આવે છે અને તે પ્રભુની સમક્ષ આર્દ્ર હૃદયે નિવેદન કરતાં કરતાં પોતે કરેલી ભૂલોની પરંપરા બાબત પશ્ચાત્તાપ કરતો જાય છે.

પહેલાં જ વચનમાં તે શ્રી પ્રભુને કહે છે કે, "હું બહુ ભૂલી ગયો." આ મોટી ભૂલ કઈ? પોતે પોતાના સ્વરૂપને ભૂલીને દેહાદિ પરપદાર્થોમાં મારાપણું કરતાં કરતાં કાળ વીતાવ્યો તે જીવની મોટામાં મોટી ભૂલ ગણી શકાય. ઘણા લાંબા કાળ સુધી એકધારી સેવેલી આ ભૂલનું ભાન જીવને ખૂબ અકળાવે છે. તેથી તે વિચારણા કરતો થાય છે કે પોતાને કોઈએ ભૂલથી બચાવવા અટકાવ્યો પણ નહિ હોય? ત્યાં ખ્યાલ આવે છે કે સતત વર્તતી આ ભૂલનો ત્યાગ કરાવવા પ્રભુએ સુંદર બોધ અનેક વખત આપ્યો હતો, પરંતુ પોતે પુદ્ગલ પદાર્થો પ્રતિની મારાપણાની મોહજાળમાં એવો ગૂંચાયેલો હતો કે પ્રભુનાં એ અમૂલ્ય બોધવચનો સાંભળવા પ્રતિ જરા પણ લક્ષ આપ્યું ન હતું. જો લક્ષ આપ્યું હોત તો તેમાં રહેલી કરુણા જીવને સ્પર્શી જાત અને સંસારભ્રમણ તોડવા યોગ્ય છે એવી સમજણ જીવને મળી હોત. આ રીતે અલક્ષિત રહેવાનો અફસોસ જીવના પશ્ચાત્તાપમાં વધારો કરે છે અને તેની અભિવ્યક્તિ "મેં તમારાં અમૂલ્ય વચનને લક્ષમાં લીધાં નહિ." એ વચનમાં થાય છે. શ્રી પ્રભુનાં વચનોને અમૂલ્ય ગણાવ્યાં છે કારણ કે તેના પ્રતિ લક્ષ કર્યું હોત તો સંસાર-મુક્તિનો ક્રમ તેમાંથી સુલભ થયો હોત. વળી, આ પ્રકારનું માર્ગ-દર્શન શ્રી પ્રભુ સિવાય બીજા કોઈ તરફથી મળી શકતું નથી, એ અપેક્ષાએ પણ એ વચનોનું અમૂલ્યપણું કહી શકાય.

પ્રભુબોધ્યા વચનો સાંભળવા પ્રતિ પણ જેણે લક્ષ આપ્યું ન હોય તેણે તેમાં નિરૂપાયેલા અનુપમ - ઉપમારહિત તત્ત્વ વિશે વિચાર તો ક્યાંથી કર્યો હોય? જો એ વચનો સાંભળ્યાં હોત તો તેમાં નિરૂપાયેલ વિષય કેટલો ઉપયોગી અને લાભકારી છે તેનો વિચાર જરૂર જીવને આવ્યો હોત. પણ મૂલં નાસ્તિ કુતો શાખા! મૂળ જ ન હોય તો થડ કે ડાળીનું અસ્તિત્વ જ

ક્યાંથી હોય? એ જ પ્રમાણે પ્રભુ નિર્મિત વચનો સાંભળ્યાં જ ન હોય તો તેના પર જીવ વિચારણા ક્યાંથી કરી શકે? તેથી ત્રીજા વચનમાં જીવનો અફસોસ વધારે ઊંડો બને છે, "તમારાં કહેલાં અનુપમ તત્ત્વનો મેં વિચાર કર્યો નહિ." વિચાર્યું હોત તો કંઈક સમજણ પામત.

જ્યાં જીવ વધારે વિચારે છે ત્યાં એને પોતાની ભૂલ વિશેષતાએ સમજાય છે અને અફસોસ ઘેરો તથા ગહન થતો જાય છે. મૂળમાં જ પ્રભુનાં વચનો સાંભળ્યા નહિ, તેથી તેના પર કોઈ જાતની વિચારણા થઈ શકી નહિ અને સમજણ ન લેવાને કારણે તેની ઉપયોગીતા ન સમજાઈ તે સહજ હતું. આવી સ્થિતિમાં એ વચનોનો ઉપયોગ કરી શુદ્ધતા તરફ જવું અશક્ય હતું. તેની વ્યથા વ્યક્ત કરતાં કહે છે કે "તમારાં પ્રણીત કરેલાં ઉત્તમ શીલને મેં સેવ્યું નહિ." પ્રભુનાં બોધેલાં બધાં વચનોને સમજીને જો આચારમાં ઉતારે તો જીવ કલ્પી ન શકે તેટલો મોટો ફાયદો થાય એવી સમજ જીવને આવવા લાગી છે તેથી તેને એ લાભથી વંચિત રાખનાર પોતાની ભૂલોનો પશ્ચાત્તાપ ઉગ્રતાથી થાય છે. અને તેનો એકરાર પ્રભુ સમક્ષ કરી હળવો બને છે.

સંસારનું પરિભ્રમણ તૂટે એવી વર્તના પોતાના અતિ દુર્લક્ષને કારણે થઈ શકી નહિ તેના પશ્ચાત્તાપના અનુસંધાનમાં, તેવી વર્તના ન કરવાથી મળેલા દુખને વર્ણવતાં જીવ કહે છે કે, "તમારાં કહેલાં દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા મેં ઓળખ્યાં નહીં." પ્રભુએ તેમનાં વચનો દ્વારા ચારિત્રપાલન કરવાનો જે અમૂલ્ય બોધ આપ્યો છે, તેનાં પાલનના ફળરૂપે જીવમાં દયા, શાંતિ, ક્ષમા તથા પવિત્રતાના ગુણો ખીલે છે અને સરવાળે તે જીવ મુક્તિના અનંત સુખને પ્રાપ્ત કરે છે. પોતે શીલ પાળ્યું નહિ, તેથી આ ઉત્તમ ગુણોની ખીલવણી કરી શક્યો નહિ તેનો તેને

પસ્તાવો થાય છે, અને તેની સ્થિતિ હૃદયદ્રાવક બને છે.

દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા એ ચાર ગુણોને વિસ્તારથી તથા ઊંડાણથી વિચારીએ તો સમજાય છે કે આ ચારે ગુણો ખીલવવાથી ચારે પ્રકારનાં ઘાતીકર્મોનો ક્ષય કરવાની ચાવી જીવને હાથ લાગી જાય છે. દયાનો ગુણ ખીલવવાથી અંતરાય કર્મ તૂટે છે, શાંતિના ગુણને ખીલવતાં જ્ઞાનાવરણ કર્મ દૂર ભાગે છે, ક્ષમાના ગુણને વધારવાથી દર્શનાવરણ કર્મ ઓગળતું જાય છે, અને પવિત્રતા સાથે એકરૂપ થવાથી મોહ લુપ્ત થતો જાય છે.

'દયા' એટલે અનુકંપા, દુઃખથી છૂટે એવી લાગણી. સંસારનાં પરિભ્રમણથી પોતાના જીવને છોડાવવાની ભાવના એટલે સ્વદયા બીજાનું ભલું થાય, બીજાઓ દુઃખથી મુક્ત થાય એવી ભાવના તે પરદયા 'દયા'નો ગુણ સમજતાં જીવ છૂટવાના ભાવથી શ્રી પ્રભુનાં શરણે જાય છે. સંસારથી છૂટવાની ભાવનાથી ઇચ્છાપૂર્વક પ્રભુનાં શરણે જવાથી પૂર્વે બાંધેલા અંતરાયો ક્રમે ક્રમે તૂટતા જાય છે. આમ દયા એ સૌથી મોટો સર્વમાન્ય ધર્મગુણ છે, જેની ખીલવણીથી 'અંતરાય' કર્મ નાશ પામતું જાય છે. કોઈ પણ ઇચ્છિતની પ્રાપ્તિમાં આવતા અવરોધ એ 'અંતરાય' કર્મનું ફળ છે. પરમાર્થ માર્ગ પ્રાપ્ત કરવાની અંતરાય જીવે સત્પુરુષ કે જ્ઞાનીપુરુષની અશાતના કરીને બાંધી હોય છે. તે અંતરાય પ્રભુના શરણે જઈ ક્ષમા માગવાથી તૂટે છે. જેમ જેમ સ્વપર દયાના ભાવ વિકસિત થાય છે તેમ તેમ પ્રભુનું શરણું દૃઢ થાય છે અને અંતરાય વિશેષતાએ તૂટે છે; એ જ રીતે જેમ જેમ અંતરાય તૂટતી જાય છે તેમ તેમ સ્વપર કલ્યાણના ભાવ વધતા જતા હોવાથી દયાનો ગુણ વિકસતો જાય છે.

અહીં વર્ણવાયેલો બીજો ગુણ છે 'શાંતિ.' શાંતિ એટલે શાંત થવું, શાંત રહેવું. શાંતિ આત્માનો મૂળભૂત ગુણ છે. જીવ

આત્મા સિવાયની ઘણી બધી વસ્તુઓમાં સુખબુદ્ધિ સેવે છે અને તે સર્વની પ્રાપ્તિ અપ્રાપ્તિ માટે મથ્યા કરે છે, તે કારણથી, ઇષ્ટની અપ્રાપ્તિ થતાં કે અનિષ્ટની પ્રાપ્તિ થતાં તેની શાંતિ હણાઈ જાય છે. જે પદાર્થ પોતાનાં નથી તેની પ્રાપ્તિ કે અપ્રાપ્તિમાં સુખદુઃખ કલ્પી જીવ શાંતિથી વંચિત થાય છે. જેમ જેમ કલ્પિત સુખબુદ્ધિ ટળતી જાય છે તેમ તેમ હૃદયમાં એકાકારતા પ્રગટતી જાય છે. એ એકાકારતાના પ્રમાણમાં જીવની શાંતિ વધતી જાય છે, તેનું શાંતસ્વરૂપ પ્રગટ થતું જાય છે. શ્રી પ્રભુના આશ્રયે તેમનાં વચનોનું આરાધન કરવાથી જીવને પરભાવ ઘટે છે, તેમાંનું મારાપણું ઘટે છે, તેથી તેનાથી નિપજતી સુખબુદ્ધિ ઘટે છે, આ સુખબુદ્ધિ ઘટતાં આત્માનું ચળવિચળપણું ટળી સ્થિરતા આવે છે, તે સ્થિરતા શાંતિના અનુભવને વર્ધમાન કરે છે. આ બધી યથાર્થ સમજણ વધતાં જીવનાં જ્ઞાનને આવરણ કરનાર 'જ્ઞાનાવરણ' કર્મનો નાશ થતો જાય છે. પોતા સિવાયના પદાર્થમાં સુખબુદ્ધિ કરવાથી જીવ વિપરીત જ્ઞાન ધરાવે છે, એટલે કે જે પોતાનું નથી તેને પોતાનું માની, પોતા તરફ ખેંચવા કોશિશ કરે છે. આ વિપરીત જ્ઞાન એટલે યથાર્થ જ્ઞાનને આવેલું આવરણ. તેથી સમજાય છે કે વિપરીત જ્ઞાન દૂર કરવા પરપદાર્થ વિશેની સુખબુદ્ધિ ત્યાગવી જરૂરી છે. તે સુખબુદ્ધિ જતાં જ્ઞાન નિરાવરણ થતું જાય છે અને એ દ્વારા યથાર્થ 'શાંતિ' ગુણ વિકસતો જાય છે.

આ વચનમાં ત્રીજો ગુણ વર્ણવ્યો છે તે છે 'ક્ષમા.' ક્ષમા કરવી એટલે જતું કરવું. પોતે બાજા કોઈનો અપરાધ કર્યો હોય તો પશ્ચાત્તાપ સહિત ક્ષમા માગવી એ એક; અને બીજા જીવે પોતાનો અપરાધ કર્યો હોય તેવા પ્રસંગે તે જીવ પ્રતિ બદલો લેવાની વૃત્તિ ન કરવી, તેના પ્રતિ કષાય ન કરવા, હિંસાદિ પ્રવૃત્તિ ન કરવી તે ક્ષમા આપવી આ બાજુ; એમ બંને અપેક્ષાએ 'ક્ષમા'નો ગુણ જીવે

સમજવાનો રહે છે. ક્ષમા માગવાથી જીવનો માનભાવ તૂટે છે, સાથે સાથે પૂર્વે જે અયોગ્ય પ્રવૃત્તિ થઈ હતી તેવી પ્રવૃત્તિ ફરીથી ન કરવાનો ભાવ પણ તેમાં જોડાય છે. આમ પૂર્વે કરેલી દુભવણીનો એકરાર સાથે પશ્ચાત્તાપ ક્ષમા માગવામાં ગૂંથાય છે, એ દ્વારા પૂર્વે કરેલી હિંસાની નિવૃત્તિ ઇચ્છાય છે અર્થાત્ આડકતરી રીતે હિંસાની પ્રવૃત્તિ ત્યજાય છે. ક્ષમા આપવાથી, અન્ય અપરાધી જીવને શિક્ષા ન કરવા દ્વારા હિંસાથી નિવર્તવું થાય છે. હિંસા એટલે અન્ય જીવને દુભવવા - નાનામાં નાની દુભવણીથી પ્રાણઘાતક દુભવણી સુધીનો વિશાળ અર્થ 'હિંસા'માં સમાવી શકાય. ટૂંકામાં કહીએ તો ક્ષમા માગવાથી પૂર્વે કરેલી દુભવણી (હિંસા)ની નિવૃત્તિ મગાય છે અને ક્ષમા આપવાથી પોતા દ્વારા થતી નવી દુભવણી અટકે છે - આમ 'ક્ષમા'નો ગુણ ખીલવવાથી દ્વિવિધ અહિંસાપાલન થાય છે. હિંસાથી અટકતાં દર્શનાવરણ કર્મ બંધાતું અટકે છે. એકેંદ્રિયાદિની હિંસા દ્વારા જીવ દર્શનાવરણ કર્મ બાંધે છે. દર્શન એટલે જોવું. જોવા માટે સાચી દૃષ્ટિ મળે તો દર્શનાવરણ કર્મ જાય. અન્ય જીવોની હિંસા કરતાં પોતાને સુખ મળે તે દૃષ્ટિ અસમ્યક્ છે, કોઈને પણ લેશ દુભવવાથી પોતાનું સુખ હણાય છે એ દૃષ્ટિ સમ્યક્ છે. આથી પોતે માનેલા સુખને મેળવવા આ સંસારમાં બીજા જીવોની દુભવણી તથા હિંસા કરે છે તેમાં દર્શનાવરણ કર્મ બંધાય છે. આ હિંસાદિ પ્રવૃત્તિથી છૂટતાં તે કર્મ બંધાતું અટકે છે. ક્ષમાનો ગુણ અપનાવવાથી સ્થૂળ કે સૂક્ષ્મ હિંસામાં નિયંત્રણ આવે છે તથા તે વિશેષતાએ ખીલે ત્યારે દર્શનાવરણ કર્મનું બંધન અત્યંત અલ્પ થઈ જાય છે. જીવમાં જેમ જેમ ક્ષમાનો ગુણ ખીલતો જાય છે તેમ તેમ તેની દર્શન શક્તિ વધતી જાય છે અને છેવટે જગનું સ્વરૂપ જેમ છે તેમ યથાર્થ જોવા મળે છે.

શૌચ અને સત્યનો ગુણ તે 'પવિત્રતા.' પવિત્રતા એટલે શુદ્ધપણું. કોઈ પણ પદાર્થ બાહ્ય પદાર્થ સાથે ભેળસેળ થયો હોય તો તે પદાર્થ અપવિત્ર ગણાય છે, અને તે પદાર્થ બાહ્ય પદાર્થ સાથેની ભેળસેળ પામ્યા વગરનો હોય તો તે શુદ્ધ અથવા પવિત્ર ગણાય છે. આત્મા એ એક દ્રવ્ય છે. તે મોહબુદ્ધિને કારણે કર્મનાં અનેક પુદ્ગલ પરમાણુઓ સાથે ભેળસેળ થઈ અપવિત્ર થયો છે. કર્મનાં પરમાણુઓ આત્માનાં તેજને તથા ગુણોને ઢાંકી દે છે અને આત્માનું જેવું મૂળ રૂપ છે તેનાથી જુદા રૂપવાળો તેનો દેખાવ બતાવે છે. આત્માના પ્રદેશો પર જેટલાં કર્મનાં પરમાણુઓનો જમાવ વધારે તેટલી તેની અપવિત્રતા વધારે, અને જેટલા પ્રમાણમાં કર્મનાં પરમાણુઓ ઓછા તેટલા પ્રમાણમાં તેની પવિત્રતા વધારે ગણાય. શાંતિ તથા ક્ષમાના ગુણો જેમ જેમ ખીલતા જાય છે તેમતેમ આત્માને સાચી સમજણ વધતી જાય છે, અન્ય પદાર્થો તથા જીવોનું પરપણું સ્પષ્ટ રીતે સમજાય છે, અનુભવાય છે. તે સ્પષ્ટ સમજણના આધારે તે તે પદાર્થો માટેનાં મોહ અને મારાપણાનાં ભાવમાં ઘટાડો થતો જાય છે. જેમ જેમ મોહબુદ્ધિ ઘટે છે તેમ તેમ કર્મનાં નવાં પરમાણુઓ એકત્રિત કરવાનું કાર્ય રોકાય છે એટલું જ નહિ, પણ જૂનાં એકત્રિત કરેલાં પરમાણુઓ આત્મપ્રદેશ પરથી ત્વરાથી ખરતાં જાય છે. જેટલા જેટલા પરમાણુઓ ખરે તેટલા પ્રમાણમાં આત્માની પવિત્રતા વધે છે. મોહ અથવા તો રાગને કારણે જીવ અસત્ય આચરણ કરે છે. મોહ કે રાગ ઘટતાં જીવને વૈરાગ્ય પ્રગટે છે તથા મોક્ષાભિલાષ જાગે છે. સંસારનાં ક્ષણિક સુખો ભોગવવાની વૃત્તિ મંદ અને મંદતર થતી જાય છે. મંદતાને કારણે આત્મપ્રદેશો પર છવાયેલાં મોહનીય કર્મનાં પરમાણુઓ ખરતાં જાય છે અને આત્માની પવિત્રતા વધતી જાય છે.

મોહનીય કર્મ એવું છે કે તેના પ્રભાવથી જ્ઞાન દર્શનનાં આવરણો સહેલાઈથી વધે છે. જો મોહ પર સંયમ લેવામાં આવે તો જ્ઞાનાવરણ તથા દર્શનાવરણ કર્મ પર સહેલાઈથી સંયમ વધે છે. જ્ઞાનાવરણ કે દર્શનાવરણ કર્મ તૂટે તો મોહનીય કર્મ તૂટે વા ન તૂટે, પરંતુ મોહનીય કર્મ તૂટે તો ક્રમે કરીને જ્ઞાનાવરણ તથા દર્શનાવરણ કર્મ તૂટે જ. આમ હોવાથી મોહનીય કર્મ તોડવાથી આત્માની પવિત્રતા સૌથી વિશેષ વધે છે.

આ રીતે વિચારતાં સમજાય છે કે દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા એ ચાર ગુણો ખીલવવાથી ચારે ઘાતીકર્મોનો નાશ કરવાની ચાવી મળે છે. જ્યાં સુધી પ્રભુ પ્રેરિત બોધ પ્રતિ લક્ષ ન અપાય, તેમાં જણાવેલાં તત્ત્વનો વિચાર કરવામાં આવે નહિ, ઉત્તમ શીલનું સેવન થાય નહિ, ત્યાં સુધી ચારે પ્રકારનાં ઘાતીકર્મોથી જીવ બંધાતો રહે છે.

આ પરથી સમજાય છે કે સન્માર્ગ મેળવવા માટે સૌ પ્રથમ સંસારથી છૂટવાની ભાવના જીવને થવી જરૂરી છે. તે ભાવનાના અનુસંધાનમાં પૂર્વકૃત ભૂલોનો પશ્ચાત્તાપ જીવને થવો જોઈએ. ભૂલોનો પશ્ચાત્તાપ થતાં ભૂતકાળની ઘણી ભૂલો નાશ પામે છે અથવા પીગળીને નાની થાય છે, અને તે પશ્ચાત્તાપને પાયો બનાવી તેના પર સદ્વર્તનનું ચણતર જીવ કરી શકે છે. જો યોગ્ય પશ્ચાત્તાપ કરવામાં ન આવે તો ભૂતકાળમાં જે જે ભૂલો કરી છે તેના ફળરૂપે જીવને કેવી પરિસ્થિતિમાંથી પસાર થવું પડ્યું છે, તેનો ચિતાર તે પછીનાં વચનોમાં જોવા મળે છે:

"હે ભગવન્ ! હું ભૂલ્યો, આથડ્યો, રઝળ્યો અને અનંત સંસારની વિટંબનામાં પડ્યો છું. હું પાપી છું. હું બહુ મદોન્મત્ત અને કર્મરજથી કરીને મલિન છું."

"ભગ" એટલે ઐશ્વર્ય કે સમૃદ્ધિ. ભગવાન્ એટલે જેઓ ઐશ્વર્ય કે સમૃદ્ધિ સહિત છે તે. જીવને પ્રભુની અનેક અતિશયોવાળી અમર સ્થિતિ અને પોતાની પામર સ્થિતિ વચ્ચેનું અંતર સમજાયા પછી, તે જીવ પોતાનો પશ્ચાત્તાપ વિશેષ ઘેરો તથા વિશેષ ઊંડો કરી પ્રભુ પાસે પ્રગટ કરે છે. છત્રો, ધર્મધજા, સુવર્ણકમળ, સિંહાસન, સમવસરણ, અશોકવૃક્ષ, દેવદુંદુભિ, ચામર, પુષ્પવૃષ્ટિ, ૐ નાદ આદિ ચોંત્રીશ અતિશયોના ધારક શ્રી પ્રભુની બાહ્ય સમૃદ્ધિ જોઈ જીવ અંજાઈ જાય છે, અને એવી સમૃદ્ધિ મેળવવાની ઇચ્છા તેનામાં જાગૃત થાય છે. પ્રભુની ભવ્યતા સામે પોતાની વર્તમાનની ભિખારી સદૃશ અવસ્થા જોઈ, તેનાં કારણો સમજતાં તે પોતા માટેનો ખેદ અતિ સચોટ શબ્દોથી વ્યક્ત કરે છે. સર્વ પ્રકારની ઋદ્ધિથી વિભૂષિત થયેલા શ્રી પ્રભુને તે કહે છે કે "હું ભૂલ્યો છું" ભૂલ કઈ કરી? જ્યાં મેં મારાપણું કરવાનું હતું ત્યાં કર્યું નહિ, અને જ્યાં મારું કંઈ પણ નથી, મારાપણું કરવા યોગ્ય નહોતું ત્યાં - તે પદાર્થોમાં મેં ખૂબ મારાપણું કર્યું છે. આ પ્રકારની ભૂલની પરંપરા મેં અનાદિકાળથી ચલાવી છે. અને તે ભૂલની પરંપરાના ફળ રૂપે આ સંસારમાં હું "આથડ્યો" અને હું "રઝળ્યો" છું. આથડ્યો એટલે અથડાયો, ભટકાયો અનેક પ્રકારે મેં કર્મ બાંધ્યા, તેના દબાણને કારણે તથા તેના ધક્કાને કારણે જે ગતિમાં જવું પડે તે ગતિમાં જઈને પરવશપણે તે દુઃખસુખરૂપે કર્મોને ભોગવ્યા છે, તે ભોગવવામાં કોઈ પણ જાતની સ્વતંત્રતા મને મળી નહોતી તેનું સચોટ આલેખન "આથડ્યો" એ એક જ શબ્દથી થયું છે. આ જ પ્રમાણે "રઝળ્યો" શબ્દ પણ લક્ષ વગરના બાણ જેવા પરિભ્રમણને સૂચવે છે. કોઈ જ પ્રકારના ઉદ્દેશ વિના જીવ જ્યારે જુદા જુદા સ્થળોની મુલાકાત લે છે ત્યારે તે જીવ માટે "રઝળવા ગયો હતો" એવો શબ્દપ્રયોગ થાય છે. એ જ રીતે ચારે ગતિમાં જીવ

ફરે છે ખરો, પણ તે ફરવા માટે તેને કોઈ નિશ્ચિત હેતુ કે લક્ષ મળ્યાં નહોતાં. તે જીવને એકે ગતિમાં ખબર જ નહોતી કે તે જીવે છે શા માટે? તેનાં જીવનનો ઉદ્દેશ શો છે! તેણે કોઈ પણ પ્રકારના ઉદ્દેશ વિના અનાદિકાળથી ચતુર્ગતિમાં પરિભ્રમણ કર્યું છે તેનું સૂચન એક "રઝળ્યો" શબ્દથી થઈ જાય છે.

આ રીતે નિરુદ્દેશ આથડવાનું અને રઝળવાનું પરિણામ આવ્યા વગર રહે નહિ. એ પરિણામ છે; "અનંત સંસારની વિટંબનામાં પડયો છું." વિટંબના એટલે હવે શું થશે એવી ચિંતા, અણગમતી વસ્તુને ટાળવા માટે સેવવી પડતી ઉપાધિ અથવા ગમતી વસ્તુને પ્રાપ્ત કરવા કરવી પડતી જહેમત, અને એ બધી પ્રવૃત્તિ કરવા ન કરવારૂપ સ્થિતિમાંથી જન્મતી અશાંતિ, આ બધું જ વિટંબનાના અર્થવર્તુળમાં સમાય છે. આ રઝળપાટથી જો સમજપૂર્વક પાછા ફરવામાં ન આવે તો આ ચિંતા, ઉપાધિ, અશાંતિરૂપ વિટંબના અનંતકાળ સુધી ચાલી શકે તેવી બની જાય છે, એટલે કે લંબાતો લંબાતો સંસાર અનંતકાળ પછી પણ અટકતો નથી. આ વાસ્તવિક ચિત્ર રજૂ કરતાં જીવ કહે છે કે "અનંત સંસારની વિટંબનામાં પડયો છું"

વાસ્તવિક સ્થિતિના સભાનપણાથી જીવ શરમિંદો થઈ જાય છે અને કબુલ કરે છે કે "હું પાપી છું, હું બહુ મદોન્મત્ત અને કર્મરજથી કરીને મલિન છું." સંસારના આરંભકાળથી અત્યાર સુધી આત્માના પ્રદેશો પર કર્મના પરમાણુઓને સતત આવકાર્યા છે તથા તેને ચોંટવા દીધાં છે તે જ મોટામાં મોટું પાપકૃત્ય છે. આ પાપકૃત્યનો સ્વીકાર "હું પાપી છું" એ વચનથી થાય છે. વળી પાપક્રિયાનું મૂળ "મદ"– અભિમાન, સ્વચ્છંદ તથા મારાપણામાં જોવા મળે છે. મનુષ્યગતિમાં જીવને મહાઅનર્થ તરફ ઘસડી જતો કષાય માનભાવ- મદ છે. 'હું કંઈક છું', 'મને જ ખબર છે', 'મારું જ

આવ્યું છે' આવા આવા ભાવો જીવમાં માનકષાયને લીધે આવે છે. અને તે બધું પોતાની મેળે જ, પોતાની રીતે નક્કી કર્યું હોય તો તેને સ્વચ્છંદનો બળવાન સાથ મળ્યો છે તેમ કહી શકાય. જીવમાં માન અને સ્વચ્છંદ એકઠા થાય છે ત્યારે તેની અસદ્ પ્રવૃત્તિઓ માઝા મૂકી દે છે. આ અમર્યાદિત સ્થિતિ વર્ણવવા "હું બહુ મદોન્મત્ત છું" એવું વચન મૂકાયું છે. મદથી ઉન્મત્ત થયેલો એટલે અભિમાનને કારણે અવિચારીપણે વર્તનારો પોતે બન્યો છે, અને તે પણ વિશેષતાએ છે એમ જણાવવા 'બહુ મદોન્મત્ત' કહ્યું છે. માનકષાય જ્યારે આવી રીતે માઝા મૂકે છે ત્યારે કર્મના પરમાણુઓ આત્માને અનંતગણે વળગે છે. આ વળગાડ આત્માના તેજને આવરીને તેને તેજહીન- મલિન કરી નાખે છે. કર્મના બળવાન આક્રમણને કારણે પોતાની દયાજનક સ્થિતિ થઈ છે તે જણાવતું વચન આવે છે કે "અને કર્મરજથી કરીને મલિન છું." અહીં એ જોવા મળે છે કે જ્યારે જીવને છૂટવાની ભાવના જાગે છે ત્યારે તેનામાં સ્વદોષદર્શન કરવાની વૃત્તિ જાગે છે એટલું જ નહિ સ્વદોષદર્શન કરે પણ છે.

અહીં સુધી લખાયેલાં ક્ષમાપનાનાં વચનો સમજતાં એ સ્પષ્ટ થાય છે કે સન્માર્ગની પ્રાપ્તિ ઈચ્છતા જીવને 'સંસારથી છૂટવાની ભાવના જાગવી તે પહેલું પગથિયું છે. તે ભાવના અત્યાર સુધી થઈ નહોતી તે ભૂલનો પશ્ચાત્તાપ થવો જોઈએ, તથા તેના અનુસંધાનમાં નિષ્પક્ષપાત બુદ્ધિથી સ્વદોષદર્શન કરવું યોગ્ય છે. આટલે સુધી પહોંચ્યા પછી જીવ વિશેષ વિકાસ કરી મોક્ષમાર્ગમાં એક પગથિયું આગળ વધે છે.

"હે પરમાત્મા! તમારાં કહેલાં તત્ત્વ વિના મારો મોક્ષ નથી. હું નિરંતર પ્રપંચમાં પડ્યો છું અજ્ઞાનથી અંધ થયો છું. મારામાં વિવેકશક્તિ નથી, અને હું મૂઢ છું, નિરાશ્રિત છું, અનાથ છું."

કરેલા દોષોની ક્ષમાપના કરવાથી અને કુર્મરૂપી જંજીરોથી છૂટવાની તાલાવેલી વધવાથી જે સત્ય પ્રયત્નો કરવામાં આવે છે, તેના ફળરૂપે કર્મનાં આવરણો ઘટતાં જાય છે. તે આવરણો તૂટતાં અમુક અંશે આત્માનુભવ પ્રગટ થાય છે. પોતાને મળેલી આંશિક વિશુદ્ધિના આધારે તેને પ્રભુનાં ઉત્તમ આંતરસ્વરૂપનો અમુક અંશે ખ્યાલ આવે છે. પોતાનાં કરતાં અનેકગણાં આત્મશુદ્ધિ અને આત્મ-વૈભવ પ્રભુને હોવા જોઈએ એવી ગણતરી તેને થાય છે, કારણ કે પોતાના અંતરંગમાં જે ફેરફાર તેને થયો છે તે ફેરફાર તેને પ્રભુના આંતરવૈભવ તરફ દોરી જાય છે. આ સમજણના આધારે તે પ્રભુને "ભગવાન"ને બદલે "પરમાત્મા" શબ્દથી સંબોધે છે. પરમાત્મા એટલે પરમ આત્મા. જેમનું આંતરરૂપ જ્યોતિર્મય છે અને વિશુદ્ધિથી પૂર્ણ ભરેલું છે તે પરમાત્મા. પોતાના કષાયો થોડા નબળા થતાં જીવને ખ્યાલ આવે છે કે પ્રભુજી તો પૂર્ણતાએ કષાયરહિત બન્યા છે. આમ સન્માર્ગ મળતાં જીવનું દૃષ્ટિબિંદુ પ્રભુની બાહ્યવિભૂતિ પરથી ખસી અંતરંગ વિભૂતિ તરફ કેંદ્રિત થતું જાય છે, તેને લીધે આંતર વૈભવની ઝાંખી કરાવનાર "પરમાત્મા" સંબોધન આવે છે.

જીવને જેમ જેમ શુદ્ધિનો અને શાંતિનો પરિચય થતો જાય છે અને વધતો જાય છે, તેમ તેમ તેને અંતરમાં નિર્ણય થતો જાય છે કે શુદ્ધ થવા માટે જે માર્ગ પ્રભુએ બતાવ્યો છે તે જ સાચો છે. તે માર્ગના આરાધન વિના બીજા કોઈ પણ માર્ગે મોક્ષ સંભવી શકતો નથી. તે દૃઢત્વ દર્શાવવા કહે છે કે "તમારાં કરેલાં તપ વિના મારો મોક્ષ નથી."

આ સમજણ મળી નહોતી તથા દૃઢ થઈ નહોતી, ત્યાં સુધી એ માર્ગે જવાયું નહિ, મુક્ત થવાયું નહિ. જ્યાં મુક્તિનાં સુખ મેળવવા માટે આ જ માર્ગ છે એવો નિર્ણય હૃદયમાં વર્તે છે,

ત્યાં જીવને એ નિશ્ચય થઈ જાય છે કે પ્રભુએ દર્શાવેલા તત્ત્વના પાલન વિના જીવનો મોક્ષ થવો સંભવતો નથી. આ નિશ્ચય થતાં, પૂર્વકાળમાં જે જે કારણે પરિભ્રમણ થયું અને તેનાં કેવાં પરિણામ આવ્યા તેની જાણકારી તેને સભાન કરી દે છે. અત્યાર સુધીની સર્વ પ્રવૃત્તિ જીવે પાંચ ઇન્દ્રિયોના પાંચ પ્રકારના વિષયો ભોગવવા માટે જ કરી હતી, તે પ્રવૃત્તિથી અળગા થઈ આત્મશાંતિ માટે કોઈ જાતની પ્રવૃત્તિ કરી નહોતી તેનો પશ્ચાત્તાપ, "હું નિરંતર પ્રપંચમાં (પાંચ ઇન્દ્રિયોના પાંચ પ્રકારના વિષયોના ભોગવટામાં) પડયો છું અજ્ઞાનથી અંધ થયો છું ....." એ વચનોમાં જોવા મળે છે. ઇન્દ્રિયના વિષયોની જાળમાં ફસાવાનું કારણ અનાદિકાળથી આત્માને વળગેલાં અજ્ઞાનનાં પડળો છે. જીવને થાય છે કે અજ્ઞાનરૂપી અંધકાર આંતરચક્ષુઓ પર અનાદિકાળથી છવાયેલો હોવાથી, મોક્ષમાર્ગની ઝાંખી પણ જોવા મળી ન હતી. અને અજ્ઞાનનાં પડળો ઘટવાં લાગ્યાં છે પણ ગયાં નથી, જો અજ્ઞાનનાં પડળો પુર્ણતાએ જાય તો સંસાર હોય જ નહિ. વળી, સંસારની અમુક અમુક વૃત્તિઓ વર્તમાનમાં પણ ચાલુ છે તેથી અજ્ઞાનરૂપી અંધાપો ચાલુ છે તેની વ્યથા "અજ્ઞાનથી અંધ થયો છું" એ વચનથી વ્યક્ત કરી છે.

અમુક અંશે અજ્ઞાન ટળવાથી તેને અજ્ઞાનરૂપી અંધત્વ આવવાનું કારણ સમજાય છે કે "મારામાં વિવેકશક્તિ નથી." એકથી પંચેન્દ્રિયપણું મેળવ્યા પછી જીવમાં શ્રેય તથા પ્રેયની જાણકારી આવે છે એટલું જ નહિ પણ તેમાં શ્રેય શું અને પ્રેય શું તેનું તોલન કરવાની શક્તિ આવે છે. તે તોલનશક્તિનો - વિવેકશક્તિનો ઉપયોગ કરી પોતાના આત્મા માટે જે શ્રેયરૂપ છે તેનું આરાધન સ્વચ્છંદ છોડીને કરવાનું હોય છે. એ આરાધન કરવાથી જીવ

શ્રેષ્ઠતમ તત્ત્વ પામી શકે છે. પરંતુ ઘણીયે વાર જીવ ક્ષણિક સુખના મોહથી મહાત થઈ, સ્વચ્છંદે ચાલી શ્રેયથી દૂર જવાય તેવી પ્રવૃત્તિ કરી અશ્રેય કરે છે. ભૂતકાળમાં ક્ષણિક સુખની લાલચમાં સતત રડવડતો રહ્યો, અને એથી આત્માના અનંત અવ્યાબાધ સુખથી વિમુખ રહ્યો, એ હકીકત સૂચવે છે કે સંજ્ઞીપંચેન્દ્રિયપણામાં વિવેકશક્તિ પ્રાપ્ત થઈ હોવા છતાં જીવે તેનો ક્યારેય યથાર્થ ઉપયોગ કર્યો ન હતો. આવી અવળી વર્તના જીવનું મૂઢપણું સાબિત કરે છે. સાચું સમજવાની પાત્રતા હોય, સાચું સમજવા માટેનો યોગ હોય, તેમ છતાં તેની રુચિ કરવાને બદલે વિરુદ્ધ બાજુ ખેંચાવું તે જીવનું મૂઢપણું જ કહેવાય. આવી મૂઢદશામાંથી જીવ કેટલીયે વખત પસાર થયો હતો. કારણ કે પ્રભુએ તો કરવામાં કંઈ જ બાકી રાખ્યું ન હતું, જીવે કરવું જ બાકી રાખ્યું હતું. કારણ કે ક્ષણિક સુખની લાલચમાં જીવે તે પ્રતિ સતત દુર્લક્ષ સેવ્યા કર્યું હતું. આ સત્યનું ભાન થતાં જીવ શ્રી પ્રભુ સમક્ષ એકરાર કરે છે કે "હું મૂઢ છું."

ભૂતકાળમાં, પોતે આચરેલી મૂઢતાના ફળ રૂપે જીવને સતત આશ્રય રહિત, કર્મે દીધેલા ધક્કા અનુસાર કેટલીયે અણગમતી જગ્યાએ અનેક પ્રકારનાં દુઃખો ભોગવતાં ભોગવતાં પરવશપણે રહેવું પડ્યું હતું. આ સર્વ દુઃખો દૂર કરવા માટે વિવિધ પ્રયત્નો કરવા છતાં, અનેક પ્રકારે ફાંફાં મારવા છતાં, તેમાંથી - તે દુઃખથી કોઈએ બચાવ્યા નહોતા; કેટલીક વખત બચાવવા માટે કોઈએ શક્ય તેવા બાહ્ય પ્રયત્નો કર્યા હતા ત્યારે સાધારણ શાતા મળી હતી, તે સિવાય તેઓ અસફળ જ રહ્યા હતા. આ અનુભવ સ્મૃતિમાં આવતાં જીવ પ્રભુને જણાવે છે કે, "હું નિરાશ્રિત છું, અનાથ છું." તેને પોતાનું આશ્રયરહિત પણું અને અનાથપણું પળે પળે અનુભવમાં આવતું રહે છે.

જે પ્રકારની પરિસ્થિતિથી બચવું હોય તે પ્રકારમાં સમર્થ હોય તે જ તેમાંથી બચાવી શકે. અસમર્થ પાસે એ માટે સહાય માગવામાં આવે અથવા તો આશ્રય લેવામાં આવે તો તેઓ ઇચ્છા હોવા છતાં પણ મદદરૂપ થઈ શકતા નથી, અર્થાત્ યથાયોગ્ય રીતે બચાવી શકતાં નથી. એ જ રીતે જ્યાં સુધી જીવ આશ્રય માગતો નથી ત્યાં સુધી બીજા કોઈ તેની જવાબદારી લેતા નથી. જેમકે એક બાળકનું તેના માતાપિતા રક્ષણ કરે છે, તથા તેની જવાબદારી લઈ જરૂરિયાત પોષતા રહે છે. પરંતુ તે જ માતા-પિતા જે તેના આશ્રયે નથી તેવા બાળકની જવાબદારી લેતા નથી. ઉદા. ત. પાડોશીનાં કે અન્ય બાળકો. આમ હોવાથી જો સંસારના પરિતાપોથી બચવું હોય તો એ તાપથી બચાવી શકે એવા સમર્થ હોય તેના આશ્રયે જવું જ પડે. સમસ્ત સંસારમાં યથાર્થ રક્ષણ કરી આત્માની જરૂરિયાત પોષી શકે એવી એક પણ સંસારી વ્યક્તિ નથી, તેથી જીવને અનુભવવું પડે છે કે પોતે નિરાશ્રિત છે, અનાથ છે. આ નિરાશ્રિતપણાથી અને અનાથપણાથી છૂટવા માટે, તે બાબતમાં સમર્થ એવા સર્વ આત્મગુણોના અનુભવી શ્રી સર્વજ્ઞ દેવ તથા તેમના આશ્રયે મોક્ષમાર્ગમાં ચાલતા શ્રી સદ્ગુરુ દેવના શરણે જવાથી જીવનું નિરાશ્રિતપણું તથા અનાથપણું ટળી શકે છે. એ સમજણનું દૃઢપણું ક્રમે ક્રમે જીવમાં આવતું જાય છે.

આ વચનોથી સ્પષ્ટ સમજાય છે કે સ્વદોષદર્શન કર્યા પછી આગળ વધવું હોય તો, તે દોષથી નિવર્તવાનો ઉપાય શોધવો તે મુખ્ય કાર્ય બની જાય છે. સ્વદોષદર્શન કરવા તરફ વળેલા જીવને પોતાનું મૂઢપણું, નિરાશ્રિતપણું તથા અનાથપણું બરાબર સમજાય તો જ તે તેનાથી છૂટવા માટેનો પુરુષાર્થ આદરી શકે.

એટલે કે મૂઢતાદિથી છૂટવા માટે તે સાચી વસ્તુ હૃદયથી સ્વીકારવા અને ગ્રહણ કરવા તૈયાર થાય. બીજી રીતે કહીએ તો હૃદયની પાટી ચોખ્ખી થતાં જે સત્ય લખાણ તેમાં કરવામાં આવે તેનું યથાર્થ ગ્રહણ તેનાથી થઈ શકે. પાટી ચોખ્ખી કરવા માટે જીવે "પોતાપણું", "હું પણું", "મારા પણું", "હું જાણું છું" વગેરે અહમ્ તથા મમસૂચક ભાવો અને સ્વચ્છંદ છોડવાના રહે છે. તો જ સદ્ગુરુ તથા સત્ પુરુષ જે સદ્બોધ અથવા તો માર્ગદર્શન આપે છે તેનો સ્વીકાર એ જીવથી થઈ શકે છે. તેથી સંસારના પરિતાપો સહન કરતી વખતે જીવને જે અશરણતા તથા અનાથતાનો અનુભવ કરવો પડે છે, તેનાથી પર થવા તે જીવ ઉત્તમ પુરુષના શરણમાં જવાનો નિર્ણય કરી શ્રી પ્રભુને કહે છે કે :-

"નીરાગી પરમાત્મા ! હું હવે તમારું, તમારા ધર્મનું અને તમારા મુનિનું શરણ ગ્રહું છું. મારા અપરાધ ક્ષય થઈ હું તે સર્વ પાપથી મુક્ત થાઉં એ મારી અભિલાષા છે. આગળ કરેલાં પાપોનો હું હવે પશ્ચાત્તાપ કરું છું."

સંસારમાં પોતાને વર્તતાં નિરાશ્રિતપણાનો તથા અનાથપણાનો બળવાન અનુભવ જીવને થાય છે ત્યારે તે સાચા આશ્રય અને શરણની શોધમાં નીકળે છે. યથાર્થતાએ પ્રભુનું સ્વરૂપ પામવાના ભાવ થતાં જીવને પ્રભુનાં આંતરિક સ્વરૂપનો વિશેષ પરિચય થાય છે. પ્રારંભિક બાહ્યદૃષ્ટિ જે અંતર્મુખ થવા લાગી હતી તે દૃષ્ટિ હવે ઊંડાણ ધારણ કરે છે. ઊંડાણમાં જતી એ દૃષ્ટિ પ્રભુને અવિરત વર્તતા "નીરાગીપણા" વિશે સ્થિર થાય છે. સ્વાનુભવ પ્રમાણે જ્યાં જ્યાં તેની દૃષ્ટિ જાય ત્યાં ત્યાં રાગ અથવા તો દ્વેષની વૃત્તિ જીવને થયા કરે છે, તેની સામે આખા જગતનું દર્શન હોવા છતાં તે પ્રતિ નીરાગીપણું સેવતા પ્રભુને જોઈ તે આશ્ચર્યચકિત થઈ જાય છે.

પ્રભુનાં અંતરસ્વરૂપમાં રહેલી આ મહાનતા તેને સમજવા લાગે છે, તેથી તે શ્રી પ્રભુને "નીરાગી પરમાત્મા" તરીકે સંબોધી ઊઠે છે.

શ્રી પ્રભુનું નીરાગીપણું સમજાયા પછી તેને લક્ષ થાય છે કે તેમના રાગરહિતપણાને કારણે જ તેમનું આત્મિકસુખ ટકેલું છે. આ રાગરહિતપણાની અવસ્થા મેળવવા જીવ નીરાગી પરમાત્માને શરણે જાય છે. જીવ પોતાની અંતરવૃત્તિથી નીરાગી પરમાત્માનું, તેમણે બોધેલા ધર્મનું, તેમના બોધને આચરણમાં ઉતારતા મુનિજનોનું શરણું સ્વીકારે છે.

જીવને મનુષ્ય જીવનમાં પામવા યોગ્ય ધ્યેય છે તે નીરાગી પરમાત્મપણું છે, તેથી તે અવસ્થાએ પહોંચેલા શ્રી પ્રભુનું શરણું લેવું આવશ્યક હોવાથી, સૌ પ્રથમ તે નીરાગી પરમાત્માને શરણે જાય છે. જે માર્ગનું આચરણ કરીને પ્રભુએ નીરાગી અવસ્થા પ્રાપ્ત કરી, તે જ માર્ગના આચરણ દ્વારા પોતાને પણ નીરાગી અવસ્થા પ્રાપ્ત થાય તે નિર્વિવાદ સાચી સમજણ છે. તે સમજણને આધારે, પોતે તે માર્ગ રહેવા તથા તે માર્ગ આચરવા કૃતનિશ્ચયી બન્યો છે તે દર્શાવવા "તમારા ધર્મનું" શરણ ગ્રહું છું એમ તે કરે છે. કર્મભૂમિમાં બેઠેલો જીવ આ નિર્ણય કરે છે તે સમયે પ્રભુ તો સિદ્ધભૂમિમાં બિરાજી ગયા છે, એટલે જે સમયે પ્રભુ આ માર્ગ આચરતા હતા ત્યારે તેઓ કેવી રીતે વર્તતા હતા, કેવા સ્થિતિ તથા સંજોગોમાંથી પસાર થતા હતા તેનું પ્રત્યક્ષપણું આવી શકે નહિ અર્થાત્ તેનો યથાયોગ્ય અનુભવ થઈ શકે નહિ. તે સ્થિતિનું તાદૃશપણું કરવું હોય તો એ માર્ગનું યથાર્થ પાલન કરનાર જે કોઈ હોય તેના પ્રત્યક્ષ પરિચયમાં રહેવું જોઈએ. વર્તમાનમાં શ્રી પ્રભુ પ્રણીત મોક્ષમાર્ગમાં ચાલનાર જે છે તે મુનિજનો છે. તેઓ સર્વસંગ પરિત્યાગી આત્મોન્નતિ કરવા મોક્ષમાર્ગ આરાધે છે. તે મુનિજનનો પ્રત્યક્ષ પરિચય પામી, માર્ગનું તાદૃશપણું કરવાના હેતુથી

ક્ષમાપના.

જીવ પ્રભુને કહે છે કે "તમારા મુનિનું શરણ ગ્રહું છું." આમ જીવ પ્રભુનું, પ્રભુ બોધિત ધર્મનું અને તે ધર્મમાર્ગે ચાલતા મુનિનું શરણું લઈ કર્મની સામે લડવા ત્રિવિધ કિલ્લો તૈયાર કરે છે.

આ ત્રિવિધ શરણું લેવાનો હેતુ કોઈ સાંસારિક સુખ કે વૈભવની પ્રાપ્તિનો નથી, તે વિશે જીવ અત્યંત સ્પષ્ટ છે. હાલ સુધીમાં જીવે અનેક વખત ધર્મારાધન તો કર્યું હતું, પરંતુ તેમ કરવાનો જીવનો હેતુ સાંસારિક લાભ મેળવવાનો હતો, તેથી સંસારસુખ મેળવવામાં જ સંચિત પુણ્ય વપરાઈ જતું હતું; પરિણામે ભવભ્રમણનો એકપણ આંટો ઘટયો ન હતો. આ સ્થિતિની સમજણ આવી હોવાને કારણે જીવ મક્કમપણે નક્કી કરે છે કે હવેથી જે કંઈ ધર્મ આરાધન થાય તેના ફળરૂપે સંસારસુખ નહિ પણ આત્મિક સુખ જોઈએ છે. પ્રથમનું સુખ ક્ષણિક છે અને દુઃખથી ગ્રસાયેલું છે ત્યારે દ્વીતીય સુખ શાશ્વત છે સાથે સાથે દુઃખનાં પડછાયાથી પણ પર છે. તેથી જીવ અભિલાષા કરે છે કે "મારા અપરાધ ક્ષય થાય, હું તે સર્વ પાપથી મુક્ત થઉં, એ મારી અભિલાષા છે." આ વચન દ્વારા સ્પષ્ટ થાય છે કે શરણ ગ્રહણ કરવાનો જીવનો હેતુ સાંસારિક વૃત્તિઓને પોષવાનો નહિ, પણ પોતાનાં સ્વરૂપને ભૂલી જવા રૂપ અપરાધનો ક્ષય કરવાનો છે. તે અપરાધ ક્ષય કરી, તેના (અપરાધના) અનુસંધાનમાં કરેલા સર્વ પ્રકારનાં પાપથી મુક્ત થવાની મહેચ્છાથી આ શરણું લીધું છે તેવી સ્પષ્ટતા ઉપરના વચનમાં અનુભવાય છે.

લીધેલાં સાચા શરણાંથી જીવને માર્ગની જાણકારી તથા તેનાં ઊંડાણભર્યાં રહસ્યોની જાણકારી વધુ ને વધુ આવતી જાય છે. આ ભેદ તથા રહસ્યોની જાણકારીના આધારે જીવ યથાર્થ ધર્મારાધન કરી શકે છે. તે અનુભવજ્ઞાન પ્રકાશતાં જીવ કહે છે,

"જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ઊંડો ઊતરું છું, તેમ તેમ

તમારાં તત્ત્વનાં ચમત્કારો મારાં સ્વરૂપનો પ્રકાશ કરે છે."

શ્રી પ્રભુનું, પ્રભુનાં ધર્મનું તથા તે ધર્મમાર્ગે ચાલતા મુનિનું શરણ ગ્રહ્યા પછી, જીવ શરણ ગ્રહ્યા પહેલાં જે જે પાપકર્મ કર્યાં હતાં તેનાથી છૂટવાની અભિલાષા સેવે છે. અને એ જ અભિલાષાથી "આગળ કરેલાં પાપોનો હું હવે પશ્ચાત્તાપ કરું છું" એમ કહે છે. પશ્ચાત્તાપ કરવાથી, તેના વેદન દ્વારા અસ્તાગત પાપો ઉદયગત પાપોની સાથે સાથે ખરી જાય છે એ સમજણનો લાભ લઈ જીવ બેવડા દોરે પાપ ખપાવે છે. આમ હળવાશ પકડતો આત્મા પરભાવથી છૂટી સ્વભાવમાં લીન થતાં શીખી જાય છે. કર્મ અપેક્ષાએ હળવાશ આવવાથી, જીવનાં આવરણો તૂટવાથી જીવનાં વિચારો સ્થૂળતા ત્યાગી સૂક્ષ્મતા પ્રતિ ગમન કરે છે, અને આ સૂક્ષ્મતા તેને અંતરના ઊંડાણ સુધી લઈ જાય છે. આત્મા પોતાના સૂક્ષ્મ વિચારોનો દોર પકડી તત્ત્વજ્ઞાનની ઊંડી ગુફા સુધી, હૃદયના અંતઃસ્થળ સુધી પહોંચી જાય છે. પૂર્વ ભૂલોના યથાર્થ પશ્ચાત્તાપ સાથેનું સમ્યક્ ધર્મારાધન થતાં જીવ તત્ત્વજ્ઞાનની ઊંડી ગુફામાં પહોંચી શુદ્ધ આત્માનુભવ થોડીક ક્ષણો માટે પામી શકે છે તેનું આલેખન ઉપરના વચનમાં થયેલું જોઈ શકાય છે. ધર્મોચિત વર્તન દ્વારા જીવ તત્ત્વચિંતનની ગુફા સુધી જાય છે એ બતાવવા જીવ ઉચ્ચારે છે કે "જેમ જેમ સૂક્ષ્મ વિચારથી ઊંડો ઊતરું છું...." આ ચિંતનમાં તેને પોતાનાં શુદ્ધ સ્વરૂપની પ્રતીતિ આવે છે. ચિંતનમાં પ્રભુનાં અદ્ભુત સ્વરૂપનો લક્ષ થવાથી, પોતાનાં શુદ્ધ સ્વરૂપની પ્રતીતિ આવે છે; આ આશ્ચર્યચકિત કરતો અનુભવ જીવ આ રીતે વ્યક્ત કરે છે: "....તેમ તેમ તમારાં તત્ત્વનાં ચમત્કારો મારાં સ્વરૂપનો પ્રકાશ કરે છે." જેમ જેમ ચિંતનનું તેનું ઊંડાણ વધતું જાય છે તેમ તેમ પ્રભુનાં શુદ્ધ આંતરસ્વરૂપનો પરિચય તેને વધતો જાય છે. શુદ્ધ સ્વરૂપમાં સમાયેલા

કેટલાય ગુણો જીવને ચમત્કારિક લાગે છે, કારણ કે તેમાના મોટાભાગના ગુણોનો યથાર્થ પરિચય તેને ક્યારેય થયો નહોતો. હવે તે પરિચય થતાં આશ્ચર્યમાં ગરકાવ થઈ જાય છે. વળી પોતાના શુદ્ધાત્માનું સ્વરૂપ શ્રી પ્રભુના શુદ્ધાત્મા જેવું જ છે એ જાણકારી તેને વધારે નિમગ્નતામાં લઈ જાય છે. એ ઊંડાણભરી નિમગ્નતામાં આત્મસ્વરૂપનો જે પરિચય તેને થાય છે તેને આ રીતે વ્યક્ત કર્યો છે :-

"તમે નીરાગી, નિર્વિકારી, સચ્ચિદાનંદસ્વરૂપ, સહજાનંદી, અનંતજ્ઞાની, અનંતદર્શી અને ત્રૈલોક્યપ્રકાશક છો. હું માત્ર મારા હિતને અર્થે તમારી સાક્ષીએ ક્ષમા ચાહું છું. એક પળ પણ તમારાં કહેલાં તત્ત્વની શંકા ન થાય, તમારા કહેલા રસ્તામાં અહોરાત્ર હું રહું, એ જ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ."

જીવ જ્યારે ઊંડા ધ્યાનમાં લીન બને છે ત્યારે તેને શુદ્ધ આત્માના ગુણોનો પરિચય થાય છે. એ પરિચયમાં અનુભવાયેલા ગુણોનું વર્ણન અહીં કર્યું છે. પ્રભુનો શુદ્ધ આત્મા "નીરાગી" છે. નીરાગી એટલે રાગરહિત. જગતમાં પ્રવર્તતા સર્વ જીવોને જે જે પદાર્થો તથા પરિસ્થિતિ પ્રાપ્ત થયાં હોય છે, તે સર્વ વિશે ગમા કે અણગમાના ભાવ તેને પ્રવર્તે છે; એટલે કે રાગ અથવા દ્વેષનો અનુભવ તેને તરતમપણે થયા કરતો હોય છે. આ ભાવોને કારણે તેને સતત અશાતા ઉદિત રહે છે. જો આ અશાતાથી છૂટવું હોય તો જીવે રાગદ્વેષથી છૂટવું જોઈએ. એ પણ સમજવા યોગ્ય છે કે રાગના આધારે જ દ્વેષ અનુભવાય છે, જે રાગ થાય છે તેને પોષણ ન મળે તો તેમાંથી દ્વેષ જન્મે છે. તેથી જો રાગ તૂટે તો દ્વેષ આપોઆપ તૂટી જાય છે. રાગના અસ્તિત્વ વિના જીવ દ્વેષ ધરાવી શકતો નથી. તેથી જેઓ રાગભાવથી મુક્ત થાય છે તે દ્વેષથી પણ મુક્ત થઈ જાય છે. અને રાગદ્વેષથી પર રહેનાર પરમ શાતા

વેદે છે. પ્રભુને પ્રાપ્ત થયેલી પરમ શાતાના સુખમાં તેમનું રાગરહિતપણું છે તે સમજવાથી જીવ તેનું આકર્ષણ વેદે છે.

આગળ વધતાં "નીરાગી"પણાના અનુસંધાનમાં જે ગુણ પ્રભુમાં જોવા મળે છે તે તેમનું "નિર્વિકારી"પણું છે. વિકાર એટલે ફેરફાર. નિર્વિકાર એટલે ફેરફાર રહિત. સામાન્ય રીતે જીવ જે કોઈ સ્થિતિના યોગ કે વિયોગમાં મૂકાય છે તે વિશે તે અંતરંગમાં રાગ અથવા દ્વેષના ભાવ અનુભવે છે અને તે ભાવ બળવાન હોય ત્યારે તેની અભિવ્યક્તિ અંગઉપાંગના હાવભાવથી કરે છે. આ બંને જાતના ફેરફાર તે તેનું વિકારીપણું છે. સંસારમાં પરિભ્રમણ કરતો કોઈ પણ જીવ વિકાર રહિત દેખાતો નથી, તેની સામે પ્રભુમાં જોવા મળતું નિર્વિકારપણું - અડોલપણું જીવને આકર્ષી જાય છે. પ્રભુ ગમે તેવી પરિસ્થિતિમાં હોય છતાં નિર્વિકારી જ હોય છે, તેમના ભાવોમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર સંભવતો નથી, તેમની સ્થિરતા અવ્યાબાધ રહે છે. જ્યાં ભાવથી પણ વિકાર છે ત્યાં કર્મબંધન છે તેથી કર્મથી મુક્ત રહેવા માટે નિર્વિકારીપણું અત્યંત આવશ્યક ગુણ છે.

પ્રભુનાં નીરાગીપણા તથા નિર્વિકારીપણાના સાથમાં તેમની "સચ્ચિદાનંદસ્વરૂપ" સ્થિતિની જાણકારી આવે છે. સત્ એટલે સત્યસ્વરૂપ. જે ત્રણેકાળ ટકી શકે તે સત્સ્વરૂપ કહી શકાય. ચિદ્ એટલે ચૈતન્યમય. ચિદ્સ્વરૂપ એટલે ચેતનગુણથી ભરપૂર સ્વરૂપ. ચેતન જે અનુભવ કરે છે તેનો તેને લક્ષ હોય છે ત્યારે અચેતને અર્થાત્ જડને અનુભવનો લક્ષ થતો નથી. થતા અનુભવની સમજણ લેવા માટે ચેતનગુણ સદાકાળ મદદરૂપ થાય છે. ચેતન સિવાયના કોઈ પણ દ્રવ્યને અનુભવનું વેદન નથી, તથા સ્મૃતિ નથી. એટલે આ "ચૈતન્યપણું" આત્માનું આગવું વિશિષ્ટ અંગ છે. શુદ્ધસ્વરૂપ પામ્યા પછી, ચેતનસ્વરૂપ આત્મા સદાકાળ માટે "આનંદ"

અનુભવે છે. આનંદ એટલે સુખ, ઉત્સાહ તથા કલ્યાણની મિશ્ર લાગણી. શુદ્ધાત્મા આ આનંદસ્વરૂપને ચેતનગુણની સહાયથી સદાકાળ માટે અનુભવે છે તેથી શુદ્ધાત્માને "સચ્ચિદાનંદ સ્વરૂપ" તરીકે ઓળખાવવામાં આવે છે.

સચ્ચિદાનંદ સ્વરૂપ આત્માને કેવી શાતા પ્રવર્તે છે તેની ઝાંખી જીવને ઊંડાણભરેલા ધ્યાનમાં આવે છે. અહીં વર્ણવાયેલો શ્રી પ્રભુનો આનંદ ક્યાંયથી ઉત્પન્ન કરેલો નથી, કોઈના આધારે રહેલો નથી, તે આનંદ સ્વયંસ્ફુરિત છે એ જણાવવા આત્માને "સહજાનંદી" ગણાવ્યો છે. આ આનંદ એ આત્માનો સહજ સ્વાભાવિક ગુણ છે, આત્મા સાથે તે એવા અવિનાભાવી સંબંધે જોડાયેલો છે કે એક વિના બીજાનું અસ્તિત્વ સંભવી શકે નહિ. જો આ આનંદ બીજાને આધારે રહેલો કે ટકેલો હોય તો તેની હાનિ વૃદ્ધિ સાથે આનંદની પણ હાનિવૃદ્ધિ થાય; તેમ તો છે નહિ માટે આત્માનો આનંદ "સહજ" છે.

આ ઉપરાંત શુદ્ધાત્મા "અનંતજ્ઞાની", "અનંતદર્શી" અને "ત્રૈલોક્યપ્રકાશક છે. દરેક મનુષ્યમાં અને અન્ય જીવોમાં કોઈ ને કોઈ પ્રકારની જાણકારી - જ્ઞાન હોય છે. "જ્ઞાન" એ આત્માનો મૂળભૂત ગુણોમાંનો એક ગુણ છે જો જ્ઞાનનો સંપૂર્ણપણે અભાવ હોય તો તે "જડ" થઈ જાય – ચેતન અને જ્ઞાન એકબીજા સાથે અવિનાભાવી સંબંધથી જોડાયેલા છે. સામાન્ય રીતે જીવને જે જે જાણકારી હોય છે તેનાથી અનંતગણી જાણકારી શ્રી પ્રભુને છે. તેમનું જ્ઞાન એટલું વિશાળ છે કે તેમાં પ્રત્યેક જીવ તથા પ્રત્યેક પદાર્થની ત્રણે કાળની સમય સમયની જાણકારી સમાવેશ પામે છે. એક પણ જ્ઞાન એવું સંભવી શકતું નથી જે શ્રી સર્વજ્ઞ પ્રભુને ન હોય. તેથી પ્રભુ "અનંતજ્ઞાની" તરીકે ઓળખાય છે.

ચક્ષુ ઈન્દ્રિય પ્રાપ્ત કર્યા પછી બધા જીવ પોતપોતાની મર્યાદા અનુસાર આ જગતમાં કંઈ ને કંઈ જોતા હોય છે તેમની દૃષ્ટિ ગમે તેટલી તેજસ્વી હોય તો પણ જગતના પ્રત્યેક પદાર્થને તેઓ જોઈ શકતા નથી... એક સાથે બધા જ તત્ત્વોને જોવા તો તેમની ક્ષમતાની બહાર છે. એની સામે શ્રી પ્રભુની દર્શનશક્તિ એટલી વિશાળ છે કે તેઓ સમસ્ત જગતના પ્રત્યેક જીવો અને પ્રત્યેક પદાર્થોનું સમય સમયનું ત્રિકાલિક દર્શન એકી સાથે કરી શકે છે. એક પણ પદાર્થ કે તત્ત્વ એવું અસ્તિત્વ ધરાવતા નથી કે જે પ્રભુના દર્શનગુણમાં સમાવેશ પામ્યા ન હોય. આ "દર્શનગુણ" આત્માનો એક વિશિષ્ટ ગુણ છે અને તેની પૂર્ણતાને કારણે શ્રી ભગવાન "અનંતદર્શી" તરીકે આ જગતમાં ઓળખાય છે.

શુદ્ધાત્માને લોકાલોકના પ્રત્યેક તત્ત્વનું, ત્રણે કાળનું, સમય સમયનું જ્ઞાન તથા દર્શન વર્તે છે તે તેના "અનંતજ્ઞાની" તથા "અનંતદર્શી" ગુણથી સમજાય છે. એ શુદ્ધાત્મા લોકાલોકના પ્રત્યેક પદાર્થને જાણીને જણાવવાની શક્તિ ધરાવે છે. આથી તેઓ ત્રણે લોકના પદાર્થને પ્રકાશિત કરે છે – જણાવી શકે છે એ અપેક્ષાએ "ત્રૈલોક્યપ્રકાશક" છે.

આત્માનાં આ બધા અદ્ભુત વિશિષ્ટ ગુણો, જીવને અમુક પ્રમાણમાં વિશુદ્ધિ પ્રાપ્ત થાય તે પછી જ અંશે અનુભવગમ્ય થાય છે તે વખતે જીવનું લક્ષ પૂર્ણતાએ બાહ્યથી ખસી અંતર તરફ વળી જાય છે. તે અંતરંગમાં લીન થવા સહજપણે ઝંખે છે. અને આ ઝંખના તો જ પૂરી થાય જો તેમાં આડા આવતા અંતરાયો તૂટી જાય. આ અંતરાયો તોડવાનો એક માત્ર રસ્તો છે સત્પુરુષના શરણે રહી પાપની આલોચના-ક્ષમાપના કરવી. તેમાં જ તેનું હિત-કલ્યાણ સમાયેલું છે. તેથી તે કરે છે,

"હું માત્ર મારા હિતને અર્થે તમારી સાક્ષીએ ક્ષમા ચાહું છું"

શુદ્ધાત્માના આંતરગુણોનો પૂર્ણ લક્ષ અને આંશિક અનુભવ થતાં જીવની લૌકિક સુખબુદ્ધિ તૂટી જાય છે. તેથી જે કંઈ ધર્મક્રિયા કે આચરણ ન થાય અથવા તો તે બંને ખામી-ભરેલાં થાય તે માટે તે સહૃદયતાથી ક્ષમા માગતો રહે છે. તેને પોતાનું હિત- કલ્યાણ કરવાના ભાવ એટલા પ્રબળ બને છે કે પોતાની નાની સરખી ભૂલ પણ ચલાવી લેવાના ભાવ તેના અંતરમાં રહેતા નથી. આથી તે પોતાની નાની મોટી પ્રત્યેક ભૂલ માટે નીરાગી પરમાત્માની સાક્ષીએ ક્ષમા માગતો રહે છે કે જેથી કોઈ દોષ ટકી શકે નહિ અથવા તો રહી જાય નહિ.

આ પ્રમાણે ધર્મ આરાધન કરતાં કરતાં રહીસહી લૌકિક ભાવનાનો ક્ષય થઈ જાય તે હેતુથી જીવ પ્રભુ પાસે માગણી કરે છે કે "એક પળ પણ તમારાં કહેલાં તત્ત્વની શંકા ન થાય, તમારા કહેલા રસ્તામાં અહોરાત્ર હું રહું, એ જ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ"

સમજણ પામ્યા પછી, પોતાનો આત્મા પ્રભુના માર્ગનું આરાધન કરતાં કરતાં, એક પળ માટે પણ મંદતા કે શિથિલતા સેવે નહિ, પ્રમાદનો ભોગ થાય નહિ, તેવી ભાવનાને આ વચન દ્વારા દૃઢ કરી છે. જેમ જેમ આત્મશુદ્ધિના માર્ગમાં વિકાસ થતો જાય તેમ તેમ જીવે પોતાના પુરુષાર્થની બાબતમાં પ્રમાદને ઘટાડતા જવાનો છે, તે એટલે સુધી કે છેવટના પુરુષાર્થમાં, શ્રેણિ માંડ્યા પછી એક સમય જેટલા નાના કાળ માટે પણ આત્મા પ્રમાદનું સેવન કરે નહિ. આ અંતિમ પુરુષાર્થ સુધી વિના પ્રમાદ પહોંચવાની ભાવના અહીં સેવાઈ છે તે સકારણ છે. માર્ગપ્રાપ્તિના આરંભના કાળમાં જીવ અતિ અલ્પતાએ ધર્મનું

આરાધન કરતો હોય છે, કારણ કે તે બાબતની રુચિ અને સુવિધાઓ ઘણાં ઓછાં હોય છે; આવા અસુવિધાના કાળમાં થોડા ધર્મારાધનનું વિશેષ ફળ મળે છે પછી ધીમે ધીમે જેમ જીવની પાત્રતા વધતી જાય છે, અનુકૂળતા વધતી જાય છે તેમ ફળપ્રાપ્તિ તે પ્રમાણમાં હોય છે. યોગ્યતા, સાનુકૂળતા વધે ત્યારે, અસુવિધાના કાળમાં કરેલા ધર્મારાધનનું જે ફળ હોય છે તેના પ્રમાણમાં નાનું ફળ જીવને મળે છે અને જ્યારે અંતિમ શ્રેણિનો પુરુષાર્થ કરવાનો હોય છે ત્યારે તો એક સમય જેટલા નાના કાળ માટેનો પ્રમાદ પણ જીવને પતનની ખાઈમાં ધકેલી દે છે. જીવ અગ્યારમે ગુણસ્થાનેથી પાછો વળી નીચલા ગુણસ્થાને આવી જાય છે. પ્રમાદમાં રહેલા આવા મોટા ભયસ્થાનનો લક્ષ કરાવવા માટે શ્રી મહાવીર ભગવાને પોતાના પટ્ટશિષ્ય શ્રી ગૌતમ સ્વામીને વારંવાર બોધ આપ્યો છે કે, "હે ગૌતમ! એક સમય માત્રનો પણ પ્રમાદ કરીશ નહિ."

શ્રેણિ માંડયા પહેલાં કોઈ પણ જીવને એક સમયનું જ્ઞાન સંભવતું નથી, અસંખ્યાત સમય વીતે ત્યારે તેનું જ્ઞાન જીવને થાય છે. આ અવસ્થામાં જીવ એક સમયના નહિ પણ અસંખ્યાત સમયના પ્રમાદમાં જીવ પડયો હોય છે. શ્રેણિમાં જીવની સમજણ સૂક્ષ્મ થતાં એક સમય માટે પણ પ્રમાદસેવન પાલવતું નથી, છતાં કોઈ જીવ એક સમય પણ અપ્રમાદ કાઢે તો તે જીવ નિયમપૂર્વક અગ્યારમા ગુણસ્થાને જઈ નીચે ઉતરે છે, અને તેમાંથી કોઈ જીવ છઠ્ઠે, કોઈ સાતમે અને કોઈક પહેલા ગુણસ્થાને અટકે છે. તે જીવ જ્યાં અટકયો ત્યાંથી આગળ વધવા ફરીથી બધો પુરુષાર્થ કરવો પડે છે. આમ શ્રેણિમાં એક સમયનો પણ પ્રમાદ કરવાથી જીવનો સંસાર વધી જાય છે. જ્યાં જે

યોગ્ય નથી ત્યાં તે કરવાથી વિષમ ફળ ભોગવવું પડે છે.

જીવ જ્યારે સતત પ્રમાદી અવસ્થામાં રહેતો હતો ત્યારે તેને અનંત સંસારનું પરિભ્રમણ હતું. તેવા સંજોગોમાં તે જીવ પુરુષાર્થી થઈ એક સમય માટે અપ્રમાદી બને છે ત્યારે તેના ફળ રૂપે તેનું અભવીપણું ટળી જાય છે અને તેને ભવીપણું પ્રાપ્ત થાય છે, એટલે કે ભવિષ્યમાં તે જીવ કોઈ અને કોઈ કાળે મોક્ષપ્રાપ્તિ કરશે એવું નિશ્ચિત થાય છે. તે પહેલા અપ્રમાદના આધારે જીવ પુરુષાર્થ કરી, પ્રમાદ ઘટાડતો જાય છે, અને સ્વઉપયોગ વધારતો જાય છે. આમ કરતાં કરતાં સ્વઉપયોગમાં જ રહેવા જેવો સમય આવે છે. આ પ્રસંગે જો જીવ એકાદ સમયનો પણ પ્રમાદ કરે તો આત્મદશામાં નીચે ઉતરી જાય છે. આ પરથી શ્રી આત્મસિદ્ધિની નીચેની ગાથાનું સ્પષ્ટપણું થશે.

"જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ,
ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ.
- શ્રીમદ રાજચંદ્ર
(આત્મસિદ્ધિ ગાથા ૮)

વ્યવહારમાં આપણે આ જ નિયમથી વર્તીએ છીએ. બે વર્ષનું અણસમજુ બાળક કોઈ ભૂલ કે ખોટું વર્તન કરે તો આપણે તેને ત્વરાથી માફ કરીએ છીએ, પણ એવો જ દોષ જો કોઈ ચાલીસ વર્ષનો યુવાન કે યુવતી કરે તો તેને મોટી શિક્ષા કરીએ છીએ. પરમાર્થમાં પણ એમ જ બને છે. જેમ જેમ જીવની સમજણ વધતી જાય, આત્મદશા ઉચ્ચ થતી જાય તેમ તેમ દોષો કરવાનો પરવાનો ભુલ થતો જાય છે, અને છતાં ઉચ્ચ અવસ્થાએ જો કોઈ પ્રમાદવશ બની દોષ કરે તો તેનો મોટો દંડ તેણે ભોગવવો પડે છે. આવી ભૂલ થાય નાહિ તેની પૂર્વ તૈયારી રૂપે તે શ્રી પ્રભુને

વિનંતિ કરે છે કે, "એક પળ પણ તમારાં કહેલાં તત્ત્વની શંકા ન થાય, તમારા કહેલા રસ્તામાં અહોરાત્ર હું રહું, એ જ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ."

શ્રી પ્રભુએ જે માર્ગ આત્મશુદ્ધિ અર્થે બતાવ્યો છે, તે માર્ગ ચાલવામાં એક પળ માટે પણ અધૂરાપણું ન લાગે, પ્રમાદ ન આવે એવી મારી વર્તના કરાવજો એમ જીવ વિનંતિ કરે છે. પ્રભુના દાખવેલા માર્ગે, પળનો પણ પ્રમાદ કર્યા વિના સતત ચાલી શકાય એવી કૃપા કરવા પ્રભુને વિનવે છે. આમ પોતાને સદ્‌વર્તન કરતો રાખવાની જવાબદારી જીવ વિવેકપૂર્વક પ્રભુને સોંપે છે અને પોતાનું રહ્યુંસહ્યું અહંપણું અને મમપણું મૂકવાની તૈયારી તે કરી લે છે. સાથે સાથે સમર્થ અને અનુભવી પ્રભુનું માર્ગદર્શન તથા રક્ષણ મળતું હોવાથી ભૂલો થવાનો અવકાશ નહિવત રહે છે.

સન્માર્ગે ત્વરાથી આગળ વધવાની એક અદ્‌ભુત ચાવી આપણને અહીં મળી રહે છે. પ્રભુની બિનશરતી શરણાગતિ સ્વીકારવાથી ઘણા ઘણા દોષોથી બચી જવાય છે. પ્રભુ આપણી ઘણી ઘણી રીતે કાળજી રાખે છે, અને ઊંચી પાયરીએ ચડાવવામાં મદદરૂપ થાય છે. બાળક જ્યારે જન્મ લે છે ત્યારે તે તેની માતા પાસે પૂરેપૂરી શરણાગતિ સ્વીકારીને રહે છે, માતા જે પીવડાવે તે પીએ, જે ખવડાવે તે ખાય, જે પહેરાવે તે પહેરે, જ્યાં સૂવડાવે ત્યાં સૂએ વગેરે. એ સંજોગોમાં માતા તેની ઘણી કાળજી કરે છે. તેના ખાવાના, પીવાના, સૂવાના વગેરે સમય સચવાય તેની કાળજી માતા રાખતી રહે છે. બાળકને વધુમાં વધુ શાતા મળે તેવી રીતે માતા પોતાના બાળક સાથે વર્તે છે. બાળક જેમ જેમ મોટું થતું જાય છે તેમ તેમ તે સ્વતંત્ર થતું જાય છે, તેની શરણાગતિ શિથિલ

પતી જાય છે. બાળકની સ્વતંત્રતા વધવા સાથે માતાની કાળજીમાં ફેરફાર થતો જાય છે. બાળક જેટલું પોતાની મેળે કરી શકે તેટલું તેની પાસે માતા કરાવે છે, અને તેનું પોતાને આધીનપણું ઘટાડતી જાય છે. પ્રભુ પણ એ જ રીતે વર્તે છે. આપણે જ્યારે પ્રભુને સર્વસ્વ સોંપીને આજ્ઞાધીનપણે વર્તન કરીએ છીએ ત્યારે પ્રભુ આપણી વિશેષતાએ કાળજી લઈ આપણને ખૂબ ખૂબ સહાય કરતા રહે છે. આપણે સન્માર્ગ મૂકી ન જઈએ તે માટે પ્રભુજી આપણને સતત માર્ગદર્શન આપતા રહે છે. જો આપણે એ પ્રકારની ઈચ્છા સેવી હોય તો, ધીમે ધીમે આત્માનુભવના ઊંડાણમાં આપણને લઈ જઈ અમુક પ્રકારની સ્વતંત્રતાનો અનુભવ પણ આપણને કરાવે છે. આ રીતે વર્તતાં જીવ વિશેષતાએ અંતર્મુખ થાય છે. તે વખતે જીવને પ્રભુનાં ઉત્તમોત્તમ ગુણોનો પરિચય થાય છે, અને પ્રભુને "સર્વજ્ઞ ભગવાન" તરીકે સંબોધી વિનવે છે કે :-

"હે સર્વજ્ઞ ભગવાન ! તમને વિશેષ શું કહું ? તમારાથી કંઈ અજાણ્યું નથી. માત્ર પશ્ચાત્તાપથી હું કર્મજન્ય પાપની ક્ષમા ઈચ્છું છું."

ૐ શાંતિ: શાંતિ: શાંતિ:

પ્રભુને કરેલા આ સંબોધન પરથી સમજાય છે કે જીવને પ્રભુના બાહ્ય તેમજ આંતર વૈભવનો સાચો ખ્યાલ આવી ગયો છે. સર્વજ્ઞ એટલે બધાના જાણનાર, અને ભગવાન એટલે ઐશ્વર્યવાન. સર્વ પ્રકારના ઐશ્વર્ય સહિત જે લોકાલોકને જાણનાર છે તે સર્વજ્ઞ ભગવાન છે. આ સર્વજ્ઞપણાનું લક્ષ થતાં જીવ પૂછી બેસે છે કે, "તમને વિશેષ શું કહું ?" તમે તો બધું જ જાણો છો તેથી તમને કહેવા જેવું પણ શું રહે છે ? અત્યાર સુધી તમને જે કંઈ જણાવ્યું

તે તમારી જાણકારી માટે લખું એમ નથી, જે કંઈ જણાવ્યું તે મારા ભાવોને વ્યક્ત કરવા માટે, અને મારી ભૂલોનો એકરાર કરી મારા પાપનો ભાર હળવો કરવા માટે જણાવ્યું છે. તમારા માટે વર્તતો મારો અહોભાવ અંદરમાં સમાઈ ન રહેતાં, બહાર પ્રગટ થયો છે અને તેને લીધે આ વિનંતિ આપને થઈ છે. વળી મને એવો દૃઢ વિશ્વાસ છે કે તમારી- સર્વજ્ઞ પ્રભુની સાક્ષીએ મારા બધા પાપોની પશ્ચાત્તાપ સહિત ક્ષમા માગવાથી મારી ઈચ્છેલી આત્માની શુદ્ધતા પ્રગટશે. અને શુદ્ધભાવથી કરેલી ક્ષમાયાચના અને પુરુષાર્થના ફળ રૂપે મને તમારા જેવી જ અદ્ભુત શાંતિની પ્રાપ્તિ થશે.

શાંતિની પ્રાપ્તિ બાબતનું નિઃશંકપણું "ૐ શાંતિ: શાંતિ: શાંતિ:" એ શબ્દોથી અનુભવાય છે. મન, વચન તથા કાયાથી સાચો પુરુષાર્થ કરી જ્ઞાન, દર્શન અને ચારિત્રની ખીલવણી કરી પૂર્ણ શાંતસ્વરૂપને પ્રાપ્ત કરવું છે એ સૂચવવા ત્રણ વખત શાંતિ શબ્દ, પંચપરમેષ્ઠિ ભગવંતના પ્રતિકરૂપ ૐ સાથે અહીં મૂકાયેલો જણાય છે.

આ દૃષ્ટિકોણથી આખી ક્ષમાપના વિચારતાં મોક્ષનો અદ્ભુત માર્ગ તેમાં નિરુપાયેલો જોવા મળે છે. સંસાર સમગ્રથી છૂટવાની ભાવના થતાં સન્માર્ગ પ્રાપ્ત કરવાની મહેચ્છા થવી તે મોક્ષમાર્ગનું પહેલું પગથિયું છે. આ મતની મુક્ત થવાની ભાવના જાગ્યા પછી; તે ભાવના અત્યાર સુધી કેમ નહોતી થઈ તેનો ખેદ તથા પશ્ચાત્તાપ થાય તે બીજું પગથિયું છે. તેના અનુસંધાનમા માર્ગના પરિચયની શરૂઆત થતાં પરના જ દોષો જોવાની વૃત્તિ ટાળતા જવી અને નિષ્પક્ષપાત બુદ્ધિથી સ્વદોષદર્શન કરવાની ટેવ કેળવવી એ ત્રીજું પગથિયું છે. સ્વદોષદર્શન કરતાં શીખ્યા પછી,

ક્ષમાપના

તે દોષથી છૂટવાનો ઉપાય વિચારવો તથા સમજવો તે ચોથું પગથિયું છે. છૂટવાનો ઉપાય વિચારતાં, અત્યાર સુધી સેવેલું પોતાનું મૂઢપણું, નિરાશ્રિતપણું તથા અનાથપણું જીવને સ્પષ્ટ થાય છે. તે અશરણપણું ટાળવા માટે પ્રભુનું, પ્રભુ પ્રણીત ધર્મનું તથા તે ધર્મને આચરનાર મુનિનું શરણ લેવું એ જ સાચો ઉપાય છે, તેમ સમજવું તે પાંચમું પગથિયું છે. જેમ જેમ આ ત્રણે ઉત્તમ તત્ત્વો પ્રતિ બિનશરતી શરણાગતિ વધતી જાય છે તેમ તેમ જીવ શુદ્ધ આત્માને વિશેષતાએ સમજી શકે છે, અનુભવી શકે છે. આ જ વિકાસ દર્શક છઠ્ઠું પગથિયું છે. શુદ્ધાત્માનું સ્વરૂપ સમજાતાં, તે સ્વરૂપ પામવા માટે જોઈતા પ્રમાદરહિત પુરુષાર્થની ખામી માટેનો ઉગ્ર પશ્ચાત્તાપ છેવટનું પરિપૂર્ણ પ્રકાશવા માટે ખૂબ સહાયરૂપ થાય છે, તે સાતમું પગથિયું છે. અત્યંત વીર્ય પ્રગટાવી, તેનો ઉપયોગ કરી, પ્રમાદરહિત બની, પોતાના પરિપૂર્ણ શુદ્ધ સ્વરૂપને અનાવરિત કરવું તે છેલ્લું અને આઠમું પગથિયું ગણી શકાય.

આ પ્રમાણે આત્માનું છઠ્ઠું પદ : "મોક્ષનો ઉપાય છે" તે આ ક્ષમાપનામાં સમાય છે એ વિધાનનો વિચાર કરતાં, સહજતાએ જીવનો વિકાસક્રમ અને મોક્ષમાર્ગની સમજણ એ બંને આ ક્ષમાપનામાં સહજતાથી ગૂંથાયેલા જોવા અને સમજવા મળે છે; તેથી શ્રીમદ્ રાજચંદ્રની લઘુવયની કૃતિનું અદ્ભુતપણું આપણી સમક્ષ પ્રત્યક્ષ થાય છે.

ક્ષમાપનામાં નવ તત્ત્વનો સમાવેશ.

આત્માની જાણકારી મેળવવા માટે શ્રી તીર્થંકર ભગવાને નવ તત્ત્વની જાણકારીને મહત્ત્વની કહી છે. એ નવ તત્ત્વનાં શ્રદ્ધાન તથા જાણકારીનો શુભારંભ સમકિતથી થાય છે, અને તેની પૂર્ણતા

કેવળજ્ઞાનમાં પરિણમે છે. એટલે કે આ નવે તત્ત્વોની યથાર્થ જાણકારી જેમ જેમ વધતી જાય છે તેમ તેમ જીવ આત્મવિશુદ્ધિ પ્રતિ એક પછી એક ડગ ભરતો જાય છે.

શ્રી ભગવાને તે નવ તત્ત્વો આ પ્રમાણે જણાવ્યાં છે : જીવ, અજીવ, પાપ, પુણ્ય, આશ્રવ, સંવર નિર્જરા, બંધ અને મોક્ષ. આમાંથી કેટલાંક જ્ઞેય છે, કેટલાંક હેય છે અને કેટલાંક ઉપાદેય છે. જ્ઞેય વિશે જાણવું, હેયને જાણીને છોડી દેવાં, અને ઉપાદેયને જાણીને આરાધવા - આમ કરવાથી નવે તત્ત્વની યથાર્થ જાણકારી જીવને આવતી જાય છે. તેની મદદથી જીવ પોતાનું પૂર્ણ શુદ્ધ સ્વરૂપ મેળવવા ભાગ્યશાળી થાય છે. આ નવે તત્ત્વોની સિદ્ધિ શ્રીમદ્ રાજચંદ્ર રચિત મોક્ષમાળાના પદમાં "ક્ષમાપના"ના પાઠમાં કરી શકાય છે. અને તે તેમની રચયિતા તરીકેની સિદ્ધિ છે એમ કરી શકાય.

જીવ એ પહેલું તત્ત્વ છે. જીવ એટલે કર્મ સહિતનો આત્મા. આત્માનાં છ પદમાં પહેલું પદ "આત્મા છે"- એ પદની સિદ્ધિ એ જ જીવ તત્ત્વ વિશે લઈ શકાય (પૃ. ૯૨). સ્વસ્વરૂપની ઓળખાણ કરવાથી પોતાના અસ્તિત્વનો સ્વીકાર થાય છે; એ જ જીવતત્ત્વની સિદ્ધિ છે. તે જ્ઞેય છે.

અજીવ એ બીજું તત્ત્વ છે. આત્મા જીવસ્વરૂપ શાથી બન્યો? જીવસ્વરૂપ થવાનું કારણ છે આત્માના પ્રદેશે પ્રદેશે લાગેલી કર્મની વર્ગણાઓ. આ કર્મ વર્ગણા શેની બનેલી છે? કર્મ વર્ગણા જડ પુદ્ગલ પરમાણુઓની બનેલી છે. આ જડ પુદ્ગલ પરમાણુ એ જ અજીવ. "હું કર્મરજથી કરીને મલિન છું." આ વચનથી સમજાય છે કે આત્માને કર્મ રૂપી રજ લાગી હોવાથી તે મલિન થયો છે. આ કર્મ રજ "અજીવ તત્ત્વનું" પ્રતિનિધિત્વ કરે છે. જ્ઞેય છે.

શ્રી પ્રભુએ વર્ણવેલું ત્રીજું તત્ત્વ તે "પાપ" તત્ત્વ છે. આત્મા વિભાવભાવ કરે છે ત્યારે તેના પ્રભાવથી આકર્ષાઈને જડ પુદ્દગલ પરમાણુઓ કર્મસ્વરૂપે આત્માના પ્રદેશો પર ચોંટી જાય છે. અને અમુક કાળ પછી તેના પરિણામરૂપ વેદનમાંથી જીવ પસાર થાય છે. જે કર્મનાં પરમાણુઓ ભોગવટો કરતી વખતે જીવને અશાતારૂપ નીવડે છે તે પરમાણુઓ "પાપ" તત્ત્વ બતાવે છે. એટલે કે જે પ્રકારના ભાવ કરવાથી અશાતાનો ઉદય વેદવો પડે, તે પ્રકારના ભાવ તથા કાર્ય "પાપ" તત્ત્વ સૂચવે છે. આવા પાપ તત્ત્વને સૂચવનારા અનેક ભાવો જીવે ભૂતકાળમાં કર્યા છે, અને કાર્યો પણ જીવે કર્યાં છે... તેની નોંધ આ ક્ષમાપનામાં જોવા મળે છે. "હું બહુ ભૂલી ગયો. મેં તમારાં અમૂલ્ય વચનને લક્ષમાં લીધાં નહિ. તમારા કહેલાં અનુપમ તત્ત્વનો મેં વિચાર કર્યો નહિ. તમારાં પ્રણીત કરેલાં ઉત્તમ શીલને સેવ્યું નહિ..... હું ભૂલ્યો, આથડયો, રઝળ્યો અને અનંત સંસારની વિટંબણામાં પડ્યો છું. હું પાપી છું, હું બહુ મદોન્મત્ત અને કર્મરજથી કરીને મલિન છું... ... હું સર્વ પાપથી મુક્ત થઉં." વગેરે વચનો "પાપ" તત્ત્વનું અસ્તિત્વ બતાવી જાય છે. તે હેય તત્ત્વ છે.

આ પછીનું ચોથું તત્ત્વ તે "પુણ્ય" તત્ત્વ. જે કર્મના પરમાણુઓ ભોગવટો કરતી વખતે શાતા આપનાર નીવડે, તેવા પરમાણુઓ ગ્રહવા તે "પુણ્ય" તત્ત્વ. જેવા ભાવ કરવાથી "પાપ"રૂપ કર્મ બંધાય તેનાથી વિરુદ્ધ પ્રકારના ભાવ કરવાથી "પુણ્ય" કર્મ બંધાય. બીજાને અશાતા થાય તેવા કાર્ય કે ભાવથી "પાપ" બંધાય છે. બીજાને શાતા થાય તેવા કાર્ય કે ભાવથી "પુણ્ય" બંધાય છે. આ પરથી જે બધું નથી કર્યું, તે બધું કર્યું હોત તો પુણ્યપ્રાપ્તિ થાય તે સરળતાથી સમજાય તેવી વાત છે.

"નીરાગી પરમાત્મા ! હું હવે તમારું, તમારા ધર્મનું અને તમારા મુનિનું શરણ ગ્રહું છું. મારા અપરાધ ક્ષય થઈ, હું તે સર્વ પાપથી મુક્ત થઉં એ જ મારી અભિલાષા છે.... એક પળ પણ તમારાં કહેલાં તત્ત્વની શંકા ન થાય, તમારા કહેલા રસ્તામાં અહોરાત્ર હું રહું એ જ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ" વગેરે વચનો એવાં છે કે જેમાં મુખ્યતાએ પોતાની અને ગૌણતાએ અન્યની કલ્યાણભાવના સમાયેલ છે. તે ભાવના ભાવવાથી જીવને પુણ્યબંધ થાય છે. આથી આ વચનો "પુણ્ય" તત્ત્વનું અસ્તિત્વ બતાવે છે. શુદ્ધતાની અપેક્ષાએ આ હેય તત્ત્વ છે, કારણ કે પુણ્ય ભોગવવા માટે પણ સંસારમાં જ રહેવું પડે છે જે મોક્ષથી દૂર રાખે છે. પરંતુ "પાપ" તત્ત્વ કરતાં "પુણ્ય" તત્ત્વ ઉપાદેય છે. પાપ તત્ત્વથી જીવની અધોગતિ થાય છે ત્યારે પુણ્ય તત્ત્વથી શુભનાં ઉદય હોવાથી કલ્યાણ તરફ જવાનો અવકાશ વધે છે. આમ પુણ્ય તત્ત્વ અપેક્ષાએ હેય અને અપેક્ષાએ ઉપાદેય છે.

પાંચમું તત્ત્વ છે "આશ્રવ." પાપ અથવા પુણ્ય સૂચવતા કર્મપરમાણુઓ આત્માના પ્રદેશ પર સ્વીકારવા તે "આશ્રવ" તત્ત્વ છે. જીવ સારા અથવા નરસા ભાવ તથા ક્રિયા કરી શુભ અથવા અશુભ કર્મપરમાણુઓ ગ્રહણ કરતો રહે છે - આ પ્રક્રિયા તે "આશ્રવ". અહીં ક્ષમાપનાનાં "હું કર્મરજથી કરીને મલિન છું." "હું નિરંતર પ્રપંચમાં પડયો છું." "હું માત્ર મારા હિતને અર્થે તમારી સાક્ષીએ ક્ષમા ચાહું છું." ... વગેરે વચનો જીવે કરેલી શુભાશુભ પ્રવૃત્તિના અને જીવે ભાવેલા શુભાશુભ ભાવના દર્શક છે. આ વચનોથી સમજાય છે કે વિભાવ ભાવ કરીને જીવ સતત કર્મના પરમાણુઓ ગ્રહણ કરતો જ રહ્યો છે, એટલે કે જીવને સતત "આશ્રવ" ચાલુ છે. આ આશ્રવ તત્ત્વ સદાકાળને માટે હેય છે.

નવ તત્ત્વમાં છઠ્ઠું તત્ત્વ છે "સંવર." પાપ અથવા પુણ્ય

ક્ષમાપના।

કર્મને આત્માના પ્રદેશો પર આવતાં રોકવાં તે "સંવર" તત્ત્વ છે. જીવે ભૂતકાળમાં બાંધેલાં કર્મમાં વધારો થવા દેવો ન હોય તો "સંવર" તત્ત્વને આરાધવું જોઈએ. નવાં કર્મોને આત્મામાં પ્રવેશવાં દેવાં ન હોય તો, તેને વધારનાર સ્વચ્છંદ, રાગ, દ્વેષ, અજ્ઞાનાદિ ટાળવાં ઘટે. અજ્ઞાન નાશ પામતાં જીવને રાગ, દ્વેષ તથા સ્વચ્છંદ ત્યાગવાની મતિ ઉપજે છે. અને એ સર્વને ટાળવાં માટે શ્રી પ્રભુનાં શરણમાં રહેવા જેવું બીજું કોઈ અમોઘ સાધન નથી. પ્રભુનાં શરણે રહી, તેમની આજ્ઞાએ ચાલવાથી જીવ અવળી રીતે ચાલી શકતો નથી. પ્રભુ આજ્ઞાએ વર્ત-વાથી કર્મો વધી શકતાં નથી, કારણ કે કર્મથી સર્વથા મુકાએલા શ્રી પ્રભુ કર્મબંધન થાય તેવી આજ્ઞા આપે જ નહિ, તેમ જ કર્મબંધનના માર્ગે જતા જીવને પાછો વાળી લે. આથી "વીતરાગી પરમાત્મા ! હું હવે તમારું, તમારા ધર્મનું અને તમારા મુનિનું શરણ ગ્રહું છું....એક પળ પણ તમારાં કહેલાં તત્ત્વની શંકા ન થાય, તમારા કહેલા રસ્તામાં અહો-રાત્ર હું રહું એ જ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ." આ વચનોમાં "સંવર" તત્ત્વ સ્ફુટ થતું જોઈ શકાય છે. છૂટવા માટે સદૈવ "સંવર"ને આરાધવા કરવો જોઈએ. આ તત્ત્વ સદાકાળ ઉપાદેય છે.

સંવર પછી આવતું આઠમું તત્ત્વ છે "નિર્જરા" તત્ત્વ. ભૂત-કાળમાં અવળી મતિએ ચાલી જીવે અનંતાનંત કર્મનાં પરમાણુઓ આત્માના પ્રદેશો પર એકઠા કર્યા છે. તે મતિ સવળી થતાં, જીવ પ્રભુનાં શરણમાં જઈ, તેમની આજ્ઞાએ ચાલી, નવાં આવતાં કર્મોને રોકે છે અર્થાત્ "સંવર" કરે છે. નવો જમાવ થતો અટકાવવાથી જૂનો એકઠો કરેલો કર્મસમૂહ ખરી જતો નથી. વળી, જ્યાં સુધી જીવ સર્વ કર્મોથી મુક્ત ન થાય ત્યાં સુધી તે પૂરો સુખી થઈ શકતો નથી. તેથી પૂર્વે ગ્રહણ કરેલા સર્વ કર્મો આત્માના પ્રદેશ પરથી, ખૂબ સુખ મેળવવા માટે ખેરવવા અત્યંત આવશ્યક છે. આ કર્મોને

ખપાવવાની પ્રવૃત્તિ તે "નિર્જરા." નિર્જરા બે પ્રકારે છે: અકામ ને સકામ. જેમ જેમ કર્મનો ઉદય થાય તેમ તેમ ભોગવીને તેને નિવૃત્ત કરવા તે અકામ નિર્જરા. અકામ નિર્જરા કરતી વખતે જીવ વિભાવમાં રહેતો હોવાથી નવાં અનેક કર્મો બંધાય છે, પરિણામે સંસાર લંબાય છે. "હું ભૂલ્યો, આથડ્યો, રઝળ્યો અને અનંત સંસારની વિટંબનામાં પડ્યો છું." આ અને આવાં વચનોથી અકામ નિર્જરા તથા તેનાં ફળની સમજણ મળે છે. બીજો પ્રકાર છે સકામ નિર્જરા. પૂર્વે બાંધેલા કર્મને શુદ્ધભાવથી પશ્ચાત્તાપ, ચિંતન અને ધ્યાન દ્વારા ખેરવી નાખવાં તે સકામ નિર્જરા. સકામ નિર્જરામાં કર્મ ખેરવવા માટે જીવની ઇચ્છા અગ્રસ્થાને રહે છે. પશ્ચાત્તાપ તથા ચિંતનમાં જીવનું શુદ્ધ થવાના વિચારનું એકાગ્રપણું હોય છે તેથી તેમાં નવાં કર્મો અતિ અલ્પતાએ વધે છે; તથા ખરે છે અનંતતાએ. આ ઉપરાંત ધ્યાનમાં આ એકાગ્રતા ઘણી વધારે હોવાથી કર્મબંધન તેનાથી પણ અલ્પ તથા શુભ થાય અને નિર્જરા ઘણી વિશેષ થાય. આથી સકામ નિર્જરા સદાય ઉપાદેય છે, અકામ નિર્જરા હેય છે. "આગળ કરેલાં પાપોનો હું પશ્ચાત્તાપ કરું છું..... માત્ર પશ્ચાત્તાપથી કર્મજન્ય પાપની ક્ષમા ઈચ્છું છું" વગેરે ક્ષમાપનાના વચનોમાં સકામ નિર્જરા દૃષ્ટિગોચર થાય છે.

સંવર તથા નિર્જરાના અનુસંધાનમાં વર્ણવેલું આઠમું તત્ત્વ છે "બંધ." સંવર તથા સકામ નિર્જરાનો આશ્રય ન હોય ત્યારે જીવને પાપ અથવા પુણ્યનો આશ્રવ ચાલુ જ રહે છે. આશ્રવને કારણે કર્મનાં પરમાણુઓ આત્માને ચીટકી જાય છે. કર્મપરમાણુઓ ચીટકવાને કારણે આત્માના ગુણો અવરાઈ જાય છે, અને તે ગુણહીન સ્થિતિમાં આવી પડે છે. આ દશામાં જીવ પોતાની રીતે સ્વતંત્રતાથી વર્તી શકતો નથી, તેને કર્મ દોરે તેમ, તેનો ભોગવટો કરવા દોરાવું પડે છે. સ્વવશ ન રહી શકતાં કર્મને વશ રહી

વર્તવું પડે તે "બંધ" અવસ્થા છે. કર્મનાં પરમાણુઓ જીવની જે પરવશ અવસ્થા કરે છે તે "બંધ" તત્ત્વ છે. આ આખી ક્ષમાપનામાં બંધ અવસ્થાની સ્થિતિ જોવા મળે છે. "હું બહુ ભૂલી ગયો.......અનંત સંસારની વિટંબનામાં પડ્યો છું.... ... હું મૂઢ છું, નિરાશ્રિત છું, અનાથ છું..... કર્મરજથી કરીને મલિન છું..... હું સર્વ પાપથી મુક્ત થઉં" વગેરે વચનો આત્માની બંધન અવસ્થા બતાવી "બંધ" તત્ત્વની સમજ આપે છે. આ તત્ત્વ હેય ગણી શકાય.

આ બંધ અવસ્થાથી પર આત્માની નિર્બંધ સ્થિતિ તે નવમું અને છેલ્લું "મોક્ષ" તત્ત્વ છે. મોક્ષસ્થિતિમાં આત્મા પોતાનાં શુદ્ધ, નિર્વિકારી, અડોલ સ્વરૂપને પ્રગટ કરે છે. તે સ્વ-રૂપનો લક્ષ "તમે નીરાગી, નિર્વિકારી, સચ્ચિદાનંદસ્વરૂપ, સહજાનંદી, અનંતજ્ઞાની, અનંતદર્શી અને ત્રૈલોક્યપ્રકાશક છો" એ વચનથી આવે છે. આ સદૈવ ઉપાદેય તત્ત્વ છે.

આમ પ્રભુએ વર્ણવેલાં નવે તત્ત્વનાં બીજ આપણને આ ક્ષમાપનામાં જોવા મળે છે. તે નવે તત્ત્વો જ્ઞેય તો છે જ, પણ કેટલાંક હેય, કેટલાંક ઉપાદેય છે, તે આપણે જોયું. જેમ જેમ આ તત્ત્વો વિશેનું જ્ઞેયપણું વધતું જાય છે અર્થાત્ તેને લગતી વિચા-રણા વિસ્તૃત તથા ઊંડાણવાળી થતી જાય છે તેમ તેમ તે તત્ત્વો વિશેષતાએ સમજાય છે અને જ્ઞેય, હેય, ઉપાદેયના વિવેકને અનુસરી તે તત્ત્વોની સમજ પૂર્ણતાએ ખીલતાં જીવ નવમા "મોક્ષતત્ત્વ"ને મેળવવા ભાગ્યશાળી થાય છે.

તેથી આ ક્ષમાપના જો કોઈ જીવ પૂર્ણ શ્રદ્ધાથી તથા હૃદયના ઊંડાણથી કરે તો, વારંવાર ક્ષમાપના કરે તો તે છ પદમાં શ્રદ્ધાવાન થઈ, નવ તત્ત્વને સમજી, આત્મવિશુદ્ધિ પ્રગટ કરી શકે,

તેવી ઉત્તમ ક્ષમતા આ ક્ષમાપનામાં સમાયેલ જોવા મળે છે.

## ક્ષમાપનામાં ચૌદ ગુણસ્થાનનો સમાવેશ

અનંત પ્રકારના ગુણોને રહેવાનું સ્થાન, ગુણોનું ઘર આત્મા છે. જેમ જેમ આવરાયેલા ગુણો પરાંતર પામી ખીલતા જાય છે, તેમ તેમ આત્માની વિશુદ્ધિ વધતી જાય છે. જેટલા પ્રમાણમાં ગુણો ખીલ્યા હોય તેટલી વિશુદ્ધિ દર્શાવવા, આત્માના પૂર્ણ અજ્ઞાનતાથી શરૂ કરી, પૂર્ણ વિશુદ્ધિ સુધીના ચૌદ વિભાગ શ્રી વીતરાગ ભગવાને જણાવ્યા છે અને તે પ્રત્યેક વિભાગને ગુણસ્થાન એવી સંજ્ઞા આપી છે. ગુણસ્થાન એટલે ગુણોના સમૂહને રહેવાની જગ્યા. આત્મામાં જેટલા વધારે ગુણોની ખીલવણી થાય તેટલા ઊંચા ગુણસ્થાને તે રહ્યો કહેવાય. મોહનીય કર્મની તરતમતાને આધારે જીવમાં ગુણોની ખીલવણી થાય છે. તેથી જેટલા પ્રમાણમાં મોહનીય કર્મનો ક્ષયોપશમ વધારે તેટલું ઉચ્ચ ગુણસ્થાન તેને પ્રાપ્ત થાય. મોહનીય કર્મનો સંપૂર્ણ ક્ષય થાય ત્યારે અન્ય ત્રણે ઘાતીકર્મોનો પણ ક્ષય થાય છે તેથી તે સ્થાન ગુણ અપેક્ષાએ સર્વોચ્ચ ગણાયું છે. પ્રભુએ વર્ણવેલા ચૌદ ગુણસ્થાનના નામ આ પ્રમાણે છે:

| | |
|---|---|
| ૧. મિથ્યાત્વ ગુણસ્થાન | ૨. સાસ્વાદન ગુણસ્થાન |
| ૩. મિશ્ર ગુણસ્થાન | ૪. અવિરતિ સમ્યક્દૃષ્ટિ ગુણસ્થાન |
| ૫. દેશવિરતિ સમ્યક્દૃષ્ટિ ગુણ. | ૬. સર્વવિરતિ સમ્યક્દૃષ્ટિ ગુણ. |
| ૭. અપ્રમત્તસંયત ગુણ. | ૮. નિવૃત્તિબાદર (અપૂર્વકરણ) |
| ૯. અનિવૃત્તિબાદર ગુણ. | ૧૦. સૂક્ષ્મ સંપરાય ગુણ. |
| ૧૧. ઉપશાંત મોહ ગુણ. | ૧૨. ક્ષીણમોહ ગુણ. |
| ૧૩. સયોગી કેવળી ગુણ. | ૧૪. અયોગી કેવળી ગુણ. |

પહેલું મિથ્યાત્વ ગુણસ્થાન

મિથ્યા એટલે ખોટું. આ ખોટાને રહેવાનું સ્થાન તેને મિથ્યાત્વ ગુણસ્થાન કહે છે. તે ગુણસ્થાને લોકમાં રહેલા જીવ, અજીવ આદિ દ્રવ્ય વિશે ખોટી અથવા વિપરિત માન્યતા ગાઢપણે પ્રવર્તે છે. તે ગુણસ્થાને આત્માનાં અસ્તિત્વનો નકાર, પુદ્દગલ પદાર્થોમાં આત્માની સ્વપણાની માન્યતા વગેરે મિથ્યા માન્યતા જોરથી પ્રવર્તે છે. પરિણામે આત્માના બધા ગુણો મુખ્યતાએ અવરાયેલા રહે છે. આવી સ્થિતિમાં ઝૂકાવા માટે જીવે જે પ્રકારનાં કર્મ પરમાણુઓ ગ્રહ્યા હોય છે તે 'મિથ્યાત્વ' તરીકે ઓળખાય છે. એકથી ચાર ઇન્દ્રિયવાળા જીવોનું મિથ્યાત્વ એટલું પ્રબળ હોય છે કે તેઓ સંજ્ઞા અને વધારામાં કેટલાક ઇન્દ્રિયોથી વંચિત રહે છે. તેમના ગાઢા મિથ્યાત્વને કારણે તેઓ નિયમપૂર્વક પહેલા ગુણસ્થાનથી આગળ વધી શકતા નથી. આ સ્થિતિમાં પરવશપણે કર્મ ખપાવતાં ખપાવતાં સંજ્ઞી પંચેન્દ્રિયપણું મેળવે છે ત્યારે તેમનું ચાર ગતિનું પરિભ્રમણ શરૂ થાય છે, તે પહેલાં તો તેમની એક તિર્યંચ ગતિ સંભવે છે. ચારે ગતિના સંજ્ઞી પંચેન્દ્રિય જીવોમાં મિથ્યાત્વનું તરતમપણું સંભવે છે, પરંતુ મોટાભાગના જીવો તો પહેલા ગુણસ્થાને જ હોય છે - જ્યાં આત્માદિ વિશેની મિથ્યા માન્યતા, મિથ્યાત્વ ખૂબ નિબિડ હોય છે. આવા જીવોને અનંતકાળનું પરિભ્રમણ પણ બાકી હોઈ શકે છે.

બીજું સાસ્વાદન ગુણસ્થાન

જીવ પોતાના ગુણો ખીલવતો જ્યારે આગળ વધે છે ત્યારે તે પહેલા ગુણસ્થાનથી કૂદકો મારી ત્રીજા ગુણસ્થાને આવે છે. આ કાર્ય સંજ્ઞી પંચેન્દ્રિય સિવાય બીજું કોઈ કરી

શકતું નથી. ત્યાંથી આગળ વધ્યા પછી જે જીવ ગોથા, છટ્ઠા કે અગ્યારમા ગુણસ્થાન સુધી પહોંચી પતિત થાય છે અને છેક નીચેના પહેલા ગુણસ્થાને આવે છે તે જીવ પડવાઈ વખતે ત્રીજા ગુણસ્થાનથી બીજા ગુણસ્થાને અંતર્મુહૂર્ત કાળ માટે આવે છે, અને ત્યાંથી પહેલા ગુણસ્થાને નીચે ઉતરી જાય છે. આ પડવાઈ કાળમાં જીવ બીજા ગુણસ્થાને અંતર્મુહૂર્ત કાળ માટે (આઠ સમયથી વધારે અને અડતાલીસ મિનિટમાં એક સમય ઓછો તે અંતર્મુહૂર્ત કાળ કહેવાય છે.) ફરીથી મૂળભૂત આત્મશાંતિનો અનુભવ કરે છે. તેથી આ ગુણસ્થાને આત્માના ગુણનો આસ્વાદ મળતો હોવાથી સાસ્વાદન ગુણસ્થાન કહેવાય છે. આસ્વાદ છૂટતાં જ મિથ્યાત્વ ગ્રહણ કરી પહેલા ગુણસ્થાને ઊતરી જાય છે

ત્રીજું મિશ્ર ગુણસ્થાન.

પહેલા ગુણસ્થાનેથી વિકાસ કરી જીવ જ્યારે આગળ વધે છે ત્યારે તે બીજા ગુણસ્થાનને સ્પર્શ્યા વિના જ ત્રીજા ગુણસ્થાને પહોંચે છે. એ વખતે તેની સ્થિતિ ડામાડોળ હોય છે. આત્માનાં અસ્તિત્વ વિશે તેને સ્પષ્ટ હકાર હોતો નથી, તેમ સ્પષ્ટ નકાર પણ હોતો નથી. આત્મા હોવો જોઈએ એમ લાગ્યા કરે, પણ 'આ જ આત્મા છે' કે 'આ આત્મા નથી જ' એવી કોઈ સ્પષ્ટ અનુભૂતિ હોતી નથી. કેટલીક વાર "આ આત્મા હશે?" એવી પ્રશ્નવાળી સ્થિતિની મૂંઝવણ તેને હોય છે. આમ આત્માના અસ્તિત્વાદિ વિશેની દ્વિધાવાળી સ્થિતિ તે ત્રીજું મિશ્ર ગુણસ્થાન. આ ગુણસ્થાને આત્મા અનંતવાર આવે છે પરંતુ મોહ તથા અંતરાયનો ઉદય થતાં પાછો પડી, પહેલા ગુણસ્થાને ઉતરી જાય છે. આવી

અડઉતરમાં અનંતકાળ વ્યતીત થઇ જાય છે જ્યારે કાળલબ્ધિ પાકે છે ત્યારે સદ્ગુરુના આશ્રયે જીવ આત્માના અસ્તિત્વ આદિનો અનુભવાત્મક નિર્ધાર કરી, આત્માનું વીર્ય ફોરવી, ત્રીજુ ગુણસ્થાન વટાવી ચોથા સમ્યક્દૃષ્ટિ ગુણસ્થાને આવે છે.

ચોથું અવિરતિ સમ્યક્દૃષ્ટિ ગુણસ્થાન.

દેહ, ઇન્દ્રિયો આદિ સર્વ પરપદાર્થોથી આત્માની સ્પષ્ટ ભિન્નતાની અનુભૂતિને શ્રી ભગવાને સમ્યક્દર્શન કહ્યું છે. પહેલા ગુણસ્થાને જે મિથ્યા માન્યતા પ્રવર્તતી હતી તેનું સમ્યક્ માન્યતામાં પલટાવાપણું આવે છે, આત્માના અસ્તિત્વ, નિત્યત્વ, કર્તૃત્વ, ભોક્તૃત્વ, આદિ પદો અનુભવ પૂર્વક સમજાય છે અને એ એવાં સ્પષ્ટ હોય છે કે સામાન્ય રીતે તે અનુભવના શ્રદ્ધાનમાં ફેરફાર થતો નથી. દર્શન એટલે શ્રદ્ધાન. સમ્યક્ દર્શન એટલે આત્મા બાબતનું સાચું શ્રદ્ધાન. સમ્યક્ જ્ઞાન એટલે આત્મા બાબતનું સાચું જ્ઞાન. - સાચી સમજણ.

જીવ જ્યારે દેહ તથા ઇન્દ્રિયો સાથેનું એકપણું છોડી પોતામાં એકાકાર - એકરૂપ થાય છે ત્યારે તે શૂન્યતામાં છે એમ કહેવાય છે. આવી ઇન્દ્રિયોથી પર સ્થિતિનો આત્માનુભવ જીવ થોડીક ક્ષણો કે મિનિટો માટે અનુભવે છે અને પાછો દેહ અને ઇન્દ્રિયો સાથે એકરૂપ થઇ વ્યવહાર પ્રવૃત્તિમાં જોડાઇ જાય છે. જીવની સ્વમાં એકાકારતાવાળી સ્થિતિ - શૂન્યાવસ્થા તે સમ્યક્ત્વ છે.

આવી શૂન્યતા અડતાલીસ મીનીટથી ઓછા કાળ માટે હોય એટલે કે અંતર્મુહુર્ત કાળ માટે હોય ત્યાં સુધી તે ઉપશમ સમકિત કહેવાય છે. આ વખતે જીવ પોતાનાં કર્મનાં

બાધા પરને દબાવી આત્મશાંતિનો અનુભવ કરે છે. આ રીતે કર્મને દબાવવાનું અંતર્મુહુર્તથી વધારે કાળ માટે શક્ય નથી, તેથી કોઈ ને કોઈ કર્મનો ઉદય આવે છે; જીવ સમાધિથી છૂટી નીચેના ત્રીજા ગુણસ્થાને આવી જાય છે અને કદાચિત પાછો ચોથા ગુણસ્થાને જાય છે અથવા પહેલા ગુણસ્થાને આવી જાય છે. આમ જીવને જ્યાં સુધી ઉપશમ સમ્યક્ત્વ હોય છે ત્યાં સુધી તે પહેલા, ત્રીજા અને ચોથા ગુણસ્થાન વચ્ચે રહ્યા કરે છે. ચોથા ગુણસ્થાને પહોંચવાના જીવના આ પ્રયત્નને યથાપ્રવૃત્તિકરણ કહે છે. તે અનેકવાર થાય છે.

આ પ્રમાણે પ્રયત્ન કરતાં કરતાં, પોતાનું વીર્ય ફોરવીને એક સાથે અડતાલીસ મિનિટ સુધી સ્વાનુભવમાં એકાકાર રહે ત્યારે તે જીવ પૂર્વે કદી કર્યો ન હતો એવો મોટો કર્મક્ષય કરવા માટે બળવાન પુરુષાર્થ કરે છે. શૂન્યતાની એ બે ઘડીમાં (૪૮ મિનિટમાં) કર્મના ઘણા મોટા જથ્થાનો નાશ તે જીવ કરે છે. એ કર્મનાશ કરીને ક્ષયોપશમ સમકિત પ્રાપ્ત કરે છે. બે ઘડીની એ શૂન્યતા પૂરી થયા પછી તે જીવ ત્રીજા ગુણસ્થાને નીચો ન ઉતરતાં ચોથા ગુણસ્થાને ટકી રહે છે. એક વખત સ્વાનુભવની બે ઘડી પૂર્ણ કર્યા પછી તે જીવ જ્ઞાન વમે નહિ તો તે ચોથા ગુણસ્થાનથી નીચે ઉતરતો નથી.

પ્રત્યેક જીવને ત્રીજા ગુણસ્થાન સુધી મોહનીય કર્મ બહુ બળવાન હોય છે. જીવ પોતે બાંધેલા મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિને ઘટાડતાં ઘટાડતાં, જ્યારે પોતાના અનંતાનુબંધી ક્રોધ, માન, માયા તથા લોભની સ્થિતિને એક કોડાકોડિ સાગરોપમ જેટલી નાની કરે છે, ત્યારે તેનામાં દેહેંદ્રિયથી પર બની શૂન્યાવસ્થામાં જવાની શક્તિ પ્રાપ્ત થાય છે. આ શક્તિનો લાભ લઈ જીવ શૂન્યતામાં

જાય છે, એટલે કે ઇન્દ્રિયાદિ સાથેનું જોડાણ ત્યાગી સ્વસ્વરૂપમાં તે એકાકાર બને છે. આ શૂન્યાવસ્થામાં તે અનંતાનુબંધી કર્મની સ્થિતિ ટૂંકાવવા પ્રયત્નવાન રહે છે. આ કર્મ તોડતાં તોડતાં, કોઈ કષાયનો કે દર્શનમોહની કોઈ પ્રકૃતિનો કે અંતરાય કર્મનો ઉદય તેને આવે તો તેની શૂન્યતા છૂટી જાય છે. શૂન્યતા છૂટતાં તેનાં વિભાવો જોર કરે છે અને ઘટાડેલી કર્મસ્થિતિ પાછી વધે છે. આ પ્રકારે કર્મસ્થિતિમાં સતત હાનિવૃદ્ધિ થયા કરે છે. પ્રભુકૃપાથી તેમ જ ગુરુકૃપાથી એ જીવ વિશેષ પુરુષાર્થી બની અનંતાનુબંધી ચોકડી અને દર્શનમોહની ત્રિપુટિના પચાસ ટકાથી વધારે કર્મોનો નાશ કરવા ભાગ્યશાળી બને છે ત્યારે તે જીવ પરેલવટેલી વખત શૂન્યતાની અડતાલીસ મિનિટ પૂરી કરી શકે છે અને ત્યારથી તેને ત્રીજા ગુણસ્થાને ઉતરવાનું રહેતું નથી. મોહનીય કર્મના ચારિત્ર મોહની અનંતાનુબંધી ચોકડી અને દર્શનમોહની ત્રિપુટીના મુખ્યતાએ ક્ષયવાળી સ્થિતિને 'ક્ષયોપશમ સમકિત' એવી સંજ્ઞા શ્રી પ્રભુએ આપી છે. કારણ કે ૫૦ લાખ સાગરોપમથી ઓછા કાળનાં અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ તથા મિશ્ર, મિથ્યાત્વ કે સમ્યક્ત્વ મોહનીય તે જીવને ઉપશમ રૂપે રહ્યાં હોય છે અને બાકીનાંનો – તેથી વધારાના કર્મોનો ક્ષય તેણે કર્યો હોય છે. આમ અમુક ક્ષય અને અમુક ઉપશમ વાળી સ્થિતિ આ અવસ્થાએ રહેતી હોવાથી તે ક્ષયોપશમ સમકિત તરીકે ઓળખાય છે. સત્તાગત કર્મો – અનંતાનુબંધી ચોકડી કે દર્શન મોહની મિથ્યાત્વ પ્રકૃતિ – નો ઉદય થવાનો યોગ આવે ત્યાં જ તેનો નાશ જીવ કરી નાખે છે, તેને ઉદિત થવા દેતો નથી, અને પોતાનું સમકિત ટકાવી રાખે છે. જો જીવ ગાફેલ રહે અને કદાચિત એમાનાં કોઈ કર્મનો ઉદય થઈ જાય તો તે જીવનું જ્ઞાન વમાઈ જાય છે,

એટલે કે એ ઉદયમાં ભાન ભૂલી જીવ એ કર્મોની સ્થિતિ એક કોડાકોડિ સાગરોપમથી વિશેષ કરી નાખે છે. તેના ફળ રૂપે તે જીવનું સંસાર પરિભ્રમણ ખૂબ વધી જાય છે. ઉત્કૃષ્ટતાએ આ કાળ અર્ધપુદ્ગલ પરાવર્તનનો કહ્યો છે. અપવાદરૂપે બનતા આ કાર્ય વિશે સાવચેત રહેવું આવશ્યક છે.

એક વખત સમકિત પામ્યા પછી જીવ, તેના શુભ ભાવો અને શુભ પ્રવૃત્તિ વધારતો જાય છે. તેથી તે વારંવાર થોડા થોડા કાળ માટે શૂન્યતાનો અનુભવ કરી શકે છે. આ શૂન્યાવસ્થામાં જીવ પોતાના ભાવોને આધારે, પોતાને સતાવતા બળવાન કર્મોનો નાશ કરવા પ્રવૃત્તિ કરે છે. તેથી પ્રત્યેક શૂન્યતા વખતે એનાં કર્મોની સ્થિતિ નાની થતી જાય છે અને શૂન્યાવસ્થામાંથી નીકળી પરભાવમાં પ્રવર્તે ત્યારે તે કર્મ સ્થિતિ વર્ધમાન થતી જાય છે. આમ ચારિત્રમોહ તથા દર્શનમોહની પ્રકૃતિની હાનિવૃદ્ધિ ક્ષયોપશમ સમકિતમાં થયા જ કરે છે. આ સામે શ્રી પ્રભુનું વચન છે કે એક વખત સમકિત પ્રાપ્ત કર્યા પછી, મોક્ષ પ્રાપ્ત કરવામાં વધુમાં વધુ પંદર ભવ જીવને લાગે છે. જ્ઞાન વમ્યું ન હોય તો કોઈને પણ સોળ ભવ થાય નહિ. આને આધારે આપણે કહી શકીએ કે જ્ઞાન લીધા પછી જીવને કર્મવૃદ્ધિ કરતાં કર્મક્ષય વધારે થતાં હોય છે. જો અપરાધ કરીને જીવ જ્ઞાન વમી નાખે તો પણ તેને અર્ધપુદ્ગલ પરાવર્તન કાળથી વિશેષ પરિભ્રમણ તેને હોઈ શકતું નથી. આવો અદ્ભુત મહિમા સમકિતનો છે.

વારંવાર શૂન્યતાનો અનુભવ કરી કર્મહાનિ કરતાં કરતાં જીવને એવી સ્થિતિ આવે છે કે ચારિત્રમોહનીયની અનંતાનુબંધી ચોકડી અને દર્શનમોહની ત્રણે પ્રકૃતિ – એમ સાતે પ્રકૃતિનો પૂર્ણતાએ ક્ષય થઈ જાય. આ સ્થિતિએ પહોંચતા પહેલાં જીવને સંસારનો ખૂબ

જાકાર આવે છે, આત્મરુચિ અત્યંત બળવાન થાય છે. અમુક કાળ સુધી આત્મા સિવાયની કોઈ પણ વસ્તુમાં રુચિ કે રસ રહેતાં નથી. આ બળવાનપણાને લીધે જીવ બે ઘડીમાં સાતે પ્રકૃતિનો ક્ષય કરી, 'ક્ષાયિક સમકિત'ની પ્રાપ્તિ કરે છે. આ સમકિતનો એવો મહિમા છે કે તેની પ્રાપ્તિ પછી જીવને મોક્ષ મેળવવા માટે વધુમાં વધુ ત્રણ ભવ થાય છે. ચોથા, પાંચમા કે છઠ્ઠા ગુણસ્થાને જીવ ક્ષાયિક સમકિત લઈ શકે છે, તે પહેલાં કે પછીના ગુણસ્થાને ક્ષાયિક લેવાતું નથી.

ચોથા ગુણસ્થાને આત્માનાં અનંત ગુણોમાના પ્રત્યેક ગુણના અંશનો અનુભવ થાય છે. આત્માનો એક પણ ગુણ એવો નથી કે જેનો આંશિક અનુભવ જીવને ચોથા ગુણસ્થાને થયો ન હોય. ( સર્વગુણાંશ તે સમ્યક્ત્વ ) આ અંશે મળેલા ગુણોનો જેમ જેમ વિકાસ થતો જાય છે તેમ તેમ જીવ ગુણસ્થાન ચડતો જાય છે. સ્વચ્છંદે પરભાવમાં રાચતો જીવ, સ્વચ્છંદનો ત્યાગ કરી, સ્વમાં જોડાય છે, સ્વમાં રમે છે – એ આ ગુણસ્થાનની લાક્ષણિકતા છે.

આ ગુણસ્થાને જીવ જાણે છે કે વ્રત, નિયમ, સંયમ એ સ્વકલ્યાણાર્થે ખૂબ ઉપકારી છે, તેમ છતાં તેનું તે પાલન કરી શકતો નથી. તેથી આ ગુણસ્થાન "અવિરતિ" - જ્યાં ત્યાગ નથી તેવા ગુણસ્થાન તરીકે ઓળખાય છે.

## પાંચમું દેશવિરતિ ગુણસ્થાન

આ ગુણસ્થાન દેશવિરતિ સમ્યક્દૃષ્ટિ ગુણસ્થાન કહેવાય છે. એટલે કે ચોથા ગુણસ્થાને સમ્યક્દર્શન મેળવ્યા પછી જ વિકાસ કરીને જીવ આ ગુણસ્થાને આવી શકે છે. ચોથા ગુણસ્થાને આવેલી અનુભવ સહિતની સાચી સમજણને વિશેષ વિશુદ્ધ કરી જીવ પોતાના ગુણોના વિકાસ સાધે છે. એમ કરવા

માટે તે પોતાને વર્તતા સ્વચ્છંદનો સંયમ વધારે છે. જે પ્રવૃત્તિથી વિશેષ નુકશાન થાય તેવી રીતે તે પોતાના મનને વર્તવા દેતો નથી. અંતમાં દુઃખ તરફ ઘસડી જતાં અને આરંભમાં પ્રિય લાગતાં એવાં કેટલાયે કાર્યોનો તથા ભાવોનો નકાર તેને અંતરથી વર્તે છે. આ અંતરંગ નકાર તેનાં બાહ્ય જીવનમાં પણ ડોકિયાં કરી જાય છે. પોતાનાં સુખ માટે તે અમુક નિયમોનું પાલન કરવાનું શરૂ કરે છે, તેથી બાહ્યમાં પણ કેટલાંક દ્રવ્યોનો ત્યાગ તેના જીવનમાં જોવા મળે છે. એમ કરવામાં તે ગુરુની આજ્ઞાનું પાલન અમુક અંશે સહૃદયતાથી કરે છે અર્થાત્ ગુરુની આજ્ઞાના અવલંબને અમુક દ્રવ્યોનો ત્યાગ તે સેવે છે. આ જાતનો આંતરબાહ્ય આંશિક સંયમ શરૂ થાય ત્યારથી જીવનું પાંચમું ગુણસ્થાન શરૂ થાય છે, અને પૂર્ણ સંયમની પહેલાંની અવસ્થા સુધી તે ગુણસ્થાન વર્તે છે. આ ગુણસ્થાને જીવનો મન, વચન તથા કાયા સાથેનો મારાપણાનો ભાવ ઓછો પડતો જાય છે, એટલે કે તે મન, વચન તથા કાયા સાથે ગાઢ રીતે એકપણું અનુભવતો નથી. તે આત્માનાં સુખને વિશેષ મહત્ત્વ આપતો થાય છે, તેથી સ્વચ્છંદના સંયમ અર્થે તે બાહ્યથી પણ નિયમપાલન અમુક અંશે કરવા લાગે છે. આમ આંતરબાહ્યનો ત્યાગ અમુક માત્રામાં અને સમ્યક્ત્વ સહિત હોવાથી 'દેશવિરતિ સમ્યક્દૃષ્ટિ ગુણસ્થાન' કહેવાય છે. 'દેશ' એટલે પૂર્ણનો અમુક વિભાગ અને વિરતિ એટલે રતિથી (આસક્તિથી) વિરમવું- છૂટવું. 'દેશવિરતિ' એટલે અમુક પ્રમાણમાં સંસારી પદાર્થોની આસક્તિનો ત્યાગ. થોડાં વ્રતપાલનથી શરૂ કરી, સર્વવિરતિમાં અંશે ઊણા વ્રતપાલન સુધી આ ગુણસ્થાન વર્તે છે. આ જાતનું વ્રતપાલન, સમ્યક્ત્વ સહિત ન હોય તો તે જીવ ભાવથી પાંચમા ગુણસ્થાને વર્તે છે

એમ કહી શકાય નહિ. તે જીવ દ્રવ્યથી પાંચમે ગુણસ્થાને હોવા છતાં ભાવથી તેનાથી નીચા ગુણસ્થાને સંભવે છે. દ્રવ્યથી આરાધેલા, સમ્યક્દર્શન સહિતના, ભાવપૂર્વક આરાધેલા વ્રતનિયમો પાંચમું ગુણસ્થાન દર્શાવે છે, પણ સમ્યક્ત્વ રહિતનાં એ જ પ્રકારનાં વ્રતનિયમોનું આરાધન આત્માર્થે બહુ ઉપકારી ન હોવાથી પાંચમું ગુણસ્થાન દર્શાવી શકતાં નથી.

## છઠ્ઠું સર્વવિરતિ સમ્યક્દૃષ્ટિ ગુણસ્થાન

પાંચમા ગુણસ્થાને શરૂ થયેલો મન, વચન તથા કાયાનો સંયમ પ્રગટપણે વ્યવસ્થિત વિકાસ આરાધી પૂર્ણતાએ પહોંચે ત્યારે છઠ્ઠું ગુણસ્થાન આવે છે. તે વખતે અંતરંગથી સ્વચ્છંદનો રોધ થઈ મન, વચન તથા કાયા પ્રભુને સોંપાય છે, પ્રભુની આજ્ઞા અનુસાર ચાલવાનો નિયમ જીવ ભાવથી સ્વીકારે છે અને સંસાર ભોગવવાની વૃત્તિ ક્ષીણ થાય છે ત્યારે છઠ્ઠું ગુણસ્થાન પ્રગટે છે. સંસારના સુખો ભોગવવાની વૃત્તિ અહીં દૂરથી હોવાથી, અને ગુરુઆજ્ઞાએ ચાલવાની વૃત્તિ દૃઢ થઈ હોવાથી, આ ગુણસ્થાને જીવ સંસારી ગૃહસ્થાવસ્થા ત્યાગી મુનિ અવસ્થા સ્વીકારે છે. તે અવસ્થામાં જીવ સંસારનાં કુટુંબનો, ધનનો, વૈભવનો તથા સર્વ પરિગ્રહનો ત્યાગ કરી, માત્ર આત્મારાધનમાં રત રહેવામાં ઉપકારી એવાં અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ મહાવ્રતને ધારણ કરે છે અને તેનું ચુસ્તપણે પાલન કરવામાં વ્યસ્ત રહે છે. શ્રી પ્રભુની આજ્ઞાનુસાર જીવ મુનિજીવનમાં અનિવાર્ય એવાં અત્યંત અલ્પ ઉપકરણો જ રાખે છે, અને ખપ પૂરતો જ, અત્યંત શુદ્ધ નિર્દોષ આહાર મળે તો જ સ્વીકારે છે, અશુદ્ધ કે દોષિત આહાર કોઈ પણ સંજોગોમાં સ્વીકારતા

નથી. દિવસો સુધી નિર્દોષ આહાર પાણી ન મળે તો ઉપશમભાવ રાખી ચલાવે છે, પણ આત્મશુદ્ધિમાં લાગી પડેલા મુનિ સદોષ આહાર કે પાણી સ્વીકારતા નથી. આત્મા સિવાયના સર્વ પદાર્થ-માંથી મમબુદ્ધિ ખેંચી લીધી હોવાથી આ પ્રકારે મુનિ વર્તી શકે છે. આ ગુણસ્થાનથી દેહ તથા ઈન્દ્રિયોનો ઉપયોગ પણ આત્મ-શુદ્ધિનાં સાધન તરીકે જ મુનિ કરે છે, કોઈ પ્રકારના રાગભાવથી કે આસક્તિના પોષણ માટે દેહ કે ઈન્દ્રિયોનો ઉપયોગ મુનિ કરતા નથી. આમ ખીલેલો આંતર સંયમ પૂર્ણતાએ બાહ્યથી સ્વીકારાય ત્યારે બાહ્યાંતર નિર્ગ્રંથપણું પ્રગટ થાય છે. અંતરથી મિથ્યાત્વની ગાંઠ તૂટે; મન, વચન તથા કાયા સાથેનું મમપણું તૂટે; અને તેના અનુસંધાનમાં બાહ્યથી કુટુંબ, પરિગ્રહ, સત્તા, વગેરે સાથેનું જોડાણ તૂટી ત્યાગભાવ આવે ત્યારે જીવ સર્વવિરતિ સમ્યક્દૃષ્ટિ નામક છઠ્ઠા ગુણસ્થાને પહોંચ્યો કહેવાય.

આ સંસારમાં ઘણી વખત એવું જોવામાં આવે છે કે જીવની મિથ્યાત્વની ગાંઠ તૂટી ન હોય, સમ્યક્દર્શન પ્રાપ્ત કર્યું ન હોય છતાં સંસારનાં દુઃખથી પીડાઈને, કોઈના વિયોગથી અક-ળાઈને અથવા કોઈ ભાવાવેશને કારણે બાહ્યથી સંસારત્યાગ કરી મુનિ અવસ્થા સ્વીકારી હોય. આવો જીવ દ્રવ્યથી છઠ્ઠા અને ભાવથી (મિથ્યાત્વ) પહેલા ગુણસ્થાને કહેવાય. તે જીવ કદાચિત્ આત્મવિકાસ કરી સમ્યક્દર્શન મેળવે તો દ્રવ્યથી છઠ્ઠા અને ભાવથી ચોથા ગુણ-સ્થાને આવ્યો કહેવાય. વળી પુરુષાર્થ કરી મન, વચન, કાયામાંનું મમપણું ત્યાગી તેની સોંપણી ગુરુને કરે તો તે ભાવથી પણ છઠ્ઠા ગુણસ્થાને આવ્યો કહેવાય. તે વખતે દ્રવ્ય તથા ભાવથી તે છઠ્ઠા ગુણસ્થાને રહ્યો કહેવાય.

આનાથી ઊલટું કેટલીક વાર એમ બને છે કે આત્માની

વિશુદ્ધિ કરવાનો અંતરંગ પુરુષાર્થ બળવાન હોવાને કારણે કોઇ જીવ ભાવથી છઠ્ઠા ગુણસ્થાને પહોંચી જાય છે (મન, વચન તથા કાયાનું મમપણું ત્યાગી તેની સોંપણી આત્મપુરુષને કરે છે) પરંતુ બાહ્યથી તે ગૃહસ્થ વેશે જ હોય છે. તેને એક પછી એક એવાં કર્મનાં ઉદયો સતાવતા હોય છે કે ઇચ્છા હોવા છતાં સર્વસંગપરિત્યાગી થઈ શકે નહિ. સર્વસંગપરિત્યાગ કરવા જતાં અન્ય દુભાય એવા અપરાધમાં તે જઈ પડે કે ઘણાં નવાં બંધ તેને વધી જાય, એટલે ફરજની બજવણી કરવા માટે તેને ગૃહસ્થ વેશને ભજવો પડે. એ દશાએ તે જીવ ભાવથી છઠ્ઠા અને દ્રવ્યથી ચોથા કે પાંચમા ગુણસ્થાને વર્તે છે. તે કર્મભાર હળવો થતાં તે જીવ સર્વસંગ પરિત્યાગ કરી દ્રવ્યથી પણ છઠ્ઠું ગુણસ્થાન મેળવે છે.

જીવ દ્રવ્ય અને ભાવ એમ બંને રીતે છઠ્ઠા ગુણસ્થાને હોય તે ઉત્તમ અવસ્થા છે. પરંતુ એકથી છઠ્ઠું અને બાજાથી ચોથું કે અન્ય કોઈ ગુણસ્થાન જીવને હોય તો અંતર બાહ્ય ભિન્નતાનો સંઘર્ષ તે જીવને વેદવો પડે છે. જીવ દ્રવ્યથી છઠ્ઠા ગુણસ્થાને અને ભાવથી તેનાથી નીચલી દશાના ગુણસ્થાને હોય છે ત્યારે તેના મનમાં સંસારસુખની વૃત્તિઓ રહ્યા કરે છે, અને બાહ્યથી સંસાર સુખનો ત્યાગ હોવાથી અંતરંગમાં તે વૃત્તિઓને કારણે મંથન ચાલે છે અને પરિણામે ખેદ વેદે છે. જીવ ભાવથી છઠ્ઠા ગુણસ્થાને હોય અને દ્રવ્યથી તેનાથી નીચેની દશાએ હોય તેને પણ અંતરંગમાં સંઘર્ષ વેદી ખેદ ભોગવવો પડે છે, કારણ કે સંસાર પ્રવૃત્તિઓનો તેને મનથી ત્યાગ હોય છે છતાં બાહ્યથી ભરપૂર સંસારપ્રવૃત્તિ તેને કરવી પડે છે. આમ અંતર બાહ્ય દશામાં જ્યારે અંતર વર્તે છે ત્યારે જીવને કઠણાઈમાંથી પસાર થવું પડે છે. એથી પુરુષાર્થથી તે બંને સ્થિતિ એકરૂપ ન થાય ત્યાં સુધી આ જાતની કઠણાઈનો અંત આવી શકતો નથી.

આંતર અને બાહ્યસંયમ બંને એકસાથે આવે એવું તો ભાગ્યે જ બને, તો બંનેમાં પહેલાં કયા સંયમને ઈચ્છવો? જે જીવને પહેલાં આંતરસંયમ આવે છે તેને દ્રવ્યથી સંયમ પ્રગટતા લાંબો કાળ વ્યતીત થતો નથી, જે જીવને બાહ્યસંયમ પહેલા આવે છે તેને આંતરસંયમ આવે વા ન પણ આવે. દ્રવ્યસંયમને કારણે બાહ્ય ત્યાગ હોય છે, પરંતુ આંતરસંયમ ન હોવાથી સંસારસુખની અભિલાષા મનમાંથી જતી નથી. તે પરપદાર્થના વિચારોમાં જીવને રોકી રાખે છે અને નવીન કર્મબંધ કરાવી સંસારવૃદ્ધિમાં ખેંચી જાય છે. બીજી બાજુ જેને આંતરસંયમ આવ્યો હોય છે તેની સંસારસુખની અભિલાષા મનથી છૂટી થઈ હોય છે તેથી ભોગસામગ્રી પ્રત્યક્ષ હોવા છતાં તેનું મન ચળવિચળ થતું નથી, સ્થિર રહે છે તેથી તેનો ઉપભોગ પણ કર્મનિવૃત્તિરૂપ બને છે. એટલે તો શ્રી પ્રભુએ જણાવ્યું છે કે અનંતવાર દ્રવ્યચારિત્ર ગ્રહણ કર્યા પછીપણ જીવને અનંત જન્મમરણ બાકી હોઈ શકે છે ત્યારે આંતરચારિત્ર આવેલું એક જ વખતનું બાહ્યચારિત્ર મુક્તિ માટે પૂરતું થાય છે તે પરથી સમજાય છે કે બેમાં આંતરસંયમ વિશેષતાએ લાભરૂપ અને મોક્ષનાં કારણરૂપ છે.

## સાતમું અપ્રમત્ત ગુણસ્થાન

શ્રી તીર્થંકર ભગવાન જણાવે છે કે જીવ આત્માસંબંધી અજાગૃત અવસ્થામાં રહી, પ્રમાદવશ સંસારમાં પરિભ્રમણ કરે છે. ચોથા ગુણસ્થાને જીવને આત્માનુભવ થતો હોવાથી તેનો પ્રમાદ ઘટે છે. છઠ્ઠા ગુણસ્થાને મન, વચન તથા કાયાનું મારાપણું છૂટતાં તે પ્રમાદ અલ્પ થાય છે. તેમ છતાં એ ગુણસ્થાને ભક્ત અને ભગવાન વચ્ચે ભેદરેખા પ્રવર્તે છે, તેમાં બંનેનું એકત્વ થયું હોતું નથી. તે અલ્પપ્રમાદ સાતમા ગુણસ્થાને

આવ્યો જાય છે, તેથી આ ગુણસ્થાન 'અપ્રમત્ત' - પ્રમાદ રહિત ગુણસ્થાન કહેવાય છે

ચોથા ગુણસ્થાને જીવને ઇંદ્રિયાતીતપણાનો સ્વાનુભવ થાય છે તે વખતે તે વિચારરહિત સ્થિતિમાં જણાય છે પરંતુ શ્રી કેવળીપ્રભુના જ્ઞાન પ્રમાણે તે જીવને સૂક્ષ્મ સ્થૂળ વિચારો પ્રવર્તતા હોય છે આ સ્થૂળ વિચારના પ્રમાણમાં તેને પ્રમાદ હોય છે પાંચમા ગુણસ્થાને આ કેવળ-ગમ્ય સૂક્ષ્મ વિચારો વિશેષ સૂક્ષ્મતા ધારણ કરે છે અને એ પ્રમાણમાં જીવની શૂન્યતા ગાઢી થાય છે જેટલી શૂન્યતા ગાઢી તેટલા પ્રમાણમાં કર્મ નિર્જરા ઝડપી હોય છે છઠ્ઠા ગુણસ્થાને આ કેવળીગમ્ય વિચારો અતિસૂક્ષ્મરૂપ ધારણ કરે છે, સ્વચ્છંદ મહદ્ અંશે તૂટયો હોવાથી શૂન્યતા ઘણી ગાઢી થાય છે અને કર્મ નિર્જરા ઘણી ઝડપથી થાય છે તેમ છતાં એમ કહી શકાય કે ચાર, પાંચ અને છઠ્ઠા ગુણસ્થાને જીવને પૂર્ણ નિર્વિચારપણું નથી, અને શૂન્યતાની બહાર નીકળતાંની સાથે જ પ્રગટ વિચારો સાથે જીવનું અનુસંધાન થઈ જાય છે જીવ જ્યારે આ સૂક્ષ્મ પ્રકારના સ્થૂળ વિચારથી પણ અમુક સમય માટે મુક્ત થાય છે ત્યારે તે સાતમા ગુણસ્થાનનો અનુભવ કરે છે જેટલા સમય માટે જીવ નિ-ર્વિચાર રહે તેટલા સમય માટે તે સાતમા અપ્રમત્ત ગુણસ્થાને છે એમ કહી શકાય. વિચારો સાથેનું જીવનું જોડાણ તેના પ્રમાદને કારણે છે તે પ્રમાદ જતાં જીવને અપ્રમત્ત અવસ્થા પ્રાપ્ત થાય છે

સાતમા ગુણસ્થાને જીવને ઘાતીકર્મો પ્રગટપણે ઉદયમાં હોતા નથી. આ સમય દરમ્યાન જે જે ઘાતીકર્મો ઉદયમાં આવે તેમ હોય તે બધાં બળી જાય છે, અને જીવને તેનું વેદવાપણું અનુભવાતું નથી. જ્યાં સુધી જીવનું વીર્ય કામ કરે છે ત્યાં સુધી તેનાં કર્મો દબાયેલાં રહે છે, ઉદયમાં આવી શકતાં નથી. આવી કર્મની સ્થિતિ અંતર્મુહૂર્ત માટે ટકે છે ઘાતીકર્મોનો પૂર્ણક્ષય થાય નહિ ત્યાં સુધી

જીવનું વીર્ય અંતર્મુહૂર્તથી વધારે સમય માટે કર્મોના ઉદયને રોકી શકતું નથી. અંતર્મુહૂર્ત કાળ પછી કોઈ અને કોઈ ઘાતીકર્મનો ઉદય થાય છે અને જીવ અતિચાર અવસ્થામાં આવી જાય છે તે વખતે જીવ સાતમા ગુણસ્થાનથી ચ્યુત થઈ છઠ્ઠા ગુણસ્થાને આવી જાય છે ફરીથી પુરુષાર્થ કરી જીવ સાતમા ગુણસ્થાને જાય છે. આમ આગળ વધતાં પ્રત્યેક જીવ અમુક કાળ માટે છઠ્ઠા સાતમા ગુણસ્થાન વચ્ચે રમ્યા કરે છે.

જીવ જ્યારે સાતમા ગુણસ્થાને અપ્રમત્ત અવસ્થા માણે છે ત્યારે કેવળીપ્રભુને વરેલા આત્માનુભવનું વેદન તે કરે છે. ફરક એ કે કેવળીપ્રભુને ઘાતીકર્મોનો પૂર્ણ ક્ષય હોય છે ત્યારે સાતમા ગુણસ્થાનવર્તીને ઘાતીકર્મો સત્તાગત હોય છે, ઉદયમાં હોતા નથી. આ ગુણસ્થાનની બીજી વિશેષતા એ છે કે જીવ જેટલા સમય માટે સાતમા ગુણસ્થાને એક વખત ટકે છે, તેટલા જ કાળ માટે કે તેથી વધારે કાળ માટે તે સાતમા ગુણસ્થાનને બીજી વાર સ્પર્શે ત્યારે ટકે છે. કોઈ જીવ વિકાસ કરી પાંચ મિનિટ માટે સાતમા ગુણસ્થાને રહ્યો હોય તો, તે પછી જ્યારે પણ સાતમા ગુણસ્થાનનો સ્પર્શ કરે ત્યારે તે પાંચ મિનિટ કે તેથી વધારે સમય માટે ત્યાં ટકે. આ સાતમા ગુણસ્થાનની વિશેષતા કહી શકાય. આ ધ્યાનને શુક્લધ્યાન કહે છે. તે પહેલાના ગુણસ્થાને વર્તતાં ધ્યાનને ધર્મધ્યાન કહેવામાં આવે છે.

ધર્મધ્યાનમાં સ્થિર રહેવાનો સમય નિયત નથી. એક જીવ ધર્મધ્યાનમાં બે મિનિટ, બાર મિનિટ, અડતાલીસ મિનિટ, દશ મિનિટ એમ અનિયત કાળસ્થિતિએ ટકે છે. ત્યારે શુક્લધ્યાનમાં તે સ્થિતિ નિયત છે. કાં જીવ એક દશાએ ટકે અથવા આગળ વધે. ચોથાથી છઠ્ઠા ગુણસ્થાન સુધી જીવને ધર્મધ્યાન વર્તે છે, સાતમાથી ચૌદમા સુધી જીવને શુક્લધ્યાન વર્તે છે. તેમાં પણ તરતમપણું છે.

આ ગુણસ્થાને પુરુષાર્થ કરી જીવ શ્રેણિ માંડવાની તૈયારી કરી શકે છે, જેમાં આત્માની ઘણી વિશુદ્ધિ પ્રવર્તતી હોય છે.

આઠમું નિવૃત્તિબાદર ગુણસ્થાન (અપૂર્વકરણ)

આ ગુણસ્થાનથી શ્રેણી શરૂ થાય છે. આઠમાથી તેરમા ગુણસ્થાન સુધીનો વિકાસ જીવ માત્ર બે ઘડીમાં કરી શકે છે તેવી તે શ્રેણી કહેવાય છે. આઠમાથી બારમા ગુણસ્થાન સુધીના દરેક સ્થાને જીવ વધુમાં વધુ અંતર્મુહુર્ત કાળ સુધી રહે છે અને ઓછામાં ઓછો એક સમય ટકે છે.

જીવ પહેલા ગુણસ્થાને અનંતકાળ સુધી પણ રહી શકે છે. બીજા, ત્રીજા ગુણસ્થાને અંતર્મુહુર્ત કાળ રહે છે. ચોથા, પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાને અંતર્મુહુર્તથી ઘણો વિશેષ કાળ જીવ રહે છે. તેરમા ગુણસ્થાને આયુષ્યના અંત સુધી રહે છે.
શ્રેણી બે પ્રકારે કહી છે: ઉપશમ અને ક્ષપક.

જે જીવ કર્મનાં દળનો પૂર્ણ ક્ષય ન કરતાં, અમુક અંશો દબાવતો આઠમા ગુણસ્થાનથી આગળ વધે છે, તે જીવ ઉપશમ શ્રેણીએ ચઢે છે તેમ કહેવાય. ઉપશમ કરવું એટલે શાંત કરવું. કર્મને સત્તામાં દબાવી રાખવા અને ઉદયમાં ન આવવા દેવા તે કર્મ ઉપશમ કર્યાં કહેવાય. આમ ઉપશમ શ્રેણીએ ચઢતો જીવ આઠ, નવ, દશ ગુણસ્થાનથી આગળ વધી અગ્યારમા ગુણસ્થાને આવે છે. એ ગુણસ્થાને બધાં કર્મને ઉપશમાવી જીવ પ્રબળ શાતાનું વેદન કરે છે. અંતર્મુહુર્તકાળમાં ઉપશાંત થયેલાં કર્મોમાંથી કોઈકનો ઉદય આવે છે અને તે જીવ સવિચાર સ્થિતિ મેળવી ક્રમથી નીચે ઉતરી જાય છે. અગ્યારમેથી લપડેલો જીવ વહેલામાં વહેલો છઠ્ઠા ગુણસ્થાને અટકે છે. ત્યાં ન અટકે તો ચોથે અથવા ઠેઠ પહેલા ગુણસ્થાને આવે છે.

આમ થતાં તેનું ભવભ્રમણ વધી જાય છે. ક્ષાયિક સમકિત લીધા પછી જે જીવ ઉપશમ શ્રેણીમાં ચઢે છે તે અગ્યારમેથી લપડી છઠ્ઠા સુધી જ નીચે આવે છે. તેથી નીચેના ગુણસ્થાને જતો નથી. કોઈ પણ જીવ વધુમાં વધુ એક ભવમાં ત્રણ વખત શ્રેણી માંડી શકે છે નહીં તો પછીના ભવમાં શ્રેણી માંડવાનો પ્રસંગ આવે, જો ત્રણે વખત તે જીવે ઉપશમ શ્રેણી માંડી હોય તો. ક્ષયોપશમ સમકિતવાળો જીવ ઉપશમ શ્રેણીમાંથી લપડી મિથ્યાત્વમાં જાય તો ઘણું કરીને ત્રણથી પંદર ભવ તેને મુક્તિ મેળવતાં થાય છે.

જે જીવ ક્ષપક શ્રેણીએ આગળ વધે છે, તે જીવ ઉદિત થતાં અને ઉદિત થવાનાં સર્વ કર્મોનો ક્ષય કરતો કરતો પ્રગતિ કરે છે. તે અપ્રમાદી રહી આઠ, નવ, દશ ગુણસ્થાને આવી, બારમા ગુણસ્થાને કૂદકો મારે છે. બારમાના અંતે ઘાતીકર્મોનો પૂર્ણ ક્ષય કરી તેરમા ગુણસ્થાને આવે છે. આ શ્રેણીમાં કોઈ પણ કર્મને દબાવવાનો અવકાશ જ નથી, માત્ર ક્ષય કરવો જ અનિવાર્ય છે. ક્ષાયિક સમકિત લીધા પછી જ જીવ ક્ષપક શ્રેણીમાં જઈ શકે છે. ક્ષયોપશમ સમકિતી, ક્ષપક શ્રેણીમાં અનંતાનુબંધી કષાયનો ક્ષય થઈ શકતો ન હોવાથી, ક્ષપક શ્રેણી માંડી શકતો નથી.

આ ગુણસ્થાન 'નિવૃત્તિ બાદર' ગુણસ્થાન તરીકે ઓળખાય છે. બાદર એટલે મોટું. મોટા કર્મના ઉદય જ્યાં સંભવી શકતાં નથી એટલે કે જીવ જ્યાં તેનાથી નિવૃત્ત થયો છે તે 'નિવૃત્તિ બાદર' ગુણસ્થાન તરીકે ઓળખાય છે.

આ ગુણસ્થાનને "અપૂર્વ કરણ" ગુણસ્થાન તરીકે પણ ઓળખવામાં આવે છે. પૂર્વે પ્રાપ્ત થયાં નહોતાં તેવાં આત્મ-પરિણામ આ ગુણસ્થાને જીવને મળે છે તેથી તે અપૂર્વ કરણ તરીકે ઓળખાય છે. એ જ રીતે પૂર્વે નહિ થયેલા એવા સ્થિતિઘાત,

રસઘાત, ગુણ શ્રેણી, ગુણ સંક્રમણ અને અપૂર્વ સ્થિતિબંધ એ પાંચ ક્રિયા થતી હોવાથી "અપૂર્વ કરણ" કહેવાય છે. આ ગુણસ્થાનથી જીવ, આત્માના પ્રદેશો પર ચોટકી રહેલાં અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની તથા સંજ્વલન મોહનીય કર્મના પરમાણુઓને તથા અન્ય ઘાતી કર્મોનાં પરમાણુઓને નિર્જરાવવાનો જબરો પુરુષાર્થ કરે છે.

નવમું અનિવૃત્તિ બાદર સંપરાય ગુણસ્થાન.

સંપરાય એટલે કષાય. અને બાદર એટલે સ્થૂળ અથવા મોટા. જે કષાયોનો પૂર્ણ નાશ કરવાનો પુરુષાર્થ જીવે આઠમા ગુણસ્થાને ઉપાડયો હતો, તેમાં ઘણી સફળતા મળી હોવા છતાં પૂર્ણતાની પ્રાપ્તિ થઈ નથી, અને તે પ્રાપ્તિ માટે આગળ વધવાનું છે તે સૂચવવા આ ગુણસ્થાનને 'અનિવૃત્તિ બાદર સંપરાય' ગુણસ્થાન તરીકે ઓળખાવ્યું છે.

આઠમા ગુણસ્થાનથી ઘાતી કર્મોનો સંહાર જે રીતે કરે છે તે રીતે પ્રત્યેક ક્ષણે તેની વિશુદ્ધિ ઘણી વધતી જાય છે. આવી વિશુદ્ધિ વધારતો જીવ ક્ષપક શ્રેણીએ આગળ વધે છે, તેને આત્માના પ્રત્યેક પ્રદેશના દર્શન સ્પષ્ટ થતાં જાય છે, તેથી તે પર ચોટકેલાં ઘાતી કર્મનાં પ્રત્યેક પરમાણુઓને ખેરવવાનો અવકાશ તેને મળે છે. પરંતુ ઉપશમ શ્રેણીએ જતા જીવને આવો પ્રત્યક્ષ પ્રદેશ દર્શનનો અભાવ હોવાથી, આત્મપ્રદેશો જથ્થા રૂપે જણાતા હોવાથી કોઈ કોઈ કર્મપરમાણુઓ આત્મ પ્રદેશ પર ચોટકેલાં રહી જાય છે, જે અગ્યારમા ગુણસ્થાને ઉદયમાં આવી જીવને પતિત કરે છે.

નિવૃત્તિ એટલે ભિન્નતા અને બાદર એટલે સ્થૂળ. સ્થૂળ કષાયની તરતમતાને આધારે જ્યારે જીવોની ભિન્નતા સ્પષ્ટ-

પણે કરી શકાય તે અવસ્થા નિવૃત્તિબાદર ગુણસ્થાન (આઠમું). અને જે અવસ્થામાં સ્થૂળ કષાયને આધારે જીવોની ભિન્નતા કરી ન શકાય તે અનિવૃત્તિબાદર ગુણસ્થાન (નવમું). આ ગુણસ્થાને કષાયની અત્યંત મંદતા હોવાથી અધ્યવસાયના સ્થાનો ઓછાં થતાં જાય છે અને વિશુદ્ધિ વધતી જાય છે તેથી કષાયની તરતમતાને આધારે ભિન્નતા કરી શકાતી નથી.

દશમું સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાન

કષાયનો સંજ્વલન પ્રકાર તે સૂક્ષ્મ છે. શ્રેણીનાં આ ગુણસ્થાને બધા બાદર કષાયોનો ક્ષય કરવા જીવ ભાગ્યશાળી થાય છે અને માત્ર સૂક્ષ્મ કષાય બાકી રહે એમ બને છે. શેષ રહેલાં પ્રત્યાખ્યાની ક્રોધ, માન, માયા, લોભ તથા અન્ય ઘાતીકર્મોના સૂક્ષ્મ અવશેષો બાદ કરતાં સર્વ કર્મોનો નાશ કરવામાં જીવને સફળતા મળે છે. માત્ર સૂક્ષ્મ કર્મોનું બંધન જ જીવને રહે છે. તેથી આ સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાન કહેવાય છે.

ઉપશમ શ્રેણીવાળો જીવ પણ અમુક અંશો બાદ કરતાં, બાકીનાં કર્મોનો ક્ષય કરે છે, પરંતુ તે દબાયેલાં કર્મ જીવને પ્રમાદ વશ બનાવી અગ્યારમા ગુણસ્થાનેથી, નીચે પછાડે છે. તે જીવ ઊતરતી વખતે પ્રત્યેક સમયે કર્મનો જથ્થો ઝડપથી વધારે છે.

અગ્યારમું ઉપશાંત મોહ ગુણસ્થાન.

ઉપશમ શ્રેણીવાળો જીવ દશમા ગુણસ્થાનથી આગળ વધી અગ્યારમા ઉપશાંત મોહ ગુણસ્થાને આવે છે. અહીં મોહનીય કર્મની કોઈ પણ પ્રકૃતિનો નવીન બંધ પડતો નથી. વીતરાગભાવને લીધે મોહનીય કર્મના પરમાણુઓ શાંત થઈ ગયા હોય છે. પૂર્વે

બાંધેલા અને ઉદયમાં ન આવવા દીધેલાં મોહનીય કર્મનો ઉદય, જીવનું વીર્ય સ્ફુરાયમાન થઈ કામ કરતું હોય ત્યાં સુધી થતો નથી, પરંતુ અંતર્મુહુર્ત કાળમાં જ તેના ઉદયનો એવો બળવાન ધક્કો જીવને લાગે છે કે તે પ્રબળ શાતાના ઉદયથી ચ્યુત થઈ, કેવળી સમાન વીતરાગતાના અનુભવને ત્યાગી અગ્યારમા ગુણસ્થાનથી નીચે ઉતરવા લાગે છે અને ઉતરતાં ઉતરતાં પ્રત્યેક ગુણસ્થાને નવાં કર્મબંધ કરતો જાય છે. પ્રત્યેક સમયે તેનું સરાગપણું વધતું જાય છે. તેણે કરેલા પ્રમાદના પ્રમાણમાં તે છઠ્ઠા, ચોથા અથવા પહેલા ગુણસ્થાન સુધી નીચે આવે છે. જ્યાં અટકે ત્યાંથી ફરી ચડવાનો પુરુષાર્થ તેણે કરવાનો રહે છે. ક્ષપક શ્રેણીએ આગળ વધતો જીવ આ ગુણસ્થાનને સ્પર્શતો નથી.

## બારમું ક્ષીણમોહ ગુણસ્થાન

ક્ષપક શ્રેણીએ ચડતો જીવ દશમા ગુણસ્થાનેથી આગળ વધી બારમા ક્ષીણમોહ ગુણસ્થાને આવે છે. આ ગુણસ્થાને મોહનીય કર્મનાં સૂક્ષ્માતિસૂક્ષ્મ કર્મો પણ ક્ષીણ થાય છે તેથી અન્ય ઘાતીકર્મો પણ આ ગુણસ્થાને નાશ પામે છે. મોહને કારણે જ્ઞાનાવરણ, દર્શનાવરણ તથા અંતરાય કર્મ બંધાય છે, તેથી જ્યાં સુધી મોહનું અસ્તિત્વ છે ત્યાં સુધી અન્ય ઘાતીકર્મોના બંધ જીવને પડ્યા કરે છે. આથી શ્રેણીમાં દશમા ગુણસ્થાન સુધી ઘાતીકર્મોનો અત્યંત બળવાન ક્ષય થાય છે અને તેની સામે ઘાતીકર્મોનો અત્યંત સૂક્ષ્મ બંધ જીવને થાય છે. બારમા ગુણસ્થાને મોહ ક્ષય થતાં અન્ય સર્વ ઘાતીકર્મો પણ ક્ષય થાય છે. આમ ચારે પ્રકારનાં ઘાતીકર્મોનો આત્યંતિક નાશ કરી, ભવનાં બીજનો નાશ કરી, બારમાના અંતે, કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે.

તેરમું સયોગી કેવળી ગુણસ્થાન

બારમા ગુણસ્થાનના અંતે ચારે પ્રકારનાં ઘાતીકર્મોનો ક્ષય થતાં આત્મા તેરમું સયોગી કેવળી ગુણસ્થાન પ્રાપ્ત કરે છે તે વખતે આત્માને સંપૂર્ણ અવ્યાબાધ જ્ઞાન તથા દર્શન પ્રગટ થાય છે તેનાથી એક પ્રદેશ, એક પરમાણુ અને એક સમયનું ત્રિકાળિક જ્ઞાન તેને ઉદ્‌ભવે છે આત્માના અનંતે અનંત ગુણો એટલે પૂર્ણતાએ પ્રકાશે છે. છતાં ચાર અઘાતી કર્મોનો ભોગવટો તે શુદ્ધાત્માએ કરવાનો બાકી હોય છે જે દેહના આયુષ્યની પૂર્ણતા વખતે પૂરો થાય છે. જ્યાં સુધી દેહ છે ત્યાં સુધી કેવળી ભગવંતને મન, વચન તથા કાયાનો યોગ રહે છે, તે પ્રત્યેક સાથે એક એક સમય માટે જોડાણ થાય છે. તે જોડાણને કારણે કોઈ જાતના ઘાતીકર્મનો બંધ સંભવતો નથી, જે કંઈ બંધ થાય છે તે મુખ્યતાએ શાતાવેદનીયનો હોય છે. તેઓ પહેલા સમયે તે બંધ બાંધે છે, બીજા સમયે તે બંધ વેદે છે અને ત્રીજા સમયે તે બંધની નિર્જરા કરે છે. આ ગુણસ્થાને આત્મા કેવળ પર્યાય વેદતો હોવાથી અને મન, વચન તથા કાયાના યોગ રહેતા હોવાથી, આ સ્થાન 'સયોગી કેવળી ગુણસ્થાન' કહેવાય છે.

ચૌદમું અયોગી કેવળી ગુણસ્થાન.

શ્રી કેવળી પ્રભુને આયુષ્યના છેલ્લા આઠ સમય બાકી રહે ત્યારે બાકી ત્રણ અઘાતી કર્મો નામ, ગોત્ર અને શાતા વેદનીયને એકસાથે ભોગવી લેવા ઉપરાંત આત્મા મન, વચન અને કાયાના યોગને રુંધી નાખે છે. મન, વચન તથા કાયાના યોગ આ છેલ્લા અને ચૌદમા ગુણસ્થાને રુંધાતા હોવાથી આ અયોગી કેવળી ગુણસ્થાન કહેવાય છે. આ ગુણસ્થાનના છેલ્લા

સમયે આત્મા દેહવિસર્જન કરી માત્ર એક જ સમયમાં સિદ્ધભૂમિ પહોંચી ત્યાં સ્થિર થઈ જાય છે. તે જગ્યાએ અનંતકાળ સુધી અડોલ અને અકંપ સ્થિતિમાં આત્મા અનંતજ્ઞાન તથા અનંતદર્શન સહિત વસે છે.

જ્યાં સુધી ગુણનો વિકાસ સંભવે ત્યાં સુધી જ ગુણસ્થાનક સંભવે. ગુણોની પૂર્ણતા આવતાં ગુણસ્થાનકની આવશ્યકતા રહેતી નથી. સંપૂર્ણપણે ગુણો ખીલ્યા પછી જ આત્મા સિદ્ધભૂમિમાં જાય છે તેથી તે દશા ગુણસ્થાનથી પર છે. સિદ્ધ ભગવાનને ગુણસ્થાન નથી.

આ પ્રમાણે શ્રી પ્રભુએ ગુણોને રહેવા માટેના, તરતમતાવાળા ચૌદ સ્થાનક આત્માની ભિન્ન ભિન્ન દશા જણાવવા માટે બતાવ્યા છે. આ સ્થાનોનું લક્ષ આપણને શ્રી રાયચંદભાઈ રચિત ક્ષમાપનામાં પણ આવે છે.

ક્ષમાપનાનો પહેલો ટુકડો છે કે, "હે ભગવાન! હું બહુ ભૂલી ગયો. મેં તમારાં અમૂલ્ય વચનને લક્ષમાં લીધાં નહિ. તમારાં કહેલાં અનુપમ તત્ત્વનો મેં વિચાર કર્યો નહિ. તમારાં પ્રણીત કરેલાં ઉત્તમ શીલને સેવ્યું નહિ. તમારાં કહેલાં દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા મેં ઓળખ્યાં નહિ." આ વચનો વાંચતાં સમજાય છે કે જીવને, પોતે ભૂતકાળમાં ભૂલની પરંપરા જ સેવી છે તથા આત્માની ઓળખ માટે કોઈ પ્રયત્ન કર્યો નથી તેની જાણકારી આવી છે, એટલું જ નહિ તે અસદ્વર્તનનો પશ્ચાત્તાપ પણ શરૂ થયો છે. આ ભૂતકાળ વિશેનું જે જીવનું કથન છે તે પહેલા ગુણસ્થાને વર્તતો જીવ જ આચરી શકે, અને કરેલા દુષ્કૃત્યનો પસ્તાવો તે એ ગુણસ્થાનથી આગળ વધવાની જે તૈયારી શરૂ થઈ છે તેની સાબિતિરૂપ છે.

તે પછીનાં વચનો છે કે, "હે ભગવાન! હું ભૂલ્યો, આથડયો, રઝળ્યો અને અનંત સંસારની વિટંબણામાં પડયો છું. હું પાપી છું, હું બહુ મદોન્મત્ત અને કર્મરજથી કરીને મલિન છું." આ વચનોથી જીવની દ્વિધાવાળી સ્થિતિ સ્પષ્ટ સમજાય છે. પોતે ખોટું કર્યું, તેના ફળરૂપે આખા સંસારમાં ભમતો રહ્યો તે એક બાજુથી સમજાય છે અને છતાં મોહનું એટલું જોર છે કે પરિભ્રમણથી છૂટવાનાં પ્રયત્નો થતાં નથી, કર્મો વધતાં જાય એવું વર્તન થયા કરે છે "વિટંબણામાં પડયો છું" એ શબ્દો આ સમજાવી જાય છે. આ દ્વિધાવાળી સ્થિતિ ત્રીજા ગુણસ્થાનની હાલકડોલક સ્થિતિ બતાવે છે.

આ અવસ્થામાંથી થોડો વખત પસાર થયા પછી, અને પશ્ચાત્તાપની ઉગ્રતા વેદ્યા પછી જીવને નિર્ણયાત્મક સ્થિતિ આવે છે. તેનામાં શ્રી સદ્ગુરુની સહાયથી સ્થિરતા પ્રગટ થાય છે. તેથી તે પ્રભુને કહે છે કે, "હે પરમાત્મા! તમારાં કહેલાં તત્ત્વ વિના મારો મોક્ષ નથી. હું નિરંતર પ્રપંચમાં પડયો છું, અજ્ઞાનથી અંધ થયો છું, મારામાં વિવેકશક્તિ નથી, અને હું મૂઢ છું, હું નિરાશ્રિત છું, અનાથ છું." જીવને નિર્ણય આવી ગયો છે કે પ્રભુએ જે માર્ગ બતાવ્યો છે તે માર્ગને અનુસર્યા વિના સંપૂર્ણ સિદ્ધિ કોઈ કાળે સંભવી શકતી નથી. આ શ્રદ્ધાન દૃઢ થતાં જીવને આત્માનુભવ થાય છે. તેના અનુસંધાનમાં જીવનું સ્વદોષદર્શન વિશદ થાય છે એટલું જ નહિ પણ અત્યાર સુધીની પોતાની પામર અવસ્થાનું સ્પષ્ટ ભાન તેને થાય છે. તેથી જ તે એકરાર કરે છે કે પોતે અજ્ઞાનથી અંધ થયો છે, વિવેકહીન બન્યો છે અને એના ફળરૂપે મૂઢતા, નિરાશ્રિતપણું તથા અનાથ પણું તેને અનુભવવા પડે છે. સંસાર પરિભ્રમણમાં જે મૂઢતા,

નિરાશ્રિતપણું અને અનાથપણું રહેલાં છે તેની અનુભૂતિ જીવને સમ્યક્‌દર્શન થયા પછી જ આવી શકે છે. તે પહેલાં તો અજ્ઞાનની બળવાનતાને કારણે આ જાતની સમજણ જીવ લઇ જ શકતો નથી. તેથી આપણે કહી શકીએ કે ચોથા ગુણસ્થાનવર્તી જીવ જ આ પ્રકારે હૃદયપૂર્વક પશ્ચાત્તાપનાં વચનો કાઢી શકે.

જીવ જ્યારે સંસારમાં બળવાનપણે અનાથપણું તથા નિરાશ્રિતપણું અનુભવે છે ત્યારે તેને ટાળવા માટે પ્રયત્નશીલ થાય છે. સન્માર્ગ મેળવી તેનું આરાધન કરી છૂટવાની તાલાવેલી લાગે છે. અને પોતાના હેતુની સફળતા માટે સત્પુરુષ - સદ્‌ગુરુના શરણે જઈ, સર્વસ્વ સોંપી તે પાપક્ષયના માર્ગે આગળ વધવા ઇચ્છે છે. સદ્‌ગુરુનાં યથાતથ્ય સમર્પણવાળા શરણની ઝંખનાથી શ્રી પ્રભુને કહે છે કે, "નીરાગી પરમાત્મા! હું હવે તમારું, તમારા ધર્મનું અને તમારા મુનિનું શરણ ગ્રહું છું. મારા અપરાધ ક્ષય થઈ, હું તે સર્વ પાપથી મુક્ત થઉં એ મારી અભિલાષા છે. આગળ કરેલાં પાપોનો હું હવે પશ્ચાત્તાપ કરું છું." જે સ્વચ્છંદને કારણે અનાદિકાળથી જીવ પરિભ્રમણ કરતો આવ્યો છે તે સ્વચ્છંદને ટાળવા જીવ શ્રી પ્રભુનાં શરણે જાય છે. તેમની આજ્ઞામાં રહેવાથી નવાં થતાં પાપો ઘટતાં જાય છે, સાથે સાથે પ્રભુ પ્રણીત ધર્મનું શરણું લેવાથી એટલે કે માર્ગનું પાલન કરવાથી દોષ બંધન તૂટતાં જાય છે. તેમાંય પ્રભુના માર્ગે ચાલતા મુનિનું શરણ લેવાથી તેમના તરફથી પ્રત્યક્ષ માર્ગદર્શનનો યોગ જીવને મળે છે. મુનિ છદ્મસ્થ અવસ્થામાં હોય છે ત્યારે તેઓ કેવી વર્તના કરી આત્મવિકાસ કરે છે તેનો પ્રત્યક્ષ અનુભવ જોવા મળે છે. તે પરથી તે જીવને વિકાસાત્મક વર્તના કરવા માટે બળ અને પ્રેરણા સતત મળતાં રહે

છે. આમ પ્રભુનું, તેમના ધર્મનું અને તેમના મુનિનું સમજણ સહિત શરણું લેવાથી નવાં આવતાં કર્મોને રોકી શકાય છે તે સાથે પોતામાં વર્તતા દોષોનો નાશ કરવાની પ્રાર્થના કરવાથી સંયમનું દ્રઢત્વ અને કર્મોનાં સંવર તથા નિર્જરા વધારી શકાય છે. આવી સ્થિતિ પાંચમા - છઠ્ઠા ગુણસ્થાને શક્ય બને છે. આત્માનુભવ વિના પ્રભુની ઓળખ અથવા તેમનું શ્રદ્ધાન ન થાય તેથી ચોથા ગુણસ્થાન પહેલાં તો આ સ્થિતિ શક્ય નથી. વળી પ્રભુનાં શરણે જવાના, તેમની આજ્ઞાએ રહેવાના ભાવમાં જીવનો અર્પણભાવ પ્રગટ થાય છે. આ જાતનો મન, વચન તથા કાયાથી અર્પણભાવ છઠ્ઠા ગુણસ્થાને શક્ય છે, તે પૂર્વની સ્થિતિમાં સ્વચ્છંદ ગમે ત્યાંથી ડોકિયાં કરી જાય છે. મુનિનાં શરણે જઈ, મુનિના આચાર પાળવાના અભિલાષ પણ દ્રવ્યસંયમ સૂચવે છે. સર્વસંગપરિત્યાગવાળી મુનિ અવસ્થામાં નિવૃત્તિ વિશેષ મળે છે, એ વખતે પૂર્વ કૃત્યો પ્રત્યેનો નવો અભિગમ સાધક માટે ખુલ્લો થાય છે. તે કહે છે "આગળ કરેલાં પાપોનો હું હવે પશ્ચાત્તાપ કરું છું. જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ઊંડો ઉતરું છું તેમ તેમ તમારા તત્ત્વના ચમત્કારો મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે."

પોતાને હવે શું કરવું છે તેની વિચારણા કરતાં કરતાં પોતે જે કર્યું નથી તેનો પશ્ચાત્તાપ જીવમાં બળવાન થાય છે. પશ્ચાત્તાપ એ પૂર્વકૃત પાપોને ધોવા માટેનું બળવાન સાધન છે. જે પાપ ભાવિમાં ભોગવીને દુઃખી થવાનું છે તેને વર્તમાનમાં પશ્ચાત્તાપ દ્વારા વેદી જીવ હળવાશ અનુભવે છે. સકામ કર્મ-નિર્જરા કરી લેવાથી જીવ હળવાશ વેદે છે તે હળવાશની સ્થિતિમાં, છૂટવાની તીવ્ર તાલાવેલીથી જીવ સ્થૂળતામાંથી સૂક્ષ્મતા તરફનું પ્રયાણ આદરે છે. સૂક્ષ્મતા પ્રતિના ગમનથી આત્માનાં

ઊંડાણનો, રહસ્યનો પરિચય જીવને થાય છે. તેમાં જીવ આત્માના શુદ્ધ રૂપનો અર્થાત્ પ્રભુનાં સ્વરૂપનો પરિચય જીવ પામે છે. પોતાને લાધેલા તત્ત્વના આધારે જીવ જેમ જેમ ઊંડાણવાળી શૂન્યતામાં જાય છે તેમ તેમ તેને શુદ્ધ રૂપનો, નિર્વિચાર સ્થિતિનો અનુભવ થાય છે. આ સ્થિતિ સાતમા ગુણસ્થાને આવે છે તે પૂર્વે નહિ. સાતમા ગુણસ્થાને થતા આત્મા પરમાત્માના એકરૂપપણાનો નિર્દેશ "જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ઊંડો ઊતરું છું તેમ તેમ તમારા તત્ત્વનાં ચમત્કારો મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે" એ વચનમાં જોઈ શકાય છે.

આ પ્રભુ સાથેના એકરૂપપણાના અનુભવના આધારે જીવ વિકાસ કરી બધા જ ગુણો પૂર્ણતાએ ખીલવવાનો પુરુષાર્થ કરે છે. તે પુરુષાર્થ આઠ થી બાર-તેર ગુણસ્થાને સૂચવી શ્રેણીરૂપે ઓળખાય છે. તે વખતે આત્માના સ્વરૂપનો સ્પષ્ટ-પ્રત્યક્ષ અનુભવ પ્રગટ થાય છે. તે રૂપ પ્રગટ કરનાર એ પછીનાં વચનો છે કે, "તમે નીરાગી, નિર્વિકારી, સચ્ચિદાનંદ સ્વરૂપ, સહજાનંદી, અનંતજ્ઞાની, અનંતદર્શી અને ત્રૈલોક્ય પ્રકાશક છો. હું માત્ર મારા હિતને અર્થે તમારી સાક્ષીએ ક્ષમા ચાહું છું. એક પળ પણ તમારાં કહેલાં તત્ત્વની શંકા ન થાય, તમારા કહેલા રસ્તામાં અહોરાત્ર હું રહું, એ જ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ." આ વચનો વિશે વિચારતાં સમજાય છે કે તેમાં શ્રેણીનું પ્રતિનિધિત્વ સમાયેલું છે. પૂર્ણાત્માના ગુણો બતાવી, દોષોની ક્ષમા યાચી, તે માર્ગનું સતત આરાધન કરવાથી તે શુદ્ધ સ્થિતિએ પહોંચાય છે તેવું શ્રદ્ધાન આ વચનો આપે છે. અહોરાત્ર માર્ગમાં રહેવાની ભાવનાથી એ સૂચવાય છે કે જીવ પ્રમાદરહિત પુરુષાર્થ ઇચ્છે છે જેથી અત્યારનું ગુણસ્થાન

વધાવી બાકીમાના અંતે આવી જાય. આમ અહીં ગર્ભિત રીતે ઉપશમ શ્રેણીનો નકાર અને ક્ષપક શ્રેણીનું બહુમાન કરેલું છે.

અંતમાં, "હે સર્વજ્ઞ ભગવાન ! તમને વિશેષ શું કહું ? તમારાથી કંઈ અજાણ્યું નથી. માત્ર પશ્ચાત્તાપથી હું કર્મજન્ય પાપની ક્ષમા ચાહું છું" એ વચનો મૂકી ૧૩ ગુણસ્થાન વર્તી સયોગી કેવળી દશા સ્પષ્ટ કરી છે. સર્વજ્ઞ સિવાય સર્વને કોઈ ને કોઈ તત્ત્વનું અજાણપણું નથી. માત્ર સર્વજ્ઞ પ્રભુને જ સર્વ પ્રકારનું જાણપણું છે. આ કથન જ ૧૩મું ગુણસ્થાન બતાવે છે.

જે આત્મા તેરમા ગુણસ્થાને આવે તે નિયમ પૂર્વક મન, વચન તથા કાયાના યોગને ત્યાગી; જ્ઞાન, દર્શન તથા ચારિત્રની એકતાવાળી અખંડિત સ્થિતિમાં સિદ્ધભૂમિમાં બિરાજે છે. ચૌદમા ગુણસ્થાને મન, વચન તથા કાયાના યોગને છોડી સિદ્ધભૂમિમાં જીવ બિરાજે છે તે "ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ" એ શબ્દોથી સમજાય છે. ૐ પંચપરમેષ્ટિ ભગવંતનું પ્રતિક છે. જ્યાં જીવ સિદ્ધભૂમિમાં જવાની તૈયારી કરે છે ત્યાં તે જગતના જીવ પર બળવાન ઉપકાર કરે છે. એક જીવ સિદ્ધ થાય ત્યારે એક જીવ તેના પ્રભાવથી નિત્યનિગોદમાંથી બહાર નીકળે છે - આ પ્રક્રિયાનું સૂચન "ૐ" માંથી લઈ શકાય. પરમેષ્ટિ ભગવંતનું એ ઉત્તમ પરોપકારનું કાર્ય છે. તે પછી તે આત્મા જ્ઞાન, દર્શન, ચારિત્રની એકતાવાળી સ્થિતિમાં સ્થિર થઈ જાય છે તેનું દર્શન આપણે ત્રણ વખત મૂકાયેલા "શાંતિઃ" શબ્દથી કરી શકીએ છીએ. જીવ ગુણાતીત બની સિદ્ધપદ ધારણ કરે છે, ત્યાં વિકાસક્રમની છેવટની હદ આવી જાય છે.

આમ આ નાનકડી ક્ષમાપનામાં એક થી ચૌદ ગુણસ્થાન સુધીનો વ્યવસ્થિત સમાવેશ જોઈ શકાય છે.

## ક્ષમાપનામાં છ આવશ્યકનો સમાવેશ.

જીવને પોતાનું કલ્યાણ કરવા માટે, પરમ નિષ્કારણ કરુણા કરી શ્રી પ્રભુએ મોક્ષમાર્ગ પ્રકાશિત કર્યો છે. એ માર્ગનું આરાધન કરવા માટે શ્રી પ્રભુએ છ આવશ્યક અંગો જણાવ્યા છે. આ છએ આવશ્યકનું નિયમિત આરાધના કરવાની શ્રી પ્રભુએ ભલામણ કરી છે. આ છ આવશ્યક આ પ્રમાણે છે:—

| | | |
|---|---|---|
| ૧. પ્રતિક્રમણ | ૨. સામાયિક | ૩ વંદન |
| ૪. લોગસ્સ | ૫. કાયોત્સર્ગ | ૬. ચૌવિહાર |

### પ્રતિક્રમણ

પૂર્વે કરેલી ભૂલોનો પશ્ચાત્તાપ કરી તેનાથી નિવૃત્તિ ઇચ્છવી તે પ્રતિક્રમણ. પ્રતિક્રમણ એટલે સામા પૂરે તરવું. સામાન્યપણે જે દિશામાં જીવો ગતિ કરે છે તેનાથી વિરુદ્ધ પ્રકારની દિશામાં ગતિ કરવી – સામાન્ય રીતે જીવો કર્મબંધન થાય એ પ્રકારે અનેકવિધ કષાયો કરી પોતાનું પરિભ્રમણ વધારતા જતા હોય છે. તેનાથી વિરુદ્ધ દિશામાં તરવું એટલે કર્મવર્ધક કષાયો પર સંયમ વધારતા જઈ, પૂર્વે કરેલા કષાયોની ક્ષમાપના કરવી એટલે કે કર્મનિવૃત્તિ કરવી, આ કાર્યને શ્રી પ્રભુએ પ્રતિક્રમણ કહ્યું છે. દિવસભર કરેલા પાપોની ક્ષમાયાચના રાત્રે સૂતી વખતે અને રાત્રે થયેલા દોષોની ક્ષમાપના પ્રભાતે ઊઠીને કરવાની આજ્ઞા શ્રી પ્રભુએ કરી છે. આ અપેક્ષાએ વિચારતાં ક્ષમાપનાનો આખો પાઠ પ્રતિક્રમણરૂપ છે. તેમાં મુખ્યતાએ જે દોષો થયા છે તેનો પશ્ચાત્તાપ, તેનાથી નિવૃત્તિ અને વિશુદ્ધિ મેળવવાનો ઉપાય જોવા મળે છે. આમ પ્રતિક્રમણની નાની આવૃત્તિરૂપ આ ક્ષમાપનાને ગણી શકાય.

## સામાયિક

સમ + આય + ઈક. બે ઘડી સુધી આત્માને સ્થિર પરિણામી કરવો; આ પ્રવૃત્તિને શ્રી પ્રભુએ સામાયિક કહેલ છે. જીવ જ્યારે સમ્યક્દર્શન પ્રાપ્ત કરી અનંતસંસારનું પરિભ્રમણ માત્ર પંદર ભવ પૂરતું મર્યાદિત કરે છે ત્યારે તે જીવ બે ઘડી સુધી ધર્મધ્યાનમાં સ્થિર થાય છે. એ જ પ્રમાણે જીવ ક્ષાયિક સમકિત પ્રાપ્ત કરતી વખતે પણ બે ઘડી સુધી ઊંડા ધર્મધ્યાનમાં સ્થિર થાય છે. વળી, કેવળજ્ઞાન લેતી વખતે જીવ બે ઘડી સુધી શુક્લધ્યાનમાં સ્થિર થાય છે. આમ બે ઘડીનાં સ્થિર પરિણામનું અદ્ભુત મહાત્મ્ય હોવાથી, તેનો મહાવરો કરવા માટે શ્રી પ્રભુએ રોજ સામાયિક કરવાની, આત્માનાં પરિણામ સ્થિર કરવાનો રોજ પ્રયત્ન કરવાની આજ્ઞા આપી છે. તે મહાવરાના ફળરૂપે જીવ સ્થિર થતાં શીખે છે અને આત્મશુદ્ધિના વિકાસનાં પગથિયાં ચડતો જાય છે. આ આત્મશુદ્ધિનો વિકાસ કરવા માટે સ્થિર થવાના પ્રયત્નો આપણને ક્ષમાપનામાં પણ જોવા મળે છે, "જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ઊંડો ઉતરું છું, તેમ તેમ તમારાં તત્ત્વના ચમત્કારો મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે. તમે નીરાગી....." આ અને આવાં બીજાં વચનો બતાવે છે કે આત્માનાં પરિણામ સ્થિર થતાં, જીવ સૂક્ષ્મ વિચારમાં ઊંડો ઉતરે છે, સ્વસ્વરૂપની અનુભૂતિ કરે છે અને આગળ પ્રગતિ કરવામાં ઉત્સાહિત થાય છે. આમ સામાયિક તત્ત્વ અહીં ક્ષમાપનામાં ગૂંથાયેલું ગણી શકાય.

## વંદન

શુદ્ધતા ઈચ્છતા જીવ માટે શ્રી પ્રભુએ, વિનયયુક્ત થઈ સત્દેવ, સદ્ધર્મ અને સત્પુરુષને વંદન કરવાની વિધિ જણાવી છે.

ક્ષમાપના

વંદન કરવાથી જીવનો માનભાવ ઓગળે છે, કષાયો પર સંયમ લેવાની ભાવના દૃઢ થાય છે, તથા પ્રભુના ગુણોની સ્મૃતિ અતિ બળવાન થાય છે. સર્વજ્ઞ પ્રભુ, સત્પુરુષ, જ્ઞાનીપુરુષ, સદ્‌ગુરુ વગેરે મહત્ પુરુષોએ કરેલા ઉપકારના ગ્રહણનો સ્વીકાર તથા વિશેષ ઉપકાર તેઓ કરે તે માટેની વિનંતિ એટલે વંદન. તેમના પ્રતિનો વિનયભાવ એ જ વંદન. આ ક્ષમાપના વાંચતાં તથા બોલતાં પ્રભુ પ્રતિનો ક્ષણે ક્ષણે વધતો અહોભાવ અનુભવાય છે. વિશુદ્ધિ પ્રાપ્ત કરવાની વૃત્તિઓ વધારે ને વધારે જોરદાર થતી દેખાય છે. તેથી જીવ પ્રભુનો ઉપકાર ઓળખવા સહજતાએ તેમને નમી પડે તે સમજાય તેવું છે. "હવે હું તમારું, તમારા ધર્મનું અને તમારા મુનિનું શરણ ગ્રહું છું." આ વચનમાં પૂર્ણ અર્પણભાવ સાથેના વંદન અનુભવાય છે. જીવ જેના શરણમાં જાય, તેને નમ્યા વગર તેનું શરણ ગ્રહી શકે નહિ. તેથી જ્યારે જીવ પ્રભુનું, પ્રભુ પ્રણિત ધર્મનું અને મુનિનું શરણ ગ્રહે છે ત્યારે તેઓ માટે પૂજ્યભાવ સેવી ત્રણેને વંદન કરતો ધ્વનિત થાય છે. આ પ્રમાણે 'ક્ષમાપના'માં 'વંદન' આવશ્યક ખૂબીથી વણાઈ ગયેલું જોવાય છે.

લોગસ્સ

લોકોમાં ઉત્તમ અને તીર્થ પ્રવર્તાવનાર ચોવીશ તીર્થંકર ભગવાન આ ભરતક્ષેત્રમાં થયા છે. તેમના ગુણોની સ્તુતિ તથા તેમની પ્રસન્નતા પોતા પર હો એવી જીવની માગણી જે કથાનકમાં કરવામાં આવી છે તે 'લોગસ્સ' નામથી પ્રસિદ્ધ છે. આ સ્તુતિમાં સર્વ તીર્થંકર ભગવાન મારા પર પ્રસન્ન થાઓ, અને તેમની કૃપાથી મને આત્મવિશુદ્ધિની પ્રાપ્તિ થાઓ એવી ભાવના વણાયેલી છે. આ જ પ્રકારની ભાવના ક્ષમાપનામાં પણ પથરાયેલી જોવા મળે છે. લોગસ્સમાં તીર્થંકર પ્રભુના નામ ગૂંથાએલા છે ત્યારે આ ક્ષમાપનામાં

સર્વજ્ઞ પ્રભુની અવસ્થા દર્શાવતા વિવિધ સંબોધનો જેવાં કે "હે ભગવાન! હે પરમાત્મા! નીરાગી પરમાત્મા! હે સર્વજ્ઞ ભગવાન!" વગેરે એક એકથી ચઢિયાતી દશા સૂચક જોવા મળે છે. પ્રભુ પ્રતિની સ્તુતિની જેમ જેમ પરાકાષ્ઠા આવતી જાય છે તેમ તેમ વિશેષ ચઢિયાતા સંબોધનો આ ક્ષમાપનામાં જોવા મળે છે. એ દ્વારા, સ્પષ્ટ નિર્દેશ વિના શ્રી તીર્થંકર પ્રભુની સ્તુતિ માણી શકાય છે. આ આખી ક્ષમાપના શ્રી સર્વજ્ઞ પ્રભુને સંબોધીને રચેલી હોવાથી, તેમાં લોગસ્સનો ભાવ ગૂંથાયેલો મળી રહે છે.

કાયોત્સર્ગ

કાયાનો ઉત્સર્ગ કરવો એટલે કાયાને હલનચલનથી નિવૃત્ત કરી, મનને સ્થિર કરી, આત્માને સ્વરૂપમાં રમમાણ કરવો. જ્યાં સુધી પૂર્ણ વિશુદ્ધિની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી કાયોત્સર્ગનો અભ્યાસ કરવાની ભલામણ પ્રભુએ કરી છે. કાયોત્સર્ગથી કાયા માટેનું અહંપણું તથા મમપણું ઘટે છે. કાયોત્સર્ગ કરતી વખતે મંત્રસ્મરણ અથવા લોગસ્સનું રટણ કરી મનને વશ કરવાની ચાવી પ્રભુએ આપણને આપી છે. આ ક્ષમાપનામાં, "નીરાગી પરમાત્મા! હવે હું તમારું, તમારા ધર્મનું અને તમારા મુનિનું શરણ ગ્રહું છું. મારા અપરાધ ક્ષય થાય ...... જેમ જેમ સૂક્ષ્મ વિચારથી હું ઊંડો ઊતરું છું તેમ તેમ તમારા તત્ત્વના ચમત્કારો મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે ...... એક પળ પણ તમારાં કહેલાં તત્ત્વની શંકા ન થાય, તમારા કહેલા રસ્તામાં અહોરાત્ર હું રહું, એ જ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ. ..." વગેરે વચનો કાયોત્સર્ગનો અભ્યાસ કરવાની વૃત્તિને સમર્થન આપતાં જણાય છે. આમ કાયાનો ઉપયોગ ઇન્દ્રિયસુખો ભોગવવા માટે નહિ પણ આત્માને ચોખ્ખો કરવાના સાધનરૂપે કરવાનો છે.

ચૌવિહાર.

ચૌવિહાર એટલે ચારે પ્રકારના આહારનો ત્યાગ. અન્ન, જળ, મુખવાસ આદિ ચારે જાતના આહાર અમુક સમય માટે ગ્રહણ ન કરવામાં આવે તો તેટલા સમય માટે ચૌવિહાર રાખ્યો કહેવાય. આ ત્યાગ કરવાથી જીવનો બાહ્યસંયમ કેળવાય છે. શરીરની આસનાવાસના કરવાની વૃત્તિ ઘટે છે અને તેથી જીવની બાહ્યપ્રવૃત્તિ ઘણી ઓછી થઈ જાય છે. ફાજલ પડેલો આ સમય જીવ આત્મપ્રવૃત્તિ કરવામાં ફાળવી શકે છે. ચૌવિહાર કરવાથી, આહાર ગ્રહણમાં થતો કર્માસ્રવ અટકે છે, તે માટેના આરંભ સમારંભથી જીવ છૂટે છે અને તે સમય આત્મપ્રવૃત્તિ કરી કર્મનિર્જરા કરવામાં વપરાય છે; આમ વિવિધ લાભ જીવ મેળવી શકે છે. છદ્મસ્થ જીવ લાંબા ગાળા માટે ચૌવિહાર રાખી શકતો નથી કારણ કે કર્મોદયને લીધે તેને કાયા તથા વૃત્તિઓ તેમ કરવામાં સાથ આપતા નથી, તેથી અમુક સમય આહારાદિ પ્રવૃત્તિ માટે નિશ્ચિત કરી બાકીના સમયમાં ચૌવિહાર રાખવાથી જીવની ભમતી વૃત્તિઓ અંકુશમાં આવતી જાય છે, અને કાયાને યોગ્ય પોષણ મળી રહેવાથી તે પણ ધર્મધ્યાન વધારવામાં મદદરૂપ થાય છે. આથી સામાન્યપણે સાધકોમાં એવી પ્રથા રહે છે કે સૂર્યાસ્તથી સૂર્યોદય સુધી ચૌવિહાર પાળવો, ઉપરાંત બપોરના બારથી ચાર ચૌવિહાર પાળવો. જો શક્ય હોય તો અઠવાડિયે કે પખવાડિયે એક વખત ચૌવિહારો ઉપવાસ કરવો.... અર્થાત્ જેનાથી જેટલું શક્ય હોય તેટલું ચૌવિહાર સંબંધી પાલન કરવું એવું શ્રી પ્રભુએ જણાવ્યું છે. પહેલાં પાંચ આવશ્યક આંતર શુદ્ધિ વધારનાર છે ત્યારે આ છઠ્ઠું આવશ્યક આંતર-શુદ્ધિને પોષણ આપનાર બાહ્યસંયમ દર્શાવનાર છે. શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત ક્ષમાપનામાં સંયમવૃદ્ધિ દર્શાવતી ભાવના સારી રીતે ગૂંથાયેલી જોવા મળે છે. "તમારા કહેલા રસ્તામાં અહોરાત્ર હું

રહું એ જ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ." આ વચનમાં શ્રી પ્રભુએ જે જે માર્ગદર્શન આપ્યું છે તેનો પાલન કરવાની વૃત્તિ ભાવેલી જોવામાં આવે છે. અને તે દ્વારા આ છઠ્ઠા આવશ્યકનો સમાવેશ પણ તેમાં થયેલો છે તેમ ગણી શકાય.

શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત "મોક્ષમાળા"ના છપ્પનમા પાઠમાં જે પ્રકારની નમૂનારૂપ ક્ષમાપનાની રચના થયેલી છે તે વિશે વિચારતાં તેની અદ્‌ભુતતાની આપણને સમજણ પડે છે. એમાં મોક્ષમાર્ગની સમજણ મળવા સાથે આત્માનાં છ પદ, નવ તત્ત્વ અને ચૌદ ગુણસ્થાન તથા છ આવશ્યક પણ સારી રીતે ગૂંથાયેલા જોવા મળે છે. તે સર્વ આ ક્ષમાપનાની મહત્તા કેટલી છે તે આપણને સમજાવે છે. અને ક્ષમાપનાનું આરાધન કરવાથી આત્મશુદ્ધિના માર્ગે આગળ વધવું કેટલું સહજ થતું જાય છે તેનો લક્ષ પણ આવી શકે છે.

અહીં મળેલી ક્ષમાપનાને લગતી સર્વ સમજણના અનુસંધાનમાં શ્રી પ્રભુને ક્ષમાપના સહિત પ્રાર્થના કરું છું કે :–

"હે દેવાધિદેવ! જે મહાસમર્થ સર્વજ્ઞ પ્રભુના નિમિત્તથી મારો આત્મા નિત્યનિગોદમાંથી નીકળી ઈતર નિગોદમાં આવવા ભાગ્યશાળી થયો, તે પ્રભુનો ખૂબ ખૂબ ઉપકાર માનું છું. સર્વજ્ઞ પ્રભુની કૃપાથી આઠ રુચક પ્રદેશનો સથવારો લઈ પૃથ્વીકાય બની સંસારનો આરંભ કર્યો, અને પ્રત્યેક વિકાસના પગલે શ્રી સત્પુરુષે નિમિત્ત આપી મને ઇંદ્રિયની પ્રાપ્તિ કરાવી. આમ અનેક સત્પુરુષોની કૃપાથી મારો આત્મા અન્ય વેર નિમિત્તથી છૂટી આજની સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્યપણાની ભૂમિકા સુધી પહોંચ્યો છે, એટલું જ નહિ તેઓના ઉપકારને લીધે આજની ભૌતિક સુવિધાવાળી સ્થિતિને પણ પામ્યો છે. તે સર્વ ઉપકાર કરવા બદ્દલ હું તેઓનું ગાઢણ સ્વીકારું છું અને

ક્ષમાપના.

ખરા અંતઃકરણથી તેમનો આભાર માનું છું.

"સર્વ સમર્થ મહાજ્ઞાનીઓએ નિષ્કારણ કરુણા કરી, મારા પર કૃપા વરસાવી છે. કૃપાના ફળ રૂપે મને આત્મવિશુદ્ધિનો માર્ગ મળ્યો છે, મનને શાંત કરી પ્રભુમાં લીન કરવાનો ઉપાય મળ્યો છે, પરમપદ ભણી પ્રગતિ કરવા અવકાશ મળ્યો છે. આ સર્વ ઉપકાર કરવા બદલ ખૂબ ખૂબ અહોભાવથી આભાર માનું છું. આ અણમોલ ઘડી સાર્થક કરવાનું ન ચૂકાય તે જ અભિલાષ હું રાખું છું પ્રભુ! સંસાર ભજવાના આરંભકાળથી કષાયવશ બની જે જે જીવોની દુભવણી કરી છે, તેનું ફળ પણ નરકાદિ દુર્ગતિમાં ભોગવાઈ ગયું છે, તેવા સર્વ અશુભ ભાવો અને કૃત્યોનું કર્તાપણું છોડી, વિદ્યમાન શ્રી અરિહંત પ્રભુ! આપની સાક્ષીએ પશ્ચાત્તાપપૂર્વક ક્ષમા માગું છું. મારા આત્મામાં ઉહાપોહ થાય છે કે ભૂતકાળમાં મેં આટલી મૂઢતા કેમ કરી? સન્મતિથી કેમ વેગળો રહ્યો! જિનદેવ! થયું તે થયું. હવે આવો દોષ ફરીથી, ભાવિમાં કદી પણ ન કરું તે માટે બળ માગું છું. તમે તો સર્વજ્ઞ છો. મારા થકી જે જે જીવોની દુભવણી થયેલ, તમારા જ્ઞાનમાં જણાતી હોય તે સર્વ જીવોની આપની સાક્ષીએ, મારા આત્માના સર્વ પ્રદેશો સંમત થઈ ક્ષમા માગું છું, અને તે પાપ નિષ્ફળ કરવા પ્રાયશ્ચિત માગું છું. એ પ્રાયશ્ચિત્તના સહારે સમસ્ત જીવો સાથેના વેરભાવથી છૂટી નિર્વેરી બનવું છે."

"હે જિનદેવ! તમારી છાયામાં મારી આત્મશુદ્ધિ ક્ષણે ક્ષણે થયા કરજો. અને મને એવી પ્રબળ વિશુદ્ધ વર્તના આપજો કે મારા નિમિત્તે કોઈ પણ જીવ પરમાર્થે અંતરાય બાંધે નહિ. મારી શિથિલ વર્તનાને કારણે કોઈ જીવ ધર્મ સંબંધી આશંકિત થાય તેવું પાપકર્મ મને નથી જોઈતું. વળી જીવ સમસ્ત માટે મને એવો નિસ્વાર્થ પ્રેમ આપજો કે તેના પ્રભાવથી કોઈ પણ જીવ

મારો વૈરી ન બનતાં, મિત્રમાં પલટાઈ જાય. સહુ જીવોને આપની
કૃપાથી પરમ પ્રેમથી આવકારી તમારા શરણમાં લાવી શકું એવું
સામર્થ્ય હે તરણતારણ દેવ! મને આપશો. મારા નિમિત્તે કોઈ
પણ આત્મા કર્મબંધન કરે નહિ એ જ ભાવના રહેજો. મને એવી
વર્તના મળજો કે મારા સંપર્કમાં આવનાર સહુ જીવો આપ દીધી શાતા
વેદે અને ઉદ્વેગ, અરેરાટીથી મુક્ત થઈ નિર્ભયતા પામે. આ અવસ્થા
સુધી પહોંચવા મને ઉગ્ર પુરુષાર્થ આપશો. હું તારા શરણે છું. જે
સમસ્ત જીવોને તારવાના ભાવ તમે કર્યા છે તેને તમારા શરણ સુધી
પહોંચાડવા માટે પુરુષાર્થ કરવા મને શક્તિ આપજો. આપ દયાનિધિ,
તારા વીતરાગપણાને મેળવવા માટેની પાત્રતા માગું છું. અને ત્રિકાળમાં
જે જે જીવોની દુભવણીનું હું નિમિત્ત બનેલ છું તે સર્વ જીવોની
સમસ્ત શ્રી સિદ્ધ પરમાત્મા, શ્રી વિહરમાન તીર્થંકર પ્રભુ, તથા
સમગ્ર કેવળી પ્રભુની સાક્ષીએ ક્ષમા માગી સવિનય વંદન કરું છું.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

## 3

## મંત્રસ્મરણ

જે જીવને ચતુર્ગતિમય સંસારનાં દુઃખ અને સુખથી પર એવા મોક્ષનાં અવ્યાબાધ સુખને મેળવવાની અંતરંગ ઝંખના જાગી છે, તે જીવમાં મહાઉપકારી શ્રી જિનેશ્વરદેવ પ્રણીત મોક્ષમાર્ગનું આરાધન કરવાની ભાવના ઉલસે છે સંસાર સમુદ્રને તરી, મોક્ષભૂમિમાં સ્થાયી વસવાટ કરવાનો ઉલ્લાસ, મોક્ષમાર્ગના પ્રણેતા શ્રી અરિહંત પ્રભુના આરાધક બની આત્મશુદ્ધિ માટે સતત કાર્યરત રહેતા શ્રી સત્પુરુષરૂપ સદ્ગુરુનાં શરણમાં સહજતાએ દોરી જાય છે. શ્રી સદ્ગુરુની આજ્ઞાએ પ્રવર્તી, કર્મક્ષય કરતાં કરતાં તે જીવ ધારેલી સિદ્ધિ મેળવવા ભાગ્યશાળી થાય છે. આ અહોભાગ્ય પ્રાપ્ત કરવામાં સહાયરૂપ થનારા ત્રણ અંગો છે: પ્રાર્થના, ક્ષમાપના તથા મંત્રસ્મરણ.

અનાદિકાળથી ચાલ્યા આવતા જીવનાં પરિભ્રમણનો અંત વર્તમાનકાળ સુધી આવ્યો નથી; તે એ સૂચવે છે કે આ જીવથી કોઈક એવી ભૂલ વારંવાર થયા કરી છે કે જેને કારણે તેને સંસારનો ભોગવટો સિમિત થયો નથી. એ વારંવાર પુનરાવર્તન પામતી ભૂલને કારણે શાશ્વત સુખ મેળવવાની ઇચ્છા પૂર્ણ થવામાં વિઘ્નોની પરંપરા અર્થાત્ અંતરાયો વર્ત્યા કરે છે. જ્યાં સુધી વર્તતી અંતરાયો ક્ષય કરવામાં ન આવે ત્યાં સુધી

શાશ્વત સુખનો લાભ મળે જ નહિ તે દેખાતું છે. આવા સંજોગોમાં એ સ્પષ્ટ થાય છે કે ગમે તેમ કરીને પરંપરાએ થતી ભૂલોને અટકાવવી જોઈએ. એક વખત ભૂલની પરંપરાને તોડી અટકાવવામાં આવે તો પછી ભૂતકાળની ભૂલોનો જથ્થો કાઢવાનો ઉપાય હસ્તગત થાય અને અનુકૂળતા મળે.

સ્વેચ્છાએ વર્તી, સ્વચ્છંદે પોતાનું વર્તન કરતાં કરતાં આ ભૂલોની હારમાળા સર્જાય છે, કારણ કે પ્રત્યેક જીવ પોતાની મેળે સારાસાર વિવેક પ્રગટાવી શકતો નથી. આથી જે આત્માએ આ નિજ છંદને છોડી, પર્વત જેવડી ભૂલોને સ્વ-સુધારણાથી રાઈ જેવડી કરી છે, અને તે ભૂલોને નામશેષ કરવાના ઉપાયમાં લાગી પડ્યા છે તેવા સફળ આરાધકના માર્ગદર્શન નીચે સ્વચ્છંદને ત્યાગી, આજ્ઞાધીનપણું પ્રગટાવવું એ ઇચ્છા પરિપૂર્ણ કરવા માટે અવશ્યનું છે. આ પ્રક્રિયાને બીજી રીતે, 'સદ્‌ગુરુના શરણે જઈ મોક્ષમાર્ગનું આરાધન કરવું' એ પ્રમાણે ઓળખાવી શકાય. તેથી જ કહેવાયું છે કે:

"સદ્‌ગુરુશરણ વિના અજ્ઞાન તિમિર ટળશે નહિ રે."

ઉત્તમ સદ્‌ગુરુનાં શરણે જતાં અનેકવિધ લાભ થાય છે. તેમાં સૌથી મોટો અને વિશેષ લાભ એ થાય છે કે ભૂતકાળથી સતત ચાલી આવતી ભૂલોને અટકાવવાનો ઉપાય સરળતાએ મળે છે અને આત્મસાધક એ ઉપાય આત્મકલ્યાણાર્થે સારી રીતે સમજાવી શકે છે.

જ્યારે સત્પુરુષરૂપ સદ્‌ગુરુનો પરિચય જીવને થાય છે ત્યારે તેનાથી તે અત્યંત પ્રભાવિત થાય છે; કારણ કે જે આત્મશાંતિ અને આત્મસુખ મેળવવાની ઝંખના જીવમાં પ્રગટી છે તેનો આવિષ્કાર તે સદ્‌ગુરુમાં અનુભવે છે. તેને અંતરંગમાં

એવો રણકાર આવે છે, એવું શ્રદ્ધાન પ્રગટે છે કે મારે જે જોઈએ છે તે અહીંથી મળશે. આમ થવાનું કારણ એ છે કે જીવની ઝંખના-રૂપી સત્પાત્રતાને સદ્ગુરુનાં આત્મજ્ઞાન, સમદર્શિપણું, અપૂર્વ-વાણી, નિર્મોહપણું, નિસ્પૃહપણું, આત્મશાંતિ વગેરે ગુણોનો સ્પર્શ થતાં તે પાત્રતા શુદ્ધતા ધારણ કરે છે. પાત્રતાનું આ વિશુદ્ધિકરણ તેને અંતરંગ ખાતરી આપી, તેનાં સદ્ગુરુ પ્રતિનાં પ્રેમ શ્રદ્ધા અને અર્પણતા ખીલવવામાં સહાયરૂપ થાય છે. તેથી તો શ્રી કૃપાળુદેવે લખ્યું છે કે, "મુમુક્ષુનાં નેત્રો સત્પુરુષને ઓળખી લે છે" આમ ગુરુ તથા શિષ્યનો અવિનાભાવી સંબંધ બંધાય છે.

આવો ઉભય ઉપકારી સંબંધ બંધાતાં, ગુરુ સૌ પ્રથમ નવીન ઘરખમ કર્મોની વૃદ્ધિ અટકાવવા શિષ્યને ઉત્સાહિત કરે છે. નવી ભૂલો થતાં અટકે તો નવાં કર્મબંધન અટકે, અને તેમ થાય તો જૂનાં સંચિત કર્મોની નિવૃત્તિ માટે પ્રવૃત્તિ કરી શકાય. નવાં વધતાં કર્મોને અટકાવવામાં ન આવે તો જૂનાં કર્મો ભોગવાઈને ખરતાં જાય અને તેના સ્થાને નવાં કર્મો સતત વધતાં જાય; એટલે કે 'આંધળો વણે અને વાછડો ચાવે' તેના જેવું થાય. આ પ્રમાણે તો અનાદિકાળથી જીવ સંબંધી બનતું જ આવ્યું છે. તેનાથી છૂટવા માટે, નવીન કર્મો વધવા દેવામાં ન આવે અને સાથે સાથે જૂનાં કર્મો ઝડપથી ખેર-વવામાં આવે તો જ કોઈક કાળ એવો આવે કે જ્યારે જીવ કર્મોથી સંપૂર્ણ મુક્ત થઈ પૂર્ણ વિશુદ્ધિ માણી શકે.

આવતાં નવીન કર્મો રોકવાં એટલે કર્મોનો સંવર કરવો. આ સંવર કરવા માટે 'પ્રાર્થના' એ ઉત્તમ સાધન છે. જે સાચા અને ઉત્તમ ભોમિયા મળ્યા છે તેમના સમક્ષ,

પોતાને જેની જરૂરિયાત છે તેની અવિનય વિનંતિ સહિત માગણી કરવી એ જ પ્રાર્થના. સદ્ગુરુ સમક્ષ અથવા તો સદ્ગુરુ જેમની આજ્ઞાએ પ્રવર્તે છે તે શ્રી અરિહંતપ્રભુ સમક્ષ પ્રાર્થના કરવાથી જીવ અનેકવિધ નવીન કર્મબંધનથી બચી જાય છે. પ્રાર્થના કરતી વખતે જે અશુભ કર્મના કે શુભ કર્મના ઉદય ચાલતા હોય છે તેનાથી અભાવપણું અનુભવાતું હોવાથી નવીન બંધો અત્યંત અલ્પ થાય છે. વળી, પ્રાર્થનાના ફળરૂપે મતિ સવળી બનતી હોવાથી સદ્વર્તનની પ્રાપ્તિ થાય છે; તેનાથી ભાવિના અનેક-વિધ કર્મો ટાળી શકાય છે. શ્રી પ્રભુને અથવા શ્રી સદ્ગુરુને વિનંતિ કરતા રહેવાથી તથા તેમની આજ્ઞાએ ચાલવાની વૃત્તિ કેળવતા જવાથી જીવના મોટામાં મોટા શત્રુ 'સ્વચ્છંદ'ને મહાત કરી શકાય છે. પ્રાર્થના દ્વારા પ્રભુનો જે સાથ મળે છે, તેના આધારે અનેક પાપકર્મોનો રોધ સહેલાઈથી કરી શકાય છે. આમ હૃદયપૂર્વક પ્રાર્થના કરી, જીવ સંવર તત્ત્વનું આરાધન કરી આત્માનુભવી થવાની પોતાની પાત્રતા તૈયાર કરે છે.

શ્રી પ્રભુ તથા શ્રી સદ્ગુરુ સમક્ષ પોતાને જે ઇષ્ટ છે અને જેનાથી છૂટવું છે તેના નિવેદનરૂપ પ્રાર્થના વિનયભક્તિ સહિત કરવાથી કર્મનો સંવર થાય છે તે ખરું; પણ તેનાથી, જે જીવને જૂનાં કર્મથી જલદીથી નિવૃત્ત થવું છે તે હેતુ બર આવતો નથી. કારણ કે જો એક પછી એક ઉદયમાં આવતાં કર્મ ખાલી કરવાથી ઘણો લાંબો ગાળો તેમાં પસાર કરવો પડે છે. તેથી એક સાથે જૂનાં કર્મોનો ખો બોલી જાય તેવા ઉપાયની અત્યંત જરૂરિયાત રહે છે. શ્રી પ્રભુની કૃપાથી શ્રી સદ્ગુરુ એ ઉપાય સૂચવી શકે છે, અને તે છે પૂર્વે કરેલી ભૂલોની શ્રી પ્રભુની સાક્ષીએ પશ્ચાત્તાપપૂર્વક ક્ષમા માગવી અને અન્ય

જીવોને તેમની ભૂલોની ઉદારતાપૂર્વક ક્ષમા આપવી. ઉદયમાં આવી ખરતાં કર્મો સાથે ક્ષમા માંગવાથી અને આપવાથી સત્તાગત કર્મો ઘણી વિશેષ ઝડપે ખરે છે. વળી, ક્ષમા માગવાના અવસરે નવાં કર્મબંધ અત્યંત અલ્પ થાય છે. આથી ક્ષમાપનાના સાધનની સહાયથી જીવ બળવાન 'સકામ નિર્જરા' કરી શકે છે. નિર્જરા એટલે પૂર્વે બાંધેલાં કર્મો ખેરવવાં. ઉદયમાં આવેલા કર્મોને ભોગવી નિવૃત્ત કરવાં તે અકામ નિર્જરા. અને ઇચ્છા પૂર્વક સત્તાગત કર્મોને ઉદિત કર્મોની સાથે ખેરવી નાખવાં તે સકામ નિર્જરા. અકામ નિર્જરા કરતાં નવાં બંધ વિશેષ થાય છે, સકામ નિર્જરા કરવાથી નવાં બંધ અલ્પ થાય છે. તેથી મુક્તિ ઇચ્છતા જીવે સકામ નિર્જરા કરવી આવશ્યક છે.

સહુથી બળવાન સકામ નિર્જરા ઊંડા ધર્મધ્યાન તથા શુક્લધ્યાનમાં થાય છે. ધર્મધ્યાન તથા શુક્લધ્યાનમાં જવા માટે અને ટકવા માટે જે પાત્રતા કેળવવાની રહે છે તે, પ્રાર્થના તથા ક્ષમાપનાના મંગલ યોગથી થાય છે. ધર્મધ્યાનમાં લીન થવાથી જીવ દેહ, ઈંદ્રિય તથા ભોગસામગ્રીના પદાર્થોથી અલગ બની, સ્વરૂપમાં લીન થાય છે. અર્થાત્ આત્માનુભવ કરવા ભાગ્યશાળી થાય છે. પ્રાર્થના તથા ક્ષમાપનાની સહાયથી પાત્રતા કેળવ્યા પછી, આત્માનુભવમાં જવા માટે અને ટકવા માટે, અને તે પણ વારંવાર કરવા માટે 'મંગસ્મરણ' જીવને ખૂબ જ મદદગાર થાય છે. આ અંગ વિશુદ્ધિકરણની ક્રિયા માટે ઘણું અગત્યનું છે.

'મંત્ર' એટલે સૂત્રાત્મક વચન, જેમાં ઇચ્છિત સ્થિતિને મેળવવાની ચાવી કોઈક રૂપે ગૂંથાયેલી હોય છે; અર્થાત્ ઇચ્છિત દશા મેળવવા માટેનું ભાવાત્મક ગૂંથન તેમાં હોય છે. મુખ્યતાએ જીવની આત્મવિશુદ્ધિ અર્થે અને ક્યારેક દુઃખક્ષયના આશયથી સૂત્રાત્મક

વચનનું રટણ કરવામાં આવે છે તેને "મંત્રસ્મરણ" કર્યું એમ કહે-વામાં આવે છે.

સામાન્યપણે જેને અમુક પ્રકારની સિદ્ધિ પ્રાપ્ત થઈ હોય છે, તે બીજા કોઈ જીવને એ પ્રકારની સિદ્ધિ મેળવવા માટેની ચાવીરૂપ માર્ગદર્શન રૂપે સૂત્રાત્મક વચન રટણ કરવા આપે તેવી પદ્ધતિ જોવામાં આવે છે. મૂળ આશય એ છે કે જેની પ્રાપ્તિ કરી સિદ્ધિ પામવી છે તેનું ટૂંકાણમાં માર્ગદર્શન મેળવી, અલ્પ પ્રયત્ને બહુલતાવાળું ફળ મેળવી લાભ લેવો. શ્રી ગુરુ પોતાના શિષ્યને આરાધનાર્થે મંત્ર આપતા હોય છે. તે મંત્રના ફળવાનો આધાર ગુરુની સત્પાત્રતા, શિષ્યની સત્પાત્રતા તથા શિષ્યની આરાધના એમ વિવિધ અંગો ઉપર નિર્ભર રહે છે. એકાદ અંગ નબળું હોય તો ધારી સિદ્ધિ મેળવી શકાતી નથી, મળતી નથી. અહીં આત્મશુદ્ધિ અર્થે કરવામાં આવતાં મંત્રસ્મરણની મુખ્ય-તાએ વિચારણા કરી છે, અન્ય લબ્ધિ, સિદ્ધિ પ્રગટાવવા માટે, દુઃખક્ષયના હેતુથી તથા ભૌતિક પદાર્થોની પ્રાપ્તિના લાભાર્થે પણ મંત્રસ્મરણનું અનુષ્ઠાન કરવામાં આવે છે તેની ગણતરી અહીં કરી નથી. એ મંત્રસ્મરણમાં હેતુ ભિન્ન હોવાથી, ફળ ભિન્ન આવે છે, પરંતુ ક્રિયા લગભગ સરખી રહે છે.

જે કાર્યસિદ્ધિ કરવી છે તેની પૂર્તિરૂપ તે કાર્યને સફળ કરનાર પ્રક્રિયાનું સૂત્રાત્મક ગૂંથન 'મંત્ર'માં હોવું જરૂરી છે, કારણ કે જે ઇચ્છા છે તેને સફળ કરનાર સાધનો તથા રીતનો સમાવેશ તેમાં ન હોય તો કાર્યસિદ્ધિ થવી સુલભ ન થાય. આત્મશુદ્ધિ કરવાના મંત્રમાં ધનપ્રાપ્તિની ઇચ્છા પૂરી ન થાય તે સમજી શકાય એવી બાબત છે. અર્થાત્ આત્મશુદ્ધિ કરવા માટે ઉપયોગમાં આવતા મંત્રમાં આત્માના ગુણનો તથા વિશુદ્ધિની પ્રક્રિયાનો સમાવેશ જોઈએ.

મંત્ર કરવાથી થતા ફાયદા

આત્મશુદ્ધિ અર્થે કરાતા મંત્રમાં આત્માના કોઈ ગુણનો તથા તે પ્રાપ્તિ માટેની પ્રક્રિયાનો સમાવેશ થયો હોય છે, તે જોયું. જ્યારે આવા મંત્રનું અમુક કાળ સુધી સતત રટણ કરવામાં આવે છે ત્યારે આત્માના તે ગુણનું તથા તે રીતનું રટણ તેને સહજ-પણે થાય છે. એકના એક ભાવ અમુક સમય સુધી સતત કરવાનો મહાવરો જીવને થાય છે. એ ગુણની યાદી વારંવાર જીવને મળતી હોવાથી તે ગુણને ધારણ કરવાનો બોધ જીવને સહેજે દૃઢ થાય છે અને પોતામાં અવરાઈને પડેલા તે ગુણને ત્વરાથી ખીલવવાની તક તેને સાંપડે છે.

સામાન્ય રીતે જીવ કોઈ ને કોઈ વિચાર કે ઈચ્છાના સાતત્યમાં સપડાયેલો જ હોય છે. એક વિચાર આવ્યો કે તરત જ તેના અનુસંધાનમાં બીજો વિચાર તેને આવે છે, તેમાંથી ત્રીજા વિચારની ઉત્પત્તિ થાય છે, તેમાંથી ચોથા વિચારમાં જીવ સરકી જાય છે. આમ સંજ્ઞી પંચેન્દ્રિય જીવને સતત વિચારધારા ચાલ્યા જ કરે છે. આ વિચારધારા તોડવા કે છોડવા જીવ પ્રયત્ન કરે છે ત્યારે તેને સમજાય છે કે એમ બનવું સહેલું નથી, અત્યંત કઠણ છે. વળી આ વિચારના વમળો જીવની શાંતિને તેમજ સ્થિરતાને સતત હણતા રહે છે. તેથી આ વિચારના વમળોથી મુક્ત થવું, એ આત્મશાંતિ તથા આત્મશુદ્ધિ મેળવવા માટે અનિવાર્ય બની રહે છે. વિચારધારાથી પર સ્થિતિમાં આત્માનુભવ સમાયેલો છે. આત્માનુભવમાં જવા માટે, લીન થવા માટે શ્રી સદ્ગુરુ પાસેથી પ્રાપ્ત થયેલા મંત્રનું રટણ ખૂબ સહાયરૂપ થાય છે. એક મંત્રમાં ભાવથી એકરૂપ થઈ તેનું રટણ કરવામાં આવે છે ત્યારે બીજા બધા વિચારો આપોઆપ સરકી જાય છે, અને જેની પ્રાપ્તિ કરવી છે તે એક વિચારનું પ્રાધાન્ય થઈ

જાય છે. વળી મંત્રસ્મરણના પ્રાધાન્યના કારણે, સદ્‌ગુરુની કૃપાથી તે સ્મરણથી પણ અલિપ્ત બની, તે જીવ આત્માનુભૂતિમાં એકાગ્ર થઈ જાય છે. આત્માનુભવ કરતાં કરતાં જીવ બળવાન સકામ નિર્જરા કરી શકે છે. સ્વાનુભવમાં લીન થતાં પહેલાં વ્યવહારથી આત્મશુદ્ધિ પામવાના ભાવ જીવને રહે છે, તે ભાવમાં રહીને મંત્રસ્મરણ કરે છે. તે મંત્રસ્મરણના પ્રભાવથી જીવ પરમશાંત ભાવની અનુભૂતિમાં જાય છે, એટલે કે તેને સ્વભાવનું સ્થિરપણું એટલા કાળ માટે આવે છે. આ સ્થિરપણાનો પ્રભાવ એવો પડે છે કે તે કાળ દરમ્યાન, બીજા સામાન્ય કાળ કરતાં અનેકગણાં કર્મોની નિર્જરા થાય છે. લીનતામાં જતાં પહેલાં જે પ્રકારનાં ભાવ જીવને વર્તતા હોય તેને સંબંધિત અનેકાનેક કર્મો ખરી જાય છે, અને જીવ બળવાન સકામ નિર્જરા કરી શકતો થાય છે.

આત્મગુણના રટણરૂપ મંત્રસ્મરણ કરતી વખતે આત્મા અન્ય વિકલ્પો અને સંકલ્પોથી છૂટતો જાય છે, અને આત્મગુણમાં વિશેષ એકાગ્ર થતો જાય છે. વિવિધ વિકલ્પો અને વિચારોથી છૂટી જવાને કારણે આત્મામાં પ્રવર્તતા કષાયો મંદ કે મંદતર થઈ જાય છે અને તે વખતે અત્યંત મંદ કર્મબંધ થાય છે. કોઈ પણ પ્રકારનાં તીવ્ર કષાયથી પર હોવાને કારણે જીવને બળવાન કર્મોનું અશુભ બંધન સંભવી શકતું નથી. જીવ જે કોઈ વિચાર, વિકલ્પ કે સંકલ્પ કરે તેના અનુસંધાનમાં તેને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ અનુસાર કર્મબંધ થાય છે. એક ના એક વિચાર, વિકલ્પ કે સંકલ્પ જીવ વારંવાર કરે તો, દરેક વખતે તે જ પ્રકારનો નવો બંધ થઈ, મૂળ કર્મબંધને દૃઢ કરે છે. એ કર્મ આયુષ્ય વર્જિત જ્ઞાનાવરણાદિ સાત કર્મપ્રકૃતિમાં વહેંચાઈ જાય છે. કોઈક પળે કર્મ આઠ કર્મપ્રકૃતિમાં વિભાજિત થાય છે. એક જ પ્રકારનો વિચાર જીવ વારંવાર, લાંબા કાળ સુધી કરતો રહે તો અમુક કાળ પછી જીવનો તે કર્મબંધ નિકાચિત થઈ જાય છે. કર્મબંધ નિકાચિત થાય પછી તેનું પૂર્ણપણે રૂપાંતર થઈ

શકતું નથી. એ કર્મ ભોગવીને જ નિવૃત્ત કરવું પડે છે. બળવાન પુરુષાર્થ કરવામાં આવે તો પણ તીવ્રતા અને કાળમાં અમુક ફેરફાર કરી શકાય છે, પણ બાહ્ય ભોગવટા વિના પૂર્ણતાએ નિવૃત્ત કરી શકાતું નથી. ઉદા. ત. શ્રેણિક રાજાનું નરકનું આયુષ્ય. સાતમી નરકની વેદનાને પહેલી નરકની વેદનામાં પલટાવી શક્યા, પણ નરકાયુ તોડી શકાયું નહિ. તીર્થંકર પ્રભુનું 'તીર્થંકર નામકર્મ' એ પણ નિકાચિત કર્મ છે, પૂર્ણ વીતરાગ થયા પછી પણ તે ભોગવવું પડે છે. આમ અશુભ કે શુભ બંને પ્રકારનાં નિકાચિત કર્મ ભોગવીને - અમુક અંશે ભોગવીને જ નિવૃત્ત કરી શકાય છે. આ સિદ્ધાંત અનુસાર, નિરંતર મંત્રસ્મરણ કરવાથી આત્માની શુદ્ધિ તથા ગુણ ખીલવવાના ભાવ જીવ વારંવાર કરતો રહે છે. તેથી તે પ્રકારનાં કર્મબંધ જીવને વારંવાર થયા કરે છે. તે અમુક કાળ પછી નિકાચિત સ્વરૂપ પામે છે. આ નિકાચિત બનેલા કર્મનો ઉદય આવે ત્યારે તેના ફળરૂપે આત્મ-શુદ્ધિ, આત્મશાંતિ તથા આત્મગુણની પ્રાપ્તિ તેને સહજપણે થાય છે. આ પરથી સમજાશે કે જેટલું રટણ વધારે અને શુદ્ધિ મેળવવાની તાલાવેલી જેટલી વધારે તેટલી ત્વરાથી આત્મવિશુદ્ધિ આદિ મેળ-વવામાં જીવને સફળતા મળે છે. આ સમજીને, મુમુક્ષુ જીવ પોતાનો નિવૃત્તિનો સમય ફાલતુ વિચારો કે વિકલ્પોમાં ગાળવાને બદલે, મંત્ર સ્મરણ કરવામાં, પ્રાર્થના તથા ક્ષમાપના કરવામાં વાપરે તો તેને ઘણા મોટા પ્રમાણમાં ફાયદો થાય છે.

આટલું જાણ્યા પછી એ સ્પષ્ટ થશે કે મંત્રસ્મરણ કરતી વખતે જીવ અંતરંગ શુભ ભાવોમાં રહેલો હોવાથી, સહજાનંદ માણ-વાની સાથે સાથે તે આત્મશાંતિ તેમજ આત્મસ્થિરતામાં સરી પડે છે. આત્માનુભવવાળી નિમગ્નતામાં તે જીવની સકામ નિર્જરા સામાન્ય સ્થિતિ કરતાં અસંખ્યગણી થઈ જાય છે અને તે જીવ કલ્પનાતીત

નિર્જરા કરવાનો લાભ પણ પામે છે. એ વખતનો શુભભાવ જીવને પુણ્યાનુબંધી પુણ્યનો લાભ પણ આપી જાય છે. આમ આનંદ સહિત કરેલા મંગલસ્મરણથી અનેક વિશિષ્ટ લાભ થાય છે.

જીવ જ્યારે પ્રાર્થના, ક્ષમાપના કે મંગલસ્મરણ જેવી શુભ ક્રિયામાં એકરૂપ હોતો નથી, અથવા એવી શુભ ક્રિયા આચરતો નથી હોતો, ત્યારે તે સાંસારિક અથવા લૌકિક પદાર્થોના વિચાર-વમળમાં ગૂંચવાયા કરે છે. જ્યાં સુધી તેને નિર્વિકલ્પ અવસ્થા પ્રાપ્ત થતી નથી, ત્યાં સુધી તેનું મન અશુભ અથવા તો શુભમાં પ્રવર્ત્યા કરે છે અને તેને અનુરૂપ કર્મબંધ સેવ્યા કરે છે. આ પર પદાર્થોના વિચારોની વણજાર જીવની શાંતિ ઝૂંટવી લે છે, એટલું જ નહિ પણ જીવને તે પદાર્થને લગતા ખેદ અને ગ્લાનિની ખાઈમાં ધકેલી દે છે. આ બધા ઉદયો વચ્ચે, જીવ સતત અશાંતિ વેદતો હોવા છતાં બાહ્ય કોઈ રીતે ફેરફાર કરવા તે શક્તિમાન થતો નથી. આવા અશાતાના સમયે જીવ જો પ્રયત્નપૂર્વક મંગલસ્મરણ તરફ વળે તો વર્તતા ખેદ અને ગ્લાનિથી છૂટવાનું તેને નિમિત્ત મળે. સાથે સાથે ખીલતા આત્મગુણોનો આનંદ પણ તે માણી શકે. હૃદયપૂર્વકનું અર્થાત્ અંતરંગ ભાવના સાથેનું મંગલસ્મરણ ચાલતું હોય છે ત્યારે જે જે કર્મ ઉદયમાં આવે તે તે સર્વ પૂરા પ્રભાવથી દુઃખ આપી શકતાં નથી; કારણ કે જે સત્પુરુષના આશ્રયે મંગલસ્મરણ થતું હોય છે તે સત્પુરુષની કૃપા કર્મના અશુભ દુઃખના વેદનને નિવારતી રહે છે. એ વખતે જીવનું આપ્તપુરુષ સાથે અનુસંધાન થતું હોવાથી, જેના પર કર્મનો પ્રભાવ દેખાય છે તેવા દેહાદિ પદાર્થોથી તેને અલિપ્તપણું સંભવે છે, તેથી તેનું કર્મદુઃખ વેદન અતિમંદ થઈ જાય છે. (તે પદાર્થોમાં પોતાપણું રહ્યું ન હોવાથી વેદનાદિ જીવને સ્પર્શી શકતાં નથી.) બાહ્ય રીતે કહીએ તો, મંગલસ્મરણમાં જ્યારે જીવ લીન થાય છે

ત્યારે ઉદયમાં આવતાં અશુભ કર્મો અધૂરાં ફળ આપી પૂરાં ખરી જાય છે, એવો શ્રી વીતરાગ ભગવંતના નામસ્મરણનો અદ્ભુત કહી શકાય તેવો મહિમા છે. એટલે કે જેટલી તીવ્રતાથી અને જેટલા કાળ માટે કર્મનું વેદવું સર્જાયું હોય તેના કરતાં ઘણી મંદતાથી અને ઘણા ટૂંકા ગાળા માટે વેદવું રહે તેવો મંગસ્મરણનો પ્રભાવ જીવ ધારે ત્યારે અનુભવી શકે છે.

મંગસ્મરણનો સૌથી વિશેષ પ્રભાવક ફાયદો એ છે કે તેના આરાધનથી જીવ સહેલાઈથી અને સહજતાથી આત્મવિકાસનાં સોપાન સર કરતો રહે છે. જેમ જેમ મંગારાધન વિશેષ વિશેષ સચ્ચાઈથી થતું જાય છે તેમ તેમ સમાધિ અથવા ધ્યાન વિશેષ ઊંડાણવાળા થતા જાય છે. અને જેમ જેમ સમાધિ કે ધ્યાનનું ઊંડાણ વિશેષ તેમ તેમ તેની સકામ નિર્જરા અસંખ્યાતગણી થતી જાય છે, એટલું જ નહિ પણ નવાં થતાં કર્મબંધનો અસંખ્યાતમા ભાગના થતા જાય છે. આમ આત્મપ્રદેશો પર નવીન કર્મો અત્યંત નાની સંખ્યામાં આવે, તથા જૂનાં કર્મો અસંખ્યની માત્રામાં ખપે... પરિણામે હરણફાળે જીવની વિશુદ્ધિ વધતી જાય. ટૂંકાણમાં કહી શકાય કે સ્મરણમંગના આરાધનથી જીવ સહેલાઈથી સ્વરૂપાનુસંધાન કરે છે. એ શૂન્યાવસ્થાના કાળમાં પૂર્વે કરેલી પ્રાર્થનાના આધારથી સત્તાગત ઘાતીકર્મોનો અનંતગમે નાશ કરી, નવીન કર્મોને પ્રવેશવા માટેનું દ્વાર લગભગ બંધ કરે છે. અને થોડા કાળમાં એટલે કે એક, બે, ચાર, છ કે ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પંદર ભવે સંપૂર્ણ શુદ્ધિ જીવ પ્રાપ્ત કરી લે છે. નિષ્કારણ કરુણા કરી, યથાર્થતાએ મંગનો અદ્ભુત પ્રભાવ દર્શાવનાર શ્રી સત્પુરુષ તથા આપ્તપુરુષને સવિનય ભક્તિએ વંદન હો.

જેમ સ્મરણમંગમાં રત રહી, સમભાવ કેળવી, જીવ અગણિત કર્મો ખપાવી નાખે છે, તેમ વિભાવભાવમાં રાચી, રાગ

અને દ્વેષની પરિણતિમાં એકરૂપ બની જીવ અગણિત કર્મો વધારી પણ શકે છે. આ હકીકત વિસરવા યોગ્ય નથી. અમુક કલાકો સુધી ધર્મ આરાધન કરનાર, થોડા ગાળા માટે પણ અયોગ્ય તીવ્ર પરિણામ કરે તો તે મહાનુકશાન પામે છે, કારણ કે તીવ્ર પરિણામથી તીવ્ર કર્મબંધ થાય છે, તીવ્ર કર્મબંધ અનંત સંસાર પણ વધારી શકે છે. તેથી ધર્મપ્રવૃત્તિ વધારનારે પ્રયત્ન સાથે સાત્વિકતાની ખીલવણી સતત કરતા રહેવું જોઈએ એવો બોધ શ્રી પ્રભુનો છે.

મંત્રદાન તથા મંત્રગ્રહણ માટેની પાત્રતા.

જે જીવને આત્મવિશુદ્ધિ અર્થે આરાધન કરવાની ભાવના છે, તે જીવે એ ભાવના દૃઢ અને બળવત્તર કરવી પડે છે. વળી, જેમની પાસેથી કલ્યાણકારણ મંત્રની પ્રાપ્તિ થાય તેવા સદ્ગુરુની પ્રાપ્તિ હોવી એ ખૂબ જ અગત્યનું છે. આ પાત્રતા યથાયોગ્ય પ્રાર્થના તથા ક્ષમાપનાની સહાયતાથી જીવ કેળવી શકે છે તે જોયું. યોગ્ય પાત્રતા આવ્યા પછી મંત્રગ્રહણ કરવામાં આવે તો ઉત્તમ ફળ તેમાંથી મેળવી શકાય છે. સાથે સાથે ભૌતિક સુખોની તથા સાંસારિક પદાર્થોના ભોગવટાની લાલસા જીવે તોડતા રહેવી જરૂરી છે, કારણ કે અસ્તિત્વ ધરાવતી એ લાલસા જીવને ધર્મારાધન-માંથી ચ્યુત કરી, રાગદ્વેષવાળા પરિણતિમાં ડૂબાડી, ભવભ્રમણની જાળમાં સપડાવે છે. આ લાલસા જો મૃતઃપ્રાય થઈ ગઈ હોય તો ધર્મારાધન કરવા માટે જીવને પૂરતો અવકાશ રહે છે. આ જાતની આંતરિક તૈયારીઓ જ્યાં સુધી જીવ કરતો નથી ત્યાં સુધી કાં તો સન્મંત્ર મળતો નથી, અથવા મળે તો તે યોગ્ય રીતે ફળતો નથી. ટૂંકમાં કહીએ તો જીવે આત્મકલ્યાણ કરવાની ભાવનાને અત્યંત બળવાન બનાવવારૂપ સત્પાત્રતા કેળવવી યોગ્ય છે. તે પાત્રતાને

કેળવવામાં સહાયરૂપ થનારા ગુણો છે વિશાળબુદ્ધિ, સરળપણું, મધ્યસ્થતા, જિતેંદ્રિયપણું, દયા, શાંતિ, સમતા, ક્ષમા વગેરે. જેમ જેમ આ ગુણો જીવમાં ખીલતા જાય છે તેમ તેમ જીવનું આરાધકપણું સ્પષ્ટ અને પ્રગટપણે ખીલતું જાય છે. આ પાત્રતા વિના મળેલા સંયોગો નિષ્ફળ જાય છે, અને તે આરાધન માત્ર પુણ્યોપાર્જન કરાવી દેવગતિ સુધી જવામાં સાથ આપે છે, પરંતુ પૂર્ણ શુદ્ધતા - સિદ્ધગતિ સુધી જવામાં સાથરૂપ બની શકતું નથી.

આત્મકલ્યાણ માટે જેમ ઉપાદાનની તૈયારી રૂપે શિષ્યની સત્પાત્રતા અગત્યની છે, તે જ પ્રમાણે નિમિત્તની તૈયારી રૂપે શ્રી સદ્ગુરુની સત્પાત્રતાની પણ અગત્ય છે. જે ગુરુ માર્ગદર્શન આપે છે તેમનામાં પણ તે અવસ્થા યોગ્ય ગુણો હોવા જરૂરી છે. જો કોઈ જીવને અસદ્ગુરુ ગુરુરૂપે ભેટી જાય તો તે તેનું ભાગ્યાન ક્રમભાગ્ય કહી શકાય. જે પોતે તરી કે તારી શકવા સમર્થ નથી, છતાં તે શિષ્યની લાલસાને કારણે ગુરુપદે રહે છે તે જીવ અસદ્ગુરુ છે. પૂ. શ્રી કૃપાળુદેવે સદ્ગુરુનાં લક્ષણો દર્શાવતો દોહરો "આત્મસિદ્ધિ શાસ્ત્ર"માં રચ્યો છે કે —

"આત્મજ્ઞાન, સમદર્શિતા, વિચરે ઉદય પ્રયોગ,
અપૂર્વવાણી, પરમશ્રુત, સદ્ગુરુ લક્ષણ યોગ્ય."

આ દોહરામાં જણાવેલા ગુણો જે આત્મામાં વિશાળતાએ ખીલ્યા હોય તે ઉત્તમ ગુરુ. એ અપેક્ષાએ શ્રી અરિહંત પ્રભુ ઉત્તમ ગુરુ છે. તે પછી ગણધરાદિ સાધુજનો ગુરુપદે રહેવાને યોગ્ય છે. તેમનામાં આ ગુણો વિશાળ પાયા પર ખીલેલા હોય છે. જેટલા પ્રમાણમાં આ ગુણોની ખીલવણીમાં કચાશ તેટલું લઘુત્વ એ ગુરુનું ગણી શકાય. આ પ્રકારના ગુણોથી વંચિત જે જીવો રહે, અને ગુરુપદ મેળવવા તડપતા રહે તેઓ તો

અસદ્‌ગુરુનું શરણ પામી, કારણ કે જેમને આત્મજ્ઞાન ન હોય તેઓ બીજા જીવોને આત્મશુદ્ધિ મેળવવા માટેનો માર્ગ કેવી રીતે બતાવી શકે? મોક્ષમાર્ગમાં સમકિત એ મૂળ પાયો છે, તેના વિના વિ-શુદ્ધિનું ચણતર કેવી રીતે સંભવી શકે?

કદાચિત્ એ જીવે સમ્યક્‌દર્શન પ્રાપ્ત કર્યું હોય, આત્માનુભવ કર્યો હોય પરંતુ રાગદ્વેષનું મંદપણું આવ્યું ન હોય અર્થાત્ રાગદ્વેષની તરતમતાને કારણે સમદર્શિપણું ખીલ્યું ન હોય તો તે પોતાના શિષ્યને ઉત્તમ માર્ગદર્શન આપી શકતા નથી. સર્વ જીવો પ્રતિ એક સરખા કલ્યાણના ભાવ સેવવા એ સમદર્શિપણું છે. આવા ભાવ જીવ તો જ સેવી શકે એ જગતના પદાર્થો પ્રતિની મોહાસક્તિ તૂટી હોય, ગુણઅવગુણનું જાણપણું હોવા છતાં તેમાં રાગદ્વેષ થતાં ન હોય વગેરે. જ્યાં સુધી આ સમદર્શિપણું આવતું નથી ત્યાં સુધી ગુરુ પોતે જ રાગ તથા દ્વેષની પરિણતિમાં અટવાયેલા રહેતા હોવાથી શિષ્યને બરાબર જાણી શકે નહિ અને યોગ્ય દોરવણી આપી શકે નહિ. પરિણામે ગુરુશિષ્ય બંને કલ્યાણવિમુખ બની જાય.

કદાપિ ગુરુમાં સમદર્શિપણું અમુક અંશે ખીલ્યું હોય પરંતુ જે જે કર્મનાં ઉદયો આવે તેને નિસ્પૃહભાવે સ્વીકારવા જેટલી ક્ષમતા ગુરુમાં આવી ન હોય તો તે ગુરુ ઉદયકર્મના વમળમાં અટવાઈને એવી રાગદ્વેષની પરિણતિમાં ભ્રમિત થઈ જાય કે જેને લીધે ગુરુ શિષ્ય બંનેનું આત્મારાધન જોખમાઈ જાય. કોઈ કર્મનો ઉદય આવતાં તેની આળપંપાળમાં જો જીવ પડી જાય તો બધું આરાધન એકબાજુ પડી રહે, તેથી "વિચરે ઉદય પ્રયોગ"- જે જે ઉદય આવે તે પ્રમાણે પણ નિસ્પૃહતાથી ગુરુ વર્તે તે ગુણ ગુરુમાટે અનિવાર્ય છે. આમ હોય તો જ ગુરુ ઉદયકર્મને ગૌણ

કરી, યથાર્થ આત્મપ્રવૃત્તિમાં ગૂંથાઈ શકે અને શિષ્યને તે પ્રમાણે કરવા આકરી પ્રેરણા આપી શકે.

કોઈ પ્રસંગમાં આ ત્રણે ગુણો ગુરુમાં વિકસ્યા હોય, પરંતુ જે યથાર્થ વાણીયોગ તેમનામાં જોઈએ તેનો અભાવ હોય તો પણ ખરા કલ્યાણમાં ખામી આવે. ગુરુ શિષ્યને માર્ગદર્શન આપે છે તે મુખ્યતાએ વાણીદ્વારા હોય છે. ગુરુને થયેલા કે થતા અનુભવોનું વર્ણન, શિષ્યને જિજ્ઞાસાર્થે ઉપજતા પ્રશ્નોનું સમાધાન, બોધ પ્રાપ્તિ વગેરે માટે ગુરુને બળવાન વાણીયોગની જરૂર પડે છે. જો રહસ્યસ્ફોટક વાણીયોગ ગુરુને હોય નહિ તો ગુરુદ્વારા અપાતું માર્ગદર્શન અત્યંત ખામીભરેલું બને છે. તેથી જેનું "અપૂર્વવાણી" રૂપ અંગ નબળું હોય તે ઉત્તમ ગુરુ થઈ શકે નહિ.

આ 'અપૂર્વવાણી'ને જાળવી રાખવા માટે "પરમશ્રુત" પણું આવશ્યક છે. પરમશ્રુતપણું એટલે જ્ઞાનની બહુલતા, જેને જે કંઈ અભિપ્રેત પ્રશ્ન હોય તેનો યથાર્થ ઉત્તર આપવાની શક્તિ તે પરમશ્રુતપણું. અનેકાનેક શાસ્ત્રગ્રંથો રહસ્યજ્ઞાન સાથે સમજાયા હોય, આત્માનુભવની ઊંડી અનુભૂતિઓ, યથાર્થ રહસ્યની સમજ સાથે સ્મૃતિમાં હોય ત્યારે જીવમાં પરમશ્રુતપણું સંભવી શકે છે. વિવિધ આત્માઓના વિવિધ કર્મો વિવિધ પ્રકારનું સમાધાન માગે છે. તેથી શિષ્યની બહુલતામાં પ્રત્યેકને સંતોષ આપી સત્ય માર્ગદર્શન આપતા રહેવા માટે 'પરમશ્રુતપણું' એ બળવાન લક્ષણ સદ્ગુરુ માટે ગણી શકાય.

આત્મસિદ્ધિના આ દોહરા વિશે ઊંડાણથી વિચારતાં સમજાય છે કે તેમાં જણાવેલા ગુણો શ્રી સદ્ગુરુની પાત્રતા પુરવાર કરવા અગત્યના છે. આ સદ્ગુણોથી રહિત કોઈ પણ ગુરુ તેના

શિષ્યોની અલ્પાગતાને બરાબર જાણી શકે નહિ. તેથી જે અસદ્‌ગુરુ છે તે પોતાનું અને શિષ્યનું અકલ્યાણ કરવામાં અગ્રસ્થાને રહી શકે છે. સંસારક્ષયનું ઇચ્છિત ફળ શિષ્ય, અસદ્‌ગુરુ આશ્રયે કદાપિ પ્રાપ્ત કરી શકતો નથી. આમ હોવાથી શિષ્યે પોતાના ગુરુમાં આ ગુણોનો આવિર્ભાવ થયો છે તેની ખાતરી કરવી જરૂરી છે. આ સદ્‌ગુણોથી સુશોભિત ગુરુનાં શરણમાં જઈ, તેમની આજ્ઞાનુસાર વર્તવાથી જીવની ઇચ્છિત આત્મશુદ્ધિ થાય છે.

જે ગુરુમાં અમુક પ્રમાણમાં આત્મવિશુદ્ધિ પ્રગટી હોય છે તેમનામાં આ ગુણો ખીલે છે. એટલે કે આ ગુણોની ખીલવણીના પાયામાં આત્મશુદ્ધિ રહેલી છે. આ ગુણો જ્યારે વિશાળતાએ જીવમાં ખીલે છે ત્યારે તેનામાં અન્ય જીવોને માર્ગદર્શન આપવાની, તેની આંતર સ્થિતિ તથા અનુભવોને અર્થ સહિત જાણવાની શક્તિ પ્રગટ થાય છે. વળી તેનામાં મોક્ષમાર્ગની યથાર્થ સમજણ પણ હોય છે અને તેને સર્વજ્ઞ પ્રભુ તરફથી યોગ્ય દોરવણી પણ મળ્યા કરે છે. તેના આધારે તે સદ્‌ગુરુ પોતાના શિષ્યોને સુખ્ય દોરી માર્ગે આત્મ-શ્રેણિમાં વિકસિત કરે છે. પરિણામે ગુરુ તથા શિષ્ય બંને પૂર્ણતા પ્રતિ એકધારી પ્રગતિ કરી શકે છે.

શ્રી સદ્‌ગુરુ, પોતાના શિષ્યની પાત્રતા તથા આજ્ઞાધીનતા જોઈ, તેના કર્મનાશ અર્થે પોતાને સિદ્ધ થયેલો મંત્ર કરવા સૂચવે છે. શ્રી ગુરુને 'આત્માના કોઈ ગુણનું મંત્રરૂપ રટણ કરવા આપવાથી તે મંત્ર ફળીભૂત થશે' એ પ્રકારની બાંહેધરી તેમના ગુરુ કે તેમના પરમાર્થ વડીલ તરફથી મળી હોય ત્યારે તેમને તે મંત્ર સિદ્ધ થયો કહેવાય. બધા આરાધક જીવોને આવી મંત્રસિદ્ધિ આવતી નથી. અન્ય ગુણો પ્રગટ્યા હોય પણ મંત્રસિદ્ધિ થઈ ન હોય તો આત્મકલ્યાણનું મુખ્યાંગ ખૂટ્યું કહેવાય. મંત્રસિદ્ધિ તે કલ્યાણની ગુરુકૃપ

મંત્રસ્મરણ

કરવા માટે ખૂબ ઉપકારી છે. જે જીવે અન્ય જીવોના કલ્યાણ માટે વિશેષતાએ, બહુલતાથી તથા ઊંડાણથી, લાંબા ગાળા સુધી ભાવો કર્યા હોય; તે જીવને તેના ભાવની સફળતા અર્થે શ્રી પ્રભુ તરફથી મંત્રની સિદ્ધિ મળે છે. જેને મંત્ર સિદ્ધ થયો છે એવા આપ્તપુરુષ જે જે જીવોને તેમની પાત્રતા અનુસાર મંત્રરટણ કરવા કહે છે, તેને તેને તે જીવોના પુરુષાર્થના પ્રમાણમાં ફળવાન થાય છે. આવા સમર્થ ગુરુનું સાનિધ્ય શિષ્યને કલ્યાણમાર્ગે ત્વરાથી આગળ વધારે છે. અન્ય સદ્ગુરુની આત્માનો આશ્રય શિષ્યની પાત્રતાને બળવાન કરે છે, તથા ઉત્તમગુરુની પ્રાપ્તિ કરવાના ઉપાદાનને તૈયાર કરવામાં મદદરૂપ થાય છે.

મંત્રોનું વૈવિધ્ય તથા સફળપણું.

જે જીવે જગતજીવોના કલ્યાણના ભાવ વિશેષતાએ કર્યા હોય છે તેને તેના ભાવની પૂર્ણતા અર્થે, તેના પોતાના કર્મ અનુસાર મંત્ર સિદ્ધ થાય છે. આવા કલ્યાણના ભાવો કરી, તેમાં પોતાનું પુણ્ય વાપરનાર અનેક જીવો આ જગતમાં છે. તે સર્વને પોતપોતાના કર્મો ભિન્નતાવાળા હોય છે, વળી દરેકની, જીવના કલ્યાણ માટેની ભાવના તરતમતાવાળી તથા વિવિધતાવાળી હોય છે; આથી તેઓને સિદ્ધ થતા મંત્રો એવી જ વિવિધતાવાળા હોય તે સાવ સ્વાભાવિક છે. તેમને પોતાને જે જાતના કર્મો હોય, જે જાતના જીવો સાથે કલ્યાણ માટેના ઋણાનુબંધ હોય તે જાતના મંત્રની સિદ્ધિ શ્રી પ્રભુ તરફથી આવે છે. આત્મશુદ્ધિ માટેનાં જ મંત્રોમાં પણ આ કારણે અનેક પ્રકારનું વૈવિધ્ય અનુભવવામાં આવે છે. એથી કેટલીક વખત અણસમજુ જીવ આ ભિન્નતા જોઈ વિકલ્પમાં પડી કોઈ ને કોઈ સન્માર્ગી જીવની

અશાતના કરી બેસે છે, અને પોતાનો કર્મબંધ વધારી મૂકે છે.

આ કસોટી અનુસાર શ્રી કૃપાળુદેવનો વિચાર કરીએ તો સમજાય છે કે તેમને શ્રી મહાવીર પ્રભુની કૃપાથકી "સહજાત્મસ્વરૂપ પરમગુરુ" એ મંત્ર સિદ્ધ થયો હતો. તેમની વિશાળ કલ્યાણભાવના અને બળવાન પુરુષાર્થને કારણે તેમને બીજા ઘણા મંત્રો સિદ્ધ થયા હતા, તે સહુમાં આ મંત્ર અગ્રસ્થાને હોવાથી તેની વિચારણા કરી છે. આ મંત્ર તેમને વિશુદ્ધિ અર્થે ઉપકારી થાય તે સ્વાભાવિક છે, તે ઉપરાંત આ મંત્રનું રટણ કરવા તેઓ જે પાત્ર જીવને સૂચવે તેને પણ આ મંત્ર લાભકારી થાય. આ મહા-મંત્રનો વિચાર કરીએ તો આત્માના કેટલાક ગુણોનો તથા મોક્ષમાર્ગ-નો સમાવેશ તેમાં થયેલો જોવા મળે છે. આત્માનું સહજ સ્વાભાવિક રૂપ એ તેનું શુદ્ધ રૂપ છે. આ શુદ્ધરૂપ એ પ્રત્યેક જીવને માટે પરમગુરુ, મહાનગુરુ સમાન ઉપકારી છે. આત્માનું સહજરૂપ એટલે તેનું શુદ્ધરૂપ, સર્વ પ્રકારનાં કર્મમલથી રહિત એવું રૂપ. આ શુદ્ધ સ્વરૂપનો અંશ પ્રત્યેક જીવને સંસારપરિભ્રમણના પ્રારંભિક કાળથી મળેલ હોય છે. પ્રત્યેક જીવને આત્માના અસંખ્ય પ્રદેશમાંથી આઠ પ્રદેશ સંપૂર્ણ નિરાવરણ અર્થાત્ શ્રી સિદ્ધભગવાનના આત્મપ્રદેશ સમાન પૂર્ણ શુદ્ધ હોય છે, તેમાં કોઈ પણ પ્રકારના કર્મનું એક પણ પર-માણુ લાગેલું હોતું નથી, આ પ્રદેશો આઠ રુચક પ્રદેશ તરીકે ઓળખાય છે. આ આઠ શુદ્ધ પ્રદેશો બળ આપી જીવને આત્મમાર્ગે રુચિ કરાવનાર થાય છે અર્થાત્ આ આઠ શુદ્ધ પ્રદેશો બાકીના અશુદ્ધ પ્રદેશોને શુદ્ધ થવા માટે ઉત્તમ પ્રેરણા પૂરી પાડે છે, એમ નિશ્ચયથી સમજાય છે.

આત્માના આ આઠ શુદ્ધ નિરાવરણ પ્રદેશો પર પ્રત્યેક ગુણના અંશો પ્રગટેલા હોય છે, બાકી બધા પ્રદેશો પર

કર્મની વર્ગણાને કારણે એ ગુણો અવરાયેલા હોય છે. જ્યારે જીવને છૂટવાની ભાવના પ્રબળ બને છે ત્યારે શુદ્ધ રુચક પ્રદેશો કાર્યકારી બની, સાથેના અશુદ્ધ પ્રદેશોને માર્ગદર્શન આપી પ્રત્યક્ષ સદ્‌ગુરુના સાન્નિધ્યમાં લઈ જાય છે. પ્રત્યક્ષ સદ્‌ગુરુની આજ્ઞાએ વર્તી વિશુદ્ધિમાં પ્રગતિ કરવાની પ્રેરણા તથા સમજણ પણ આ રુચક પ્રદેશો અશુદ્ધ પ્રદેશોને આપે છે અને કર્તવ્યપરાયણ બને છે. જ્યારે વિવેકથી અને ઊંડાણથી આ 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ' મંત્રનો વિચાર કરવામાં આવે છે ત્યારે સમજાય છે કે આત્માના શુદ્ધ પ્રદેશો, અશુદ્ધ પ્રદેશો માટે પરમ ઉપકારી સદ્‌ગુરુ છે, અર્થાત્ પોતે જ પોતાનો ગુરુ બની સર્વ વિશુદ્ધિ પ્રાપ્ત કરી શકે તેમ છે. આ પ્રકારે આ મંત્રમાં મોક્ષમાર્ગ સમાયેલો છે. તે ઉપરાંત આત્માનું સહજ સ્વરૂપ વિચારતાં વર્તમાન સ્થિતિ એ આત્માની પર્યાય સ્થિતિ છે – સહજ સદાકાળ રહેવાવાળી સ્થિતિ નથી. સહજ સ્થિતિ તેનાથી જુદા રૂપવાળી હોવી જોઈએ તેવો અણસાર પણ આ મંત્રથી મળે છે. તે સહજ સ્થિતિનું ધ્યાન જીવને પરમ ઉપકારક છે તેવો લક્ષ "પરમગુરુ" શબ્દમાંથી મળી આવે છે. આ પ્રકારે "સહજાત્મસ્વરૂપ પરમગુરુ" મંત્રમાં આત્માના સ્વરૂપનો, તેની વર્તમાન સ્થિતિનો, તેની સહજ સ્થિતિ પ્રાપ્ત કરવાના માર્ગનો લક્ષ સમાયેલો જોઈ શકાય છે.

આત્મમાર્ગી શ્રી કૃપાળુદેવને આ મંત્ર ખૂબ જ ઉપકારી થયો હોવો જોઈએ. તેઓ એવા એકાકી કાળ તથા પ્રસંગોમાંથી પસાર થયા હતા કે તેમને પ્રત્યક્ષ સદ્‌ગુરુના યોગનું તથા સત્સંગનું સુલભપણું નહોતું. એ બંનેની પ્રાપ્તિ માટે તેમને સખત અને સતત ઝૂરણા વર્તતી હતી. એમના અનેક પત્રોમાં આ ઝૂરણા વિશદતાથી વ્યક્ત થયેલી જોવા મળે છે. સાથે સાથે તેમનામાં

બળવાન પાત્રતા પણ હતી. આવા સંજોગોમાં તેમનું કલ્યાણ કરે નાર અને પ્રત્યક્ષ સદ્ગુરુપ્રાપ્તિનું સફળપણું આપનાર કર્મનું ફળવાનપણું કરે એવો વચલો માર્ગ તેમના માર્ગદર્શક શ્રી મહાવીર પ્રભુએ ગ્રહ્યો હોય એમ જણાય છે. બાહ્યથી શ્રી કૃપાળુદેવને પ્રત્યક્ષ સદ્ગુરુયોગનો અભાવ રહ્યો, પરંતુ બળવાન યોગ્યતા - પાત્રતાને કારણે તેમને અંતરંગમાં આવશ્યક એવું માર્ગદર્શન વારંવાર મળતું રહ્યું. શ્રી મહાવીર પ્રભુએ કૃપાળુદેવને એ પ્રકારની સમજણ આપી હોવી જોઈએ કે, 'તારા આત્માના આઠ રુચક પ્રદેશો મારા પ્રત્યેક આત્મપ્રદેશ સમાન શુદ્ધ છે. તે પ્રદેશોનો આશ્રય કરી આરાધન કરીશ તો મારા તરફથી યોગ્ય માર્ગદર્શન સતત મળ્યાં જ કરશે. આના પરિણામે તારું જ્ઞાન ખીલશે, તારો મોહ તૂટશે અને આત્મમાર્ગ અત્યંત પ્રત્યક્ષ અનુભવાશે.' આવી સમજણને આધારે તેમનું આરાધન અંતરંગથી વધતું ગયું. જેમ જેમ આ મંત્રનું રટણ વધતું ગયું તેમ તેમ તેમને આત્મગુણોની સમજણ તથા પ્રાપ્તિ શ્રી કૃપાળુ મહાવીર પ્રભુની કૃપાથી મળતાં ગયાં. આ મંત્રના રટણ દ્વારા તેમણે ઘણા પ્રકારે ઘાતી કર્મોનો ક્ષય કરવાનો અનેરો લાભ મેળવ્યો. તે ઉપરાંત પોતાની યોગ્યતાને કારણે, જેને જેને એ મંત્રનું રટણ કરવા તેઓ કહે તેને તેને તે મંત્ર કર્મક્ષયાર્થે અવશ્ય ફળે, જો યથાયોગ્ય આરાધન કરવામાં આવે તો, એવી મંત્રસિદ્ધિ પણ તેમને પ્રાપ્ત થઈ હતી. જેના પરિણામે પ્રભુશ્રી આદિ અનેક મુમુક્ષુ જનોને તે મંત્રનું લાભકારક ફળવાનપણું થયું હતું તે સુવિદિત છે.

પોતાની સિદ્ધિ કાર્યરત થયા પછી, આરાધન વિશદ બનવાથી, સાધકમાં એવી શક્તિ આવે છે કે, તેઓ

મંત્રસ્મરણ

જે યોગ્ય પાત્રને મંત્રદાન કરે તે પાત્રને તે મંત્ર સિદ્ધ થાય છે. અર્થાત્ તે પાત્ર જીવ બાળને મંત્રદાન કરી કલ્યાણદાન કરવામાં સરળતાથી થઈ શકે છે. ઉદા. તરીકે શ્રી મહાવીર પ્રભુએ કૃપાળુદેવને યોગ્ય જાણી 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ' એ મંત્રનું દાન કર્યું. જ્યારે તેમની યોગ્યતા વિશેષ થઈ ત્યારે બીજા પાત્ર જીવને મહાવીર પ્રભુની આજ્ઞાથી મંત્રદાન કરે તો તે જીવને મંત્ર આત્માર્થે ફળવાન થાય એવી સિદ્ધિ આવી. એનાથી પણ વિશેષ આરાધનની શુદ્ધિ થાય ત્યારે કૃપાળુદેવમાં એ વિશેષતા આવે કે તેઓ અન્ય પાત્ર જીવને મંત્રસિદ્ધિ આપી શકે. એટલે કે તે જીવ બાળને મંત્રદાન કરવા જેટલો ભાગ્યશાળી બની શકે. આમ જીવનું આરાધન વધતાં વધતાં મંત્રસિદ્ધિની વિશાળતામાં બધાને સમાવી લેવા જેટલી શક્તિ પ્રાપ્ત કરી શકે છે. આખા જગતનાં જીવોને મંત્રદાન કરી કલ્યાણદાન કરી શકવાની શક્તિ જે આત્મામાં આવે છે તે તીર્થંકરપદ શોભાવે છે. પોતાના ગુરુની આજ્ઞા સાથે બાળને મંત્ર આપવાથી તે મંત્ર અવશ્ય ફળવાન થાય છે.. તેમાં આજ્ઞાનું મહાત્મ્ય જોઈ શકાય છે.

પરંતુ જો કોઈ મંત્રસિદ્ધિ પામેલો વ્યક્તિ પોતાના ગુરુની આજ્ઞા વિના કોઈ જીવને મંત્રદાન કરે તો તે મંત્ર એ જીવને પાત્ર હોવા છતાં આત્માર્થે ઉપકારી થતો નથી. આજ્ઞા મળ્યા વિના કરેલું કાર્ય ધર્મવિરુદ્ધ છે કારણ કે તેમાં સ્વચ્છંદ છે, અનંત જ્ઞાની પરમાત્માનો અવિનય છે. તેથી પોતાના સદ્ગુરુની આજ્ઞા અનુસાર જ વર્તવું એવો બોધ આપતાં શ્રી મહાવીર પ્રભુએ સૂત્રાત્મક શૈલીમાં કહ્યું છે કે 'આણાએ ધમ્મો' - આજ્ઞાનું આરાધન એ જ ધર્મ છે આવું શુભ કાર્ય કરવા માટે પોતાના ગુરુની- સત્પુરુષની આજ્ઞા મેળવવી અનિવાર્ય છે.

એમની આજ્ઞા મળતાં તે સૂત્ર કે વચનમાં સજીવન પ્રાણ પૂરાય છે. અને તેથી તેને તે મંત્ર ફળે છે. શ્રી સદ્ગુરુની - સત્પુરુષની મંત્રદાન કરવા માટે આજ્ઞા મળવી એ જ મંત્રસિદ્ધિ છે.

કદાચિત્ એવું બને કે જેને મંત્રસિદ્ધિ થઈ હોય તેવા પુરુષનો પ્રત્યક્ષ યોગ ન હોય, જે દ્વારા મંત્રદાન ગ્રહણ કરી શકાય, અને મંત્રની જાણકારી હોય, તો તેવે પ્રસંગે જો જીવ મંત્રસિદ્ધિવાળા આત્માની આજ્ઞા લઈ આત્મોન્નતિ અર્થે એ મંત્ર ગ્રહણ કરે તો તેના પ્રભાવથી પુણ્યબંધ તથા ભાવિમાં પ્રત્યક્ષ સદ્ગુરુ પ્રાપ્તિનો યોગ મેળવી શકે. (જીવ મંત્રસિદ્ધિ સહિતના પુરુષનું મનથી ચિંતવન કરે, તેમના ગુણની સ્તવના કરે અને પોતાના કલ્યાણાર્થે મંત્રદાન આપવાની કૃપા કરવા વિનંતિ કરે, અને પછી તેની નિયમિત રટના કરે... આ રીતે કરવાથી મંત્ર ગ્રહણ કરવાની આજ્ઞા લીધી કહેવાય.) આ અપેક્ષાએ સિદ્ધ ન થયેલા મંત્રનું રટવું પણ અમુક અંશે ઉપકારી થાય છે. તેનું કારણ સમજાય તેવું છે. આત્માની ઉન્નતિના ભાવથી જીવ પરપદાર્થોના વિચારો ત્યાગી આત્મગુણનું રટણ કરે છે, તેના ફળરૂપે જે પુણ્યબંધ થાય છે તે પુણ્યબંધ ભાવિમાં પ્રત્યક્ષ સદ્ગુરુનો યોગ અને માર્ગદર્શન પ્રાપ્ત કરાવે છે.

શ્રી કૃપાળુદેવને 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ'નો મંત્ર મોહનીય કર્મના ક્ષયાર્થે સિદ્ધ થયો હતો. એ જ રીતે બાકી ઘાતી કર્મોનો નાશ કરવા માટે અન્ય મંત્રો સાંપડ્યા જ હોય, જેનું આરાધન કરવાથી સર્વ જીવનાં કલ્યાણની ભાવના સફળ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થાય. પાત્ર તથા ગુણી આત્માને તેમની બળવાન કલ્યાણભાવનાના અનુસંધાનમાં આત્માને જુદી જુદી અવસ્થાએ ઉપકારી એવા અનેક મંત્રો સિદ્ધ થાય છે જે મંત્રોનો

યથા અવસરે ઉપયોગ કરી તેઓ સ્વપર કલ્યાણ કરવામાં અપૂર્વ ફાળો નોંધાવે છે.

જેમ શ્રી કૃપાળુદેવને તેમ સ્વપર કલ્યાણમાં રાચનારા બીજા સમર્થ આત્માઓને તેમના સદ્‌ગુરુની કૃપાથી આત્મારાધક તથા કર્મનાશ સૂચક ગત ભવના મંત્ર સિદ્ધ થયા હોય છે. જે પ્રકારની જરૂરત હોય તે પ્રકારનાં ગુણસૂચક આ મંત્ર સંભળાવે છે. ઉદા. શ્રી જ્ઞાનભૂષણ ભટ્ટારકને "હું શુદ્ધ ચિદ્રૂપ છું" એ મંત્રની સિદ્ધિ આવી હતી. આત્માના ચેતનગુણના લક્ષના રટણથી તેમની ચિદ્‌શુદ્ધિ વર્ધમાન થઈ હતી. જીવે પોતાનું શુદ્ધ સ્વરૂપ બળવાન કરવાનું છે, પ્રગટાવવાનું છે એ લક્ષને મજબૂત કરવા માટે એ મંત્રમાં 'શુદ્ધ' શબ્દ વણાયેલો જોવા મળે છે. તે પરથી સમજાય છે કે શ્રી જ્ઞાનભૂષણજીને પોતાની આત્મદશા વર્ધમાન કરવામાં આત્માનું ચૈતન્યરૂપ (ચિદ્ રૂપ - ચિદ્રૂપ) શુદ્ધતાએ પ્રગટાવવાનું રટણ ઉપકારી થયું હતું. વળી તેમના દ્વારા આ મંત્ર જેને જેને અપાયો હોય તેને તેને પણ શુભ ઋણાનુબંધને કારણે એવો જ ઉપકારક નીવડે. પરંતુ જો કોઈ જીવ પોતાની મતિકલ્પનાએ, સ્વચ્છંદથી આ મંત્રનું રટણ કરે તો તેને તે સ્વરૂપે ફળવાન થાય નહિ.

બીજી એક વાત પણ અહીં સમજવી ઘટે છે. આત્માને જે મંત્રની સિદ્ધિ થઈ હોય તેનું મંત્રદાન કરવામાં આવે તો જ ઈચ્છિત સફળતા મળે છે. અસિદ્ધ મંત્રનું દાન કરવામાં આવે તો તે મંત્રથી ઈચ્છિત ફળ પ્રાપ્ત થાય નહિ. જેમકે જે મંત્ર શ્રી જ્ઞાનભૂષણ ભટ્ટારકને સિદ્ધ થયો છે તે મંત્ર શ્રી કૃપાળુદેવ આપે અથવા જે મંત્ર શ્રી કૃપાળુદેવને સિદ્ધ થયો છે તે અન્ય કોઈ જીવ બીજાને દેવા કરે તો તે મંત્ર આત્માર્થે ફળવાન થાય નહિ.

કેમકે એમ કરવાથી મંત્રદાતા પોતાના સદ્‌ગુરુ તેમજ સર્વજ્ઞ પ્રભુની આજ્ઞાવિરુદ્ધ વર્તે છે એમ કહી શકાય.

આ પ્રક્રિયા સમજાતાં એ સ્પષ્ટ થયું હશે કે સર્વ સમર્થ પુરુષોને અલગ અલગ મંત્રસિદ્ધિ કેમ હોય છે! પ્રબળ કલ્યાણભાવ કરનાર સમર્થ આત્માઓના કર્મો ભિન્ન ભિન્ન હોય છે. તથા તેમના ઋણાનુબંધીઓની જરૂરિયાત પણ ભિન્ન ભિન્ન હોય છે. તે સર્વને અનુરૂપ અને સર્વને યોગ્ય અલગ અલગ મંત્રો પ્રગટ થતા રહે છે, આરાધન થતું રહે છે અને કલ્યાણમાર્ગ પ્રવાહની માફક વહેતો રહે છે. તેથી 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ', 'હું શુદ્ધ ચિદ્રૂપ છું', 'હું જ્ઞાનસ્વરૂપ આત્મા છું', 'પરમાનંદમય આત્મા છું', 'હું સિદ્ધસદૃશ આત્મા છું', 'હું શુદ્ધ આત્મા છું', 'હું અવિનાશી ચૈતન્યમય આત્મા છું', 'ૐ', 'ૐ શાંતિ:', 'શ્રી', 'અર્હત', 'મહાવીર', 'શ્રી સર્વજ્ઞાય નમઃ', 'શ્રી કૃષ્ણં શરણં મમ', 'રામ', 'સોઙહમ', 'ૐ તત્ સત્', 'પ્રભુ કૃપાથી મારું જ્ઞાનાવરણ નાશ પામો,' 'પ્રભુકૃપાથી મારું દર્શનાવરણ નાશ પામો' 'પ્રભુકૃપાથી મારો અંતરાય ભસ્મ થાઓ', વગેરે વગેરે ભિન્ન ભિન્ન કર્મોનો નાશ સૂચવતા અનેક મંત્રો અત્યારે પ્રસિદ્ધ છે. તેના પ્રત્યક્ષ દાતાના અભાવમાં મંત્રનું ગ્રહણ કેવી રીતે કરવું?

આ સમજણ મેળવ્યા પછી, ઊંડી વિચારણામાં જતાં જીવને એ પ્રશ્ન મૂંઝવતો રહે છે કે જ્યાં સુધી જીવને પ્રત્યક્ષ સદ્‌ગુરુનો યોગ થાય નહિ, મંત્રપ્રાપ્તિ થાય નહિ ત્યાં સુધી શું તેનો આત્મવિકાસ સંભવી શકે નહિ? આવી સ્થિતિમાં પ્રાર્થના અને ક્ષમાપનાના સહારાથી જીવ સદ્‌ગુરુ પ્રાપ્તિ માટેની પોતાની પાત્રતા બળવાન કરી શકે છે. અને સાથે સાથે શ્રી તીર્થંકર

મંગલસ્મરણ

પ્રભુએ પ્રગટ કરેલા અનાદિ સિદ્ધ એવા નમસ્કાર મહામંત્રના આરાધનથી આત્મવિકાસ પણ સાધી શકે છે. આ મહામંત્રના પ્રભાવથી આત્મશુદ્ધિ, સદ્ગુરુ, સન્માર્ગ આદિની પ્રાપ્તિ તથા આરાધન સુલભ થાય છે.

નમસ્કાર મહામંત્ર

णमो अरिहंताणं ।
णमो सिद्धाणं ।
णमो आयरियाणं ।
णमो उवज्झायाणं ।
णमो लोए सव्वसाहुणं ।
एसो पंच णमुक्कारो ।
सव्व पाव पणासणो ।
मंगलाणं च सव्वेसिं ।
पढमं हवइ मंगलं ॥

જ્યારે પ્રત્યક્ષ સદ્ગુરુ કે તેમના દ્વારા મળતા સિદ્ધ મંત્રની પ્રાપ્તિની સંભાવના ન હોય ત્યારે મોક્ષમાર્ગ બંધ ન થઈ જાય તેવા અત્યંત બળવાન શુભ હેતુથી આ મંત્રનું પ્રગટીકરણ શ્રી તીર્થંકર ભગવાને કર્યું છે. વર્તમાન શાસન શ્રી મહાવીર પ્રભુનું હોવાથી આપણે કહી શકીએ કે શ્રી મહાવીર દેવે જનકલ્યાણાર્થે આ મંત્ર આપ્યો છે. પરંતુ શુદ્ધભાવથી વિચારતાં જણાય છે કે પ્રત્યેક તીર્થંકર પ્રભુ લોક કલ્યાણાર્થે આ મંત્ર પ્રગટ કરતા આવ્યા છે, જેનું આરાધન પ્રત્યક્ષ ગુરુના અભાવમાં પણ ઉત્તમ ફળ આપે છે. સર્વજ્ઞ શ્રી તીર્થંકર પ્રભુની સ્મૃતિ લઈ, મનથી તેમની આજ્ઞા લઈ, જે કોઈ જીવ આ મંત્રનું ભાવપૂર્વક

આરાધન કરે તો તેને આ મંત્ર સરળતાએ ફળે છે. પ્રત્યેક તીર્થં-કર પ્રભુ પોતાની જીવ સમસ્તનું કલ્યાણ કરવાની ભાવના એમાં રેડી પ્રાણ પૂરતા આવ્યા છે આથી આ મંત્ર અનાદિ સિદ્ધ છે. અનાદિકાળ પહેલાં શરૂ થયેલો આ મંત્ર અનંતકાળ પછી પણ રહેવાનો છે તે કારણે શ્રી સર્વજ્ઞ પ્રભુએ આ મંત્રને 'શાશ્વતો' કહ્યો છે. કોઈ પણ કાળે અને કોઈ પણ ક્ષેત્રે આ મંત્રનો પ્રભાવ રહેતો હોવાથી તે યથાર્થતાએ "મહામંત્ર" તરીકે ઓળખાય છે.

અન્ય સર્વ મંત્રો આત્માના અમુક વિશિષ્ટ ગુણને કે વ્યક્તિને લક્ષમાં લઈને રચાયા હોય છે, કારણ કે જે જીવે એનું રટણ કરવાનું હોય છે તેને તે ગુણનો વિકાસ સત્તાગત કર્મોનો નાશ કરવા જરૂરી હોય છે. આમ એ મંત્ર મર્યાદિત જનસમૂહને ઉપકારી થાય છે, પરંતુ તે મંત્ર તે સમૂહને વિશેષતાએ અને ત્વરાથી ફળવાન થાય છે કારણ કે તેમના કલ્યાણના ઉદ્દેશથી એની રચના થઈ હોય છે. એ જ પ્રમાણે નમસ્કાર મહામંત્ર સમસ્ત જનકલ્યાણાર્થે રચાયેલો હોવાથી આત્માના સર્વ ગુણોને આવરી લે એ પ્રકારે રચાયો જણાય છે.

આ મહામંત્રમાં મોક્ષમાર્ગના પ્રણેતા તેમજ મોક્ષ-માર્ગને યથાર્થ અનુસરનાર સર્વનો સમાવેશ થઈ શકાય છે, સાથે સાથે તે સર્વને તેમાં ભાવપૂર્વક વંદન કરાયેલા છે. આ વંદન કરવાથી જીવને ઘણો વિશેષ લાભ થાય છે. મોક્ષમાર્ગમાં યથાર્થતાએ ચાલતા આત્માઓને જીવ જ્યારે ભાવપૂર્વક વંદન કરે છે ત્યારે તે તે આત્માઓ સમક્ષ મંત્રરટનારનું લઘુત્વ સ્વીકારાય છે. આ લઘુત્વના સ્વીકાર સાથે મનુષ્યગતિના સૌથી મોટા કષાય "માન" ભાવનું નિરસન શરૂ થાય છે. જેમ જેમ આ મંત્ર રટાય છે તેમ તેમ જીવનો માનભાવ ઓગળતો જાય છે અને સ્વચ્છંદ કાબુમાં આવતો જાય છે. જે જે મહારિપુને આરી

વંદન થાય છે, તેમની સામે જીવનું પોતાનું અલ્પત્વ સમજાતાં તેનો માનભાવ પીગળે છે. સાથે સાથે તેમના જેવી આત્મિક ઋદ્ધિ મેળવવાની ભાવનાથી તેમના શરણમાં રહેવાના ભાવ જેમ જેમ બળવાન થતા જાય છે તેમ તેમ તેનો સ્વચ્છંદ નષ્ટપ્રાય: થતો જાય છે. જેવી ઋદ્ધિ શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતને મળી છે તેવી ઋદ્ધિ મેળવવી હોય તો શ્રી અરિહંત પ્રભુ, શ્રી સિદ્ધ પરમાત્મા, શ્રી આચાર્યજી, શ્રી ઉપાધ્યાયજી તથા શ્રી સાધુસાધ્વીજીને વંદન કરી, તેમની આજ્ઞાએ ચાલવાથી થાય છે, તેનું દૃઢત્વ જીવને થાય છે.

નમસ્કાર મહામંત્રનું પહેલું પદ છે 'णमो अरिहंताणं'. જેનો અર્થ થાય છે, 'હું અરિહંત ભગવાનને વંદન કરું છું.' આ પહેલા પદમાં શ્રી તીર્થંકર પ્રભુને નમસ્કાર કર્યા છે. શ્રી તીર્થંકર પ્રભુ એટલે મોક્ષમાર્ગના પ્રણેતા. 'સર્વ જીવો કરું શાસનરસિ' એ ભાવનાની પૂર્તિ અર્થે જે મહાકલ્યાણનું ભાવન તેમનાથી થાય છે તેના ફળ રૂપે પૂર્ણ શુદ્ધિ પ્રાપ્ત કર્યા પછી તેઓ તીર્થંકર પદ શોભાવે છે. તેઓ સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા રૂપ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી, તેમના સમક્ષ પૂર્ણ શુધ્ધ થવા માટેનો મહામાર્ગ – મોક્ષમાર્ગ યથાર્થતાએ પ્રગટ કરે છે, જે માર્ગ તેમણે અનુભવ્યો છે. તીર્થની સ્થાપના કરવાનું મહાકાર્ય તેઓ કરતા હોવાથી શ્રી તીર્થંકર – તીર્થના કરનાર તરીકે દેવો, માનવો વગેરે જીવાત્માઓથી પૂજાય છે. છદ્મસ્થ અવસ્થામાં સર્વ જીવનું કલ્યાણ થાય એ પ્રકારના ભાવ તેમના આત્મામાં વારંવાર લાંબા ગાળા સુધી ઘૂંટાયા હોય છે તેથી જે કર્મબંધ થાય તેના ફળરૂપે તેમનાથી અનેકાનેક જીવોનું કલ્યાણ થાય છે, મોક્ષમાર્ગની સ્થાપના થાય છે તે માર્ગ સતત જયવંત રહે છે. તેમના માર્ગદર્શન હેઠળ અનેક જીવો તેમના સમાન સર્વજ્ઞપણું પ્રગટાવે છે. આવી નિષ્કારણ કરુણાના કરનાર

શ્રી તીર્થંકર પ્રભુ આ મહામંત્રમાં અગ્રસ્થાને હોય જ.

શ્રી તીર્થંકર પ્રભુનો આત્મા સર્વ ઘાતીકર્મોથી મુક્ત હોવાથી અત્યંત શુદ્ધ છે. તે આત્મામાં અનંત ગુણો તથા શક્તિઓ છે. તે બધામાં શ્રી તીર્થંકર પ્રભુના બાર ગુણો સુપ્રસિદ્ધ ગણાયા છે. ચાર ઘાતીકર્મોનો ક્ષય, ચાર અઘાતી કર્મોનો શુભ પ્રકારે ભોગવટો, તેમાં ૩૪ પ્રકારનાં અતિશય, ૩૫ પ્રકારનાં સત્યવચન વાણી તથા બાર ગુણોનો સમાવેશ થાય છે. શ્રી તીર્થંકર ભગવાનના બાર ગુણો આ પ્રમાણે ગણાય છે: આઠ પ્રતિહાર્ય અને ચાર અતિશય. સુર પુષ્પવૃષ્ટિ (૧), દેવ દુંદુભિ (૨), અશોકવૃક્ષ (૩), સિંહાસન (૪), ભામંડળ (૫), ત્રણ છત્ર (૬), ચામર (૭) તથા દિવ્ય ધ્વનિ (૮) એ આઠ પ્રતિહાર્ય ગણાય છે અને અપાયાપગમાતિશય (૧), જ્ઞાનાતિશય (૨), પૂજાતિશય (૩) તથા વચનાતિશય (૪) એ ચાર અતિશય છે. અપાયાપગમાતિશય એટલે રોગ ઉપદ્રવ તથા અઢાર દૂષણોનો નાશ. જ્ઞાનાતિશય તેમનું સર્વજ્ઞપણું સૂચવે છે. પૂજાતિશયને કારણે સહુ તેમને પૂજે છે. તથા વચનાતિશયને લીધે સહુ જીવો પોતપોતાની ભાષામાં પ્રભુનો ઉપદેશ માણે છે.

શ્રી તીર્થંકર પ્રભુના અનંત ગુણોમાંથી આ બાર ગુણોને શા માટે પ્રાધાન્ય અપાયું છે તેનો વિચાર કરતાં સમજાય છે કે તેમની નિષ્કારણ કરુણાબુદ્ધિનો આવિષ્કાર થતાં, દેવો તથા સમર્થ આત્માઓ પર તેમનો જે પ્રભાવ પડ્યો છે તેનું ચિત્રીકરણ કરનારા જે તત્ત્વો છે તેનો સમાવેશ શ્રી અરિહંત પ્રભુના બાર ગુણોમાં કરવામાં આવ્યો દેખાય છે. સર્વજ્ઞપણું પ્રગટાવ્યા પછી જીવ સમસ્તના કલ્યાણ અર્થે જે ઉત્તમ બોધ પૂર્ણ વીતરાગભાવથી શ્રી અરિહંત પ્રભુ પ્રકાશિત કરે છે, તે દેશના-સમયનું અદ્ભુત ચિત્ર હૃદયમાં કોતરાઈ જાય તેવું છે. પોતે મેળવેલા ઉત્તમ તત્ત્વને સાધ્ય કરવાનો મહામાર્ગ

પ્રકાશિત કરવાના શુભ ભાવ શ્રી પ્રભુએ કર્યા જ ન હોત તો? કેટ-કેટલા જીવોનું કલ્યાણ અટકી પડત? પૂર્ણ વીતરાગ અવસ્થામાં, પૂર્વ ભાવોની પૂર્ણતા અર્થે શ્રી પ્રભુ જે ઉત્તમ બોધદાનનું કાર્ય કરે છે તે જગત જીવોને માટે કેટલું ઉપકારક છે? પ્રભુના એ ઉપકારનો વિચાર કરતાં સહુ પાત્ર જીવોનાં મસ્તક તેમનાં ચરણારવિંદમાં નમી પડે છે. શ્રી પ્રભુના આ અદ્વિતીય ઉપકારને લક્ષમાં લઈ વૈમાનિક દેવો તેમનું બહુમાન કરે છે. જે તત્ત્વ દ્વારા એ દેવો બહુમાન કરે છે તે તત્ત્વો પ્રભુનાં આઠ પ્રતિહાર્ય - ચોકીદાર તરીકે ઓળખાય છે.

શ્રી પ્રભુને દેશના પ્રકાશવાનો ઉદય આવે છે, તે પહેલાં બે ઘડીએ વૈમાનિક દેવોને તેનો લક્ષ થાય છે. અને આ ઉત્તમ કાર્યને બિરદાવવા તથા સફળતાની ટોચે પહોંચાડવા કેટલાક દેવો પ્રવૃત્તિશીલ બની જાય છે. જે સ્થળે પ્રભુની દેશના પ્રકાશવાની હોય તે સ્થળને કેટલાક દેવો શણગાર કરે છે. એ પવિત્ર ભૂમિ પર દેવો અચેત સુગંધી પુષ્પોની વૃષ્ટિ કરી એ સ્થળને રંગબેરંગી અને આકર્ષક બનાવે છે. દેવો દ્વારા થતી આ શોભા સુરપુષ્પવૃષ્ટિ કહેવાય છે. (૧). પ્રભુની દેશના પ્રકાશવાની છે તેનો લક્ષ થતાં કેટલાક દેવો અતિ ઉત્સાહિત થઈ લોકોને જાણ કરવા નીકળી પડે છે. તેઓ પોતાના વિશિષ્ટ વાદ્ય 'દુંદુભિ' વગાડી લોકોને જણાવે છે કે હવે શ્રી પ્રભુની દેશના પ્રગટ થવાની છે, જે જાણીને ભાગ્યવાન જીવો પોતાની રોજિંદી પ્રવૃત્તિમાંથી નિવૃત્ત થઈ પ્રભુની ઉત્તમ દેશનાનો સુંદર લાભ લઈ શકે. દેવો દ્વારા થતી આ ક્રિયા પ્રભુના પ્રાતિહાર્ય "દેવદુંદુભિ" તરીકે ઓળખાય છે. (૨). શ્રી પ્રભુના દેશનાના પ્રકાશન કાળ પહેલાં બે ઘડીએ કેટલાક દેવો પ્રભુને બિરાજવાના સ્થળે, અહોભાવપૂર્વક વ્યાસપીઠની રચના કરવામાં ગૂંથાઈ જાય છે. પ્રભુ કયા સ્થળે દેશના પ્રકાશવાના છે તેની જાણકારી માટે દેવો એક

ખૂબ ઊંચા વૃક્ષની રચના કરે છે. તે વૃક્ષ અશોકવૃક્ષ તરીકે ઓળખાય છે. આ વૃક્ષનો પ્રભાવ એવો હોય છે કે તેનાં દર્શન થતાં જ જીવનાં મનમાં રહેલાં ખેદ, ગ્લાનિ કે શોક લુપ્ત થઈ જાય છે અને તેના સ્થાને સાત્વિક આનંદ આવી બેસે છે. તેવી શાંત સાત્વિક ચિત્તસ્થિતિમાં સાંભળેલો બોધ વિશેષ પરિણમે છે તે સહુના અનુભવની વાત છે. પ્રભુના અત્યુત્તમ બોધનો વિશેષતાએ લાભ સહુ જગતજીવોને મળે એવા શુભ હેતુથી લોકોનાં ખેદ, ગ્લાનિ કે શોકને દૂર કરવા માટે દેવો આ રીતે નિમિત્તરૂપ અને સહાયરૂપ થાય છે. બીજી બાજુ એ જ કાર્યથી દેવોનો પ્રભુ પ્રતિનો પ્રેમભર્યો અહોભાવ પ્રગટ થાય છે. આમ આ શોકને દૂર કરી કલ્યાણના નિમિત્તરૂપ થનાર અશોકવૃક્ષ એક વિશિષ્ટ પ્રાતિહાર્ય છે (૩). અશોકવૃક્ષની શોભામાં અભિવૃદ્ધિ કરનાર અને પ્રભુના મહાત્મ્યને બિરદાવનાર સિંહાસનની રચના વૈમાનિક દેવો જ કરે છે. વિવિધ પ્રકારનાં રત્નોથી જડાયેલ એક ભવ્ય સિંહાસનની રચના ઊંચા વ્યાસપીઠ પર, અને અશોકવૃક્ષની નીચે એ જ દેવો કરે છે. દેશના આપતી વખતે શ્રી તીર્થંકર પ્રભુ આ સિંહાસન પર બિરાજે છે. તે સિંહાસનની ભવ્યતા અબુધ જીવોને પ્રભુના ઐશ્વર્યનો બાહ્યથી આછો ખ્યાલ આપે છે જે ભાવિમાં તેમને પ્રભુની આંતરિક પ્રતિભા પ્રતિ ખેંચી જાય છે. આ અતિભવ્ય સિંહાસનની રચના એવી હોય છે કે વર્તુળાકારમાં બિરાજેલા સહુ જીવને શ્રી પ્રભુ પોતાની સન્મુખ જ જણાય છે. કોઈને પણ પ્રભુની પીઠ જોવાનો સમય આવતો નથી. આ મહત્તા જીવને કલ્યાણ કાર્યમાં ખૂબ સાથ આપે છે (૪).

અશોકવૃક્ષની નીચે, ઉત્તમ સિંહાસન પર બિરાજિત શ્રી તીર્થંકર પ્રભુની આત્માની પવિત્રતા સૂચક એક ઉત્તમ ભામંડળ તેમના મસ્તક પાછળ રહેલું હોય છે. તે ભામંડળની આભા સહુ

જીવોના લક્ષમાં આવતી નથી, પાત્રતાવાળા ઉત્તમ જીવો જ ભામંડળનું દર્શન પામી શકે છે. જે જીવો આ લાભથી વંચિત રહે, તેમના લાભાર્થે વૈમાનિક દેવો તે ભામંડળને દેવલોકના ઉત્તમ રત્નોથી શણગારે છે. અને એ રત્નોના પ્રભાવથી પ્રભુના ભામંડળના તેજનો સમવસરણ સ્થિત સહુ જીવોને લક્ષ થાય છે. એટલું જ નહિ, એ દર્શનથી સહુને પોતાના કોઈ ને કોઈ પૂર્વજન્મનું ભાન થાય છે, જે ભાન તે જીવને આત્મકલ્યાણ પ્રતિ દોરી જાય છે. પ્રભુનો આવો ઉત્તમ પ્રભાવ પ્રગટ કરનાર 'ભામંડળ' નામનું પ્રતિહાર્ય છે (૫). પ્રભુ સિંહાસન પર બિરાજમાન હોય કે અન્ય સ્થિતિમાં હોય, પ્રત્યેક અવસ્થામાં દેવલોકના ઉત્તમ તારથી ગૂંથાયેલા અને ઉત્તમ મોતીઓથી સુશોભિત કરાયેલા ત્રણ છત્રો તેમના મસ્તક પર, થોડા ઊંચે રહ્યા કરે છે. જેમ જેમ પ્રભુ વિહાર કરે તેમ તેમ તે છત્રો તેમની સાથે જ ચાલ્યા કરે. આ છત્રો જગતના જીવોને એવું સૂચવન કરે છે કે પ્રભુ સર્વ પ્રકારની અશાંતિથી પર છે તેવું દર્શાવવા માટે, તેમના ગુણોને વશ થઈને અમે, તેમની સાથમાં રહેલાં, તેમનાં મસ્તકે શોભીએ છીએ. તમે જો પ્રભુનાં શરણે રહેશો તો તમોને પણ અદ્ભુત ઉજ્જ્વલતા મળવા સાથે શાંતિપ્રેરક છાયા મળશે. અમે પ્રભુને સતત છાયા આપીએ છીએ તે જ એમનું અમારા પરનું આધિપત્ય સૂચવે છે. જગતના કોઈ દુષણો, દુઃખ કે દુઃખની છાયા પણ તેમને સ્પર્શી શકે નહિ તેની તકેદારી રાખતાં અમે તેનાં પ્રતિહાર્ય છીએ. (૬).

આ બધામાં શ્રી તીર્થંકર પ્રભુના મહિમાને વિશેષતાએ પ્રગટાવતું તત્ત્વ છે 'ચામર.' દેવલોકના ઉત્તમ તાંતણાથી ચામરની ગૂંથણી દેવો કરે છે અને જ્યારે પ્રભુની દેશના ચાલતી હોય ત્યારે ખાસ કરીને દેવો પ્રભુની સેવામાં રહી તેમને ચામર ઢોળે છે. તેનો અર્થ એ કરી શકાય કે સર્વ પ્રકારનું શુભ તથા કલ્યાણ

પ્રભુનાં શરણમાં જ વસે છે. તેથી પ્રભુનાં શરણમાં જે જીવ પ્રેમથી નમે છે તે નિયમપૂર્વક ઉત્તમ સ્થિતિને પ્રાપ્ત થાય છે. સાથે સાથે પ્રભુના શરણમાં રહેનારને કોઈ પણ અશુભ તત્ત્વ પીડા આપી શકતું નથી. પ્રભુનાં શરણે રહેવાથી જે લાભ થાય છે તે તેમનો ઉત્તમ ગુણ કહી શકાય. આ રીતે ચામર પ્રભુના રક્ષણના ગુણને પ્રકાશિત કરે છે. (૭). આ આઠે પ્રતિહાર્યનો આપણે સમગ્રપણે વિચાર કરીએ છીએ ત્યારે શ્રી પ્રભુનું એક અતિ આકર્ષક ચિત્ર આપણી સમક્ષ ખડું થાય છે. રંગબેરંગી પુષ્પોથી સુશોભિત કરાયેલી પવિત્ર ધરતી પર, સમગ્ર શોકને હરનાર અશોકવૃક્ષ નીચે ભવ્ય સિંહાસન પર શ્રી પ્રભુ ધ્યાનસ્થ છે. તેમના માથે મોતીથી સુશોભિત કરાયેલા ત્રણ છત્રો શોભે છે, તેમના મસ્તક પાછળ ઝળહળતું છતાં શાંતિદાયક ભવ્ય ભામંડળ છે. તેવે સમયે દેવો લોકોને દેશનાકાળની જાણ દેવદુંદુભિ વગાડતાં કરે છે અને પ્રભુને ચામર ઢોળી તેમનો મહિમા લોકોને પ્રત્યક્ષ કરાવે છે. આવા પવિત્ર વાતાવરણમાં શ્રી પ્રભુ આત્માને વિશુદ્ધ કરવાનો મહામાર્ગ દિવ્ય ધ્વનિથી ઘોષિત કરે છે. આ ધ્વનિનો પ્રભાવ એવો છે કે આખા સમવસરણમાં એક સરખા લય અને નાદથી પ્રભુની દેશના જીવ સાંભળી શકે છે. તેમ થવામાં દેવોની ધ્વનિ ગૂંથણી ખૂબ મદદરૂપ થાય છે. દેવો એવા પ્રકારની રચના કરે છે કે એ ધ્વનિ પરમાણુઓ એક સરખી ગતિથી અને વિના વિઘ્ને, મધુર લય સાથે આખા સમવસરણમાં બેઠેલા શ્રોતાગણને તેમના અંતરંગમાં પ્રવેશી ઉત્તમ લાભ આપે છે. આ પણ દેવોની આભાથી અનુભવાતું શ્રી પ્રભુનું અદ્ભુત માહાત્મ્ય છે. (૮).

આ ધ્વનિને આખા સમવસરણમાં ફેલાવવાની ગૂંથણી દેવો કરે છે, પરંતુ તેનો જે પ્રભાવ છે તે શ્રી પ્રભુનો આગવો છે.

એવું અનન્યપણું સૂચવતા બાર અતિશયો પ્રભુના ગુણરૂપે અહીં સમાવાયા છે એમાંના કેટલાંક અપેક્ષાએ દિવ્યધ્વનિના ભાગરૂપ છે.

શ્રી તીર્થંકર પ્રભુને વચનાતિશય પ્રગટ્યો હોય છે. તેમણે સર્વ જીવના કલ્યાણના ભાવ અતિ બળવાનપણે ભાવ્યા હોય છે, તેના ફળરૂપે તેમને એવી વિશિષ્ટ વાણી પ્રાપ્ત થાય છે કે પ્રભુના આખા દેહમાંથી 'ૐ' ધ્વનિ પ્રગટ થતો હોવા છતાં સહુ જીવો – દેવો, દાનવો, માનવો, તિર્યંચો સહુ પોતપોતાની ભાષામાં અને પોતાની આત્મદશા અનુસાર બોધ તેમાંથી ગ્રહણ કરે છે. આ વાણી ૩૫ પ્રકારના સત્યવચન ગુણે કરી સહિત હોય છે, તે બધાને સમજાય તેવી, યોજન પ્રમાણ સંભળાય, મેઘ જેવી ગંભીર, સ્પષ્ટ સંતોષકારક, સહુને થાય કે મને ઉદ્દેશીને છે, પૂર્વાપર અવિરોધ, મહાપુરુષને યોગ્ય, દુષણરહિત અર્થવાળી, કઠણ વિષયને સહેલો કરે તેવી, મધુર, ધર્મઅર્થ પ્રતિબદ્ધ, પરનિંદા સ્વવખાણ વગરની, વ્યાકરણની શુદ્ધિ વાળી, આશ્ચર્યકારી, વક્તાનું સંપૂર્ણપણું જણાય તેવી, ભ્રાંતિરહિત, વિલંબરહિત, ધૈર્યવાળી, શિષ્ટ બુદ્ધિ ઉપજાવે તેવી, સ્યાદ્વાદ શૈલીવાળી, પુનરુક્તિ દોષ વગરની, વગેરે ગુણોથી ભરેલી હોય છે. (૧).

આવી પૂર્ણવાણી પ્રકાશિત થવાનું કારણ શ્રી પ્રભુનો જ્ઞાનાતિશય છે. પ્રભુનું સર્વજ્ઞપણું એ એમનો અતિશય છે. પ્રભુને એક પ્રદેશ, એક પરમાણુ અને એક સમયનું સૂક્ષ્મ જ્ઞાન હોવાને લીધે તેમને પ્રત્યેક પદાર્થનું અને આત્માનું સમય સમયનું ત્રિકાલિક જ્ઞાન સંભવે છે. આ અતિશયના ફળરૂપે સર્વ જીવ પોતાના પ્રશ્નોનું, જિજ્ઞાસાઓનું સમાધાન મેળવી શકે છે. (૨).

તેમની આ સમર્થતાના કારણે સહુ જીવો તેમને પૂજે છે. પ્રભુને પૂજ્યસ્થાને રાખી તેમની સ્તુતિ કરે છે. અને આ સ્તુતિ તથા ભક્તિ જીવો પ્રેમથી કરે છે ભયના કારણે કરતા નથી. આ તેમનો

પૂજાતિશય છે. આ અતિશયના ફળરૂપે તેમની સ્તુતિ તથા ભક્તિ કરનાર જીવ શાતા તથા શાંતિ વિના વિવાદે મેળવી શકે છે. આ લોકોપકારક ગુણ હોવાથી મુખ્ય ગુણ તરીકે સમાવેશ પામ્યો છે. (૩)

આ બધા ગુણોમાં ભાત પાડે તેવો તથા બાહ્યથી તેમની આંતરિક સમર્થતાનો ખ્યાલ આપે તેવો, તેમણે સેવેલા કલ્યાણભાવની સાખ પૂરે તેવો જે ગુણ છે તે અપાયાપગમાતિશય. આ અતિશયને લીધે, શ્રી પ્રભુ જ્યાં બિરાજમાન હોય છે તેની આસપાસના એક જોજન વિસ્તારમાં સર્વ પ્રકારના ઉપદ્રવનો નાશ થાય છે. સર્વ પ્રકારનાં રોગ, દુર્ભિક્ષ તથા અઢાર પ્રકારનાં દુષણો એ વર્તુળમાં પ્રવેશી શકતાં નથી. એટલે કે એ વિસ્તારમાં જ્યાં સ્રોતરફથી અશુભનો નાશ અને શુભનો તથા શાતાનો ઉદય વેદે છે. આ શાતા અને સુવિધાની કેળવણી જીવને પ્રભુપ્રતિના અહોભાવ તરફ ખેંચી જાય છે. સહુ જીવોના કલ્યાણના ભાવ પૂર્વે બળવાનપણે કર્યા હોવાથી તેમના સાનિધ્યના વર્તુળમાં જાણ્યે કે અજાણ્યે રહેનાર જીવને શાતાનું વેદન વિશેષતાએ થાય છે. સહુ જીવોને આકર્ષી જાય એવો આ પ્રભુનો અતિશય કે ગુણ છે. તો પછી જે જીવ સમજણ પૂર્વક શ્રી પ્રભુનાં શરણમાં રહેવા પ્રવૃત્ત થાય તેને મળતાં શાતા કે શાંતિનું તો પૂછવું જ શું? આ પ્રકારે લોકોને મહા ઉપકારી થાય તેવા બાર ગુણ પ્રસિદ્ધ છે.

તેમ છતાં, અહીં વર્ણવાયેલા શ્રી પ્રભુનાં બાર ગુણોમાંના કોઈ ગુણને આગળ ધરીને પ્રથમ પદમાં શ્રી તીર્થંકર પ્રભુને વાંદ્યા નથી. તે પદમાં તો તેમની 'અરિહંત' દશાને લક્ષમાં લઈને વાંદ્યા છે. એ સૂચવે છે કે તેમની અરિહંત સ્થિતિ આ બધા કરતાં વિશેષ ઉપકારક હોવી જોઈએ. અરિ એટલે શત્રુ. હંત એટલે જેનો નાશ થયો છે તે. અરિહંત એટલે જેમના તમામેતમામ

શત્રુઓનો નાશ થયો છે તે, અર્થાત્ જેમને કોઈ જ શત્રુ નથી તે. આવી દશા ક્યારે આવે?

આ જગતમાં પરિભ્રમણ કરતા એકથી પાંચ ઈન્દ્રિયો સુધીના જીવોનો વિચાર કરીએ છીએ ત્યારે સમજાય છે કે તે સહુ જીવો કોઈ ને કોઈ પ્રકારે દુઃખ તથા અશાતાનું વેદન કરતા જ હોય છે. સતત સુખ અને શાતા વેદતા રહે તેવો કાળ સમગ્ર પરિભ્રમણ દરમ્યાન કોઈ પણ જીવ માટે જોવા મળતો નથી. આનું કારણ વિચારીએ તો પકડાય છે કે જ્યાં સુધી વૈરી છે, દુશ્મન છે ત્યાં સુધી તેમના તરફથી દુઃખ અથવા અશાતાનું વેદન વૈર નિવૃત્તિ અર્થે કરવું પડે છે. આથી એક પણ વૈરી કે દુશ્મનનું અસ્તિત્વ હોય ત્યાં સુધી પૂર્ણ સુખ સંભવી શકે નહિ. બીજી રીતે કહીએ તો પૂર્ણ સુખ પૂર્ણ નિર્વૈરતામાં રહેલું છે. આ સમજ્યા પછી જગતજીવોની સ્થિતિ વિચારીએ તો ખબર પડે છે કે મોટાભાગના જીવોને મિત્રો કરતાં શત્રુની સંખ્યા વિશેષ હોય છે, અને તે સ્થિતિમાં તે જીવોની અશુભ વર્તનાને કારણે વધારો થતો રહે છે. પૂર્વ વેરનો ભોગવટો કરવા દુઃખ વેદી તે જીવ તેનાથી નિવૃત્ત થાય છે, પણ અશુભ ભાવ, અશુભ વર્તન, દ્વેષ આદિનો આશ્રય કરી અનેક નવાં વેર વધારી દે છે. આ રીતે જીવ હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મચર્ય, પરિગ્રહ આદિના આશ્રયે એકથી પાંચ ઈન્દ્રિયોના જીવો સાથે શત્રુતા વધારે છે. પરિણામે પ્રત્યેક જીવ થોડી શાતા અને ઘણી અશાતા વેદે છે. શ્રી પ્રભુનો આત્મા આવી જ ઘેરાયેલી સ્થિતિમાં પોતાના શુભ ભાવોને સતત વધારતો રહે છે, સહુ સાથેની મિત્રતામાં સતત વૃદ્ધિ કરતો રહે છે અને છેવટે પૂર્ણ નિર્વૈર સ્થિતિ સુધી તે પહોંચે છે. આ પ્રભુએ કરેલા મહાન કાર્યની સ્મૃતિ આપણને તેમના અરિહંતપણામાં મળે છે. એ જ પ્રમાણે કેવળજ્ઞાન પ્રાપ્ત કરનાર સર્વ આત્મા પોતા તરફથી જીવ સમસ્ત

પ્રતિ નિર્વૈર બને છે. તેથી કેવળી બન્યા પછી તેઓને એક સમય માટે પણ અશાતા વેદવાનો પ્રસંગ આવતો નથી. શ્રી તીર્થંકર પ્રભુની મહાનતા અહીં અટકતી નથી, તેઓ તેનાથી એક ડગ આગળ વધે છે. કેવળજ્ઞાન પ્રાપ્ત થાય ત્યારે તેઓ જીવ સમસ્ત પ્રતિ સદાકાળ માટે નિર્વેરી બને છે, એટલું જ નહિ પણ સર્વ જીવો તે સમયે વેર ત્યાગી શાતાના અનુભવમાં એક સમય માટે પ્રવર્તે છે, વળી તેમની છદ્મસ્થાવસ્થામાં એવા એક એક સમય પણ આવે છે જ્યારે એમની નિર્વૈરબુદ્ધિ એવી ટોચે પહોંચે છે કે સમસ્ત જીવરાશિ પણ વેરબુદ્ધિ ત્યાગી એક સમય માટે શાતાનો અનુભવ કરે છે. આપણને સહુને વિદિત છે કે શ્રી તીર્થંકર પ્રભુનો આત્મા જે સમયે ગર્ભમાં પ્રવેશે છે, જે સમયે ચરમદેહ ધારણ કરે છે, જે સમયે દીક્ષા ગ્રહણ કરે છે, જે સમયે કેવળજ્ઞાન ઉત્પન્ન કરે છે અને જે સમયે નિર્વાણ પ્રાપ્ત કરે છે..... એ પ્રત્યેક સમયે જીવ સમસ્ત એક સમય માટે શાતાનું વેદન કરે છે. જીવ શાતા ક્યારે વેદે જ્યારે કોઈ સાથે વેરનો ઉદય ન હોય ત્યારે.. તો જે જીવની નિર્વૈરબુદ્ધિના બળવાન-પણાને લીધે એક થી પાંચ ઇન્દ્રિય સુધીના તમામે તમામ જીવો એ સમયે અન્યોન્ય વેરબુદ્ધિ ત્યાગી શાતાનું વેદન કરે તે સમયની એ જીવની મહાનતા કેટલી હોવી જોઈએ? એમાં પણ પહેલા ત્રણ પ્રસંગો તો શ્રી પ્રભુનો આત્મા છદ્મસ્થ હોય છે - અર્થાત્ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું હોતું નથી, તે વખતે પણ તેમના અરિહંતપણાના ભાવ કેટલા બળવાન હોય છે તે વિચારવા યોગ્ય છે. આ શ્રી તીર્થંકર પ્રભુની એક અને અનન્ય લાક્ષણિકતા 'અરિહંતપણા'ને અનુલક્ષીને નમસ્કાર મંત્રનું પ્રથમ પદ રચાયું જણાય છે. શ્રી તીર્થંકર પ્રભુની બળવાન નિર્વૈરબુદ્ધિના પ્રભાવની જાણકારી અર્થે શ્રી શક્રેંદ્ર પ્રમુખ દેવો શ્રી પ્રભુના પાંચ કલ્યાણક ઉજવે છે તે અહીં સમજાય છે.

મંગલસ્મરણ.

નમસ્કાર મંગલનાં પહેલા ચરણથી આપણને ભગવાન બોધ એ મળે છે કે જો સુખ જોઈતું હોય તો વૈરીને મિત્રમાં પલટાવવાનો પુરુષાર્થ, સમજણ મળી ત્યારથી જ શરૂ કરવો જોઈએ. જ્યારે પૂર્ણતાએ નિર્વૈરી થવાશે ત્યારે અવ્યાબાધ શાશ્વત નિજસુખ તદ્દન સમીપ વસી જશે. જે મહામંગલનો આદિ આરંભ સબળ હોય તે મંગલનો પ્રભાવ અદ્‌ભુત હોય જ તે વિશે આશંકા આવી શકે ખરી? છતાં ય જો આશંકા સેવવામાં આવે તો તે સેવનારના કેવા હાલ થાય?

આ મંગલનું બીજું ચરણ છે : णमो सिद्धाणं । હું શ્રી સિદ્ધ ભગવાનને વંદન કરું છું. પ્રત્યક્ષ કરેલા મોક્ષમાર્ગનું સ્થાપન કરી, આઠે કર્મનો પૂર્ણક્ષય જ્યારે શ્રી તીર્થંકર ભગવાન કરે છે ત્યારે તેઓ કર્મક્ષેત્ર ત્યાગી મોક્ષભૂમિમાં વસવાટ કરે છે. સિદ્ધભૂમિ પર તેઓ અનંતકાળ સુધી 'સિદ્ધ પરમાત્મા' સ્વરૂપે વસે છે. તેમની સાથમાં શ્રી કેવળી ભગવંત પણ આઠે કર્મથી મુક્ત થઈ સિદ્ધ પરમાત્મા સ્વરૂપે રહે છે. સર્વ પ્રકારનાં કર્મોથી પૂર્ણતાએ મુક્ત થવા રૂપ મહાસિદ્ધિ તેમણે મેળવી છે - તે કૃતકૃત્યપણું દર્શાવવા તેઓ 'શ્રી સિદ્ધ ભગવાન' તરીકે ઓળખાય છે. શ્રી અરિહંત પ્રભુએ પ્રત્યક્ષ કરાવેલા મોક્ષમાર્ગનું આરાધન કરી સિદ્ધ પરમાત્મા થવાનું લક્ષ મૂકાય નહિ તે અર્થે મહામંગલમાં સિદ્ધ પ્રભુને દ્વિતીય સ્થાન અપાયું જણાય છે. વળી, એ શુદ્ધાત્માને પ્રાપ્ત કરવા જેવું બીજું કંઈ પણ બાકી નથી, તે અનુપમ સિદ્ધિનું મહાત્મ્ય અહીં સ્પષ્ટ જણાઈ આવે છે.

શ્રી સિદ્ધ ભગવાનના આઠ ગુણો સુપ્રસિદ્ધ છે. ઘાતી-અઘાતી કર્મો મળી, આઠે કર્મોનો સંપૂર્ણતયા ક્ષય થવાથી શુદ્ધાત્મામાં આઠ ગુણો પૂર્ણતાએ ખીલે છે. તે આઠ ગુણો આ

પ્રમાણે લઈ શકાય.

જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થવાથી અનંતજ્ઞાન પ્રગટ થાય છે તે પહેલો ગુણ. આ જ્ઞાનમાં એક પ્રદેશ, એક પરમાણુ અને એક સમય જેટલું સૂક્ષ્મજ્ઞાન સંભવે છે. તેને લીધે પ્રત્યેક જીવનું, પ્રત્યેક પદાર્થનું સમય સમયનું ત્રિકાલિક જ્ઞાન આત્મામાં ઝળકે છે. દર્શનાવરણીય કર્મનો ક્ષય થવાથી અનંતદર્શન પ્રગટ થાય છે તે સિદ્ધાત્માનો બીજો ગુણ છે. આ દર્શનના પ્રભાવથી આત્મામાં પ્રત્યેક જીવનું, પ્રત્યેક પદાર્થનું સમય સમયનું ત્રિકાલિક જોવાપણું સિદ્ધ થાય છે; આટલા સૂક્ષ્મતાથી આત્મા અવલોકી શકે છે. મોહનીય કર્મનો ક્ષય થવાથી આત્માનું અનંત ચારિત્ર ખીલે છે તે ત્રીજો ગુણ છે. અનંત ચારિત્રના પ્રભાવથી સદાકાળ માટે આત્મા અડોલ સ્વરૂપમય સ્થિતિ માણે છે. અંતરાય કર્મનો ક્ષય થવાથી આત્માનું અનંત વીર્ય બહાર આવે છે તે ચોથો ગુણ છે. આ વીર્યના પ્રભાવથી સર્વ પ્રકારની શક્તિનો આવિર્ભાવ આત્મામાં સ્ફુરાયમાન થાય છે. આયુકર્મનો ક્ષય થતાં આત્માને અક્ષય સ્થિતિ આવે છે તે સિદ્ધાત્માનો પાંચમો ગુણ છે. આ ગુણના પ્રભાવથી આત્મા સદાકાળ માટે સિદ્ધભૂમિમાં સ્થિર થાય છે. નામકર્મનો ક્ષય થતાં આત્માનું અરૂપીપણું પ્રગટ થાય છે તે છઠ્ઠો ગુણ છે. સ-કર્મ સ્થિતિમાં તે દેહધારી રૂપ પ્રગટપણું દાખવતો હતો તેનાથી છૂટી તે અરૂપી બને છે. ગોત્રકર્મનો ક્ષય થવાથી આત્માનું અગુરુલઘુત્વ પ્રકાશમાં આવે છે તે સિદ્ધાત્માનો સાતમો ગુણ છે. આ ગુણના પ્રભાવથી તે આત્મા ભારે નહિ, હળવો નહિ એવો બની રહે છે. વેદનીય કર્મનો નાશ થવાથી આત્મા અવ્યાબાધ સુખ પ્રત્યક્ષ અનુભવે છે તે આઠમો ગુણ છે. આ ગુણના પ્રભાવથી સિદ્ધાત્મા લૌકિક સુખદુઃખની પકડમાંથી છૂટી સહજ અવ્યાબાધ

પારલૌકિક આત્મિક સુખમાં નિમગ્ન થાય છે. સંપૂર્ણતાએ કર્મનો ક્ષય થવાથી સિદ્ધાત્મા અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત ચારિત્ર અને અનંતવીર્યનો ભોક્તા બની, અરૂપીપણે અગુરુલઘુ ગુણને અવધારી અનંતકાળ સુધી અવ્યાબાધ આત્મિક સુખને માણતા રહેશે. આમ નમસ્કારમંત્રના બીજા પદમાં જે શાશ્વત સ્થિતિ શુદ્ધાત્માને અનુભવગમ્ય થાય છે તે સ્થિતિનો લક્ષ જીવાત્માને આપી, તે દશા મેળવવા ઉત્સુક કર્યા છે.

શ્રી તીર્થંકર પ્રભુ કે સિદ્ધ પ્રભુને પૂર્ણતા પ્રાપ્ત થઈ હોવાથી, તેમણે ભૂતકાળમાં કરેલું મોક્ષમાર્ગનું આચરણ જીવાત્માને વર્તમાનકાળમાં પ્રત્યક્ષપણે જોવાતું નથી. અને તેના પ્રત્યક્ષપણા વિના જીવાત્માને એ માર્ગનું આરાધન કરવાનો ઉત્સાહ આવતો નથી. મોક્ષમાર્ગનું પ્રત્યક્ષ આચરણ અને આરાધન જીવને જોવા મળે છે શ્રી ગણધરજી અને શ્રી આચાર્યજી પાસેથી. મોક્ષની પ્રાપ્તિ અર્થે જે ઉત્તમ આચારસંહિતા શ્રી પ્રભુએ દર્શાવી છે તેનું યથાર્થ પાલન કરે છે આચાર્યજી. આચાર્યોમાં શ્રેષ્ઠ તે શ્રી ગણધર. શ્રી ગણધર શ્રી તીર્થંકર પ્રભુના મુખ્ય શિષ્ય હોય છે. અને તેમની અવસ્થા આચાર્યોમાં ઉત્તમ ગણાય છે તેઓ યથાર્થતાએ પ્રભુનો બોધ અવધારી ઉત્તમ આજ્ઞાપાલન સાથે મોક્ષમાર્ગ આરાધે છે. સાથે સાથે અન્ય મુમુક્ષુઓને સાથ આપી મોક્ષમાર્ગમાં આગળ વધારે છે તેઓ શ્રી પ્રભુ પ્રણીત બોધનો અને માર્ગનો ફેલાવો સર્વ ભવ્ય જીવો સમક્ષ અવિરતપણે કરતા રહે છે. આમ તેઓ લોકસમુદાય (ભવ્ય જીવો) તથા શ્રી સર્વજ્ઞપ્રભુને જોડનાર અતૂટ કડી સમાન છે. ધન્ય છે તેમની પરોપકારિતાને. છદ્મસ્થ સાધકોમાં સર્વોત્તમ કલ્યાણ કરનાર જો કોઈ હોય તો તે શ્રી ગણધરજી પ્રમુખ આચાર્યજી છે તેમની પરોપકાર વૃત્તિને તથા સ્વગુણોના

પ્રગટકરનાર તરીકે આ નમસ્કાર મંત્રમાં ત્રીજું ચીરસ્મરણીય સ્થાન આપ્યું છે. તેમને વંદન કરવાથી, "ણમો આયરિયાણં" કહેવાથી તેમના ગુણો તથા ઉપકારને સ્મૃતિમાં રાખી, તે અવસ્થા સુધી, ગુણ પ્રાપ્તિના ધ્યેયને સ્વીકારી સવિનય વંદન કરાયા છે.

શ્રી આચાર્યજી છદ્મસ્થ અવસ્થાના છત્રીશ ગુણધારી ધર્મનાયક ગણાય છે. તેઓ ધારતા અને પાળતા છત્રીશ ગુણો આ પ્રમાણે છે: પાંચ ઇન્દ્રિયના પાંચ વિષયમાં રાગદ્વેષ કરે નહિ તે પાંચ ગુણ. નવવાડ વિશુદ્ધિથી બ્રહ્મચર્ય પાળે - શિયળ પાળે તે નવ ગુણ. (સ્ત્રી, પશુ, નપુંસક જ્યાં ન હોય ત્યાં વસે; સ્ત્રી સાથે રાગથી વાત કરે નહિ; સ્ત્રી બેઠી હોય તે સ્થાને બે ઘડી સુધી બેસે નહિ; સ્ત્રીનાં અંગોપાંગ રાગથી જુએ નહિ; જ્યાં કામવાર્તા થતી હોય ત્યાં ભીંતના આંતરે પણ રહે નહિ; અગાઉ ભોગવેલા વિષયાદિ સંભારે નહિ; નીરસ એવો આહાર પણ અધિક કરે નહિ; સ્નિગ્ધ આહાર કરે નહિ; શરીરની શોભા કરે નહિ; ટૂંકમાં કહીએ કે કાયિક, માનસિક કે વાચિક અસિતપણું આપે એવા એકપણ નિમિત્તમાં તેઓ જાય નહિ); ક્રોધ, માન, માયા કે લોભ એ ચાર કષાય કરે નહિ તે ચાર ગુણ; અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ મહાવ્રતનું સૂક્ષ્મતાએ પાલન કરે તે પાંચ ગુણ; જ્ઞાનાચાર (જ્ઞાન ભણે, ભણાવે તથા ભણનારને સહાય કરે), દર્શનાચાર (શુદ્ધ સમ્યક્ત્વ પાળે, પળાવે, સમકિતથી પડતાને સમજાવી સ્થિર કરે), ચારિત્રાચાર (શુદ્ધ ચારિત્ર પાળે, પળાવે, અનુમોદે), તપાચાર (છ બાહ્ય તપ: અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસ પરિત્યાગ, કાયક્લેશ અને સંલીનતા, છ આભ્યંતર તપ: પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, શાસ્ત્રપઠન, ધ્યાન અને કાયોત્સર્ગ એ કરે, કરાવે અનુમોદે), વીર્યાચાર (ધર્મક્રિયા કરવામાં પોતાની બધી શક્તિ ખીલવે) આ પાંચ આચાર પાળે તે પાંચ ગુણ;

ઈર્યા સમિતિ (ઉપયોગપૂર્વક ચાલવું), ભાષા સમિતિ (ઉપયોગ પૂર્વક બોલવું), એષણા સમિતિ (અપ્રાસુક આહારપાણી વહોરવા નહિ), આદાન નિક્ષેપણ સમિતિ (વસ્ત્ર કે પાત્ર અણપુંજ્યે ભૂમિ પર લેવું મૂકવું નહિ), પારિષ્ઠાપનિકાસ સમિતિ (મળમૂત્ર અણપુંજ્યે જીવાકુલ ભૂમિએ પરઠાવવું નહિ) એ પાંચ સમિતિ પાળે તે પાંચ ગુણ; મનોગુપ્તિ (આર્ત રૌદ્ર ધ્યાન ધ્યાવે નહિ), વચનગુપ્તિ (નિરવદ્ય વચન પણ કારણ વગર બોલે નહિ), કાયગુપ્તિ (જરૂર વગર શરીરને હલાવે નહિ), આ ત્રણ ગુપ્તિ પાળે તે ત્રણ ગુણ. આ બધા ગુણોનો સરવાળો છત્રીસ થાય છે. જે ગુણપાલન સહિત આચાર્યજી વર્તે છે તેની વિચારણા કરીએ તો સમજાય છે કે તેઓ ક્ષણે ક્ષણે મોક્ષમાર્ગમાં પ્રવર્તે છે. તેમની વર્તના તથા ભાવના એવાં રહે છે કે પ્રત્યેક સમયે કર્મબંધ કરતાં કર્મ નિર્જરા અસંખ્યગણી હોય છે. ટૂંકમાં કહીએ તો છદ્મસ્થમાં સંભવિત ઉત્તમોત્તમ ચારિત્ર તેઓ પાળે છે.

આવા આદર્શ ચારિત્રના પાળનાર શ્રી આચાર્યજી પ્રત્યક્ષ કલ્યાણ કરનાર ઉપકારક આત્મા તરીકે ચીરસ્મરણીય સ્થાને મહામંત્રમાં રહે તે સહજ છે. તેઓ પોતાની આત્મશુદ્ધિ વધારતાં વધારતાં અન્ય પાત્ર જીવોને ખૂબ જ મદદકર્તા થાય છે.

શ્રી આચાર્યજીએ ઉપાડેલા સ્વપર કલ્યાણના ભવ્ય પુરુષાર્થમાં સતત સહાયરૂપ થનાર, શુદ્ધિના માર્ગે ચાલનાર શ્રી ઉપાધ્યાયજીનું સ્થાન તેમના પછી તરત જ આવે છે. શ્રી પ્રભુના બોધને સર્વાંગે અવધારી, એ બોધને આચાર્યજી ગ્રંથસ્થ કરે છે તથા ભવ્ય જીવોને તેનો ઉપદેશ કરે છે; આ ગ્રંથોનો તથા ઉપદેશનો સતત અભ્યાસ કરી, આચાર્યજી પ્રણીત શાસ્ત્રો તથા સૂત્રોના રહસ્યને સમજી અન્યને સમજાવવામાં રત રહેનાર, જ્ઞાન-

દાન કરવામાં જેમ સાફલ્ય માનનાર શ્રી ઉપાધ્યાયજીનો ઉપકાર કદી વિસરી શકાય તેમ નથી. તેઓનું શુદ્ધ ચારિત્ર અને જ્ઞાન-દાન કરવાની તેમની તમન્ના સામાન્ય જનમાં મોક્ષાભિલાષા જાગૃત કરવામાં બળવાન નિમિત્ત બને છે. આમ જનસામાન્ય અને આચાર્યજીની વચ્ચેની કડી તે શ્રી ઉપાધ્યાયજી છે. તેથી, નમસ્કાર મંત્રમાં તેમના ઉપકારને અનુલક્ષીને 'णमो उवज्झायाणं' કહી અભિનવ વંદન કરાયા છે.

શ્રી ઉપાધ્યાયજીના પચ્ચીસ ગુણો પ્રસિદ્ધ છે. ચારિત્ર પાલન કરવાની માનસિક તૈયારી કરવાનું અને કરાવવાનું કાર્ય શ્રી ઉપાધ્યાયજી શાસ્ત્રાધ્યયન દ્વારા કરે છે. તેથી તેમના ગુણો-માં એ અંગને પ્રાધાન્ય આપેલું છે. શ્રી ઉપાધ્યાયજી અગ્યાર અંગ તથા બાર ઉપાંગોમાં શ્રી પ્રભુ દ્વારા જણાવાયેલા સિદ્ધાંતો ભણે છે અને ભણાવે છે, તેના આશ્રયે તેઓ આચાર્યજી જેવું ઉત્તમ ચારિત્ર પાલવવા માટે પાત્રતા કેળવે અને કેળવાવે છે. અગ્યાર અંગ (આચારાંગ, સૂત્રકૃતાંગ, ઠાણાંગ, સમવાયાંગ, ભગવતી, જ્ઞાતાધર્મકથાંગ, ઉપાસક દશાંગ, અંતઃગત, અનુત્તરોવવાઈ, પ્રશ્ન વ્યાકરણ તથા વિપાક સૂત્ર) ભણે તથા ભણાવે એ અગ્યાર ગુણ. બાર ઉપાંગ (ઉવવાઈ, રાયપસેણી, જીવાભિગમ, પન્નવણા, જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ, ચંદપન્નતિ, સૂર પન્નતિ, કપ્પિયા, કપ્પવડંસિયા, પુપ્ફિયા, પુપ્ફચુલિયા, વન્હિદશાંગ) ભણે તથા ભણાવે એ બાર ગુણ. ચરણ સિત્તરી તથા કરણ સિત્તરી પાળે તે બે ગુણ. બધા મળી પચ્ચીસ ગુણ થયા. આ પરથી સમજાય છે કે શ્રી ઉપાધ્યાયજીને જ્ઞાનાવરણનો બળવાન ક્ષયોપશમ હોવો જરૂરી છે. સાથે સાથે અવિરોધિ વાણીયોગ પણ જરૂરી છે, તે વિના શાસ્ત્રો ભણાવવાનું કઠિન કાર્ય થઈ શકે નહિ.

મંગસ્મરણ.

મોક્ષમાર્ગને અનુભવી પ્રકાશિત કરનાર શ્રી તીર્થંકર પ્રભુ, તેમની જાણકારી ઝીલી તેને સફળતાપૂર્વક આચરનાર શ્રી આચાર્યજી; તેની મહત્તા જનસમાજને દૃઢ કરાવનાર શ્રી ઉપાધ્યાયજી – આ ત્રણેની કાર્યશક્તિ તો જ કાર્યવંત બને, જો તે સર્વને યથાર્થ ઝીલી, તે માર્ગે ચાલવાની બળવાન વૃત્તિ સેવનાર વિદ્યાર્થીગણનો તેમને સાથ સાંપડે. ઉત્તમ વિદ્યાર્થીગણ વિના શિક્ષકગણની બધી મહેનત વ્યર્થ થાય છે. આ દૃષ્ટિએ જોઈએ તો મોક્ષમાર્ગ સ્થાપનાર, મોક્ષમાર્ગ આચરનાર, તથા મોક્ષમાર્ગ સમજાવનારની બાજુમાં જ મોક્ષમાર્ગને ઝીલનારનું સ્થાન શોભે છે. આવા ઉત્તમ આત્માઓનો ઉત્તમ બોધ ઝીલવા માટે કેવા પાત્ર શિષ્યો જોઈએ તેની સમજ આ મહામંત્રના પાંચમા પદ 'णमो लोए सव्व साहुणं'માં દર્શાવ્યું છે. એ પદમાં આખા લોકમાં જ્યાં જ્યાં પ્રભુ પ્રણીત મોક્ષમાર્ગને શરણે કરવા આતુર સાધુસાધ્વીઓ વિચરે છે તેને સવિનય વંદન કર્યા છે. તેઓ સંસાર સંબંધી વૃત્તિઓને સંક્ષેપી આત્મ-વૃત્તિમાં એકાકાર થવા મથતા જીવો છે. તેમના સત્તાવીશ ગુણો પ્રસિદ્ધ છે. આ ગુણો જેટલી વિશેષતાએ ખીલે તેટલા પ્રમાણમાં શિષ્ય તરીકેનું ઉત્તમપણું પ્રાપ્ત થાય છે અને તેમાંથી વિકાસ કરતાં કરતાં કેટલાય જીવો ઉપાધ્યાય, આચાર્ય કે અરિહંત પદ સુધીનો વિકાસ સાધે છે. આ લક્ષ પાંચ પદના ક્રમથી ધ્વનિત થાય છે.

શ્રી સાધુના સત્તાવીશ ગુણો આ પ્રમાણે છે. પાંચ મહાવ્રતનું પાલન તે પાંચ ગુણ; રાત્રિભોજન ત્યાગ તે એક ગુણ; પાંચ પ્રકારનાં એકેંદ્રિય તથા ત્રસ એ છ કાયનું રક્ષણ કરવું તે છ ગુણ; પાંચ ઈન્દ્રિયના પાંચ વિષયનો

રોકવાં તે પાંચ ગુણ; લોભનો નિગ્રહ કરવો; ક્ષમા ધારવી; ચિત્ત નિર્મળ રાખવું; વસ્ત્રની વિશુદ્ધ પ્રતિલેખના કરવી; સંયમ યોગમાં પ્રવર્તવું; મનનો રોધ કરવો; અકુશળ વચનનો રોધ કરવો; અકુશળ કાયાનો રોધ કરવો; પરિષહ સહન કરવા; ઉપસર્ગ સહન કરવા — આ બધા મળી સાધુના સત્તાવીશ ગુણો થાય છે. આ ગુણોનો વિચાર કરીએ ત્યારે સમજાય છે કે સંસારસુખની લાલસા છોડવામાં જે જે નીતિનિયમો સહાયરૂપ થાય તેનું કડકપણે પાલન કરતાં જવું, સંસારી સર્વ પ્રવૃત્તિનો ત્યાગ કરી મળતી નિવૃત્તિનો ઉપયોગ આત્મશોધનાર્થે કરતા જવો એ મુખ્ય ગુણ - મુખ્ય સ્વભાવ શિષ્યગણે ખીલવવા યોગ્ય છે. જ્યાં જ્યાં આત્માને બંધન થાય તેવી પ્રવૃત્તિ હોય તેનો ત્યાગ કરવાનો છે. એટલે કે કર્મનો સંવર વધારી સાથે સાથે કર્મની નિર્જરા પણ વેગવતી કરવાની છે. શ્રી વીતરાગ ભગવાનના માર્ગમાં આવો ઉત્તમ પુરુષાર્થ કરનાર જે મોક્ષાભિલાષી વિદ્યાર્થીગણ છે તે સર્વ જિજ્ઞાસુ જીવોને વંદનીય કેમ ન હોય? સામાન્ય જનને આદર્શ વિદ્યાર્થીગણનું આ ચારિત્ર પણ અત્યંત ઉપકારી છે.

શ્રી પ્રભુની પરમાર્થ પાઠશાળાનાં પાંચ ઉત્તમ અંગોનો આપણે લક્ષ કર્યો. શ્રી અરિહંત ભગવાન, શ્રી સિદ્ધ પરમાત્મા, શ્રી આચાર્યજી, શ્રી ઉપાધ્યાયજી, અને શ્રી સાધુ-સાધ્વીરૂપ વિદ્યાર્થીગણ એ પાંચે અંગ ગુણસમૂહથી વિભૂષિત છે. તે પ્રત્યેકના ગુણોનો પરિચય સામાન્ય જીવને જ્યારે થાય છે ત્યારે તેમના માટેનું આકર્ષણ સહજપણે વધી જાય છે. આ પંચાંગમાં પોતે સમાવેશ પામી સ્વકલ્યાણની પ્રવૃત્તિ બળવત્તર કરવા જીવો ઉત્સાહીત થાય છે એ પ્રસંગે

આ પાંચે ઉત્તમાંગો સ્વવિકાસમાં કેટલા ઉપકારી છે તેનો લક્ષ જીવને આવે છે. વળી પોતાને ગમતા ક્રમમાં આ ગુણોની સિદ્ધિ મળતી જાય તેવી ભાવનાના વિશેષપણામાં તે જીવ આ પાંચે પરમઉપકારી ભગવંતને સહજતાએ નમી પડે છે, તેથી માનાદિ કષાયનો પરાભવ કરવા ભાગ્યશાળી થાય છે.

આત્મશુદ્ધિની પ્રક્રિયામાંથી પસાર થનાર સર્વ જીવ પર જે કોઈ ઉપકાર કરે છે તે અવશ્ય આ પાંચમાંથી કોઈ પણ એક પદમાં સમાવેશ પામે છે. જે જીવ આત્મશાંતિ મેળવવાના ભાવથી ધર્મશિક્ષણ કરવા પ્રવૃત્ત થાય છે, તે જીવને શ્રી સાધુસાધ્વીજીના શુભ ચારિત્રનો પ્રભાવ ઉત્તમ વિદ્યાર્થી બનવા પ્રેરે છે. જે જીવ એટલી વિશુદ્ધિ સુધી પહોંચે છે તેને ઉપાધ્યાયજીનો જ્ઞાનપ્રભાવ વિકાસાર્થે બળવાન પ્રેરણા આપી જાય છે. એ જીવ ઉપાધ્યાયજીની કક્ષા સુધી પહોંચે છે તેને શ્રી આચાર્યજીનું આત્મચારિત્ર બળવાનપણે પ્રેરણા આપી જાય છે અને આચાર્યજીની કક્ષાએ વિરાજમાન આત્માને પૂર્ણ નિર્વેરપણા સિવાયનું કોઈ લક્ષસ્થાન રહી શકતું નથી. આમ પરમાર્થે વિકસનાર અને ઉપકાર કરનાર સર્વ જીવ કોઈ ને કોઈ પદમાં સહેજે સમાવેશ પામે છે. આ દૃષ્ટિથી નમસ્કાર મહામંત્રને વિચારીએ તો જણાય છે કે આ મંત્રનું સ્મરણ કરવાથી જગતના તમામે તમામ આત્માર્થીઓનું સ્મરણ થાય છે અને તેમને વિનયભાવથી વંદન કરવા દ્વારા તેમના આશીર્વાદ ગ્રહણ થાય છે. આ પાંચ પરમેષ્ટિ ભગવંતના ગુણોનો સરવાળો કરીએ તો તે એકસો આઠ થાય છે, (૧૨ + ૮ + ૩૬ + ૨૫ + ૨૭ = ૧૦૮ ]. તેમાં આત્માના અનંતે અનંત ગુણો કોઈ ને કોઈ રૂપે સમાય છે. આ કારણે, મંત્રસ્મરણ દ્વારા એ ગુણોનો વિકાસ કરવા માટે તેઓનો અનુગ્રહ અને કૃપા પ્રાપ્ત થાય છે તેથી નમસ્કાર મંત્ર પરમ ઉપકારક છે.

પંચપરમેષ્ટિ ભગવંતના ગુણોનો લક્ષ કરવાથી આત્માના અનંત ગુણોનું આરાધન થાય છે, જીવમાં માર્ગનું જાણપણું ક્રમે ક્રમે આવતું જાય છે. આ આરાધનના ફળરૂપે પ્રત્યક્ષ સદ્‌ગુરુનો યોગ મેળવી, તેમના અનુગ્રહે સિદ્ધાવસ્થા સુધીનો વિકાસ તે જીવ કરી લે છે. આ પ્રકારે વિચારતાં જગતના સર્વ સત્પુરુષો અને તેમના ગુણોનો સમાવેશ આ મહામંત્રમાં જોઈ શકાય છે. પરિણામે જગતના સર્વ મંત્રો – જે અમુક ગુણ કે અમુક સ્થિતિને અનુલક્ષીને રચાયા હોય છે તે સર્વ આ મહામંત્રમાં સમાઈ જાય છે તેમ કહી શકાય. બીજી રીતે કહીએ તો કહી શકાય કે આ મહામંત્રમાં વર્ણવાયેલા પાંચે ઈષ્ટદેવતાને ભાવપૂર્વક વંદન કરવાથી જગતના તમામ આત્માર્થી જીવોને વંદન થઈ જાય છે, અને એના ઈષ્ટ ફળ તરીકે તેમના સાક્ષાત્ ગુણો જીવમાં ગૂંથાઈ જાય છે.

આવા મહામંત્રનો મહિમા અદ્‌ભુત હોય તે સાવ સ્વાભાવિક છે. તેનો મહિમા પછીના ચાર પદમાં વર્ણવાયો છે. 'એસો પંચ નમુક્કારો' – આ પાંચ નમન, 'સવ્વ પાવ પણાસણો' – સર્વ પાપનો નાશ કરનાર છે, 'મંગલાણં ચ સવ્વેસિં' – બધામાં મંગલરૂપ છે, 'પઢમં હવઈ મંગલં' – સૌ પ્રથમ મંગલરૂપ છે. શ્રી પંચપરમેષ્ટિ ભગવંતને યથાયોગ્ય ભાવથી વિનમ્રતાએ વારંવાર વંદન કરવાથી કયા ફળની પ્રાપ્તિ થાય છે તે આ ચાર પદમાં બતાવી જીવને કલ્યાણસન્મુખ થવા ઉદ્‌બોધન કર્યું છે.

શુભભાવથી શુદ્ધાત્મા તથા શુદ્ધ થતા આત્માઓને તેમના ગુણોની સ્મૃતિ સાથે સવિનય વંદન થાય એટલા કાળ માટે મંત્રરટણ કરનાર અશુભભાવ તથા અશુભ પ્રવૃત્તિથી છૂટી જાય છે. તેથી તે સમયમાં નવાં કર્મબંધ તેને ઘણા ઓછા થાય છે સાથે સાથે એ સમયે જે જે અશુભ કર્મના ઉદયો આવે છે

તે સરેલાઈથી કાય થઈ જાય છે, અને બીજાં પણ ઘણાં અશુભ કર્મો આ મંત્રારાધનથી ટળી જાય છે તેથી મંત્રરટણ એ સર્વ પ્રકારનાં પાપનો નાશ કરનાર થાય છે તે સ્પષ્ટ થાય છે. વળી મંત્ર રટતી વખતે તે મંત્રદાતા કે શુદ્ધાત્મા સાથે તેનું અનુસંધાન થાય છે, અને તેમના આશીર્વાદનું સાંનિધ્ય થવાથી અંતરંગમાં શુભ ભાવો પ્રગટે છે, જે મંત્રરટનાર માટે કલ્યાણકારી નીવડે છે. સામાન્ય રીતે જીવ પોતાની રીતે શુભભાવમાં સ્થિર રહી શકતો નથી, પરંતુ જ્યારે તે મંત્ર દ્વારા તેના પ્રણેતા સાથે અનુસંધાન પામે છે ત્યારે તે સત્પુરુષના પ્રભાવથી તે મંત્રની સહાયથી લાંબા ગાળા સુધી શુભભાવમાં રહી શકે છે. આત્માર્થે સેવેલા આ શુભભાવો મંગલમય નીવડે તે સમજાય તેમ છે. વળી જેમ જેમ આરાધન વધતું જાય તેમ તેમ જીવની સિદ્ધિ વધતી જાય છે, તે એટલે સુધી કે જીવાત્મા પરમાત્મા બની જાય છે. આ પ્રકારનું કલ્યાણ એ સૌથી ઉત્તમ કલ્યાણ છે એ નિર્વિવાદ છે. તેથી છેલ્લા પદમાં 'પઢમમ્ હવઈ મંગલં' દ્વારા આ કલ્યાણ દર્શાવી આપ્યું છે. આ ચારે પદથી જીવને પહેલા પાંચ પદના રટણની ફલશ્રુતિ શું થાય છે તેનું ભાન આવે છે અને એ જીવ ઉત્સાહિત બની આરાધન કરવા પ્રવૃત્ત થાય છે. જો શ્રી પ્રભુએ આ નમસ્કાર મંત્રની ફલશ્રુતિ જણાવી ન હોત તો જનસામાન્યને એનો લક્ષ ન થાત, આ મંત્રનું આકર્ષણ ન થાત અને આરાધન મંદ થાત. કદાચિત આ અનાદિ સિદ્ધ મંત્ર લુપ્તપ્રાયઃ બની જાત. તેમાં જણાવેલી ફલશ્રુતિને કારણે જુદા જુદા હેતુએ તે મંત્રનું આરાધન થતું રહ્યું છે અને તેના ઉત્તમ ફળનો અનેકાનેક જીવોએ અનુભવ્યું છે. એ દ્વારા તેમાં સત્પુરુષો તરફથી પ્રાણ પૂરાતો રહ્યો છે. જે ફળશ્રુતિ આ મહામંત્ર માટે જણાવવામાં આવી છે, તે જ ફલશ્રુતિ સત્પુરુષ દત્ત મંત્રારાધન કરવામાં પણ મળે છે તે ભૂલવા યોગ્ય નથી.

નમસ્કાર મંત્ર કરતાં કરતાં જ્યારે કોઈ વિશિષ્ટ કર્મ જીવને વિકાસમાં અંતરાયરૂપ નીવડે છે ત્યારે તે કર્મને નિવૃત્ત કરવામાં સહાયરૂપ થાય તેવો બળવાન મંત્ર શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતની કૃપાથી શ્રી સદ્‌ગુરુ પાસેથી પ્રાપ્ત થાય છે. તેનો લાભ લઈ જીવ અવિરતપણે વિકાસ સાધી શકે છે. આમ કોઈ વિશિષ્ટ મંત્ર લેવાની જરૂરિયાત હોય ત્યારે તે અપ્રાપ્તિના પ્રસંગમાં નમસ્કાર મહામંત્ર તે ખામી દૂર કરી જીવને પરમપદ સુધી પહોંચાડે છે.

અહીં કરેલા વિવરણ પરથી સમજી શકાય છે કે મંત્રસ્મરણ એ કર્મક્ષય માટે અતિ બળવાન સાધન છે જો યોગ્ય રીતે આ મંત્રસ્મરણ કરવામાં આવે તો તે જલદીથી શુભ ફળ આપનાર બને છે.

## મંત્રસ્મરણની વિધિ

પોતાના સદ્‌ગુરુ અથવા શ્રી અરિહંત પ્રભુના ચિત્ર-પટ સમક્ષ વિનયભાવે વંદન કરી શાંત ચિત્તથી બેસવું. એ સમયે અન્ય કોઈ પ્રવૃત્તિ કરવાનો બોજ મન પર ન હોય તે ખાસ જોવું કારણ કે જો તેવો બોજો હોય તો જીવથી સ્મરણમાં એકાગ્રતા કેળવી શકાતી નથી, ચિત્ત એ બાજુ ખેંચાઈ જાય છે અને વિવિધ વિચારણા કરવામાં તે સરી પડે છે. તે મંત્રસ્મરણના લાભને લુપ્ત કરી નાખે છે. શાંત થઈને બેઠા પછી પોતાને જે આત્મશુદ્ધિ તથા આત્મશાંતિ જોઈએ છે તેની પ્રાપ્તિ માટે તથા તેમાં વિઘ્ન કરનારાં કર્મોની નિવૃત્તિ અર્થે થોડીવાર પ્રાર્થના કરવી. તે પછી વિશુદ્ધિ અટકાવનારા તથા શાંતિભંગ કરનારા જે જે કર્મો પૂર્વે બાંધ્યા હોય તેની પશ્ચાત્તાપ પૂર્વક શ્રી પ્રભુની સાક્ષીએ ક્ષમા માગવી. આમ કરવાથી જીવ હળવાશ અનુભવે છે અને અન્ય વિચારોથી અલિપ્ત થવા પાત્રતા કેળવે છે.

મંત્રસ્મરણ.

પૂર્વભૂમિકા તૈયાર કર્યા પછી, પ્રભુ કૃપા કરવાના જ છે, તેમના તરફથી બળ મળવાનું જ છે તેવી શ્રદ્ધા આત્મામાં કેળવી મંત્રનું સતત રટણ પંદર વીસ મિનિટ સુધી કરવું. તે દરમ્યાન અન્ય કોઈ વિચારમાં સરી ન પડાય તેની કાળજી કરવી. કદાચિત્ અન્ય વિચારમાં આવી જવાય તો તરત જ તેનાથી છૂટી મૂળ મંત્ર સાથે અનુસંધાન કરી લેવું. આમ કરવાથી આત્મામાં શાંતિ અનુભવાય છે અને મંત્ર સાથે એકાકાર બની જવાય છે. આવી સ્થિતિ થોડા દિવસ રહે, તે પછીથી જીવને એવી સ્થિતિ પ્રાપ્ત થાય છે કે થોડા કાળ માટે ઈન્દ્રિય સાથેનું અનુસંધાન પણ આત્મા છોડી દે છે, નિર્વિચારજેવી શૂન્યાવસ્થામાં તે જાય છે અને એટલા કાળ માટે તે જીવ આત્માનુભવ પામે છે. સ્વાનુભવમાં રહેલો આત્મા શાતા તથા આનંદ વેદવા સાથે અનંતગણે કર્મની સકામ નિર્જરા કરે છે. આવો અનુભવ વારંવાર થાય તો આત્મશુદ્ધિ જલદીથી થાય છે. આત્મશુદ્ધિ જલદી કરવામાં મંત્રસ્મરણ મૂળ કામ કરે છે.

આ સ્મરણકાળ તથા સ્મરણસ્થળ બને ત્યાં સુધી એક જ રાખવાં, જેથી જીવને સ્વનું અનુસંધાન ત્વરાથી થાય છે અને સરળતાથી સ્વાનુભવમાં રમી રહે છે. જ્યારે સ્વાનુભવ કરવાની શક્તિ વિશેષતાએ ખીલે છે ત્યારે સ્થળ, કાળના બંધનની મર્યાદા ત્યાગી દેવી યોગ્ય છે. આ શક્તિ ખીલી ન હોય ત્યાં સુધી સ્થળ તથા કાળની એકતા રાખવી હિતાવહ છે.

જેમ જેમ જીવનું સ્વરૂપનું અનુસંધાન વધતું જાય છે તેમ તેમ તેની આત્મશુદ્ધિ વધતી જાય છે, અને વેદેલી શાંતિનો પ્રભાવ તે પછીના સમયમાં પણ પથરાયેલો રહે છે. બાકી કોઈ પણ પ્રવૃત્તિ કરવાની હોય તો તેમાં પણ અંતરંગ પરિણામ શાંત ને શાંત રહે. પરિણામ મંદ હોય તો નવાં

કર્મબંધ ઘણાં મંદ થાય, અને તે છોડવા ધ્યાન, મનન, ચિંતન ઘણાં મદદરૂપ થાય છે. આવી યોગ્ય રીતે અને યોગ્ય કાળે સ્મરણમંત્ર કરવા ચૂકવું નહિ એવો બોધ આપણને શ્રી આપ્ત-પુરુષ તરફથી વારંવાર મળ્યા કરે છે તે યથાર્થ જણાય છે.

મુખ્યતાએ મોહનીય કર્મનો ક્ષય કરવા પુરુષાર્થી થવું એ જરૂરી છે. તેનો નાશ થવાથી જીવનો ચારિત્રગુણ ખીલતો જાય છે - સદાચારાદિ વધતાં જાય છે. તેને વિશેષતાએ દીપાવવા માટે જ્ઞાન તથા દર્શનનાં આવરણ તોડવા પ્રયત્ન કરવો ઘટે છે. કારણ કે જ્ઞાન અને દર્શન જેમ જેમ ખીલતાં જાય છે તેમ તેમ જીવને લક્ષ વધે છે કે મોહ તેને ક્યાં અને કઈ રીતે પીડા પહોં-ચાડી રહ્યો છે. એ સમજણનો લાભ લઈ મોહ તોડી જીવ પોતાની વિશુદ્ધિ પૂર્ણતા સુધી લઈ શકે છે. આથી આત્માને પૂર્ણ શુદ્ધ કરવો હોય તો પ્રાર્થના ક્ષમાપનાના સાથથી જીવની પાત્રતા તૈયાર થાય છે અને મંગલસ્મરણના આરાધનથી સાક્ષાત્ શુદ્ધિ - જ્ઞાતાદ્રષ્ટાપણું પ્રગટાવી શકાય છે.

# ૪

## જ્ઞાન, દર્શન, ચારિત્રનો ત્રિવેણીસંગમ

આગળના ત્રણ પ્રકરણોમાં આપણે પ્રાર્થના, ક્ષમાપના તથા મંગસ્મરણના પ્રભાવનો વિચાર કર્યો. તેમાંથી એ ફલિત થયું કે જો કોઈ જીવ યથાયોગ્ય રીતે આ ત્રણે અંગોનું આરાધન કરે તો ટૂંકા ગાળામાં મોટી સિદ્ધિ 'આત્મશુદ્ધિ'ને પ્રાપ્ત કરે. તેથી કહી શકાય કે પ્રાર્થના, ક્ષમાપના અને મંગસ્મરણનો ત્રિવેણી સંગમ એ હકીકતમાં મોક્ષમાર્ગ છે.

શ્રી તીર્થંકર પ્રભુએ સમ્યક્ જ્ઞાન, સમ્યક્ દર્શન અને સમ્યક્ ચારિત્રના આરાધનને મોક્ષમાર્ગ કહ્યો છે.

'सम्यक् दर्शन ज्ञान चारित्राणि मोक्षमार्गः'।

મોક્ષમાર્ગ એટલે પૂર્ણ આત્મશુદ્ધિ પ્રગટાવવાનો રસ્તો. જે તત્ત્વો સ્વીકારવાથી, પાળવાથી આત્મા શુદ્ધ થતો જાય તે તત્ત્વો સ્વીકારવાં, પાળવાં એ મોક્ષમાર્ગ છે. શ્રી ભગવાને સમ્યક્ જ્ઞાન, સમ્યક્ દર્શન તથા સમ્યક્ ચારિત્રને આરાધવાનું કહ્યું છે... આરાધન એટલે શું? આરાધન એટલે જે મેળવવું હોય તેની પ્રાપ્તિના પુરુષાર્થમાં, તેની સિદ્ધિ ન થાય ત્યાં સુધી બાજી વૃત્તિઓનો ત્યાગ કરી લાગી રહેવું. તો સમ્યક્ દર્શન, જ્ઞાન, ચારિત્ર કેવી રીતે આરાધવાં?

દેહાદિ સર્વ પદાર્થોથી આત્મા ભિન્ન છે તેવું દૃઢ, અનુભવ સહિતનું શ્રદ્ધાન એ સમ્યક્ દર્શન છે. આત્મા પોતાને

દેહાદિ પદાર્થોથી અનુભવ સહિત ભિન્ન જૂએ છે ત્યાંથી સમ્યક્ દર્શનની શરૂઆત થાય છે. અને પોતાના આત્માને સદાકાળને માટે સર્વ પદાર્થોથી ભિન્ન જૂએ છે ત્યાં દર્શનાવરણનો સંપૂર્ણ ક્ષય થવાથી કેવળદર્શન સુધી વિકાસ કરે છે.

દેહાદિ સર્વ પદાર્થોથી આત્મા જુદો છે એવી, ચલિત ન થાય તેવી અનુભવ સહિતની સમજણ તે સમ્યક્ જ્ઞાન છે. આ સમજણ વિશેષ વિશેષ શુદ્ધ થઈ સદાકાળને માટે આત્માને અન્ય સર્વ પદાર્થોથી સ્પષ્ટ ભિન્ન જાણે છે ત્યાં જ્ઞાનાવરણનો સંપૂર્ણ ક્ષય થઈ કેવળજ્ઞાન સુધીનો વિકાસ થાય છે.

આત્માને અન્ય પદાર્થોથી ભિન્નપણાનો સાક્ષાત્ અનુભવ તે સમ્યક્ ચારિત્ર છે. થોડા કાળનો આ અનુભવ સર્વ કાળના અનુભવમાં પલટાય છે ત્યારે મોહનીય કર્મનો સંપૂર્ણક્ષય થવાથી યથાખ્યાત ચારિત્ર પ્રગટે છે.

અહીં વર્ણવેલા સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્રને ક્રમે ક્રમે શુદ્ધ કરતાં જઈ, પૂર્ણ શુદ્ધિ સુધી પહોંચાડવાના છે. જ્યારે એ ત્રણે પૂર્ણ વિશુદ્ધિ પ્રાપ્ત કરે છે ત્યારે એકમેકમાં એવા એકરૂપ થઈ જાય છે કે કોઈ જાતની ભિન્નતા તેમાં સંભવી શકતી નથી. જે પ્રવૃત્તિ કરવાથી દર્શન, જ્ઞાન તથા ચારિત્રની વિશુદ્ધિ વધે અને છેવટે તે ત્રણે એકરૂપ થાય એવી પ્રવૃત્તિ કરતાં રહેવું એ મોક્ષમાર્ગનું આરાધન કરી શકાય.

આત્માની વિશુદ્ધિ વધારવાના કાર્યમાં પ્રાર્થના, ક્ષમાપના અને મંત્રસ્મરણ ખૂબ ઉપયોગી થાય છે તે આપણે જોયું. હવે તે ત્રણે કરવાથી દર્શન, જ્ઞાન તથા ચારિત્ર શુદ્ધ થઈ શકે છે તે વિશે સમજણ લઈએ. પ્રાર્થનાને સમ્યક્દર્શન સાથે, ક્ષમાપનાને સમ્યક્ જ્ઞાન સાથે તથા મંત્રસ્મરણને સમ્યક્ચારિત્ર સાથે કેવા

પ્રકારનો ભેદ છે તે સમજીએ.

જીવ શ્રી સર્વજ્ઞપ્રભુ અથવા તો શ્રી સદ્ગુરુ સમક્ષ પ્રાર્થના કરે છે ત્યારે તે જીવનું ઈષ્ટદેવ પ્રતિનું શ્રદ્ધાન વિશાળ તથા ઊંડું થતું જાય છે. 'પ્રભુ મારું કલ્યાણ કરશે, એમની સ્તવના કરવાથી મારી વિશુદ્ધિ વધશે' આ પ્રકારના સામાન્ય શ્રદ્ધાનથી તે પ્રાર્થના કરવાનો આરંભ કરે છે. જેમ જેમ તેને એકતા મળતી જાય છે તેમ તેમ તેનું શ્રદ્ધાન વધતું જાય છે, તેની દૃષ્ટિ ચોખ્ખી થતી જાય છે કે આત્મા એ જગતના સર્વ પદાર્થોથી ભિન્ન છે, તે કોઈ પદાર્થો મારા નથી. માત્ર આત્મા જ મારો છે, તેની વિશુદ્ધિ એ મારું રૂપ છે. આ જાતની સાચી દૃષ્ટિ કેળવાતાં પ્રભુ એ જ સાચા કલ્યાણદાતા છે તેવું ભાન તેને સતત રહે છે, સતત તે પોતાને અન્ય પદાર્થોથી ભિન્ન જોતાં શીખે છે. આમ પ્રભુને પ્રાર્થના કરતાં કરતાં જીવ પોતાની દૃષ્ટિ સ્વચ્છ કરતો રહી સમ્યક્ દર્શનની વિશુદ્ધિ કરે છે, અર્થાત્ પૂર્ણ થાય ત્યાં સુધી સમ્યક્ દર્શનનું આરાધન કરી શકે છે. પ્રાર્થનાથી કર્મનો સંવર થાય છે એ સ્થિતિ જીવને સમ્યક્ દર્શન - સાચું દર્શન આપે છે... જે કરવાથી આત્મામાં આવતાં કર્મો રોકાય તે સમ્યક્ દર્શન છે.

શ્રી સર્વજ્ઞપ્રભુની સાક્ષીએ પોતે પૂર્વકાળમાં કરેલાં સર્વ પાપકર્મોની ક્ષમા જીવ માંગે છે, અને પૂર્વે કરેલાં સર્વ પાપોનો ક્ષય ન થાય ત્યાં સુધી ક્ષમા માંગતાં રહેવી તે જીવે કરવા યોગ્ય ક્ષમાપનાનું આરાધન છે. જેમ જેમ પૂર્વે બાંધેલાં કર્મો જીવ પશ્ચાત્તાપ દ્વારા ખેરવે છે તેમ તેમ તે જીવ હળવાશ અનુભવે છે. પૂર્વે બાંધેલા કર્મોની ક્ષમા માગતાં માગતાં જીવને સમજાય છે, સમજાતું જાય છે કે કયા દોષથી કેવી મુશ્કેલી વેઠવી

પડે છે, કઈ ભૂલ કરવા યોગ્ય નથી, કયા પ્રકારે રહેતાં શીખવું યોગ્ય છે, કયા દોષ કરવા યોગ્ય નથી, કયા ગુણો ખીલવવા યોગ્ય છે વગેરે. પોતાને કલ્યાણરૂપ હોય, આત્માની વિશુદ્ધિ વધારનાર હોય તેવાં તત્ત્વની, તેવાં વર્તનની જાણકારી વધારવી અને સમ્યક્‌જ્ઞાનનું આરાધન કરી શકાય. જ્ઞાન એટલે સમજણ, જાણકારી. સમ્યક્‌જ્ઞાન એટલે આત્માને વિશુદ્ધિ અર્થે ઉપકારી થાય એ પ્રકારની જાણકારી તથા સમજણ. જીવ જ્યારે પૂર્વે સ્વીકારેલાં કર્મોની નિર્જરા કરવા પશ્ચાત્તાપ કરે છે ત્યારે તે કર્મબંધન કેવી મુશ્કેલી કરનારાં છે તેની જાણકારી તેને હોય છે. અને જેમ જેમ તેનો પશ્ચાત્તાપ વિશાળ તથા ઊંડો થતો જાય છે તેમ તેમ આત્મા સર્વથી ભિન્ન છે તેવી સાનુભવ સમજણ પણ વિશદ થતી જાય છે. જીવ જ્યારે સાચી સમજણ પામે છે ત્યારે જ કર્મ ઈચ્છાનુસાર ખેરવી શકે છે. આમ આપણે કહી શકીએ કે પશ્ચાત્તાપ પૂર્વકની ક્ષમાપના એ સમ્યક્‌જ્ઞાનનું જ આરાધન છે. તે ઠેઠ પૂર્ણ થતાં સુધી જીવે કરતા રહેવાનું છે, કારણ કે જ્યાં સુધી કર્મ છે ત્યાં સુધી સંસાર છે.

પ્રાર્થના તથા ક્ષમાપનાના અનુસંધાનમાં મંત્રસ્મરણ કરતાં કરતાં જીવ જ્યારે સ્વાનુભવમાં અટકે છે ત્યારે તે સમ્યક્‌ચારિત્ર આરાધે છે એમ કહી શકાય. પ્રાર્થના તથા ક્ષમાપના કરતી વખતે જીવ વ્યવસ્થાપૂર્વક વિચાર કરે છે ત્યારે મંત્રસ્મરણ કરતી વખતે બધા વિચારથી છૂટી જવાનો પુરુષાર્થ તે કરે છે. મંત્રસ્મરણ કરતાં શરૂઆતમાં એક મંત્રનો - આત્મગુણનો વિચાર હોય છે, પછીથી તે પણ છૂટી જતાં આત્મા ધ્યાનમાં જાય છે. અને જેમ જેમ એ મંત્રસ્મરણ બળવાન બને છે તેમ તેમ જીવનું ધ્યાન લાંબા ગાળાનું અને વિશેષ ઊંડું થતું જાય છે. આત્મા સર્વ વિભાવભાવોથી મુક્ત બની, જેટલા કાળ માટે પોતામાં એકરૂપ

થાય છે, સ્વરૂપમાં લીન થાય છે તે આત્મચારિત્ર અથવા તો સમ્યક્ ચારિત્ર છે, એમ શ્રી જિનદેવે કહ્યું છે. આવી લીનતામાં જેવું મંત્રસ્મરણની સહાયથી સુલભ થાય છે, તેથી જેમ જેમ મંત્રરટણ વધતું જાય છે તેમ તેમ સ્વાનુભવમાં એકાકાર થવાના પ્રસંગો વધતા જાય છે અને અંતે સદાકાળ માટે સ્વાનુભવમાં વસી પૂર્ણ યથાખ્યાત ચારિત્ર ખીલવી જાણે છે. આ રીતે સ્વ-સ્વરૂપમાં રહેવા રૂપ સ્થિતિ વધતી જાય એ જ ચારિત્રની ખીલવણી છે. પ્રત્યેક સાધક માટે સદાકાળ માટે સ્વરૂપની નિમગ્નતા એ અંતિમ ધ્યેય હોય છે. ચારિત્રની આરંભની સ્થિતિથી ઠેઠ પૂર્ણતાની સ્થિતિની પ્રાપ્તિ માટે મંત્રસ્મરણ એ મુખ્ય નિમિત્ત છે. (અલબત્ત, એ મંત્ર દશા અને ધ્યેયને અનુરૂપ તથા યોગ્ય વ્યક્તિ તરફથી મળેલો હોવો જોઈએ. તેથી આપણે કહી શકીએ કે મંત્રારાધન એ જ સમ્યક્ ચારિત્રનું આરાધન છે.

આ સર્વ વિચારણાના દોહન રૂપે આપણે નિર્ણય કરી શકીએ કે પ્રાર્થના, ક્ષમાપના તથા મંત્રસ્મરણના ત્રિવેણી-સંગમનું આરાધન એ જ પરમાર્થે સમ્યક્ જ્ઞાન, સમ્યક્ દર્શન અને સમ્યક્ ચારિત્રનું આરાધન છે. એ જ મોક્ષમાર્ગ છે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

## પરિશિષ્ટ : ૧.

મોક્ષમાર્ગનો આરાધન ક્રમ બતાવતી વખતે કેટલાક જ્ઞાની મહાત્માઓએ સમ્યક્જ્ઞાન, સમ્યક્દર્શન અને સમ્યક્ચારિત્ર એવો ક્રમ બતાવ્યો છે ત્યારે કેટલાક જ્ઞાની મહાત્માઓએ સમ્યક્-દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એવો ક્રમ બતાવ્યો છે. બંને ક્રમ પ્રમાણે સમ્યક્ચારિત્ર પાછળથી પ્રગટે છે તેથી તે બાબત સંવાદી પણું છે, પરંતુ સામાન્ય જનને પહેલાં સમ્યક્જ્ઞાન કે પહેલાં સમ્યક્દર્શન એ બાબતમાં વિસંવાદીપણું જણાય છે. એકમાં સમ્યક્જ્ઞાનને પ્રથમ સ્થાન છે, બીજામાં સમ્યક્દર્શનને.

દેહાદિ સર્વ પદાર્થોથી ભિન્ન અને ઉપયોગ લક્ષણવાળો અવિનાશી આત્મા છે એવી જાણકારી શ્રી સદ્ગુરુના ઉપદેશથી આવે તે 'સમ્યક્જ્ઞાન' કહ્યું છે. જે જ્ઞાનના આધારે આત્માનું સ્વરૂપ જાણ્યું, તે જ્ઞાનની અનુભવસ્વરૂપ પ્રતીતિ આવે તે પ્રતીતિને 'સમ્યક્ દર્શન' ભગવાને કહ્યું છે. તેને સમકિત તરીકે પણ ઓળખી શકાય. જે પ્રકારે જીવની પ્રતીતિ આવી, આત્માને સર્વથી ભિન્ન અને અસંગ જાણ્યો એવા સ્થિરસ્વભાવરૂપ જ્યારે જીવ થાય છે ત્યારે તે 'સમ્યક્ચારિત્ર' છે.

આ વિચારીએ તો સમજાય છે કે જ્યાં સુધી આત્મા વિશેની જાણકારી સદ્ગુરુ કૃપાથી આવે નહિ ત્યાં સુધી તે આત્માનો અનુભવ થવો, પ્રતીતિ આવવી અસંભવ છે. એ અપેક્ષાએ સમ્યક્-જ્ઞાનને પ્રથમ સ્થાન અપાયું છે. પરંતુ જ્યાં સુધી આત્માની અનુભવરૂપ પ્રતીતિ થતી નથી, ત્યાં સુધી મેળવેલી સમજણ અન્ય કોઈ પણ નિમિત્ત મળતાં ફરી જાય છે. તેથી જ્યાં સુધી સમ્યક્ દર્શન થાય નહિ ત્યાં સુધી લીધેલી સમજણ સમ્યક્ કહી શકાય નહિ. આ અપેક્ષાએ સમ્યક્દર્શનને પ્રથમ સ્થાન અપાયું છે.

# શ્રેયસ પ્રચારક સભાનાં આધ્યાત્મિક પ્રકાશનો.

| | | | | |
|---|---|---|---|---|
| ૧. આત્મસિદ્ધિશાસ્ત્ર - વિવેચન | વિ.- ભોગીલાલ | ગિ. | શેઠ | |
| ૨. નિર્વાણ માર્ગનું રહસ્ય | | " | " | " |
| ૩. શ્રીમદ્ રાજચંદ્ર અધ્યાત્મ જ્ઞાનકોષ | સં. | " | " | " |
| ૪. સમાધિમરણ | લેખક અને સં. | " | " | " |
| ૫. શ્રીમદ્ રાજચંદ્ર અધ્યાત્મ જીવનગાથા ટિપ્પણીકાર | | " | " | " |
| ૬. આધ્યાત્મિક નિબંધો | લે. | " | " | " |
| ૭. ઋણાનુબંધ | લે. | " | " | " |
| ૮. છેલ્લી ઘડીના અવસરે | લે. | " | " | " |
| ૯. ભક્તિમાર્ગનું રહસ્ય | વિ. | " | " | " |
| ૧૦. રૂડા મનુષ્યોના અંતિમ ઉદ્ગારો | લે. | " | " | " |
| ૧૧. શ્રીમદ્‌ની જીવનસિદ્ધિ | લે. | સરયુ | ર. | મહેતા |
| ૧૨. ભક્તામર સ્તોત્ર - વિવેચન | લે. | " | " | " |
| ૧૩. કલ્યાણમંદિર સ્તોત્ર - વિવેચન | લે. | " | " | " |
| ૧૪. સિદ્ધપદભાવના | લે. | " | " | " |
| ૧૫. અપૂર્વ આરાધના | લે. | " | " | " |